# અરવલ્લી જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓના શિક્ષકોએ કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક પ્રયોગોનો અભ્યાસ








**માર્ગદર્શક**
કે.ટી.પોરાણિયા
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
અરવલ્લી

**સંશોધક**
એન.ડી.પટેલ, સિનિયર લેક્ચરર
આર. એલ. જીતપુરા, લેક્ચરર
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
અરવલ્લી


**વર્ષ-2020-21**


## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અરવલ્લી

મુ.પો. મોડાસા, જિ. અરવલ્લી

# ઋણ સ્વીકાર

સંશોધન ઘણાંબધા લોકોની ફલશ્રુતિનું પરિણામ છે. કોઇ એક વ્યક્તિના પ્રયાસથી સંશોધન કાર્ય પૂર્ણ થઇ શકતું નથી. વ્યક્તિઓના સમૂહ અને સહકાર દ્વારા જ કોઈપણ સંશોધનકાર્યને સફળતાપૂર્વક હાથ ધરી શકાય છે. પ્રસ્તુત સંશોધન સાથ સહકાર આપનાર સૌનો ઋણ સ્વીકારતા અમો ધન્યતાની લાગણી અનુભવીએ છીએ.

આ સંશોધન જેમની પ્રેરણાથી શક્ય બન્યું તેવા જી.સી.ઈ.આર.ટી.ના માન. નિયામકશ્રી ડૉ. ટી.એસ.જોષી સાહેબનો અનુદાન તેમજ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે પ્રેરણા અને પ્રોત્સાહન પૂરા પાડવા બદલ અમો આભાર માનીએ છીએ.

પ્રસ્તુત સંશોધનમાં માર્ગદર્શન આપવા બદલ ભવનના પ્રાચાર્યશ્રી કેટી.પોરાણિયા સાહેબનો અમો આભાર વ્યકત કરીએ છીએ.

પ્રસ્તુત સંશોધનમાં સાથ સહકાર આપનાર તથા કોવિડ-19 અને લોકડાઉન જેવી અસાધારણ પરિસ્થિતિમાં શાળાઓમાં શૈક્ષણિક કાર્યને આગળ ધપાવવા નવતર પ્રયોગો કરનાર શાળાના મુખ્ય શિક્ષક અને અન્ય શિક્ષકોનો અમો આભાર વ્યક્ત કરીએ છીએ.

આ ઉપરાંત પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આ સંશોધનમાં સહાયરૂપ બનનાર સર્વેનો અમો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

**સંશોધકો**

**એન.ડી.પટેલ,** સિનિયર લેકચરર

**આર.એલ.જીતપુરા,** લેકચરર

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

અરવલ્લી

# અનુક્રમણિકા

**પ્રકરણ 1** ........ 11

**સમસ્યા કથન અને શબ્દોની વ્યાખ્યા** ........ 11

1.0 પ્રાસ્તાવિક ........ 11

1.1 શીર્ષક ........ 12

1.2 સમસ્યાકથન ........ 12

1.3 શબ્દોની વ્યવહારુ વ્યાખ્યાઓ ........ 13

1.4 અભ્યાસના હેતુઓ ........ 15

1.5 અભ્યાસના પ્રશ્નો ........ 15

1.6 અભ્યાસનું મહત્વ ........ 16

1.7 અભ્યાસની મર્યાદા ........ 17

1.8 હવે પછીના પ્રકરણોનું આયોજન ........ 17

**પ્રકરણ 2** ........ 18

**સંશોધન યોજના** ........ 18

2.0 પ્રસ્તાવના : ........ 18

2.1 સંશોધનનું વ્યાપવિશ્વ : ........ 19

2.2 નમૂના પસંદગી : ........ 19

2.3 સંશોધનનાં ક્ષેત્રો : ........ 20

2.4 સંશોધનનો પ્રકાર ........ 20

2.5 સંશોધન પદ્ધતિ : ........ 21

2.6 ઉપકરણ વિગત : ........ 21

2.7 માહિતીનું એકત્રીકરણ : ........ 22

2.8 માહિતીનું પૃથક્કરણ અને સમીક્ષા : ........ 22

**પ્રકરણ 3** ........ **26**

**માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન** ........ **26**

**3.0** પ્રસ્તાવના : ........ **26**

**3.1** અરવલ્લી જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓના શિક્ષકો દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા........ **27**

**3.1.1** બાયડ તાલુકાની સરકારી પ્રાથમિક શાળાઓના શિક્ષકો દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા ........ **27**

**3.1.2** ભિલોડા તાલુકાની સરકારી પ્રાથમિક શાળાઓના શિક્ષકો દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા ........ **75**

**3.1.3** ધનસુરા તાલુકાની સરકારી પ્રાથમિક શાળાઓના શિક્ષકો દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા ........ **117**

**3.1.4** માલપુર તાલુકાની સરકારી પ્રાથમિક શાળાઓના શિક્ષકો દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા ........ **172**

**3.1.5** મેઘરજ તાલુકાની સરકારી પ્રાથમિક શાળાઓના શિક્ષકો દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા ........ **218**

**3.1.6** મોડાસા તાલુકાની સરકારી પ્રાથમિક શાળાઓના શિક્ષકો દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા ........ **265**

**3.2** ઉપસંહાર : ........ **351**

**પ્રકરણ 4** ........ **352**

**સંશોધન સારાંશ, તારણો અને ભલામણો** ........ **352**

**4.0** પ્રસ્તાવના : ........ **352**

**4.1** સંશોધન સારાંશ : ........ **353**

**4.2** તારણો :........................................................................................... **353**

4.3 ભલામણો :........................................................................................... **367**

**4.4** ઉપસંહાર : ........................................................................................... **369**

સંદર્ભ સૂચિ ........................................................................................... **370**

પરિશિષ્ટ-1........................................................................................... **371**

# સારણીસૂચિ

સારણી : 3.1 ........................................................................................................ 28

રૂઘનાથપુર સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા................................ 28

સારણી : 3.2 ........................................................................................................ 31

તેનપુર સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા................................ 31

સારણી : 3.3 ........................................................................................................ 34

અમરગઢ સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા................................ 34

સારણી : 3.4 ........................................................................................................ 46

દાનપુરા સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા................................ 46

સારણી : 3.5 ........................................................................................................ 49

રૂપનગર સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા................................ 49

સારણી : 3.6 ........................................................................................................ 54

લીંબ સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા................................ 54

સારણી : 3.7 ........................................................................................................ 63

વાંટા સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા................................ 63

સારણી : 3.8 ........ 75

આંબાબાર સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા ........ 75

સારણી : 3.9 ........ 83

ટોરડા સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા ........ 83

સારણી : 3.10 ........ 90

પાટીયાકુવા સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા ........ 90

સારણી : 3.11 ........ 96

ભિલોડા આદર્શ પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા ........ 96

સારણી : 3.12 ........ 104

ભિલોડા કંપા સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા ........ 104

સારણી : 3.13 ........ 110

ભિલોડા પ્રાથમિક શાળા-2 ના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા ........ 110

સારણી : 3.14 ........ 117

આકરૂન્દ સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા ........ 117

સારણી : 3.15 ........................................................................................................128

ધનસુરા સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા.............................128

સારણી : 3.16 ........................................................................................................133

નવલપુર સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા.............................133

સારણી : 3.17........................................................................................................142

પાંચકુહાડા સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા.............................142

સારણી : 3.18 ........................................................................................................144

રમોસ સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા.............................144

સારણી : 3.19 ........................................................................................................152

વડાગામ સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા.............................152

સારણી : 3.20........................................................................................................159

હીરાપુર સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા.............................159

સારણી : 3.21........................................................................................................172

કાનેરા સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા.............................172

સારણી : 3.22 ........................................................................................................180

ભુતા સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા............................180

સારણી : 3.23 ........................................................................................................196

કોયલીયા સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા............................196

સારણી : 3.24 ........................................................................................................200

ગાજણ સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા............................200

સારણી : 3.25 ........................................................................................................211

ગોવિંદપુર સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા............................211

સારણી : 3.26 ........................................................................................................218

સુરદેવી સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા............................218

સારણી : 3.27 ........................................................................................................221

બાંઠીવાડા સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા............................221

સારણી : 3.28 ........................................................................................................224

ઇસરી સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા............................224

સારણી : 3.29....................................................................................................233

ગોધાફળિયા સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા ......................233

સારણી : 3.30....................................................................................................237

ડચકા સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા..............................237

સારણી : 3.31....................................................................................................243

ધનીવાડા સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા..............................243

સારણી : 3.32....................................................................................................250

લીંબોદરા સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા..............................250

સારણી : 3.33....................................................................................................256

સિસોદરા (અ) સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા ......................256

સારણી : 3.34....................................................................................................265

ચાંદટેકરી સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા..............................265

સારણી : 3.35....................................................................................................271

પંડયાવાસ સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા..............................271

સારણી : 3.36 ......................................................................................................... 280

બાજકોટ છાપરાં સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા ...................... 280

સારણી : 3.37 ......................................................................................................... 289

બ્લોક ફેકટરી સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા ...................... 289

સારણી : 3.38 ......................................................................................................... 295

મોડાસા સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા............................. 295

સારણી : 3.39 ......................................................................................................... 310

વરથુ સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા............................. 310

સારણી : 3.40 ......................................................................................................... 323

શામપુર સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા............................. 323

સારણી : 3.41 ......................................................................................................... 334

સી.આર.સી., સાતરડાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા............................................... 334

# પ્રકરણ 1

# સમસ્યા કથન અને શબ્દોની વ્યાખ્યા

## 1.0 પ્રાસ્તાવિક

કોરોના વાયરસને કારણે સમગ્ર વિશ્વમાં ફેસાયલે કોવિડ ૧૯ની મહામારીને કારણે શિક્ષણ જગતમાં પણ ધરમૂળથી ફેરફાર કરવાની જરૂરિયાત ઉપસ્થિત થઇ છે. આ મહામારીને કારણે વર્ગખંડ શિક્ષણના વિકલ્પો શોધવાની ફરજ પડી છે. સમગ્ર ભારતમાં એપ્રિલ ૨૦૨૦માં જાહેર કરાયેલ ૨૧ દિવસના લોકડાઉનને કારણે કે.જી. ટુ પીજી સુધીનું શાળા શિક્ષણ બંધ કરવામાં આવ્યું. શિક્ષણ ક્ષેત્રમાં હાલ ટેકનોલોજીએ ચમત્કાર કરી દીધો છે. વિધાર્થીઓ, શિક્ષકો, વાલીઓ વગેરે સહિત તમામ વર્ગ ઓનલાઇન શિક્ષણમાં મદદરૂપ જુદી જુદી એપ્લિકેશન માઇક્રોસોફ્ટ ટીમ્સ, ઝૂમ, ગૂગલ મીટ વગેરેનો ઉપયોગ કરતા થયા છે. આ ઓનલાઇન પ્લેટફોર્મના માધ્યમને કારણે સ્થગિત થયેલ વર્ગખંડ શિક્ષણનો જાણે પુનઃજન્મ થયો હોય તેવું લાગે છે. ગત વર્ષથી શાળાઓમાં પ્રત્યક્ષ વર્ગખંડ શિક્ષણ કાર્ય લગભગ નહિવત જ શક્ય બન્યું આમ છતાં પ્રાથમિકથી શિક્ષણ પૂર્વવત કરવા સરકારે વિધાર્થીઓને પ્રવૃત્તિમય રાખવા Online Education સહિતના વિવિધ માધ્યમથી પ્રાથમિક શાળાઓના વિધાર્થીઓ માટે પૂરક શિક્ષણની વ્યવસ્થા જેવી કે, ઘરે શીખીએ, પરિવારનો માળો સલામત અને હૂંફાળો, એકમ કસોટી ઓનલાઇન શિક્ષણ વગેરે જેવી રચનાત્મક પ્રવૃત્તિઓ હાથ ધરી હતી. આ પ્રવૃત્તિઓનો ઉદ્દેશ કોરોના વાયરસથી ફેલાયેલ મહામારીના ભયજનક માહોલમાંથી વિધાર્થીઓને બહાર કાઢવાનો હતો અને તેમના વર્ગખંડ શિક્ષણને પૂર્વવત ફરી શરૂ કરવાનો હતો.

શિક્ષકોએ સરકારે શરૂ કરાયેલ રચનાત્મક પ્રવૃત્તિઓ જેવી કે, ઘરે શીખીએ, પરિવારનો માળો સલામત અને હૂંફાળો, વર્ચ્યુઅલ ક્લાસરૂમ, ડી.ડી. ગિરનારના માધ્યમથી ઓનલાઇન શિક્ષણ વગેરેના અમલીકરણમાં સિંહ ફાળો આપ્યો જેના કારણે  રાજયના દૂર્ગમ વિસ્તારમાં આવેલી પ્રાથમિક શાળાઓના વિધાર્થીઓ પણ શૈક્ષણિક સુવિધાઓથી વંચિત ન રહ્યાં આમ છતાં રાજયના છેવાડાના ભાગો વચ્ચે ડિજિટલ સંસાધનોની ઉપલબ્ધતાની અસમાનતાએ શિક્ષણના ક્ષેત્રમાં પણ મોટો પડકાર સાબિત થઇ છે.

કોવિડ ૧૯ના કારણે દરેક ક્ષેત્રમાં ફેરફારો થયા અને ***"શાળા બંધ છે, શિક્ષણ નહીં."*** તે સૂત્રને ચરિતાર્થ કરવા તેમજ વિદ્યાર્થીઓ ઘરે બેઠા શિક્ષણ કાર્ય મેળવી શકે તે માટે જિલ્લાના શિક્ષકોએ ઘણાં બધા નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગો અને પ્રવૃત્તિઓ હાથ ધરી. જીસીઇઆરટી દ્વારા આ વર્ષે કોવિડ અને લોકડાઉનને કારણે શાળા શિક્ષણ બંધ રહ્યું તેવા માહોલમાં નવતર શૈક્ષણિક પ્રયોગ કરનારા જિલ્લાના શિક્ષકોની અસરકારક અને નોંધપાત્ર કામગીરીને કેસસ્ટડીના ભાગરૂપે શિક્ષણ જગતના ફલક પર કંડારવાની સૂચના હોઇ વિદ્યાર્થીઓ ઘરે બેઠા શિક્ષણ કાર્ય મેળવી શકે તે માટે જિલ્લાના શિક્ષકોએ હાથ ધરેલ નવતર શૈક્ષણિક પ્રયોગોનો કેસસ્ટડી સ્વરૂપે અભ્યાસ કરવા પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવેલ હતું. જેના ભાગરૂપે શિક્ષકોએ હાથ ધરેલ નવતર શૈક્ષણિક પ્રયોગ જેવા કે, શૈક્ષણિક પ્રવૃત્તિઓ, સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ, લોકજાગૃતિ માટે કરેલ પ્રવૃત્તિઓ, વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિમાં અભિવૃધ્ધિ, વિદ્યાર્થીઓની હાજરીમાં અભિવૃધ્ધિ, ઓનલાઇન શિક્ષણના પ્રચાર-પ્રસાર માટે કરેલ પ્રવૃત્તિઓ, ઘરે શીખીએના પ્રચાર-પ્રસાર માટે કરેલ પ્રવૃત્તિઓ, પરિવારનો માળો - સલામત અને હૂંફાળોના પ્રચારપ્રસાર માટે કરેલ પ્રવૃત્તિઓ, એકમ કસોટીના પ્રચારપ્રસાર માટે કરેલ પ્રવૃત્તિઓ, સામાયિક કસોટીના પ્રચાર-પ્રસાર માટે કરેલ પ્રવૃત્તિઓની વિગતોનો અભ્યાસ કરવામાં આવેલ હતો.

## 1.1 શીર્ષક

પ્રસ્તુત અભ્યાસનું શીર્ષક આ પ્રમાણે શબ્દબદ્ધ કરવામાં આવ્યું હતું.

**અરવલ્લી જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓના શિક્ષકોએ કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક પ્રયોગોનો અભ્યાસ.**

## 1.2 સમસ્યાકથન

પ્રસ્તુત સંશોધનમાં અરવલ્લી જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓના શિક્ષકો દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગો જેવા કે, ઘરે શીખીએના પ્રચાર-પ્રસાર માટે કરેલ પ્રવૃત્તિઓ, પરિવારનો માળો - સલામત અને હૂંફાળોના પ્રચાર-પ્રસાર માટે કરેલ પ્રવૃત્તિઓ, એકમ કસોટીના પ્રચાર-પ્રસાર માટે કરેલ પ્રવૃત્તિઓ, સામાયિક કસોટીના પ્રચાર-પ્રસાર

માટે કરેલ પ્રવૃત્તિઓ ઉપરાંત અન્ય શૈક્ષણિક અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ, લોકજાગૃતિ માટે કરેલ પ્રવૃત્તિઓ, વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિમાં અભિવૃધ્ધિ, વિદ્યાર્થીઓની હાજરીમાં અભિવૃધ્ધિ, ઓનલાઇન શિક્ષણના પ્રચાર-પ્રસાર માટે કરેલ પ્રવૃત્તિઓની વિગતોને કેસસ્ટડીના માધ્યમથી તપાસવામાં આવી હતી.

## 1.3 શબ્દોની વ્યવહારુ વ્યાખ્યાઓ

પ્રસ્તુત અભ્યાસમાં વપરાયલ શબ્દોની વ્યવહારિક વ્યાખ્યાઓ આ પ્રમાણે હતી.

**અરવલ્લી જિલ્લોઃ** સરકારશ્રીના મહેસુલ વિભાગનાં Notification No. GHM/ 2013/ 69/ M/ PFR/ 102013/ 139/ 2-1, Dated 13/08/2013 થી તેમજ તા. 15/08/2013 ની અસરથી સાબરકાંઠા જિલ્લામાંથી વિભાજીત થઈ, નવરચિત અરવલ્લી જિલ્લો અસ્તિત્વમાં આવેલ હતો અને તેનુ મુખ્યમથક મોડાસા રાખવામાં આવેલ હતું. અરવલ્લી જિલ્લામાં બાયડ, ભિલોડા, ધનસુરા, માલપુર, મેઘરજ અને મોડાસાએમ કુલ 06 તાલુકાનો સમાવેશ થાય છે.

અરવલ્લી જિલ્લો અરવલ્લી ગિરિમાળાઓ, વનસમૃધ્ધિ અને વનસંપતિ તથા પ્રાકૃતિક સૌંદર્યથી સમૃધ્ધ છે. તેમજ પ્રાચીન સ્થાપત્ય અને ઐતિહાસિક સ્મારકો, મેશ્વો નદીનાં કાંઠે આવેલ તિર્થધામ શામળાજી જેવા યાત્રાધામો આવેલા છે. *શામળાજી એટલે કાળીયા ઠાકોરનું તીર્થધામ.* અરવલ્લી જિલ્લાનાં ભિલોડા તાલુકામાં ગુજરાતની સરહદને અડીને આવેલુ શામળાજી એ અરવલ્લીની ગિરિમાળામાં લીલી વનરાજી વચ્ચે કુદરતી સુંદરતા ધરાવતુ અનોખું તીર્થધામ છે. શામળાજીમાં દર વર્ષે કાર્તિકી પૂનમ / દેવ દિવાળીએ ભવ્ય લોકમેળો ભરાય છે. આ ભવ્ય મેળામાં સમગ્ર આદિવાસી સમાજનું આગવું પ્રતિબિંબ પડે છે. બાયડ તાલુકામાં ઝાંઝરીનો ધોધ નૈસર્ગિક સૌંદર્યધામ તરીકે આગવી ઓળખ ધરાવે છે. આ જિલ્લામાં ધનસુરા તથા બાયડ તાલુકામાં ખનીજોનાં મોટા ભંડાર આવેલા છે. સુંદર પર્યટન સ્થળો અને વિશેષતાઓથી ભરપુર એવો આ જિલ્લો મહદ્દઅંશે આદિજાતી વસતી ધરાવે છે સવિશેષ ભિલોડા તથા મેઘરજ તાલુકામાં. જંગલો, નદીઓ, પર્વતો, તળાવ તેમજ પૌરાણિક સ્થાપત્ય વગેરે બહુમૂલ્ય વારસા સમાન છે. જિલ્લાનાં કુદરતી ખોળે વસતા વનવાસી આદિજાતી લોકોની આગવી સંસ્કૃતિ, રીત-રિવાજ, આભૂષણો અને ઉત્સવો આગવી ઓળખ ધરાવે છે. વિધાપુરુષ ઉમાશંકર જોષીનો જન્મ પણ ભિલોડા તાલુકાનાં બામણા ગામમાં થયો હતો અને

તેઓએ સાહિત્ય ક્ષેત્રે અમૂલ્ય યોગદાન આપેલ છે. રેકર્ડ પ્રમોલગેશનની શરૂઆત અરવલ્લી જિલ્લાએ કરી છે જે સમગ્ર રાજ્યમાં પ્રથમ છે. મોડાસા તાલુકાનાં ખંભીસર ગામે જિલ્લાનાં મુખ્ય સ્ટોનને લગતી માહિતી સાથે વિકસાવવામાં આવતા આ રી-સર્વેની કામગીરીને લગતું નમૂનારૂપ કેન્દ્ર બને છે. જિલ્લાના મોડાસા તાલુકાનાં ખડોદા તેમજ ભાટકોટા ખાતે સોલાર પાર્ક ઉભો કરાયો છે. જિલ્લાનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન છે. જિલ્લાની મુખ્ય ખેતપેદાશોમાં મકાઇ, ઘઉં, ચણા, એરંડા, બાજરી, કપાસ વગેરે છે. જિલ્લામાં કુલ 06 તાલુકાઓમાં કુલ ગામો 682 તથા કુલ વસતી 9,08,797 છે. જિલ્લામાંથી વાત્રક, મેશ્વો, માઝુમ, શેઢી, ઈન્દ્રાસી, સાકરી વગેરે નદીઓ પસાર થાય છે. મોડાસા અને બાયડ શહેરી વિસ્તાર છે તથા આ બન્ને શહેરોમાં નગરપાલિકા અસ્તિત્વમાં છે. જિલ્લાનાં ધનસુરા મુકામે જવાહર નવોદય વિધાલય આવેલ છે. અરવલ્લી જિલ્લો શૈક્ષણિક ક્ષેત્રે અગ્રહરોળમાં છે. આમ, જુદા જુદા છ તાલુકાઓનો સમૂહ એટલે અરવલ્લી જિલ્લો.

**સરકારી પ્રાથમિક શાળાઃ** રાજય સરકારના જિલ્લા પંચાયત હસ્તકની શાળાઓને સરકારી પ્રાથમિક શાળાઓ તરીકે ઓળખવામાં આવે છે. આ શાળાઓમાં  ધોરણ 1 થી 8 સુધી શૈક્ષણિક કાર્ય હાથ ધરવામાં આવે છે. આ પૈકી અરવલ્લી જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓના શિક્ષકોને સંશોધકોએ અભ્યાસ માટે પસંદ કરેલ હતા. આમ, બાયડ, ભિલોડા, ધનસુરા, માલપુર, મેઘરજ અને મોડાસા એમ કુલ 06 તાલુકાની જિલ્લા પંચાયત હસ્તકની શાળાઓને સરકારી શાળાઓને પ્રસ્તુત સંશોધનમાં સરકારી પ્રાથમિક શાળાઓ તરીકે ઓળખવામાં આવી છે.

**શિક્ષકોઃ** રાજય સરકારની સરકારી, અર્ધ સરકારી અને ખાનગી શાળાઓમાં ધોરણ 1 થી 8 સુધી શૈક્ષણિક કાર્ય હાથ ધરવામાં બાળકોને મદદરૂપ થનાર વ્યક્તિ એટલે શિક્ષક. શિક્ષક એ શાળા શિક્ષણમાં વિધાર્થીને સહાયરૂપ બને છે, તો ઘણી વાર શાળા કે શૈક્ષણિક કે શાળાની નવતર પ્રયોગ સંબંધી બાબતોમાં પણ સહાયરૂપ બને છે તેને શિક્ષક તરીકે ઓળખવામાં આવે છે. શાળામાં ઔપચારિક અથવા અનૌપચારિક શિક્ષાનો હેતુ, શીખવાની રીત, સમાવિષ્ટ અભ્યાસક્રમ અને પાઠ યોજનાથી જ્ઞાન માહિતી અને વૈચારિક આવડત પૂરું પાડનાર શિક્ષક હોય છે. વિધાર્થીનુ જ્ઞાન, વાતાવરણ અને તેમના શીખવાના ધ્યેય અને એની સાથોસાથ સંબંધિત અધિકૃત અભ્યાસક્રમને ધ્યાનમાં લઇ શિક્ષકને અધ્યાપન પદ્ધતિ નક્કી કરે છે. આમ, પ્રાથમિક શાળાઓમાં અધ્યયન અધ્યાપન પ્રક્રિયામાં જોડાનાર વ્યક્તિને પ્રસ્તુત સંશોધનમાં શિક્ષક તરીકે ઓળખવામાં આવી છે.

**નવતર શૈક્ષણિક પ્રયોગ:** પ્રસ્તુત સંશોધનમાં શાળા કે શિક્ષક દ્વારા હાથ ધરાયેલ નવતર શૈક્ષણિક પ્રયોગ કે કાર્યના અર્થમાં છે. રાજયમાં કોવિડ અને લોકડાઉનને કારણે ઊભી થયેલી અસાધારણ પરિસ્થિતિની આપત્તિને અવસરમાં પલટાવી નવી દિશા કંડારનાર શિક્ષકો દ્વારા હાથ ધરાયેલ નવતર, રચનાત્મક પ્રવૃત્તિઓને પ્રસ્તુત સંશોધનમાં નવતર શૈક્ષણિક પ્રયોગ તરીકે ઓળખવામાં આવી છે.

**અભ્યાસ:** સંસ્કૃતમાં અભ્યાસ એટલે પ્રેક્ટિસ કે અમલમાં મૂક્વું, અને આપણે જેને અભ્યાસ કે સ્ટડી કહીએ છીએ તેને સંસ્કૃતમાં સ્વાધ્યાય કહેવાય છે. સ્વ-અધ્યાય. જાતે ભણવું. પ્રસ્તુત સંશોધનમાં અરવલ્લી જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓના શિક્ષકોએ કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક પ્રયોગોના વ્યક્તિ અભ્યાસને  અભ્યાસ તરીકે ઓળખવામાં આવેલ છે.

## 1.4 અભ્યાસના હેતુઓ

પ્રસ્તુત અભ્યાસના હેતુઓ આ મુજબ હતા.

1. અરવલ્લી જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગનો અભ્યાસ કરવો.
2. અરવલ્લી જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ વિશિષ્ટ કામગીરી કરવા માટેના પ્રેરણાસ્ત્રોતની માહિતી મેળવવી.
3. અરવલ્લી જિલ્લાની સરકારી પ્રાથમિક શાળામાં હાથ ધરાયેલ નવતર શૈક્ષણિક પ્રયોગના અમલીકરણની પ્રવિધિ જાણકારી મેળવવી.
4. અરવલ્લી જિલ્લાની સરકારી પ્રાથમિક શાળામાં હાથ ધરાયેલ નવતર શૈક્ષણિક પ્રયોગનો પ્રચાર-પ્રસાર કરવો.
5. અરવલ્લી જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓના શિક્ષકોએ કરેલ વિશિષ્ટ કામગીરીનો અમલ અન્ય શાળાઓમાં થાય તે માટે શિક્ષકોને જાગૃત કરવા.

## 1.5 અભ્યાસના પ્રશ્નો

પ્રસ્તુત અભ્યાસના પ્રશ્નો આ મુજબ હતા.

1. અરવલ્લી જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગમાં કઇ બાબતોનો સમાવેશ થતો હશે?
2. અરવલ્લી જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ વિશિષ્ટ કામગીરી કરવા માટેના પ્રેરણાસ્ત્રોત કોણ હશે?
3. અરવલ્લી જિલ્લાની સરકારી પ્રાથમિક શાળામાં હાથ ધરાયેલ નવતર શૈક્ષણિક પ્રયોગના અમલીકરણની પ્રવિધિ કઇ હશે?

## 1.6 અભ્યાસનું મહત્ત્વ

દરેક કાર્યને પોતાનું આગવું મહત્ત્વ હોય છે. આ સંશોધન પણ એક શૈક્ષણિકકાર્ય છે. આથી આ સંશોધન કાર્ય દરમિયાન સંશોધક જે જે કાર્ય કરે છે તથા જે પરિણામ મળે છે. તે પરિણામોને ધ્યાનમાં રાખીને ભવિષ્યમાં આ અભ્યાસ કોને કોને અને કેવી રીતે મદદરૂપ બની શકે તે બાબત તેનું મહત્ત્વ સૂચવે છે.

પ્રસ્તુત સંશોધન દ્વારા અરવલ્લી જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓના શિક્ષકો દ્વારા હાથ ધરેલ નવતર શૈક્ષણિક પ્રયોગ જેવા કે, નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગો જેવા કે, ઘરે શીખીએના પ્રચાર-પ્રસાર માટે કરેલ પ્રવૃત્તિઓ, પરિવારનો માળો - સલામત અને હૂંફાળોના પ્રચાર-પ્રસાર માટે કરેલ પ્રવૃત્તિઓ, એકમ કસોટીના પ્રચાર-પ્રસાર માટે કરેલ પ્રવૃત્તિઓ, સામાયિક કસોટીના પ્રચાર-પ્રસાર માટે કરેલ પ્રવૃત્તિઓ ઉપરાંત અન્ય શૈક્ષણિક અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ, લોકજાગૃતિ માટે કરેલ પ્રવૃત્તિઓ, વિધાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિમાં અભિવૃધ્ધિ, વિધાર્થીઓની હાજરીમાં અભિવૃધ્ધિ, ઓનલાઇન શિક્ષણના પ્રચાર-પ્રસાર માટે કરેલ પ્રવૃત્તિઓની વિગતો વિશેની જાણકારી મેળવી શકાશે.

જિલ્લામાં નવતર પ્રયોગો અને પ્રવૃતિઓના અભ્યાસને કારણે આવા પ્રયોગ કરનાર શિક્ષકોને પ્રોત્સાહન મળશે અને તેમના ઉત્સાહમાં વધારો કરી શકાશે. શિક્ષકોએ કરેલ વિશિષ્ટ કામગીરીના પ્રચાર-પ્રસાર દ્વારા જિલ્લાના અન્ય શિક્ષકોને આવા પ્રયોગો કરવા માટેનું પીઠબળ મળશે. જિલ્લાના શિક્ષકો આવા પ્રયોગોના પ્રચાર-પ્રસારને કારણે વધુ પ્રોત્સાહિત થશે અને સમગ્ર જિલ્લામાં વિધાર્થીઓની શૈક્ષણિક અભિવૃધ્ધિના અભિયાનને વધુ બળવત્તર બનાવી શકાશે.

## 1.7 અભ્યાસની મર્યાદા

સંશોધન એ એવી પ્રક્રિયા છે કે, સંપૂર્ણ રીતે સફળ થતી નથી તેમાં કોઇ ને કોઇ ખામી રહી જવાની શક્યતાઓ વધી જાય છે. દરેક સંશોધન પરિણામો જુદી જુદી પરિસ્થિતિ અનુસાર જુદા જુદા મળે છે. તેથી તેને દરેક સમયે લાગુ પાડી શકાય નહિ.

1. પ્રસ્તુત સંશોધન અરવલ્લી જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓ પુરતો મર્યાદિત રહેશે.
2. પ્રસ્તુત સંશોધન અરવલ્લી જિલ્લાના શિક્ષકો દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પૂરતો મર્યાદિત રહેશે.
3. પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્રીકરણ માટેની સ્વરચિત પ્રશ્નાવલિની મર્યાદા એ પ્રસ્તુત સંશોધનની મર્યાદા રહેશે.

## 1.8 હવે પછીના પ્રકરણોનું આયોજન

સમગ્ર સંશોધન અહેવાલને ચાર પ્રકરણોમાં વિભાજિત કરેલ છે.

### પ્રકરણ 2 સંશોધનની યોજના

પ્રસ્તુત પ્રકરણમાં વ્યાપવિશ્વ, સંશોધન પ્રકાર, સંશોધન પદ્ધતિ, નમૂના પસંદગી, માહિતી પ્રાપ્તિના ઉપકરણો તથા માહિતી વિશ્લેષણની પ્રયુક્તિઓ દર્શાવવામાં આવેલ છે.

### પ્રકરણ 3 માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન

પ્રસ્તુત પ્રકરણમાં હેતુઓ અનુસાર શિક્ષકોએ કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગોને લગતી માહિતીને આધારે ગુણાત્મક રીતે માહિતીનું ઊંડાણપૂર્વકનું વર્ણન અને અર્થઘટન રજૂ કરવામાં આવેલ છે.

### પ્રકરણ 4 સંશોધન સારાંશ, તારણો અને ભલામણો

પ્રસ્તુત પ્રકરણમાં પ્રાપ્ત માહિતીને આધારે પરિણામોનો સારાંશ, સંશોધનના પ્રયોગની સમીક્ષા, સામાન્ય તારણો અને તેને આધારે માહિતીનું સામાન્યીકરણ રજૂ કરવામાં આવેલ છે.

# પ્રકરણ 2

# સંશોધન યોજના

## 2.0 પ્રસ્તાવના :

કોઇપણ સંશોધનની સફળતાનો આધાર તેના નક્કર આયોજન પર રહેલો છે. સંશોધનકાર્ય વિશ્વસનીય અને પ્રમાણભૂત બનાવવા માટે ચોક્કસ યોજના હોવી જરૂરી છે. સંશોધન કાર્યના હેતુઓની સફળતાનો આધાર તેના આયોજન પર રહે છે. સંશોધનની રૂપરેખાને કાર્યાન્વિત કરવા માટે પદ્ધતિ અને પ્રક્રિયા સંશોધકને સહાયરૂપ બને છે. સંશોધનની રૂપરેખા સંશોધકને દિશા સૂચવતી તાર્કિક યોજના છે. આયોજન દરેક પ્રવૃત્તિની સફળતાની ગુરુચાવી છે. દરેક વ્યક્તિ કાર્યનો આરંભ કરતાં પહેલાં તે કાર્યનું આયોજન કરે છે.

સંશોધન યોજના વિશે ડૉ. એચ.જી.દેસાઇ અને ડૉ. કે.જી.દેસાઇ જણાવે છે કે - "સંશોધન અહેવાલને સમજવા માટે સંશોધન યોજનાનું વર્ણન અત્યંત જરૂરી બને છે. વાચક સ્પષ્ટપણે સમજી શકે અને તેણે પોતે અભ્યાસની પ્રમાણભૂતતા ચકાસવા એ અભ્યાસ ફરીથી ઊપાડવો જરૂરી બને તો સંપૂર્ણ વિગતો મળી રહે એ રીતે આ પ્રકરણ લખવું જોઇએ. સંશોધકે અભ્યાસ દરમિયાન હાથ ધરેલ અને પાછળથી ત્યજી દીધેલ પ્રવિધિઓનો પણ ઉલ્લેખ થવો જોઇએ. આમ થાય તો સમસ્યાની યોજના પર વધુ પ્રકાશ પડે."

સંશોધનમાં કઇ પદ્ધતિનો ઉપયોગ કરવો તે મહત્ત્વનો પ્રશ્ન છે. સંશોધક પોતાના વિષયને અનુરૂપ પદ્ધતિ પસંદ કરે તે અત્યંત જરૂરી છે. વળી, સંશોધનમાં ઉપયોગમાં લેવામાં આવેલ ઉપકરણોની માહિતી, ચલોની માહિતી, વ્યાપવિશ્વ, નિદર્શ પસંદગી અને માહિતી એકત્રીકરણની વિગત આપવી પણ આવશ્યક છે.

પ્રસ્તુત પ્રકરણમાં વ્યાપવિશ્વ, સંશોધન પ્રકાર, સંશોધન પદ્ધતિ, નમૂના પસંદગી, માહિતી પ્રાપ્તિના ઉપકરણો તથા માહિતી વિશ્લેષણની પ્રયુક્તિઓ વિશેની માહિતી આપવામાં આવેલ છે.

## 2.1 સંશોધનનું વ્યાપવિશ્વ :

સંશોધકે સમસ્યા ઉદ્દભવ વખતે કયું વ્યાપવિશ્વ નજર સમક્ષ રાખ્યું છે તેની સ્પષ્ટતા કરવી જરૂરી છે. વળી વ્યાપવિશ્વમાં સમાવિષ્ટ કેટલાં પાત્રો પર ઉપકરણની અજમાયશ કરવાની છે તે બાબત પણ ધ્યાનમાં રાખવી આવશ્યક છે, આમ કરવાથી સંશોધન કાર્ય નિયત સમયમાં પૂર્ણ થાય તેમજ હેતુ સારી રીતે સિદ્ધ થાય છે.

કોઇપણ સંશોધનમાં વ્યાપવિશ્વની સાચી વ્યાખ્યા ન થાય ત્યાં સુધી સંશોધનનું કાર્ય આગળ વધી શકતું નથી તથા સમગ્ર વ્યાપવિશ્વમાંથી નિદર્શની પસંદગી પણ મુશ્કેલ બને છે.

વ્યાપવિશ્વ એટલે સમષ્ટિ. એ એવી વિગતો, પાત્રો કે શકય અવલોકનોની સંખ્યા છે કે જેમાંથી નમૂનો પસંદ થાય છે.

જિલ્લાના શિક્ષકો દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક માટે કરેલ રચનાત્મક પ્રવૃત્તિઓ તેમજ વિધાર્થીઓ ઓનલાઇન શિક્ષણ દ્વારા ઘરે બેઠા શિક્ષણકાર્યમાં જોડાઇ શકે તે માટે જિલ્લામાં શિક્ષકોએ કરેલ નવીન પ્રયાસો વિશેનો અભ્યાસ હાથ ધરવાનો હોઇ પ્રસ્તુત સંશોધનનો વ્યાપ સમગ્ર અરવલ્લી જિલ્લો રહેશે.

## 2.2 નમૂના પસંદગી :

સંશોધનની પરિભાષામાં વ્યાપવિશ્વનું સર્વોત્તમ પ્રતિનિધિત્વ કરે તેને સારો નમૂનો કહેવાય છે. સંશોધનમાં સમય, શક્તિ અને નાણાંનો વ્યય થતો અટકાવવા માટે સમષ્ટિનાં શકય તેટલાં બધાં જ લક્ષણોનો સમાવેશ થાય તે રીતે નિદર્શ પસંદ કરવો જોઇએ. જેથી નિદર્શ પરથી મેળવેલાં તારણોનું સામાન્યીકરણ કરી સમષ્ટિને લાગુ પાડી શકાય.

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકોએ સહેતુક નમૂના પ્રયુકિતથી નમૂનો (નિદર્શ) પસંદ કરેલ છે. આ પ્રયુકિતમાં નમૂનાનો એકમ એક પાત્ર ન રહેતાં સમગ્ર શાળાએ પાત્ર સમૂહ (ઝૂમખું) એકમ બને છે.

પ્રસ્તુત સંશોધનમાં શાળા શિક્ષણ બંધ ન રહે તેમજ વિધાર્થીઓ ઘરે બેઠા શિક્ષણ કાર્ય મેળવી શકે તે માટે જિલ્લામાં શિક્ષકોએ કરેલ નવીન પ્રયાસોનો અભ્યાસ કરવાનો હોઇ સહેતુક નમૂના

પસંદગી દ્વારા જિલ્લામાં થયેલ શ્રેષ્ઠ નવીન પ્રયાસોને અલગ તારવવામાં આવ્યાં હતા, તેમજ દરેક વ્યાખ્યાતાને તેમના લાયઝનીંગ વિસ્તારના શ્રેષ્ઠ પ્રયાસો કે નવતર શૈક્ષણિક પ્રયોગોનો અભ્યાસ હાથ ધરવા સૂચિત કરવામાં આવેલ હતું. જે અન્વયે જિલ્લાના 40 નવતર શૈક્ષણિક પ્રયોગ કરનાર શિક્ષકોને પ્રસ્તુત સંશોધનમાં સહતુક નમૂનાના પાત્રો તરીકે પસંદ કરવામાં આવેલ હતાં.

## 2.3 સંશોધનનાં ક્ષેત્રો :


સંશોધન માટે અનેક દિશાઓ અને ક્ષેત્રો વિકાસ પામ્યા છે. સંશોધન જુદા જુદા અનેક ક્ષેત્રો સાથે જોડાયેલું હોય છે. સંશોધન પોતાને અનુકૂળ ક્ષેત્ર પસંદ કરતાં હોય છે. જીવન સાથે સંકળાયેલા આવા અનેક ક્ષેત્રો છે જેવા કે શૈક્ષણિક, વૈજ્ઞાનિક, તબીબી, સામાજિક, ખેતી, ઉધોગ, વાણિજ્ય વગેરે હોય છે.

આ પૈકી પ્રસ્તુત સંશોધન પ્રાથમિક શિક્ષણ ક્ષેત્ર સાથે જોડાયેલું છે.

## 2.4 સંશોધનનો પ્રકાર

સંશોધનમાં વૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપયોગ થાય છે. તેથી જે તે ક્ષેત્રમાંથી ઉપસ્થિતિ થયેલ અર્થપૂર્ણ સમસ્યાના વ્યવસ્થિત વસ્તુલક્ષી અને અનુભવની એરણ પર ચકાસી શકાય. તેવા ઉકેલ સાથે સંબંધ છે. તેનું સ્વરૂપ કે પ્રકાર સંબંધિત પ્રશ્નોના સ્વરૂપ પ્રમાણે બદલાય છે.

સંશોધનના મુખ્ય બે રીતથી પ્રકારો પડે છે. જે નિમ્નાંકિત ડૉ. ડી.એ.ઉચાટ (2005-06) ના મતે સંશોધનના પ્રકાર બે રીતથી દર્શાવી શકાય. સંશોધનના ધ્યેય અને અમલીકરણને લક્ષમાં રાખી તેનું આ મુજબ વર્ગીકરણ કરી શકાય.



પ્રસ્તુત સંશોધન દ્વારા શ્રેષ્ઠ પ્રયાસો કે નવતર શૈક્ષણિક પ્રયોગોનો અભ્યાસ હાથ ધરવાનો હોઇ તેમજ શિક્ષકો દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગોની વિગતોને ઊંડાણથી તપાસવાની હોઇ આ સંશોધન ગુણાત્મક પ્રકારે હાથ ધરાયું હતું.

## 2.5 સંશોધન પદ્ધતિ :

સંશોધનમાં જે પ્રકારની સમસ્યા હોય તેના સંદર્ભમાં પદ્ધતિની પસંદગી કરવામાં આવે છે. સંશોધનની પદ્ધતિઓ નીચે મુજબ છે.

1. ઐતિહાસિક પદ્ધતિ
2. પ્રાયોગિક પદ્ધતિ
3. વર્ણનાત્મક સંશોધનો જેમાં-
    - (i) સર્વેક્ષણ અભ્યાસ
    - (ii) વિકાસાત્મક અભ્યાસ
    - (iii) સંબંધાત્મક અભ્યાસ
        - (a) વ્યક્તિ અભ્યાસ
        - (b) સહસંબંધલક્ષી અભ્યાસ
        - (c) કારણ તુલનાત્મક અભ્યાસ

પ્રસ્તુત સંશોધન એ વ્યક્તિ-અભ્યાસ આધારિત છે.

## 2.6 ઉપકરણ વિગત :

પ્રસ્તુત સંશોધનમાં ઉપકરણ તરીકે સંશોધકો દ્વારા સ્વરચિત પ્રશ્નાવલિનો ઉપયોગ કરવામાં આવેલ હતો. આ પ્રશ્નાવલિને આધારે જિલ્લાની પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગોની વિગતો મેળવવામાં આવી હતી. આ ઉપરાંત અન્ય માહિતી અને ફોટોગ્રાફસની વિગતો મેળવવા માટે ગૂગલ ફોર્મ ઉપયોગ કરવામાં આવેલ હતો.

## 2.7 માહિતીનું એકત્રીકરણ :

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકોએ કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગો કરનાર બાયડ, ભિલોડા, ધનસુરા, માલપુર, મેઘરજ અને મોડાસા એમ કુલ 06 તાલુકાના શિક્ષકો સાથે એક દિવસીય ઓનલાઇન બેઠક યોજી હતી. આ બેઠકમાં પ્રયોગ હાથ ધરનાર શિક્ષકો પાસેથી નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગોની માહિતી મેળવવામાં આવી હતી. આ ઓનલાઇન બેઠક દરમિયાન સંશોધકો દ્વારા રચિત પ્રશ્નાવલિની માહિતી કઇ રીતે ભરવી અને શિક્ષકે હાથ ધરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગના અહેવાલની વિગતોનું લેખન કઇ રીતે કરવું તેની સમજ આપવામાં આવી હતી. આ ઉપરાંત ગૂગલ ફોર્મની સમજ આપી અન્ય માહિતી કઇ રીતે ભરવી તેમજ ફોટોગ્રાફ્સ કઇ રીતે અપલોડ કરવા તે સમજાવવામાં આવ્યું હતું. શિક્ષકને કંઇ મુશ્કેલી હોય તો તેનું સ્થળ પર જ નિવારણ કરવામાં આવેલ હતું જેથી પ્રયોગ સંબંધી પ્રાપ્ત થયેલ માહિતી સચોટ, ચોક્કસ અને વાસ્તવિક મળે. આમ, સંશોધકો દ્વારા સ્વરચિત પ્રશ્નાવલિ તેમજ ગૂગલ ફોર્મના માધ્યમથી અન્ય માહિતી તેમજ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગો સંબંધી ફોટોગ્રાફની વિગતો એકત્ર કરવામાં આવી હતી.

## 2.8 માહિતીનું પૃથક્કરણ અને સમીક્ષા :

એકત્ર થયેલ માહિતીની યોગ્ય અંકશાસ્ત્રીય પદ્ધતિ થકી મૂલવણી એ સંશોધનના કાર્યનું મહત્ત્વનું સોપાન ગણી શકાય. સંશોધક માટે ઉપકરણની પસંદગી કરવાની સાથે જ તેના થકી પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ કેવી રીતે થઇ શકશે અને તારણો મેળવવા શું કરવું પડશે તે અંગેનો ખ્યાલ રાખવાનો થતો હોય છે.

સંશોધકો દ્વારા સ્વરચિત પ્રશ્નાવલિ તેમજ ગૂગલ ફોર્મ દ્વારા મળેલ માહિતીને સંશોધનના હેતુઓ અનુસાર માહિતી એકત્ર કરી તેને વ્યક્તિ-અભ્યાસના સોપાનો મુજબ ગોઠવવામાં આવ્યાં હતા. જેમાં, નીચેની વિગતો જેવી કે,

- શાળાનું નામ
- પ્રસ્તાવના

- વિશિષ્ટ કામગીરી કરવા માટેની પ્રેરણા
- કરેલ નવતર પ્રયોગનું શીર્ષક
- કરેલ વિશિષ્ટ કામગીરીનું ક્ષેત્ર
- કરેલ વિશિષ્ટ કામગીરીના હેતુઓ
- કામગીરીથી અસર પામેલ જૂથની સંખ્યા
- સરકારશ્રી દ્વારા આ સમયે અમલમાં મૂકવામાં આવેલ કાર્યક્રમ અંતર્ગત કરેલ કામગીરી
- અન્ય કામગીરીની વિગત
- કાર્યક્રમનું અમલીકરણ
- બાળકોનું મુલ્યાંકન
- પરિણામ / તારણ
- ફોટોગ્રાફ

**સરકારશ્રી દ્વારા અમલમાં મૂકવામાં આવેલ કાર્યક્રમ અંતર્ગત કરેલ કામગીરી સંબંધી મુદ્દાઓ**

- શાળાનું નામ
- ક્લસ્ટર
- તાલુકો
- શાળાનો વિસ્તાર (ગ્રામ્ય/શહેરી)
- શાળામાં ચાલતા ધોરણ
- ગામની કુલ વસ્તી
- શાળાના કુલ શિક્ષકોની સંખ્યા
- બાળકોની કુલ રજીસ્ટર સંખ્યા
- તે પૈકી સ્માર્ટફોન / ડિજિટલ મોબાઇલ ધરાવતા વિધાર્થીઓની સંખ્યા
- સાદાફોન ધરાવતા વિધાર્થીઓની સંખ્યા
- ટેલીવિઝન ધરાવતા વિધાર્થીઓની સંખ્યા
- કોઈ માધ્યમ ન હોય તેવા વિધાર્થીઓની સંખ્યા
- COVID-19 અને પરિસ્થિતી દરમિયાન વિધાર્થીઓના શિક્ષણ તેમજ વિધાર્થી વાલી જાગૃતિ માટે વિશિષ્ટ કામગીરી કરનાર શિક્ષકનું નામ

- Lock-down ના શરૂઆતના સમયગાળા દરમિયાન ગામની સ્થિતિ
- કોરોના સંદર્ભે જાગૃતિ અને બચાવ માટે કરેલ વિશેષ પ્રયત્નોની નોંધ
- હોમલર્નિંગ માટે વિધાર્થીઓને આપેલ માર્ગદર્શન
- એકમ કસોટી
- ઘરે શીખીએ પુસ્તિકાઓ
- વર્ગદર્પણ
- પરિવારનો માળો, સલામત અને હૂંફાળો
- SSA ની  વેબસાઇટ પર આપવામાં આવતું સાપ્તાહિક આયોજન
- ડી.ડી. ગિરનાર પર પ્રસારીત થતા શૈક્ષણિક કાર્યક્રમો
- વંદે ગુજરાત (બાયસેગ) પર પ્રસારિત થતાં શૈક્ષણિક કાર્યક્રમો
- WhatsApp ટેસ્ટ (ધોરણ 3 થી 5 અને ધોરણ 6 થી 8)
- Microsoft teams, google meet, Jio meet, zoom app વગેરેના માધ્યમથી હાથ ધરેલ વર્ચ્યુઅલ શિક્ષણ
- શેરીવર્ગ / ફળિયાશિક્ષણ
- શાળા કે શિક્ષકની પોતાની YouTube ચેનલ અને શૈક્ષણિક ઉપયોગ
- Google classroom
- WhatsApp / કાઇઝાલા / ટેલિગ્રામ
- દીક્ષા એપ
- ઓનલાઈન ક્વિઝ
- વિધાર્થી / વાલીની રૂબરૂ મુલાકાત
- વિધાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના મૂલ્યાંકન શિક્ષકે કરેલ વિશેષ પ્રયાસોની નોંધ
- વિધાર્થીઓને અપાતા ગૃહકાર્ય અને તેની ચકાસણી માટે કરેલ વિશેષ પ્રયત્નો
- વિધાર્થીઓને વિષયવસ્તુ શીખવવા હાથ ધરેલ વિશિષ્ટ પ્રયોગની નોંધ
- વિધાર્થીઓને વિષયવસ્તુ શીખવવા માટે આપે અન્ય કોઈ વિશિષ્ટ પ્રયોગ કર્યો હોય તે અંગેની નોંધ
- વિધાર્થીઓએ સાથે સંદેશાવ્યવહાર માટે હાથ ધરેલ વિશિષ્ટ પ્રયોગની નોંધ
- વિધાર્થીઓના હોમલર્નિંગ માટે મેળવેલ સહયોગની વિગતવાર નોંધ

- ટેક્નોલોજીનો અભાવ ધરાવતા વિધાર્થીઓએ માટે કરેલ વિશિષ્ટ પ્રયત્નોની નોંધ
- GCERT દ્વારા રજૂ થતાં "એક કદમ આગળ" ની પ્રવૃત્તિમાં નોંધાવેલ ભાગીદારીની વિગતો
- NMMS ની પરીક્ષામાં બાળકોએ રજીસ્ટ્રેશન કરેલ છે?
- NMMS ની પરીક્ષામાં કેટલા બાળકોની ફી ભરાઇ અને મંજૂર થઇ?
- 'GVS (ગુજરાત વર્ચ્યુઅલ શાળા) અંતર્ગત લાઇવ ક્લાસની લિંક પહોંચાડવા માટે આપેલ કરેલ પ્રયત્નોની વિગત
- બાળકો આ લિંક આધારિત ક્લાસમાં જોડાય તે માટે અપનાવેલ માધ્યમ અને કરેલ પ્રયત્નોની નોંધ અને તે અંગેના આપના અભિપ્રાયો
- NMMS અંતર્ગતના મોક ટેસ્ટમાં વધુ વિધાર્થીઓ જોડાય તે માટે આપના વિશિષ્ટ પ્રયત્નોની નોંધ
- NMMS અંતર્ગતના મોક ટેસ્ટ માટેનો મેસેજ બાળકોને મળ્યો કે  કે નહિ તેને ખરાઈ માટે કરેલ પ્રયત્નોની નોંધ
- GVS (ગુજરાત વર્ચ્યુઅલ શાળા) અંતર્ગત ઓનલાઇન અને ઓફલાઈન ક્લાસ અંગે આપનો અભિપ્રાય
- NMMS પરીક્ષા સંબંધી માર્ગદર્શન માટે બાયસેગના માધ્યમથી વધુ બાળકો લાભ મેળવે તે માટે કરેલ વિશેષ પ્રયાસોની નોંધ
- NMMS પરીક્ષામાં રાજયના બાળકોનો સારો દેખાવ થાય અને બાળકોને યોગ્ય મહાવરો મળી રહે તે માટે આપના અભિપ્રાયની નોંધ
- હોમલર્નિંગને વધુ અસરકારક બનાવવા આપના સૂચનોની નોંધ

ઉપર્યુકત મુદ્દાઓના અનુસંધાનમાં શાળાઓના શિક્ષકો પાસેથી એકત્ર કરેલ માહિતીનું તુલનાત્મક પૃથક્કરણ અને અર્થઘટન કરી તેને આધારે શાળાના નવતર પ્રયોગોની સમીક્ષા હાથ ધરવામાં આવી હતી.

# પ્રકરણ 3

# માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન

## 3.0 પ્રસ્તાવના :

કોઈપણ સંશોધનમાં જેટલું મહત્ત્વ માહિતી એકઠી કરવાનું છે, તેટલું જ મહત્ત્વ માહિતીનું પૃથક્કરણ કરવાનું છે. કોઈપણ સંશોધકે સંશોધન યોજના તૈયાર કરતી વખતે કઈ-કઈ માહિતી મેળવવી પડશે, પ્રાપ્ત માહિતીનું વર્ગીકરણ કેવી રીતે થશે તે અંગે વિચારી લેવું જરૂરી છે. આમ કરવાથી માહિતી વિષયક સચોટ ખ્યાલ આવે છે. કોઇપણ સંશોધનમાં એકઠી કરેલી સંશોધન માહિતી પૃથક્કરણ અને અર્થઘટનની યોગ્ય પ્રયુક્તિ દ્વારા જ અર્થપૂણ બને છે.

આ બાબતમાં ફીશર કહે છે કે- "માહિતીને સંક્ષિપ્ત સ્વરૂપ આપવા માટે વપરાતી આંકડાશાસ્ત્રીય પ્રક્રિયાઓનો ઉદ્દેશ એ છે કે અપ્રસ્તુત માહિતીને દૂર કરવી અને પ્રાપ્ત માહિતીમાં સમાયેલી પૂરેપૂરી પ્રસ્તુત માહિતીને અલગ પાડવી."

પ્રાપ્ત થયેલી માહિતીના જૂથને વધુ સારી રીતે સમજવા માટે અને તેમાંથી અર્થ તારવવા માટે તે માહિતીનું વર્ગીકરણ કરવું જોઇએ. તેને વ્યવસ્થિત રીતે ગોઠવવી જોઇએ અને સમજી શકાય તેવા સંક્ષિપ્ત સ્વરૂપમાં મૂકવી જોઇએ. કોઇપણ સંશોધનમાં એકઠી કરેલી સંશોધન માહિતી પૃથક્કરણ અને અર્થઘટનની યોગ્ય પ્રયુક્તિ દ્વારા જ અર્થપૂણ બને છે.

પ્રસ્તુત અભ્યાસનો હેતુ અરવલ્લી જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓના શિક્ષકો દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગનો અભ્યાસ કરવાનો હોઇ તે સંબંધી માહિતી એકત્રીકરણ માટે પ્રશ્નાવલિનો ઉપયોગ કરવામાં આવેલ હતો અને તેને આધારે મળેલ માહિતીનું એકત્રીકરણ, વર્ગીકરણ અને પૃથકકરણ કરી પ્રસ્તુત માહિતીનું આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓ દ્વારા વિશ્લેષણ કરી પ્રાપ્ત માહિતીને આધારે પૃથકકરણ અને અર્થઘટન નીચે મુજબ કરવામાં આવેલ હતું.

## 3.1 અરવલ્લી જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓના શિક્ષકો દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા

પ્રસ્તુત સંશોધન દ્વારા અરવલ્લી જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓના શિક્ષકો દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ જેવા કે, ઘરે શીખીએના પ્રચાર-પ્રસાર માટે કરેલ પ્રવૃત્તિઓ, પરિવારનો માળો - સલામત અને હૂંફાળોના પ્રચાર-પ્રસાર માટે કરેલ પ્રવૃત્તિઓ, એકમ કસોટીના પ્રચાર-પ્રસાર માટે કરેલ પ્રવૃત્તિઓ, સામાયિક કસોટીના પ્રચાર-પ્રસાર માટે કરેલ પ્રવૃત્તિઓ ઉપરાંત અન્ય શૈક્ષણિક અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ, લોકજાગૃતિ માટે કરેલ પ્રવૃત્તિઓ, વિધાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિમાં અભિવૃધ્ધિ, વિધાર્થીઓની હાજરીમાં અભિવૃધ્ધિ, ઓનલાઇન શિક્ષણના પ્રચાર-પ્રસાર માટે કરેલ પ્રવૃત્તિઓની વિગતોને કેસસ્ટડીના માધ્યમથી તપાસવામાં આવી હતી. જેની વિગતો તાલુકાવાર નીચે મુજબ રજૂ કરવામાં આવેલ છે.

### 3.1.1 બાયડ તાલુકાની સરકારી પ્રાથમિક શાળાઓના શિક્ષકો દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા

બાયડ તાલુકાની રૂઘનાથપુર, તેનપુર, અમરગઢ, દાનપુરા, રૂપનગર, લીંબ અને વાંટા સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા સારણી 3.1 થી 3.7 માં રજૂ કરેલ છે.


**સારણી : 3.1**

**રૂઘનાથપુર સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા**

| **શિક્ષકનું નામ** | **માવાણી મેહુલકુમાર વિઠ્ઠલભાઇ** |
|---|---|
| **શાળાનું નામ** | રૂઘનાથપુર પ્રાથમિક શાળા |
| **પ્રસ્તાવના** | કોરોના સમયમાં બાળકોને ઓનલાઇન અભ્યાસમાં કેવી રીતે જોડવા તે પ્રશ્ન હતો. ઓનલાઈન અભ્યાસ દ્વારા બાળકો ભણશે કે કેમ? તે સવાલ મનમાં થયા કરતો. શરૂમાં ડી.ડી. ગિરનારના માધ્યમથી બાળકોના શિક્ષણની શરૂઆત થઇ, પણ બાળકોને અભ્યાસ-સ્વાધ્યાય અને ઘરે શીખીએ પ્રવૃતિ કામ કરવામાં ઓછી ફાવટ આવતી. આ માટે અમારી ટીમ્સ સતત ચિંતન કરતી રહેતી કે આ સમસ્યાનું નિવારણ કઇ રીતે કરવું. |
| **વિશિષ્ટ કામગીરી કરવા માટેની પ્રેરણા** | અગાઉનો યુટ્યુબ ચેનલ બનાવવાનો અનુભવ કામે લગાડી, સમસ્યાનું સમાધાન શોધવા યુટ્યુબ ચેનલ નવેસરથી બનાવવાનો વિચાર કર્યો. મારા ચાર વિષયો પૈકી સામાજિક વિજ્ઞાન અને ઘરે શીખીએ પુસ્તિકાની પ્રવૃતિ પર વિડીયો બનાવવાનું નક્કી કર્યુ. |
| **કરેલ નવતર પ્રયોગનું શીર્ષક** | **યુટ્યુબ ચેનલ દ્વારા શિક્ષણ**<br>**મેહુલ માવાણી એજ્યુકેશન એન્ડ કલ્ચર - યુટ્યુબ ચેનલ** |
| **કરેલ વિશિષ્ટ કામગીરીનું ક્ષેત્ર** | ધોરણ 6 થી 8 ના તમામ વિષયો પર માર્ગદર્શન આપતા વિડીયો બનાવી યુટ્યુબ ચેનલ પર મુકવા માટે પ્રયાસ કરવામાં આવ્યો. |
| **કરેલ વિશિષ્ટ કામગીરીના હેતુઓ** | નીચેના ઉદ્દેશ સિદ્ધ કરવા માર્ગદર્શન આપતા વિડીયો બનાવવામાં આવ્યાં હતાં. આ વિડીયો તમામ વિષયો માટે તૈયાર કરવામાં આવ્યાં હતાં. આ વિડીયોને યુટ્યુબ ચેનલ પર અપલોડ કરવામાં આવ્યાં હતાં.<br>1. બાળકો સરળતાથી અભ્યાસ અને સ્વાધ્યાયની પ્રવૃતિ કરી શકે.<br>2. બાળકોને સદર્ભ સાહિત્ય ખરીદવું ના પડે.<br>3. પ્રશ્નોની સરળ અને સાદી ભાષામાં સમજણ આપી શકાય.<br>4. બાળકો પોતાના અનુકૂળ સમયે શિક્ષણ મેળવી શકે.<br>5. પ્રશ્નોની સમજણ માટે એક જ વખત બનાવેલ વિડીયો વારંવાર જોઇ શકાય. |

| | |
|---|---|
| | 6. એક થી વધુ ધોરણોમાં ક્લાસ ચાલુ હોય ત્યારે કોમ્પ્યુટર કે સ્માર્ટ ક્લાસના માધ્યમથી બાળકોને મહાવરો કરાવી શકાય.<br>7. બાળકોને વોટ્સ એપના માધ્યમથી લિંક મોકલી શકાય.<br>8. માઇક્રોસોફ્ટ ટીમ્સ જેવી અન્ય એપ માટે ખુબજ ઉપયોગી. |
| **કામગીરીથી અસર પામેલ જૂથની સંખ્યા** | ધોરણ 6 થી 8 ના 37 બાળકો ઉપરાંત અન્ય શાળાના બાળકો |
| **સરકારશ્રી દ્વારા આ સમયે અમલમાં મૂકવામાં આવેલ કાર્યક્રમ અંતર્ગત કરેલ કામગીરી** | 1. ચેનલના માધ્યમ દ્વારા બાળકો પોતાનું શિક્ષણ કાર્ય સારી રીતે કરવા લાગ્યા.<br>2. બાળકો વિષયને લગતા વિડીયો, ડી.ડી. ગિરનાર, બાયસેગ પરથી જોતા થયા.<br>3. બાળકો અભ્યાસ, સ્વાધ્યાય અંગે અને પ્રવૃતિ માટે ચેનલના માધ્યમથી કરવા લાગ્યા જેના કારણે અભ્યાસક્રમ મહદઅંશે પુરો કરી શકાયો. |
| **અન્ય કામગીરીની વિગત** | આ સાથે આ ચેનલમાં દિક્ષા એપના વિડીયો, તાલીમના વિડીયો પણ મુકવામાં આવ્યા. સાથે સાથે સામન્ય જ્ઞાન, ઉખાણાં, જેવા વિડીયો બનાવીને પણ મુકવામાં આવે છે. |
| **કાર્યક્રમનું અમલીકરણ** | 1. બાળકોને વોટ્સ એપના માધ્યમથી ધોરણ વાર ગ્રૂપ બનાવી તેમાં લિંક મોકલવામાં આવતી હતી.<br>2. બાળકો ઘરે બેસીને સરળતાથી અભ્યાસ કરી શકતા હતાં.<br>3. અભ્યાસના મૂંઝવતા પ્રશ્નોના જવાબ તેઓ સરળતા મેળવી શકતા થયાં. |
| **બાળકોનું મુલ્યાંકન** | બાળકોને મોકલવામાં આવતા વિડીયોની લિંક દ્વારા તેઓને મૂંઝવતા પ્રશ્નોના ઉત્તરો તેઓ જાતે મેળવી શકતા થયા એટલું જ નહીં હવે તેઓ પોતાનું સ્વ-અધ્યયન કાર્ય યોગ્ય રીતે પૂર્ણ કરી શકે છે. |
| **પરિણામ / તારણ** | 1. બાળકો જે મોબાઇલનો ઉપયોગ ગેમ્સ અને કાર્ટુન જેવા વિડીયો જોઇ સમય- શક્તિ અને મોબાઇલનો દુરઉપયોગ કરતા હતા, તે જ બાળકો મોબાઇલ ટેક્નોલોજીથી વાકેફ થયા.<br>2. બાળકો યુટ્યુબ, ગૂગલ, માઇક્રોસોફ્ટ ટીમ્સ, વોટ્સએપ જેવી કેટલીયે એપ્લીકેશન વિશે માહિતગાર થયા અને અભ્યાસમાં તેનો વિશેષ ઉપયોગ કરતા થયા. |

- ## નવતર પ્રયોગના ફોટોગ્રાફ



**સારણી : 3.2**

**તેનપુર સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા**

| **શિક્ષકનું નામ** | **અશોકકુમાર કૃષ્ણાભાઈ પટેલ** |
|---|---|
| **શાળાનું નામ** | તેનપુર પ્રાથમિક શાળા. |
| **પ્રસ્તાવના** | કોવિડ 19 ની મહામારી આજે દુનિયા પર પોતાનો ક્રૂર પંજો પ્રસરાવી માનવજીવનન વિકાસને મરણતોલ ફટકો મારવા જઈ રહી છે. માનવજીવનના આર્થિક, સામાજિક અને માનસિક પહેલુઓનો હ્રાસ થયો છે ત્યારે, આવા કપરાકાળમાં માનવજીવનને હૂંફ, ઇશ શ્રદ્ધા અને હકારાત્મક દ્રષ્ટિકોણની જરૂર છે. હું મારીશક્તિ પ્રમાણે સમાજના વિકાસમાં યોગદાન આપી શકું તેવી અંતઃ ચેતના થકી હું આ નવતર પ્રવૃત્તિ કરી રહ્યો છું. |
| **વિશિષ્ટ કામગીરી કરવા માટેની પ્રેરણા** | મારી અંતઃ ચેતના અને મહાપુરુષોના જીવન ચરિત્રોના અભ્યાસ થકી મારું કર્મ હૂં ઈશ્વર ચરણે ધરી રહ્યો છું |
| **કરેલ નવતર પ્રયોગનું શીર્ષક** | **મમતાને સમતા માટે શીર્ષક શું હોય.** |
| **કરેલ વિશિષ્ટ કામગીરીનું ક્ષેત્ર** | સમગ્ર સમાજની જનચેતના અને મારા વહાલા વિધાર્થીઓ તથા કારણરૂપ વાલીશ્રીઓ. |
| **કરેલ વિશિષ્ટ કામગીરીના હેતુઓ** | મરેલા આત્માઓ અને બૂઝાયેલી માનવતા સાથે જીવતા માનવના આત્માના ઓરડે જ્ઞાન પ્રકાશના પાથરણા પથરાય, માનવ દીલમાં પ્રકૃતિ માટે સંવેદના જાગે ને ઇશ શ્રદ્ધા થકી જીવન ઉજજવલ બને. |
| **કામગીરીથી અસર પામેલ જૂથની સંખ્યા** | ખૂલ્લો માનવ સમાજ અને તેના સ્પર્શકો. |
| **સરકારશ્રી દ્વારા આ સમયે અમલમાં મૂકવામાં આવેલ કાર્યક્રમ અંતર્ગત કરેલ કામગીરી** | • સરકારશ્રીની નિતી અનુસાર વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન, યોગ વિનિયોગ, મતદાર જાગૃતિ, વેક્સિન જાગૃતિ અભિયાન, શૈક્ષિણક |


| | |
|---|---|
| | કાર્યક્રમો જેવા કે હોમલર્નિંગ, શેરી શાળા, વર્ચ્યુઅલ કલાસ, ઘર મુલાકાત વગેરે કાર્યક્રમો માટે મારી સક્રિય ભાગીદારી. |
| **અન્ય કામગીરીની વિગત** | • સમાજમાં જનજાગૃતિ વધે તેવું નાટ્યલેખન, કાવ્યલેખન તથા વાર્તાલેખન. |
| **કાર્યક્રમનું અમલીકરણ** | • ડિજિટલ મિડિયા, રૂબરૂ મુલાકાત, ટેલિફોનિક સંપર્ક તથા શેરી શાળાઓ દ્વારા કાર્યક્રમનું અમલીકરણ થયું. |
| **બાળકોનું મુલ્યાંકન** | • બાળકોના વલણો, અભિવ્યક્તિઓ, વૈચારિક લાક્ષણિકતાઓ તથા ચર્ચા દ્વારા અપેક્ષિત વલણોના વિકાસનું મૂલ્યાંકન કર્યું. |
| **પરિણામ / તારણ** | 1. બાળકો તથા વાલીઓમાં પ્રકૃતિ માટે પ્રેમ નિર્માણ થયો.<br>2. ઇશ શ્રદ્ધા તથા હકારાત્મક સદભાવના વધી.<br>3. સ્વચ્છતા અંગે વલણો કેળવાયા.<br>4. પશુ- પક્ષીઓને પ્રકૃતિના અભિન્ન અંગ તરીકે બાળકો જોતા થયા. |

- **નવતર પ્રયોગના ફોટોગ્રાફ**










**સારણી : 3.3**

**અમરગઢ સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા**

| | |
|---|---|
| **શિક્ષકનું નામ** | **પટેલ પરેશકુમાર ચંદુલાલ** |
| **શાળાનું નામ** | અમરગઢ પ્રાથમિક શાળા |
| **પ્રસ્તાવના** | કોરોના સમયમાં બાળકોને ઓનલાઇન અભ્યાસમાં કેવી રીતે જોડવા તે પ્રશ્ન હતો. ઓનલાઈન અભ્યાસ દ્વારા બાળકો ભણશે કે કેમ? તે સવાલ મનમાં થયા કરતો. શરૂમાં ડી.ડી. ગિરનારના માધ્યમથી બાળકોના શિક્ષણની શરૂઆત થઇ, પણ બાળકોને અભ્યાસ-સ્વાધ્યાય અને ઘરે શીખીએ પ્રવૃતિ કામ કરવામાં ઓછી ફાવટ આવતી. આ માટે અમારી ટીમ્સ સતત ચિંતન કરતી રહેતી કે આ સમસ્યાનું નિવારણ કઇ રીતે કરવું. |
| **વિશિષ્ટ કામગીરી કરવા માટેની પ્રેરણા** | અગાઉનો યુટ્યુબ ચેનલ બનાવવાનો અનુભવ કામે લગાડી, સમસ્યાનું સમાધાન શોધવા યુટ્યુબ ચેનલ નવેસરથી બનાવવાનો વિચાર કર્યો. મારા ચાર વિષયો પૈકી સામાજિક વિજ્ઞાન અને ઘરે શીખીએ પુસ્તિકાની પ્રવૃતિ પર વિડીયો બનાવવાનું નક્કી કર્યું. |
| **કરેલ નવતર પ્રયોગનું શીર્ષક** | **યુટ્યુબ ચેનલ દ્વારા શિક્ષણ - ચેનલ (1) ગવર્મેન્ટ સ્કૂલ ઇન્ફિનિટી ટેલેન્ટ (2) મેહુલ માવાણી એજ્યુકેશન એન્ડ કલ્ચર** |
| **કરેલ વિશિષ્ટ કામગીરીનું ક્ષેત્ર** | ધોરણ 6 થી 8 ના તમામ વિષયો પર માર્ગદર્શન આપતા વિડીયો બનાવી યુટ્યુબ ચેનલ પર મુકવા માટે પ્રયાસ કરવામાં આવ્યો. |
| **કરેલ વિશિષ્ટ કામગીરીના હેતુઓ** | નીચેના ઉદ્દેશ સિદ્ધ કરવા માર્ગદર્શન આપતા વિડીયો બનાવવામાં આવ્યાં હતાં. આ વિડીયો તમામ વિષયો માટે તૈયાર કરવામાં આવ્યાં હતાં. આ વિડીયોને યુટ્યુબ ચેનલ પર અપલોડ કરવામાં આવ્યાં હતાં.<br>9. બાળકો સરળતાથી અભ્યાસ અને સ્વાધ્યાયની પ્રવૃતિ કરી શકે.<br>10. બાળકોને સદર્ભ સાહિત્ય ખરીદવું ના પડે.<br>11. પ્રશ્નોની સરળ અને સાદી ભાષામાં સમજણ આપી શકાય. |

| | |
|---|---|
| | 12. બાળકો પોતાના અનુકૂળ સમયે શિક્ષણ મેળવી શકે.<br>13. પ્રશ્નોની સમજણ માટે એક જ વખત બનાવેલ વિડીયો વારંવાર જોઇ શકાય.<br>14. એક થી વધુ ધોરણોમાં ક્લાસ ચાલુ હોય ત્યારે કોમ્પ્યુટર કે સ્માર્ટ ક્લાસના માધ્યમથી બાળકોને મહાવરો કરાવી શકાય.<br>15. બાળકોને વોટ્સ એપના માધ્યમથી લિંક મોકલી શકાય.<br>16. માઇક્રોસોફ્ટ ટીમ્સ જેવી અન્ય એપ માટે ખુબજ ઉપયોગી. |
| **કામગીરીથી અસર પામેલ જૂથની સંખ્યા** | ધોરણ 6 થી 8 ના 40 બાળકો ઉપરાંત અન્ય શાળાના બાળકો |
| **સરકારશ્રી દ્વારા આ સમયે અમલમાં મૂકવામાં આવેલ કાર્યક્રમ અંતર્ગત કરેલ કામગીરી** | 4. ચેનલના માધ્યમ દ્વારા બાળકો પોતાનું શિક્ષણ કાર્ય સારી રીતે કરવા લાગ્યા.<br>5. બાળકો વિષયને લગતા વિડીયો, ડી.ડી. ગિરનાર, બાયસેગ પરથી જોતા થયા.<br>6. બાળકો અભ્યાસ, સ્વાધ્યાય અંગે અને પ્રવૃતિ માટે ચેનલના માધ્યમથી કરવા લાગ્યા જેના કારણે અભ્યાસક્રમ મહદઅંશે પુરો કરી શકાયો. |
| **અન્ય કામગીરીની વિગત** | આ સાથે આ ચેનલમાં દિક્ષા એપના વિડીયો, તાલીમના વિડીયો પણ મુકવામાં આવ્યા. સાથે સાથે સામન્ય જ્ઞાન, ઉખાણાં, જેવા વિડીયો બનાવીને પણ મુકવામાં આવે છે. |
| **કાર્યક્રમનું અમલીકરણ** | 4. બાળકોને વોટ્સ એપના માધ્યમથી ધોરણ વાર ગ્રૂપ બનાવી તેમાં લિંક મોકલવામાં આવતી હતી.<br>5. બાળકો ઘરે બેસીને સરળતાથી અભ્યાસ કરી શકતા હતાં.<br>6. અભ્યાસના મૂંઝવતા પ્રશ્નોના જવાબ તેઓ સરળતા મેળવી શકતા થયાં. |
| **બાળકોનું મુલ્યાંકન** | બાળકોને મોકલવામાં આવતા વિડીયોની લિંક દ્વારા તેઓને મૂંઝવતા પ્રશ્નોના ઉત્તરો તેઓ જાતે મેળવી શકતા થયા એટલું જ નહીં હવે તેઓ પોતાનું સ્વ-અધ્યયન કાર્ય યોગ્ય રીતે પૂર્ણ કરી શકે છે. |

| **પરિણામ / તારણ** | 3. બાળકો જે મોબાઇલનો ઉપયોગ ગેમ્સ અને કાર્ટુન જેવા વિડીયો જોઇ સમય- શક્તિ અને મોબાઇલનો દુરઉપયોગ કરતા હતા, તે જ બાળકો મોબાઇલ ટેક્નોલોજીથી વાકેફ થયા.<br>4. બાળકો યુટ્યુબ, ગૂગલ, માઇક્રોસોફ્ટ ટીમ્સ, વોટ્સએપ જેવી કેટલીયે એપ્લીકેશન વિશે માહિતગાર થયા અને અભ્યાસમાં તેનો વિશેષ ઉપયોગ કરતા થયા. |
|---|---|

| **શાળાની નવતર પ્રયોગ સંબંધી બાબતો** | |
|---|---|
| શાળાનો વિસ્તાર (ગ્રામ્ય/શહેરી) | ગ્રામ્ય |
| શાળામાં ચાલતા ધોરણ | 44409 |
| ગામની કુલ વસ્તી | 883 |
| શાળાના કુલ શિક્ષકોની સંખ્યા | 6 |
| બાળકોની કુલ રજીસ્ટર સંખ્યા | 115 |
| તે પૈકી સ્માર્ટફોન / ડિજિટલ મોબાઈલ ધરાવતા વિધાર્થીઓની સંખ્યા | 33 |
| સાદાફોન ધરાવતા વિધાર્થીઓની સંખ્યા | 65 |
| ટેલીવિઝન ધરાવતા વિધાર્થીઓની સંખ્યા | 49 |
| કોઈ માધ્યમ ન હોય તેવા વિધાર્થીઓની સંખ્યા | 17 |
| COVID-19 અને પરિસ્થિતી દરમિયાન વિધાર્થીઓના શિક્ષણ તેમજ વિધાર્થી વાલી જાગૃતિ માટે વિશિષ્ટ કામગીરી કરનાર શિક્ષકનું નામ | પટેલ પરેશકુમાર ચંદુલાલ |
| Lock-down ના શરૂઆતના સમયગાળા દરમિયાન ગામની સ્થિતિ | કોરોનાકાળની શરૂઆતમાં ગામમાં ખૂબ ભયનો માહોલ હતો. આ સમયમાં બાળકો તથા વાલીઓના મુખે એક જ વાત કે શાળા |

| | |
|---|---|
| | ક્યારે ખુલશે? ગામના લોકો ઘરબહાર આવનજાવનમાં પણ ગભરાટ અનુભવતા. આ રોગ વિશે નહિવત માહિતી હતી. |
| કોરોના સંદર્ભે જાગૃતિ અને બચાવ માટે કરેલ વિશેષ પ્રયત્નોની નોંધ | અમારી ટીમે સત્રની શરૂઆતમાં કોરોના રોગની પ્રાથમિક માહિતી બાળકો અને વાલીઓ સુધી પહોંચાડવા માટે ડોર ટુ ડોર મુલાકાત લીધી. કોરોનાથી બચવા અંગેની ગાઈડલાઈનના મહત્વના ૪ મુદ્દાની યોગ્ય સમજ આપી. |
| હોમલર્નિંગ માટે વિધાર્થીઓને આપેલ માર્ગદર્શન | હોમલર્નિંગ માટે બાળકોની ડોર ટુ ડોર મુલાકાત લીધી. જેમાં ડી.ડી. ગિરનાર કાર્યક્રમનું સમયપત્રક આપવામાં આવ્યું. ઘરે શીખીએ પુસ્તિકા અને વિષય (પાઠ્ય) પુસ્તકો પહોચાડ્યાં. સાથે સાથે બાળકો ટી.વી. ના માધ્યમ થકી ડી.ડી. ગિરનાર કાર્યક્રમ જુએ તે માટે વાલીઓને જાગ્રુત કર્યા. |
| એકમ કસોટી | વિધાર્થીઓને એકમ કસોટી પહોંચાડવા ધોરણ અને ફળિયા પ્રમાણે ગ્રૂપ બનાવવામાં આવ્યા. એકમ કસોટીની જાણ પહેલેથી જ બાળકોને ફોનથી અને વોટ્સએપના માધ્યમથી કરવામાં આવતી. જેમની પાસે ફોન ના હોય તેવા બાળકોને જેમની પાસે ફોન હતા તેવા બાળકો દ્વારા જાણ કરવાનું કહેવામાં આવતું. નિશ્ચિત સમયે અને તારીખે બાળકો હાજર રહેતા. અને કસોટી માટે નિશ્ચિત સમયે ભેગા થઇ કોરોનાની ગાઇડ લાઇન મુજબ બાળકો પરીક્ષા આપતા, જેમા વાલીઓ સાથે રહી શિક્ષકો સતત દેખરેખ રખતા અને કસોટી લખ્યા બાદ બાળકો ફળીયા પ્રમાણે ગ્રૂપમાં એકમ કસોટીની પુસ્તિકા જમા કરાવતા. પછી શિક્ષક દ્વારા એકમ કસોટીની તપાસણી કર્યા બાદ બાળકોને જરુરી માર્ગદર્શન આપવામાં આવતું. |
| ઘરે શીખીએ પુસ્તિકાઓ | ઘરે શીખીએ પુસ્તિકા વિધાર્થીઓને પહોચાડવા ધોરણ અને ફળિયા પ્રમાણે ગ્રૂપ બનાવવામાં આવ્યા. ઘરે શીખીએ પુસ્તિકાની |

| | |
|---|---|
| | જાણ પહેલેથી જ બાળકોને ફોનથી અને વોટ્સએપના માધ્યમથી કરવામાં આવતી. જેમની પાસે ફોન ના હોય તેવા બાળકોને જેમની પાસે ફોન હતા તેવા બાળકો દ્વારા જાણ કરવાનું કહેવામાં આવતું. શરૂઆતમાં બાળકોને ઘરે શીખીએ પુસ્તિકાની પ્રવુત્તિ અને અભ્યાસ કરવામાં થોડી મુશ્કેલી જણાઇ, પણ શિક્ષકોની અવારનવાર મુલાકાત કરી બાળકોના પ્રશ્નોને હલ કરતા. બાળકોના મોટા ભાઇ- બહેન કે માતાપિતાને પણ ઘરે શીખીએ પુસ્તિકા વિશે યોગ્ય માર્ગદર્શન આપેલ, જેથી તેઓ પોતાના બાળકોના અભ્યાસ માટે મદદરૂપ થાય. વળી, યુટ્યુબ ચેનલ દ્વારા જરૂરી વિડીયો બનાવીને બાળકો સુધી મોકલ્યા. |
| વર્ગદર્પણ | વર્ગદર્પણમાં શિક્ષકો દ્વારા જરૂરી માહિતી ભરી બાળકોની ઘર-મુલાકાત દરમિયાન રુબરૂ પહોંચાડી. જ્યારે પણ શિક્ષકો દ્વારા બાળકોની ડોર ટુ ડોર મુલાકાત લેવામાં આવતી ત્યારે વર્ગદર્પણમાં બાળકોની પ્રગતી અને કચાશ નોંધતા તથા જરૂરી માર્ગદર્શન આપતા. |
| પરિવારનો માળો, સલામત અને હૂંફાળો | જી.સી.ઇ.આર. ટી. દ્વારા સોશિઅલ મિડીયા આધારિત આ પ્રવૃત્તિ જે બાળકો જોડે સ્માર્ટફોન હતા તેમના સુધી વોટ્સએપના માધ્યમથી પહોંચાડવામાં આવતી. આ માટે અમારી ટીમે બાળકોના ઘરની મુલાકાત દરમિયાન રૂબરૂ પ્રેક્ટીકલ કરી આપેલ પ્રવૃત્તિની લિંક કેવી રીતે ખોલવી તેની સમજ આપેલ, જેથી બાળકો પ્રવૃત્તિનો આનંદ માણી શકે. |
| SSA ની વેબસાઇટ પર આપવામાં આવતું સાપ્તાહિક આયોજન | એસ.એસ.એ. વેબ સાઇટ પર આપવામાં આવતુ સાપ્તાહિક આયોજન વોટ્સ એપના માધ્યમથી બાળકોના ધોરણવાર ગ્રૂપ બનાવીને તેમના સુધી મોકલવામાં આવતું. શરૂઆતમાં બાળકોને લિંક ખોલવામાં થોડી મુશ્કેલી પડતી, પરંતુ અમારી ટીમે |

| | |
|---|---|
| | બાળકોના ઘરની મુલાકાત દરમિયાન રૂબરૂ પ્રેક્ટીકલ કરી, એસ.એસ.એ. વેબ સાઇટ પર આવતી લિંક કેવી રીતે ખોલવી તેની સમજ આપેલ. સાથે સાથે જે બાળકો પાસે મોબાઇલ નહોય તેઓને મોબાઇલ ધરાવતા બાળકો સાથે બેસાડીને સહપાઠી અધ્યયન કરે તેવુ આયોજન કર્યું. |
| ડી.ડી. ગિરનાર પર પ્રસારીત થતા શૈક્ષણિક કાર્યક્રમો | ડી.ડી. ગિરનાર કાર્યક્રમનુ આયોજનનું સમયપત્રક વોટ્સ એપના માધ્યમથી બાળકોના ધોરણવાર ગ્રૂપ બનાવીને તેમના સુધી મોકલવામાં આવતું. સાથે સાથે બાળકોની ઘર મુલાકાત સમયે હાર્ડકોપી પણ આપતા. ડી.ડી. ગિરનાર ચેનલ નંબર અને સમય વગેરેની સમ્પુર્ણ માહીતી બાળકોની ઘર મુલાકાત સમયે રૂબરૂ સમજ આપી. ડી.ડી. ગિરનાર કાર્યક્રમનુ આયોજનનું સમયપત્રક બાળકોના ઘરે ટી.વી.ની બાજુમાં સ્ટીકર સ્વરૂપે ચોંટાડવામાં આવ્યુ. બાળકો જે કાર્યક્રમ જુએ તેની સેલ્ફી ફોટો પોતાના ગ્રૂપમાં મોકલે તેવું આયોજન કર્યુ. જે બાળકોના ઘરે ટી.વી. નહોતી તેવા બાળકો પોતાના ધોરણમાં ભણતા ટી.વી. ધરાવતા બાળકોના ઘરે કાર્યક્રમ જુએ તેવી વ્યવસ્થા કરી. |
| વંદે ગુજરાત (બાયસેગ) પર પ્રસારિત થતાં શૈક્ષણિક કાર્યક્રમો | વંદે ગુજરાત ચેનલની બાળકોને પહેલેથી જ થોડી સમજ હતી. બાળકો આ ચેનલ પણ જુએ તે માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યુ. અને અમારી ટીમ્સ દ્વારા સતત દેખરેખ રાખવામાં આવતી. |
| WhatsApp ટેસ્ટ (ધોરણ 3 થી 5 અને ધોરણ 6 થી 8) | વોટ્સએપ ટેસ્ટ માટે બાળકો વધુ જોડાય તે માટે શાળાના તમામ શિક્ષકોએ જે બાળઓ પાસે સ્માર્ટફોન હતા. તેમને પ્રેક્ટિકલ કરી સમજણ આપી. બાળકોએ જેમની પાસે ફોન ના હતા, તેમને પોતાના ફોનમાં એડ કરી ટેસ્ટ અપાવતા શિખવાડ્યા. ધોરણ 3 થી 8 ના મોટાભાગના બાળકો ભાગ લેતા થાય, તેવા પ્રયાસ કર્યા. |

| | |
|---|---|
| | નેટનું રિચાર્જ ના હોય તો શાળાના વાઈ-ફાઈ દ્વારા પણ કાર્યક્રમ સફળ બનાવવા પ્રયાસ કર્યા. |
| Microsoft teams, google meet, Jio meet, zoom app વગેરેના માધ્યમથી હાથ ધરેલ વર્ચ્યુઅલ શિક્ષણ | વર્ચ્યૂઅલ ક્લાસ માટે વેકેશન દરમિયાન માઇક્રોસોફ્ટ ટીમ્સ ક્લાસ રૂમની તાલીમ લઈ અને શાળાના અન્ય મિત્રોને પણ સમજાવ્યા. બાળકોના આઇડી અને પાસવર્ડ સી.આર.સી. દ્વારા આપવામાં આવેલ હતા. શરૂઆતમાં જેમની પાસે સ્માર્ટફોન હતા તેમના ફોનમાં આ એપ નાખી પ્રેક્ટિકલ કરી સમજ આપી. ત્યાર બાદ બાળકો એકબીજાને સારી રીતે એપને શીખવડતા. નેટવર્ક પ્રોબ્લેમ રહેતો હોવાથી બાળકો ધાબા પર બેસીને ક્લાસ લેતા. વાલીઓ ખેતરમાં જતા હોવાથી ઘણીવાર સાજેં ક્લાસમાં જોડાતા. સ્માર્ટફોન ના હોય તેવા બાળકો સ્માર્ટફોન ધરાવતા બાળકોના ઘરે જઈ અભ્યાસમાં જોડાય તેવો પ્રયાસ કર્યો. ગૃહકાર્ય વોટ્સએપના માધ્યમથી બાળકો મોકલતા. |
| શેરીવર્ગ / ફળિયાશિક્ષણ | દીવાળી વેકેશન બાદ બાળકોને શેરીશાળાના માધ્યમથી જોડવાનું અયોજન કર્યુ. બાળકો એક્મ કસોટી આજ રીતે આપતા હોવાથી ફળીયા અને ધોરણ પ્રમાણે વર્ગકાર્ય ચલુ કરવામાં તકલીફ ઓછી પડી. આ માટે મંદિર, ડેરી, બાળકોના ઘરના ધાબા પણ ઉપયોગમાં લીધા. સૌપ્રથમ 6 થી 8 અને ત્યાર બાદ ધોરણ 4 અને 5 ની જવાબદારી આવતા તેમને પણ શેરી શાળામાં જોડ્યા. તમામ કાર્ય કોરોના ગાઇડલાઇન પ્રમાણે કરવામાં આવ્યુ. |
| શાળા કે શિક્ષકની પોતાની YouTube ચેનલ અને શૈક્ષણિક ઉપયોગ | અમે મિત્રોએ ભેગા મળી યુટ્યુબ ચેનલની શરૂઆત કરી. જેમા સામાન્ય જ્ઞાન, દિક્ષા એપના વિડીયો, વિષય અંતર્ગત સ્વાધ્યાય, શિક્ષકો અને બાળકોની તાલીમ અને તેના સર્ટી. મેળવવા માટેના માર્ગદર્શક વિડીયો, ઘરે શીખીએ, ઉખાણા, વૈકલ્પિક પ્રશ્નો અંગેના |

| | |
|---|---|
| | વિડીયો બનાવી બાળકો, વાલીઓ અને અન્ય શિક્ષક મિત્રો સુધી પહોંચાડ્યા. |
| Google classroom | માઇક્રોસોફ્ટ ટીમ્સમાં ક્લાસ લેવાતા હોવાથી ગુગલ ક્લાસરૂમમાં કમગીરી કરેલ નથી. |
| WhatsApp / કાઇઝાલા / ટેલિગ્રામ | વોટ્સએપ બાળકો તથા તેમના વાલીઓ સારી રીતે ઉપયોગ કરતા હોવાથી શૈક્ષણિક કાર્ય માટે અસરકારક સાબિત થઈ. ડી.ડી. ગિરનાર કાર્યક્રામ, દિક્ષા એપની માહિતી તથા ગૃહકાર્ય આ જ એપ દ્વારા આપવામાં આવતુ. |
| દીક્ષા એપ | કોરોના કાળમાં મોટાભાગની તાલીમો દિક્ષા એપ દ્વારા આપવામાં આપી હતી જે ખુબ જ ઉપયોગી નીવડી. પોતાના અનૂકૂળ સમયે તાલીમ લઇ શકાય અને બાળકોને પણ પોતાના પાઠ્યપુસ્તકમાં આપેલ ક્યુઆર કોડનો ઉપયોગ કરી પોતાના અનૂકુળ સમયે શિક્ષણ મેળવી શકતા. આ અંગે માર્ગદર્શન આપવા યુટ્યુબમાં વિડીયો બનાવીને મુકેલ જે બાળકો અને વાલીઓને ખુબ જ ઉપયોગી નિવડ્યો. |
| ઓનલાઈન ક્વિઝ | ઓન લાઇન ક્વિઝ બનાવેલ નથી. |
| વિધાર્થી / વાલીની રૂબરૂ મુલાકાત | આવા સમયે બાળકો અને વાલીઓને શૈક્ષણિક તેમજ આરોગ્યની દ્રષ્ટીએ માનસિક તૈયાર કરવા જરૂરી માર્ગદર્શન આપ્યું. જે માટે અમારી ટીમે બાળકોના ઘરની ડોર ટુ ડોર મુલાકાત લેવાની શરુ કરી, શરૂઆતમાં જરૂરી ગૃહકાર્ય, ઘરે શીખીએ પુસ્તિકા, ડી.ડી. ગિરનાર, દિક્ષા એપ, માઇક્રોસોફ્ટ ટીમ્સ, પરીવારનો માળો સલામત અને હુંફાળો, એસ.એસ.એ. વેબ સાઇટ, વંદે ગુજરાતના શૈક્ષણિક કાર્યક્રમો અંગે જરુરી માર્ગદર્શન આપવામાં આવતું. બાળકો અને વાલીઓને કોઇ પણ જાતના |

| | |
|---|---|
| | મૂંઝવતા પ્રશ્નો અંગે શિક્ષકો સાથે સરળતાથી સંપર્ક કરી શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી. |
| વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના મૂલ્યાંકન શિક્ષકે કરેલ વિશેષ પ્રયાસોની નોંધ | બાળકોની શૈક્ષણિક સિદ્ધિ માટે અમે મિત્રોએ ભેગા મળી યુટ્યુબ ચેનલની શરૂઆત કરી. જેમા સામાન્ય જ્ઞાન, દિક્ષા એપના વિડીયો, વિષય અંતર્ગત સ્વાધ્યાય, શિક્ષકો અને બાળકોની તાલીમ અને તેના સર્ટી. મેળવવા માટેના માર્ગદર્શક વિડીયો, ઘરે શીખીએ, ઉખાણા, વૈકલ્પિક પ્રશ્નો અંગેના વિડીયો બનાવી બાળકો, વાલીઓ અને અન્ય શિક્ષક મિત્રો સુધી પહોંચાડ્યા. |
| વિદ્યાર્થીઓને અપાતા ગૃહકાર્ય અને તેની ચકાસણી માટે કરેલ વિશેષ પ્રયત્નો | શિક્ષકો દ્વારા બાળકોને ગૃહકાર્ય વોટ્સએપના માધ્યમથી મોકલવામાં આવતું, ગૃહકાર્ય પૂર્ણ થતા બાળકો વોટ્સએપના માધ્યમથી શિક્ષકોને ગૃહકાર્ય પૂર્ણ કર્યાના ફોટો મોકલતા. જે બાળકો પાસે મોબાઇલની સગવડ ન હોય તેઓને ઘર મુલાકાત સમયે ગૃહકાર્ય આપવામાં આવતું. |
| વિદ્યાર્થીઓને વિષયવસ્તુ શીખવવા હાથ ધરેલ વિશિષ્ટ પ્રયોગની નોંધ | બાળકોને વિષય વસ્તુ શીખવા માટે અમે મિત્રોએ ભેગા મળી યુટ્યુબ ચેનલની શરૂઆત કરી. જેમા સામાન્ય જ્ઞાન, દિક્ષા એપના વિડીયો, વિષય અંતર્ગત સ્વાધ્યાય માર્ગદર્શક વિડીયો, ઘરે શીખીએ, ઉખાણા, વૈકલ્પિક પ્રશ્નો અંગેના વિડીયો બનાવી બાળકો, વાલીઓ સુધી પહોંચાડ્યા. |
| વિદ્યાર્થીઓને વિષયવસ્તુ શીખવવા માટે આપે અન્ય કોઇ વિશિષ્ટ પ્રયોગ કર્યો હોય તે અંગેની નોંધ | બાળકોને વિષય વસ્તુ શીખવા માટે અમે મિત્રોએ ભેગા મળી યુટ્યુબ ચેનલની શરૂઆત કરી. જેમા સામાન્ય જ્ઞાન, દિક્ષા એપના વિડીયો, વિષય અંતર્ગત સ્વાધ્યાય માર્ગદર્શક વિડીયો, ઘરે શીખીએ, ઉખાણા, વૈકલ્પિક પ્રશ્નો અંગેના વિડીયો બનાવી બાળકો, વાલીઓ સુધી પહોંચાડ્યા. |
| વિદ્યાર્થીઓએ સાથે સંદેશાવ્યવહાર માટે હાથ ધરેલ વિશિષ્ટ પ્રયોગની નોંધ | બાળકો સાથે સંદેશાવ્યવહાર માટે ડેરીના નોટીસ બોર્ડ, મંદિર, જાહેર ચોક, ફળિયાની કેટલીક દુકાનો પર જરૂરી સુચનો લખતા. |

| | |
|---|---|
| | બાળકો અને વાલીઓને અઠવાડીયામાં બે થી ત્રણ વખત ટેલીફ્રોનિક માર્ગદર્શન આપતા. |
| વિધાર્થીઓના હોમલર્નિંગ માટે મેળવેલ સહયોગની વિગતવાર નોંધ | બાળકોના હોમલર્નિંગ માટે એસ.એમ. સી. સભ્યોએ પોતાના ફળિયાના બાળકોને જરૂરી માહિતી આપતા. શેરી શાળા માટે ગ્રામજનોએ પોતાના ઘર આગણા, ધાબા, ફર્નિચર, પાથરણાનો ઉપયોગ કરવા માટે હંમેશા તત્પરતા દાખવી. તથા મંદિરો, ગ્રામ પંચાયત અને ડેરી જેવા જાહેર સંસ્થાઓના ચોગાનોની જગ્યાઓનો ઉપયોગ બાળકોના હોમલર્નિંગ માટે કરવા માટે તમામ ગ્રામજનોએ અને સંસ્થાઓના સભ્યોએ સહકાર આપ્યો. |
| ટેક્નોલોજીનો અભાવ ધરાવતા વિધાર્થીઓએ માટે કરેલ વિશિષ્ટ પ્રયત્નોની નોંધ | જે બાળકો પાસે કોઇ ઉપકરણ ન હોય તેવા બાળકોના ઘરની વધુમાં વધુ મુલાકાત લેતા. તેમને તેમના ધોરણના અન્ય બાળકો સાથે બેસી ઉપકરણનો ઉપયોગ કરી શકે અને અભ્યાસમાં મદદરૂપ થાય તેવુ આયોજન કર્યુ. |
| GCERT દ્વારા રજૂ થતાં "એક કદમ આગળ" ની પ્રવૃત્તિમાં નોંધાવેલ ભાગીદારીની વિગતો | એક કદમ આગળ શીર્ષક હેઠળ જે પ્રશ્નો મૂકવામાં આવતા તેના જવાબો આપવાનો પ્રયાસ કરતો. સાથે અન્ય શિક્ષકોને પણ પ્રોત્સહિત કરતો. જેથી બાળકોના પ્રશ્નો તેમની સમસ્યા અંગે સારી રીતે વિચારી સકાય. |
| NMMS ની પરીક્ષામાં બાળકોએ રજીસ્ટ્રેશન કરેલ છે? | 5 |
| NMMS ની પરીક્ષામાં કેટલા બાળકોની ફ્રી ભરાઇ અને મંજૂર થઇ? | 5 |
| 'GVS (ગુજરાત વર્ચ્યુઅલ શાળા) અંતર્ગત લાઇવ ક્લાસની લિંક પહોંચાડવા માટે આપેલ કરેલ પ્રયત્નોની વિગત | અમારી શાળાના બાળકોને ગુજરાત વર્ચ્યુઅલ શાળા અંતર્ગત જે એન.એમ.એસ. ના ક્લાસ લેવામાં આવતા તેમની લિંક વોટ્સએપ ગ્રૂપ બનાવી તેમાં નિયમીત મોકલતો. બાળકોને કીંક જોઇ સામો મેસેજ કરતા. |

| | |
|---|---|
| બાળકો આ લિંક આધારિત ક્લાસમાં જોડાય તે માટે અપનાવેલ માધ્યમ અને કરેલ પ્રયત્નોની નોંધ અને તે અંગેના આપના અભિપ્રાયો | હા,બાળકો આ લિંક સમયસર ખોલી જરૂરી માર્ગદર્શન મેળવતા. ક્યારેક સમજણ ના પડી હોય તો તેઓ યુટ્યુબ પરથી ફરીથી જોતા. બાળકો ક્લાસમાં જોડાય ત્યારે સ્ક્રીન સોર્ટ પાડી બનાવેલ વોટ્સએપ ગ્રૂપમાં મોકલે તેનો આગ્રહ રાખતો. હુ પોતે પણ બાળકોને માઇક્રોસોફ્ટ ટીમ્સ દ્વારા તૈયારી કરાવતો. આ ક્લાસોની ડીવીડી બનાવીને શાળા દીઠ આપવામાં આવે તો બાળકો ઓફ લાઈન પણ અભ્યાસ કરી શકે. |
| NMMS અંતર્ગતના મોક ટેસ્ટમાં વધુ વિધાર્થીઓ જોડાય તે માટે આપના વિશિષ્ટ પ્રયત્નોની નોંધ | NMMS અંતર્ગત મોક ટેસ્ટમાં બધાજ બાળકો ભાગ લે તે માટે પ્રયાસ કરતો. |
| NMMS અંતર્ગતના મોક ટેસ્ટ માટેનો મેસેજ બાળકોને મળ્યો કે  કે નહિ તેને ખરાઈ માટે કરેલ પ્રયત્નોની નોંધ | NMMS અંતર્ગત મોક ટેસ્ટ માટે ગુજરાત વર્ચ્યુઅલ શાળાના પ્રોગ્રામના માધ્યમથી ગૂગલ ફોર્મની લિંક બાળકોને વૉટ્સએપ ગ્રૂપમાં મોકલવામાં આવે છે. બાળકો તે લિંક ઓપન કરી જરૂરી ટેસ્ટ આપતા. |
| GVS (ગુજરાત વર્ચ્યુઅલ શાળા) અંતર્ગત ઓનલાઈન અને ઓફલાઈન ક્લાસ અંગે આપનો અભિપ્રાય | હા |
| NMMS પરીક્ષા સંબંધી માર્ગદર્શન માટે બાયસેગના માધ્યમથી વધુ બાળકો લાભ મેળવે તે માટે કરેલ વિશેષ પ્રયાસોની નોંધ | NMMS પરીક્ષા માટે બાયસેગના માધ્યમથી જે માર્ગદર્શન આપતા કાર્યક્રમોનું પ્રસારણ જુવે તે માટે બાળકોને પ્રોતસાહિત કરતો. બાળકો આ કાર્યક્રમો જોતા હોય તેવા સેલ્ફી ફોટા મોકલવા માટે જણાવતો. |
| NMMS પરીક્ષામાં રાજયના બાળકોનો સારો દેખાવ થાય અને બાળકોને યોગ્ય મહાવરો મળી રહે તે માટે આપના અભિપ્રાયની નોંધ | NMMS પરીક્ષામાં બાળકો વધુ સારો દેખાવ કરે તે માટે જરૂરી અભ્યાસક્રમના વિષયવાર વૈકલ્પિક પ્રશ્નોની વધુમાં વધુ કસોટીઓના પ્રશ્ન પેપરો બનાવી શકાય, માનસિક ક્ષમતા, શ્રેણી પુર્ણ, ઓડમન આઉટ અને જળ અને દર્પણ પ્રતિબિંબ જેવા પ્રશ્નો માટે અન્ય પરીક્ષઓના પેપરો દ્વારા વધુ મહાવરો કરી શકાય. |
| હોમલર્નિંગને વધુ અસરકારક બનાવવા આપના સૂચનોની નોંધ | શાળાની યુટ્યુબ ચેનલ ચાલુ કરી તેમા લાઇવ ક્લાસ, અભ્યાસને લગતા વિષયવાર એનિમિશન વિડીયો બનાવી શકાય, જેથી એકવારની મહેનત વર્ષો સુધી કામ લાગી શકે છે. |


- **નવતર પ્રયોગના ફોટોગ્રાફ**









## સારણી : 3.4

### દાનપુરા સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા

| શાળાની નવતર પ્રયોગ સંબંધી બાબતો | |
|---|---|
| શાળાનો વિસ્તાર (ગ્રામ્ય/શહેરી) | ગ્રામ્ય |
| શાળામાં ચાલતા ધોરણ | 1 to 8 |
| ગામની કુલ વસ્તી | 2000 |
| શાળાના કુલ શિક્ષકોની સંખ્યા | 6 |
| બાળકોની કુલ રજીસ્ટર સંખ્યા | 97 |
| તે પૈકી સ્માર્ટફોન / ડિજિટલ મોબાઈલ ધરાવતા વિધાર્થીઓની સંખ્યા | 15 |
| સાદાફોન ધરાવતા વિધાર્થીઓની સંખ્યા | 82 |
| ટેલીવિઝન ધરાવતા વિધાર્થીઓની સંખ્યા | 30 |
| કોઈ માધ્યમ ન હોય તેવા વિધાર્થીઓની સંખ્યા | - |
| COVID-19 અને પરિસ્થિતી દરમિયાન વિધાર્થીઓના શિક્ષણ તેમજ વિધાર્થી વાલી જાગૃતિ માટે વિશિષ્ટ કામગીરી કરનાર શિક્ષકનું નામ | પટેલ હેતલબેન એચ. |
| Lock-down ના શરૂઆતના સમયગાળા દરમિયાન ગામની સ્થિતિ | - |
| કોરોના સંદર્ભે જાગૃતિ અને બચાવ માટે કરેલ વિશેષ પ્રયત્નોની નોંધ | શિક્ષકો દ્વારા આ પ્રયત્નો થયા હતાં. |
| હોમલર્નિંગ માટે વિધાર્થીઓને આપેલ માર્ગદર્શન | સારી રીતે આપેલ હતું. |
| એકમ કસોટી | શિક્ષકો દ્વારા માર્ગદર્શન અપાયેલ હતું. |
| ઘરે શીખીએ પુસ્તિકાઓ | શિક્ષકો દ્વારા માર્ગદર્શન અપાયેલ હતું. |
| વર્ગદર્પણ | શિક્ષકો દ્વારા માર્ગદર્શન અપાયેલ હતું. |

| | |
|---|---|
| પરિવારનો માળો, સલામત અને હૂંફાળો | શિક્ષકો દ્વારા માર્ગદર્શન અપાયેલ હતું. |
| SSA ની વેબસાઇટ પર આપવામાં આવતું સાપ્તાહિક આયોજન | શિક્ષકો દ્વારા માર્ગદર્શન અપાયેલ હતું. |
| ડી.ડી. ગિરનાર પર પ્રસારીત થતા શૈક્ષણિક કાર્યક્રમો | શિક્ષકો દ્વારા માર્ગદર્શન અપાયેલ હતું. |
| વંદે ગુજરાત (બાયસેગ) પર પ્રસારિત થતાં શૈક્ષણિક કાર્યક્રમો | શિક્ષકો દ્વારા માર્ગદર્શન અપાયેલ હતું. |
| WhatsApp ટેસ્ટ<br>(ધોરણ 3 થી 5 અને ધોરણ 6 થી 8) | મોબાઇલ દ્વારા સંપર્ક કારાયો. |
| Microsoft teams, google meet, Jio meet, zoom app વગેરેના માધ્યમથી હાથ ધરેલ વર્ચ્યુઅલ શિક્ષણ | Microsoft teams |
| શેરીવર્ગ / ફળિયાશિક્ષણ | શેરીવર્ગ |
| શાળા કે શિક્ષકની પોતાની YouTube ચેનલ અને શૈક્ષણિક ઉપયોગ | YouTube |
| Google classroom | હા |
| WhatsApp / કાઇઝાલા / ટેલિગ્રામ | What's app |
| દીક્ષા એપ | દીક્ષા એપ દ્વારા |
| ઓનલાઈન ક્વિઝ | Microsoft teams દ્વારા |
| વિધાર્થી / વાલીની રૂબરૂ મુલાકાત | હા |
| વિધાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના મૂલ્યાંકન શિક્ષકે કરેલ વિશેષ પ્રયાસોની નોંધ | સતત પ્રયત્નો દ્વારા |
| વિધાર્થીઓને અપાતા ગૃહકાર્ય અને તેની ચકાસણી માટે કરેલ વિશેષ પ્રયત્નો | Microsoft teams દ્વારા |
| વિધાર્થીઓને વિષયવસ્તુ શીખવવા હાથ ધરેલ વિશિષ્ટ પ્રયોગની નોંધ | ના |

| | |
|---|---|
| વિધાર્થીઓને વિષયવસ્તુ શીખવવા માટે આપે અન્ય કોઇ વિશિષ્ટ પ્રયોગ કર્યો હોય તે અંગેની નોંધ | ચાર્ટનો ઉપયોગ |
| વિધાર્થીઓએ સાથે સંદેશાવ્યવહાર માટે હાથ ધરેલ વિશિષ્ટ પ્રયોગની નોંધ | વાતચીત દ્વારા |
| વિધાર્થીઓના હોમલર્નિંગ માટે મેળવેલ સહયોગની વિગતવાર નોંધ | ના |
| ટેક્નોલોજીનો અભાવ ધરાવતા વિધાર્થીઓએ માટે કરેલ વિશિષ્ટ પ્રયત્નોની નોંધ | ના |
| GCERT દ્વારા રજૂ થતાં "એક કદમ આગળ" ની પ્રવૃત્તિમાં નોંધાવેલ ભાગીદારીની વિગતો | ના |
| NMMS ની પરીક્ષામાં બાળકોએ રજીસ્ટ્રેશન કરેલ છે? | 2 |
| NMMS ની પરીક્ષામાં કેટલા બાળકોની ફ્રી ભરાઇ અને મંજૂર થઇ? | 2 |
| 'GVS (ગુજરાત વર્ચ્યુઅલ શાળા) અંતર્ગત લાઈવ ક્લાસની લિંક પહોંચાડવા માટે આપેલ કરેલ પ્રયત્નોની વિગત | હા |
| બાળકો આ લિંક આધારિત ક્લાસમાં જોડાય તે માટે અપનાવેલ માધ્યમ અને કરેલ પ્રયત્નોની નોંધ અને તે અંગેના આપના અભિપ્રાયો | હા |
| NMMS અંતર્ગતના મોક ટેસ્ટમાં વધુ વિધાર્થીઓ જોડાય તે માટે આપના વિશિષ્ટ પ્રયત્નોની નોંધ | ના |
| NMMS અંતર્ગતના મોક ટેસ્ટ માટેનો મેસેજ બાળકોને મળ્યો કે  કે નહિ તેને ખરાઈ માટે કરેલ પ્રયત્નોની નોંધ | હા |

| | |
|---|---|
| GVS (ગુજરાત વર્ચ્યુઅલ શાળા) અંતર્ગત ઓનલાઈન અને ઓફલાઈન ક્લાસ અંગે આપનો અભિપ્રાય | હા |
| NMMS પરીક્ષા સંબંધી માર્ગદર્શન માટે બાયસેગના માધ્યમથી વધુ બાળકો લાભ મેળવે તે માટે કરેલ વિશેષ પ્રયાસોની નોંધ | હા |
| NMMS પરીક્ષામાં રાજયના બાળકોનો સારો દેખાવ થાય અને બાળકોને યોગ્ય મહાવરો મળી રહે તે માટે આપના અભિપ્રાયની નોંધ | ના |
| હોમલર્નિંગને વધુ અસરકારક બનાવવા આપના સૂચનોની નોંધ | મહાવરા દ્વારા |

**સારણી : 3.5**

**રૂપનગર સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા**

| શાળાની નવતર પ્રયોગ સંબંધી બાબતો | |
|---|---|
| શાળાનો વિસ્તાર (ગ્રામ્ય/શહેરી) | ગ્રામ્ય |
| શાળામાં ચાલતા ધોરણ | 1 થી 8 |
| ગામની કુલ વસ્તી | 770 |
| શાળાના કુલ શિક્ષકોની સંખ્યા | 6 |
| બાળકોની કુલ રજીસ્ટર સંખ્યા | 131 |
| તે પૈકી સ્માર્ટફોન / ડિજિટલ મોબાઈલ ધરાવતા વિધાર્થીઓની સંખ્યા | 32 |
| સાદાફોન ધરાવતા વિધાર્થીઓની સંખ્યા | 14 |
| ટેલીવિઝન ધરાવતા વિધાર્થીઓની સંખ્યા | 43 |

| | |
|---|---|
| કોઈ માધ્યમ ન હોય તેવા વિધાર્થીઓની સંખ્યા | 28 |
| COVID-19 અને પરિસ્થિતી દરમિયાન વિધાર્થીઓના શિક્ષણ તેમજ વિધાર્થી વાલી જાગૃતિ માટે વિશિષ્ટ કામગીરી કરનાર શિક્ષકનું નામ | ડામોર દિગ્વિજયસિંહ મનહરલાલ |
| Lock-down ના શરૂઆતના સમયગાળા દરમિયાન ગામની સ્થિતિ | લોકડાઉનના શરૂઆતમાં જનજીવન સારૂ હતુ. લોકો શાંતિથી હરતાં ફરતાં અને ભય મુક્ત હતા. ગામડામાં લોકોને કોરોનાનો ડર નહોતો. ગામડામાં કોઈ માસ્ક,સેનેટાઇઝરનો ઉપયોગ કરતું નહોતું. કોઈ સામાજિક અંતર રાખતું નહોતું. |
| કોરોના સંદર્ભે જાગૃતિ અને બચાવ માટે કરેલ વિશેષ પ્રયત્નોની નોંધ | કોરોના અંગે સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ SMC નાં સભ્યો સાથે ચર્ચા કરી ફળિયા વાઈજ ટીમ્સ બનાવી કોરોના સામે કઈ રીતે રક્ષણ મેળવવું તેનાથી માહિતગાર કર્યા. |
| હોમલર્નિંગ માટે વિધાર્થીઓને આપેલ માર્ગદર્શન | સ્ટાફ મિટીંગ ભરી શિક્ષક વાઈજ ફળિયા વહેંચી લીધા અને અમે MDM સંચાલક, SMC ના સભ્યો ની મદદ લીધેલી. ફોન સંપર્ક દ્વારા અથવા રૂબરૂમાં ઘરે જઈ માહિતી આપી. |
| એકમ કસોટી | |
| ઘરે શીખીએ પુસ્તિકાઓ | |
| વર્ગદર્પણ | વર્ગદર્પણ મારફતે વર્તમાન સમયમાં કાર્યરત હોદ્દો ધરાવતાં અધિકારીશ્રી, પ્રમુખશ્રી, ધારાસભ્ય, સરપંચ, કલેક્ટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી દરેક પદાધિકારીઓની માહિતી આપી. |
| પરિવારનો માળો, સલામત અને હૂંફાળો | ગુજરાત સરકાર પ્રાયમરી વિભાગ દ્વારા કોરોના વાયરસને અંતર્ગત જે રજાઓ જાહેર કરવામાં આવી છે તે રજામાં વિધાર્થી ઘરે રહીને નવું નવું શીખે એ માટે સરકારે પરિવારનો માળો સલામત અને હુંફાળો કાર્યક્રમ શરુ કરેલ. આ કાર્યક્રમમાં રોજે રોજ નવી નવી પ્રવૃત્તિ કરવામાં આવતી અને તેના વિષે માહિતી આપવામાં આવતી. કટોકટીના આ સમયમાં બાળકોની મનોસામાજિક માવજત માટેના કાર્યક્રમ 'પરિવારનો માળો-સલામત અને હૂંફાળો ' અંગેના સમજ શિક્ષકો મારફત વાલીઓ સુધી પહોંચાડવામા આવતી. આ કાર્યક્રમ અંતર્ગત રાજ્ય કક્ષાએથી નિયમિત રીતે વાલીઓ અને બાળકો માટેની સામગ્રી મોકલવામાં આવતી. એ સામગ્રી પણ શિક્ષકો વાલીઓ સુધી પહોંચાડતા હતા. |

| | |
|---|---|
| SSA ની  વેબસાઇટ પર આપવામાં આવતું સાપ્તાહિક આયોજન | - |
| ડી.ડી. ગિરનાર પર પ્રસારીત થતા શૈક્ષણિક કાર્યક્રમો | વિધાર્થીઓને સમયપત્રક વોટ્સએપ ગ્રૂપ દ્વારા ઘરે જઇને હાર્ડકોપી દ્વારા વાલી ને ઘરે જઇને Social Distance અને પરિસ્થિતિ પ્રમાણે અત્યારે ટેલિવિઝનના માધ્યમથી ડી.ડી. ગિરનાર અને બાયસેગ દ્વારા સંચાલિત હોય તેવા કાર્યક્રમો નિહાળવાની સમજ આપી. mobile call કરી ને રોજના 5 બાળકોની સાથે વાત કરી તેમને પડતી મુશ્કેલીઓનું નિરાકરણ લાવવા માટે ના પ્રયત્નો કરવામાં આવતાં. જે બાળક ના પાસે કોઇપણ પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ નહોતી તેવા બાળકના ઘરે જઇ રૂબરૂ મુલાકાત લીધી. |
| વંદે ગુજરાત (બાયસેગ) પર પ્રસારિત થતાં શૈક્ષણિક કાર્યક્રમો | - |
| WhatsApp ટેસ્ટ<br>(ધોરણ 3 થી 5 અને ધોરણ 6 થી 8) | ઘરે જઇને ધોરણ વાઇજ દરેક શિક્ષકે રૂબરૂ એડ કર્યા. ઘરે જઇ રૂબરૂ મુલાકાત કરી જાણકારી આપી. WatsApp ટેસ્ટથી WatsApp વાપરતાં આવડયું . WatsApp નો યૂઝ કરી બાળકોમાં ટેસ્ટ પેપર આપવાની ઉત્સુક્તા જાગી. ટેસ્ટ ના કારણે બાળકો પાઠનાં એકમો વાચતાં થયા. |
| Microsoft teams, google meet, Jio meet, zoom app વગેરેના માધ્યમથી હાથ ધરેલ વર્ચ્યુઅલ શિક્ષણ | વર્ચ્યુઅલ શિક્ષણમાં શરૂઆત 4 બાળકોથી લઇને શરૂઆત વાતચીત કરી અને બાળકો લાઇવ એકબીજાને જોઇને વાતચીત કરતા. બાળકોને ખુબ જ આનંદ થયો. પછી દરેક વર્ગ ના 6 થી 7 બાળકોની સાથે વર્ચ્યુઅલ શિક્ષણનાં માધ્યમથી શિક્ષણકાર્યની શરૂઆત થઇ. |
| શેરીવર્ગ / ફળિયાશિક્ષણ | શેરીવર્ગમાં ટીમ્સ બનાવી શેરી વાઇજ શિક્ષણકાર્યની શરૂઆત થઇ. |
| શાળા કે શિક્ષકની પોતાની YouTube ચેનલ અને શૈક્ષણિક ઉપયોગ | - |
| Google classroom | - |
| WhatsApp / કાઇઝાલા / ટેલિગ્રામ | - |
| દીક્ષા એપ | - |

| | |
|---|---|
| ઓનલાઈન ક્વિઝ | - |
| વિધાર્થી / વાલીની રૂબરૂ મુલાકાત | હા અઠવાડિયા માં ત્રણ દિવસ વિધાર્થી અને વાલીની રૂબરૂ મુલાકાત કરવામાં આવતી. |
| વિધાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના મૂલ્યાંકન શિક્ષકે કરેલ વિશેષ પ્રયાસોની નોંધ | - |
| વિધાર્થીઓને અપાતા ગૃહકાર્ય અને તેની ચકાસણી માટે કરેલ વિશેષ પ્રયત્નો | WatsApp અને વર્ચ્યુઅલ નાં માધ્યમથી નિયમિત ગૃહકાર્ય આપવામાં આવતું અને તેની ચકાસણી થતી. |
| વિધાર્થીઓને વિષયવસ્તુ શીખવવા હાથ ધરેલ વિશિષ્ટ પ્રયોગની નોંધ | - |
| વિધાર્થીઓને વિષયવસ્તુ શીખવવા માટે આપે અન્ય કોઇ વિશિષ્ટ પ્રયોગ કર્યો હોય તે અંગેની નોંધ | - |
| વિધાર્થીઓએ સાથે સંદેશાવ્યવહાર માટે હાથ ધરેલ વિશિષ્ટ પ્રયોગની નોંધ | - |
| વિધાર્થીઓના હોમલર્નિંગ માટે મેળવેલ સહયોગની વિગતવાર નોંધ | - |
| ટેક્નોલોજીનો અભાવ ધરાવતા વિધાર્થીઓએ માટે કરેલ વિશિષ્ટ પ્રયત્નોની નોંધ | - |
| GCERT દ્વારા રજૂ થતાં "એક કદમ આગળ" ની પ્રવૃત્તિમાં નોંધાવેલ ભાગીદારીની વિગતો | - |
| NMMS ની પરીક્ષામાં બાળકોએ રજીસ્ટ્રેશન કરેલ છે? | 4 |
| NMMS ની પરીક્ષામાં કેટલા બાળકોની ફ્રી ભરાઇ અને મંજૂર થઇ? | 4 |
| 'GVS (ગુજરાત વર્ચ્યુઅલ શાળા) અંતર્ગત લાઇવ ક્લાસની લિંક પહોંચાડવા માટે આપેલ કરેલ પ્રયત્નોની વિગત | WatsApp group માં લિંક શેર કરીને |

| | |
|---|---|
| બાળકો આ લિંક આધારિત ક્લાસમાં જોડાય તે માટે અપનાવેલ માધ્યમ અને કરેલ પ્રયત્નોની નોંધ અને તે અંગેના આપના અભિપ્રાયો | ફોન કોલ કરીને. |
| NMMS અંતર્ગતના મોક ટેસ્ટમાં વધુ વિધાર્થીઓ જોડાય તે માટે આપના વિશિષ્ટ પ્રયત્નોની નોંધ | - |
| NMMS અંતર્ગતના મોક ટેસ્ટ માટેનો મેસેજ બાળકોને મળ્યો કે  કે નહિ તેને ખરાઈ માટે કરેલ પ્રયત્નોની નોંધ | - |
| GVS (ગુજરાત વર્ચ્યુઅલ શાળા) અંતર્ગત ઓનલાઈન અને ઓફલાઈન ક્લાસ અંગે આપનો અભિપ્રાય | હા |
| NMMS પરીક્ષા સંબંધી માર્ગદર્શન માટે બાયસેગના માધ્યમથી વધુ બાળકો લાભ મેળવે તે માટે કરેલ વિશેષ પ્રયાસોની નોંધ | - |
| NMMS પરીક્ષામાં રાજયના બાળકોનો સારો દેખાવ થાય અને બાળકોને યોગ્ય મહાવરો મળી રહે તે માટે આપના અભિપ્રાયની નોંધ | દરેક વિષય માં પારંગત શિક્ષક દ્વારા ઓનલાઈન you tube chanel ચાલુ કરી બાળકો સુધી લિંક શેર કરી શકાય. |
| હોમલર્નિંગને વધુ અસરકારક બનાવવા આપના સૂચનોની નોંધ | - |

**સારણી : 3.6**

**લીંબ સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા**

| **શિક્ષકનું નામ** | **ચૌધરી નિતિનકુમાર મણીલાલ** |
|---|---|
| **શાળાનું નામ** | લીંબ સરકારી પ્રાથમિક શાળા |
| **પ્રસ્તાવના** | કોરોના મહામારી શાળાઓ સૂમસામ બનાવી દીધી. જે શાળાઓ બાળકોના કિલકારીઓથી ગૂંજી ઊઠતી એ આજે વેરાન બની ગયી હતી, એવામાં ફેબ્રુઆરી માસમાં કોરોનાના કેસ ઘટતા સરકારે માર્ચ મહિનામાં ધોરણ 6 થી 8 ની શાળાઓ શરુ કરવાનો નિર્ણય કર્યો. પરંતુ કોરોનાકાળ દરમિયાન આપણે ઘણીવાર હોસ્પિટલમાં આગની લાગવાની ઘટનાઓ જોવા મળી હતી માટે અમારી શાળામાં અમે બાળકો અને વાલીઓને ફાયર સેફ્ટી માટેનો કાર્યક્રમ ગોઠવવાનું આયોજન કર્યું. |
| **વિશિષ્ટ કામગીરી કરવા માટેની પ્રેરણા** | આ કામગીરી કરવાની પ્રેરણા મને મારી શાળાના આચાર્ય શ્રી પટેલ રાજેન્દ્રકુમાર કેશવલાલ આપી હતી. |
| **કરેલ નવતર પ્રયોગનું શીર્ષક** | આગનો અંજપો |
| **કરેલ વિશિષ્ટ કામગીરીનું ક્ષેત્ર** | આપણે કોરોનામાં ઘણીવાર હોસ્પિટલોમાં આગ લાગવાના ઘણાં કિસ્સાઓ જોયા અને એમાં પણ ફાયર સેફ્ટીના સાધનો હોવા છતાં કેટલાય કિસ્સાઓમાં લોકોને પોત જાન ગુમાવતાં જોયા એટલે અમે નક્કી કર્યું કે આપણે બાળકોને પાયામાંથી જ જો ફાયર સેફ્ટીની બોટલના ઉપયોગ અંગે માર્ગદર્શન આપવાની તાલીમ આપીએ તો તેમનો ડર દૂર થાય અને ગમે ત્યારે પોતાની અને લોકોની સેફ્ટી માટે તેનો ઉપયોગ કરી શકે. આ માટે અમે ધોરણ 6 થી8 ના બાળકો અને વાલીઓને સાથે રાખી ફાયર સેફ્ટીનો કાર્યક્રમ કર્યો. |

| | |
|---|---|
| **કરેલ વિશિષ્ટ કામગીરીના હેતુઓ** | શાળાના વિદ્યાર્થીઓ અને વાલીઓ ફાયર સેફ્ટીનો ઉપયોગ કરવાનો મહાવરો કરે અને ભવિષ્યમાં કોઇ પણ ડર વગર તેનો અમલ કરી શકે. |
| **કામગીરીથી અસર પામેલ જૂથની સંખ્યા** | 65 |
| **સરકારશ્રી દ્વારા આ સમયે અમલમાં મૂકવામાં આવેલ કાર્યક્રમ અંતર્ગત કરેલ કામગીરી** | બાળકોને ઓનલાઇન શિક્ષણ, શેરી શિક્ષણ, 60 વર્ષ કરતા વધારે ઉંમરના વડીલોનો 2 વાર સર્વે, 50 વર્ષે કરતા વધારે ઉંમરના લોકોનો રસીકરણનો સર્વે, ઘરે ઘરે એકમ કસોટી વિતરણ, ઘરે ઘરે શીખીએ વિતરણ વગેરે |
| **અન્ય કામગીરીની વિગત** | |
| **કાર્યક્રમનું અમલીકરણ** | માર્ચ 2021 ના રોજ શાળામાં વિદ્યાર્થીઓ અને વાલીઓને માસ્ક અને સોશિઅલ ડિસ્ટનસિંગ રાખીને કાર્બન ડાયોક્સાઇડના પાઉડરની બોટલ અને પાણી ભરેલી બોટલ વડે બાળકોને કેવી રીતે બોટલ ખોલવી તેનો ઉપયોગ ક્યારે કરવો વગેરેની સમજ આપી. બધા બાળકોને તેનો પ્રત્યક્ષ ઉપયોગ કરતા શીખવાડ્યું હતું. |
| **બાળકોનું મુલ્યાંકન** | આ કામગીરીથી બાળકોમાં ફાયર સેફ્ટીની બોટલનો ઉપયોગ કરવાની સમજ મળી ગયી ભવિષ્યમાં પણ જયારે પણ જરૂર પડે ત્યારે તેના ઉપયોગ કરી શકવાનો સંકલ્પ લીધો. |
| **પરિણામ / તારણ** | મારા મતે આપણે બાળકોને પાયામાંથી જ દરેક વસ્તુનો ઉપયોગ કરવાનો અભ્યાસમાં કરાવીએ તો આવી આગ ની ઘટનાઓ ટાળી શકાય છે. |

**શાળાની નવતર પ્રયોગ સંબંધી બાબતો**

| | |
|---|---|
| શાળાનો વિસ્તાર (ગ્રામ્ય/શહેરી) | ગ્રામ્ય |
| શાળામાં ચાલતા ધોરણ | 1 TO 8 |
| ગામની કુલ વસ્તી | 4143 |
| શાળાના કુલ શિક્ષકોની સંખ્યા | 10+1 |
| બાળકોની કુલ રજીસ્ટર સંખ્યા | 237 |
| તે પૈકી સ્માર્ટફોન / ડિજિટલ મોબાઇલ ધરાવતા વિદ્યાર્થીઓની સંખ્યા | 137 |

| | |
|---|---|
| સાદાફોન ધરાવતા વિધાર્થીઓની સંખ્યા | 88 |
| ટેલીવિઝન ધરાવતા વિધાર્થીઓની સંખ્યા | 120 |
| કોઈ માધ્યમ ન હોય તેવા વિધાર્થીઓની સંખ્યા | 9 |
| COVID-19 અને પરિસ્થિતી દરમિયાન વિધાર્થીઓના શિક્ષણ તેમજ વિધાર્થી વાલી જાગૃતિ માટે વિશિષ્ટ કામગીરી કરનાર શિક્ષકનું નામ | ચૌધરી નિતિનકુમાર મણીલાલ |
| Lock-down ના શરૂઆતના સમયગાળા દરમિયાન ગામની સ્થિતિ | લોકડાઉનના સમાચાર સાંભળતા જ અમારા લીંબ ગામના લોકોનો એક જ પ્રશ્ન કે હવે શું ? બધાના માટે આ એક નવો અનુભવ હતો. લોકો ઘર માટે કરીયાણું ભરવા લાગી ગયા. પરંતુ સરકારની ગાઈડલાઈન મુજબ આવશ્યક ચીજવસ્તુઓ જેવીકે કરિયાણું, દવાઓ વગેરે મળી રહેશે એટલે બધાને હાશકારો થયો. અમારું ગામ મહેનત મજૂરી કરીને ખાવા વાળું. બધાને આર્થિક અગવડતા પડવા લાગી. પણ ગામમાં કોરોના કેસ ન હતા એટલે શાંતિ હતી. બધા ખેતી અને પશુપાલન સાથે સંકળાયેલ હોવાથી બહુ તકલીફ ન પડી. |
| કોરોના સંદર્ભે જાગૃતિ અને બચાવ માટે કરેલ વિશેષ પ્રયત્નોની નોંધ | કોરોના સંદર્ભે લોક જાગૃતિ માટે અમારી શાળાના શિક્ષકોને મોબાઈલ દ્વારા સાઈઠ વર્ષથી વધુ ઉંમરના વડીલોનો સંપર્ક કરવાની કામગીરી સોંપવામાં આવી, તે અંતર્ગત કોરોના મહામારી વિશે જાગૃતિ જેવી કે વારંવાર સાબુથી હાથ ધોવા, માસ્ક પહેરવું વગેરે. તેમજ તેમને શરદી, ખાંસી, તાવ, ગંભીર બીમારીઓ જેવીકે કેન્સર, હાયપર ટેન્શન, હાર્ટ વગેરેની માહિતી મેળવાની હતી આ ઉપરાંત તેમના ઘરમાં કોઇ ચીજવસ્તુઓની તંગી હોય તે પણ સર્વે કરવાનો હતો. જે અમારી શાળાના બધાજ શિક્ષકોએ સાથે મળીને પૂર્ણ કર્યો. આ સર્વે બે વાર કર્યો હતો. પછી રસીકરણ માટે 60 વર્ષ ઉપરની ઉંમરના લોકોનો સર્વે કરવાની કામગીરી પણ મારે |

| | |
|---|---|
| | કરવાની થઈ તે વખતે ગામમાં રૂબરૂ ફરવાનું હતું માસ્ક, મોજાં, સેનિટાઇઝર લઇ સર્વે ત્રણ દિવસ માં પૂરો કર્યો. |
| હોમલર્નિંગ માટે વિધાર્થીઓને આપેલ માર્ગદર્શન | ધોરણવાર વાલીના મોબાઈલ નંબર મેળવી WhatsApp ગ્રૂપ બનાવ્યા. તેમાં અમે હોમલર્નિંગની લિંક શેર કરતા અને વાલીઓને મોબાઇલ ફોન દ્વારા સંપર્ક કરી ડી.ડી. ગિરનાર દ્વારા રજૂ થતાં કાર્યક્રમ નિહાળવા સમજાવતા હતા. |
| એકમ કસોટી | અમે વિધાર્થીઓ ને ઘરે ઘરે જઈને એકમ કસોટી આપી આવતા અને પછી પરત પણ લેવા જતા. અમે તેમાં બાળકોને અગાઉ જે એકમો એકમ કસોટીમાં પૂછવામાં આવવાનો હોય તેની જાણ WhatsApp દ્વારા આપતા હતા અને મોબાઈલ ફોન કરીને પણ સમજાવતા હતા. |
| ઘરે શીખીએ પુસ્તિકાઓ | ઘરે શીખીએ પુસ્તિકામાં બાળકોના ઘરે ઘરે જઈને આપી અને દરેક બાળકને વ્યક્તિગત ઘરે શીખીએમાં જવાબ કેમ આપવા તે સમજાવતા. જો કોઈ મુશ્કેલી હોય તો વિષય શિક્ષકનો સંપર્ક કરવા માટે પ્રોત્સાહિત કરતા. અમુક બાળકો તેનો જવાબ આપી ના શકતા તો અમે તેમને ઘરે જઈને સમજાવતા પણ અમુક વાલીઓની નિષ્કાળજી પણ સામે આવી. |
| વર્ગદર્પણ | વર્ગદર્પણ પણ એકમ કસોટી સાથે બાળકોને ઘરે આપતા, વર્ગદર્પણથી બાળકોના એકમ કસોટીના ગુણ જણાવી તેની સામે સહી લેતા. બાળકને કયા વિષયમાં મુશ્કેલીઓ છે, શેમાં પ્રગતિ થઇ છે વગેરે નોંધ કરતા હતા . |
| પરિવારનો માળો, સલામત અને હૂંફાળો | હા, પરિવાર નો માળો કાર્યક્રમની જાણ બાળકોને મોબાઇલ WhatsApp દ્વારા આપવામાં આવતી. તેમાં ઘણાં વિધાર્થીઓ ઘરે પ્રવૃતિઓ કરતા હતા. |

| | |
|---|---|
| SSA ની વેબસાઇટ પર આપવામાં આવતું સાપ્તાહિક આયોજન | SSA દ્વારા જે કાર્યક્રમ આપવામાં આવતો તેની જાણ અમે બાળકોને કરતા. પછી તેમાં બાળકો પ્રવૃત્તિ કરે છે કે નહી તેની માહિતી અમે મોબાઇલ ફોન કરીને પૂછતાં હતા તેમાં મુકવામાં આવેલા વિડીયો પણ બાળકો નિહાળતા હતા. |
| ડી.ડી. ગિરનાર પર પ્રસારીત થતા શૈક્ષણિક કાર્યક્રમો | ડી.ડી. ગિરનારનું સમયપત્રક અમે બાળકોના WhatsApp ગ્રૂપ માં મોકલીએ છીએ. બાળકોને ફોન કરી કાર્યક્રમ નિહાર્યો કે નહીં તેની પુછપરછ કરીએ છીએ જો કંઇ કન્ટેન્ટમાં મુશ્કેલી પડે તો વિષય શિક્ષકનું માર્ગદર્શન લેવા જણાવીએ છીએ. સામાજિક વિજ્ઞાન વિષયમાં અમુક બાળકોને નકશામાં સમજ નહોતી પડતી તો મેં તેમને મોબાઈલ ફોન કરી સમજાવ્યા હતા. અને માઇક્રોસોફ્ટ ટીમ્સમાં ઓનલાઈન કલાસરૂમમાં બધી ચર્ચા કરવામાં આવતી. અમુક બાળકોને ટી.વી. ન હતા, તો તેમને પાડોશીને ત્યાં ટી.વી. જોવાનું આયોજન પણ કરવામાં આવ્યુ અને અમારા ઓનલાઈન ક્લાસ પણ ડિડી ગિરનારના સમયપત્રકમાં નડતરરૂપ ના થઇ તે મુજબ ગોઠવવામાં આવ્યા. |
| વંદે ગુજરાત (બાયસેગ) પર પ્રસારિત થતાં શૈક્ષણિક કાર્યક્રમો | વંદે ગુજરાત બાયસેગ ના કાર્યક્રમ નું સમયપત્રક અમે WhatsApp ગ્રૂપ માં મૂકીએ છીએ. વાલીઓ અને વિધાર્થીઓને કાર્યક્રમો જોવા માર્ગદર્શન આપીએ છીએ. અમુક બાળકો મોબાઈલ ફોન દ્વારા પણ કાર્યક્રમ જોતા. આ કાર્યક્રમથી એક ફાયદો થયો કે આવા કપરા સમયમાં પણ બાળકો શિક્ષણથી વંચિત ન રહ્યા અને તેમને સારૂ માર્ગદર્શન પણ મળ્યું. |
| WhatsApp ટેસ્ટ<br>(ધોરણ 3 થી 5 અને ધોરણ 6 થી 8) | દરેક શિક્ષકે પોતાના વર્ગના તમામ બાળકોને whatapp ટેસ્ટ માટે ગ્રૂપમાં એડ કરવા ઘરે ઘરે ફર્યા. મોટાભાગના બાળકોને જોડ્યા અને કસોટી આપવા સમજાવ્યા. જે બાળકોને સ્માર્ટ ફોન ન હતા તેમને બાજુ વાળા બાળકોના મોબાઈલમાં જોડ્યા અને |

| | |
|---|---|
| | અમુક બાળકોને તો શિક્ષકોએ પોતાના મોબાઇલમાં પણ WhatsApp ટેસ્ટ અપાવી. |
| Microsoft teams, google meet, Jio meet, zoom app વગેરેના માધ્યમથી હાથ ધરેલ વર્ચ્યુઅલ શિક્ષણ | Microsoft teams દ્વારા ઓનલાઈન ક્લાસ લેવા બધા જ બાળકોના ઘરે ઘરે જઈને તેમને Microsoft teams એપ ડાઉનલોડ કરી જોઇન કર્યા અને શાળાનું ઓનલાઈન ક્લાસનું આયોજન કરી નિયમિત રીતે ક્લાસ લેવામાં આવે છે. તેમાં વાલીઓનો ઓછો સહિયોગ મળે છે તેઓ પોતાનો મોબાઇલ ખેતરમાં અને કામે લઇ જાય છે તેથી બાળકો ઓછા જોડાઈ છે. |
| શેરીવર્ગ / ફળિયાશિક્ષણ | અમે શેરી શિક્ષણ માટે ધોરણ 6 થી8 ના વિધાર્થીઓ માટે પાંચ શેરી બનાવી હતી તેમાં ગામમાં ચાર દિવસ અને એક દિવસ નવાનગર અને એકદિવસ લીંબની મુવાડી જે ગામથી 1.5 km દુર છે અને વિષય શિક્ષકો શેરી સમયપત્રક મુજબ પોતાની શેરીમાં જાય તેવું સુંદર આયોજન આચાર્ય સાહેબશ્રી દ્વારા કરવામાં આવ્યું હતું. મારા મત મુજબ શેરી શિક્ષણ જ શ્રેષ્ઠ ઉપાય છે. |
| શાળા કે શિક્ષકની પોતાની YouTube ચેનલ અને શૈક્ષણિક ઉપયોગ | શાળાની YouTube ચેનલનો ઉપયોગ નથી કર્યો પણ YouTube માં સર્ચ કરી બાળકોને ઉપયોગી કન્ટેન્ટની લિંક WhatsApp દ્વારા બાળકોને મોકલવામાં આવતી હતી. |
| Google classroom | - |
| WhatsApp / કાઇઝાલા / ટેલિગ્રામ | WhatsApp માધ્યમ દ્વારા કોરોના કપરા સમયમાં શિક્ષણઅપાયું. |
| દીક્ષા એપ | વિધાર્થીઓ પાસે દીક્ષા એપ ડાઉનલોડ કરાવી હતી અને તેનો ઉપયોગ કરવાનું પણ સમજાવ્યું હતું. |
| ઓનલાઈન ક્વિઝ | WhatsApp માધ્યમ દ્વારા લિંક મોકલી બાળકોને ક્વિઝ મોકલતા. જેમાં બાળકોને ખૂબ રસ પડતો. |

| | |
|---|---|
| વિધાર્થી / વાલીની રૂબરૂ મુલાકાત | વિધાર્થીઓ અને વાલીઓની રૂબરૂ મુલાકાત ઘણી વાર કરવામાં આવે તેમાં વિધાર્થીઓની કચાશ જાણવાનો અને તેના નિરાકરણ માટેના પ્રયત્નો કરવામાં આવે છે. |
| વિધાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના મૂલ્યાંકન શિક્ષકે કરેલ વિશેષ પ્રયાસોની નોંધ | - |
| વિધાર્થીઓને અપાતા ગૃહકાર્ય અને તેની ચકાસણી માટે કરેલ વિશેષ પ્રયત્નો | બાળકોનેને ઓનલાઇન કલાસમાં અને શેરી શિક્ષણમાં નિયમિત ગૃહકાર્ય આપવામાં આવે છે. સમયે સમયે તેની ચકાસણી પણ કરવી જરૂરી છે નહીં તો પરિણામ ના મળે. |
| વિધાર્થીઓને વિષયવસ્તુ શીખવવા હાથ ધરેલ વિશિષ્ટ પ્રયોગની નોંધ | સંસ્કૃત વિષયમાં બાળકોને ઓનલાઇન કલાસમાં શ્લોક, નૃત્ય દ્વારા શીખવાડવાનો પ્રયત્ન કરેલ. |
| વિધાર્થીઓને વિષયવસ્તુ શીખવવા માટે આપે અન્ય કોઇ વિશિષ્ટ પ્રયોગ કર્યો હોય તે અંગેની નોંધ | - |
| વિધાર્થીઓએ સાથે સંદેશાવ્યવહાર માટે હાથ ધરેલ વિશિષ્ટ પ્રયોગની નોંધ | - |
| વિધાર્થીઓના હોમલર્નિંગ માટે મેળવેલ સહયોગની વિગતવાર નોંધ | SMC સભ્યોને તેમના ફળિયાના બાળકો અને વાલીઓ સાથે સંપર્ક કરી બાળકોના શિક્ષણ માટે ચિંતા કરવા કહેતા. |
| ટેક્નોલોજીનો અભાવ ધરાવતા વિધાર્થીઓએ માટે કરેલ વિશિષ્ટ પ્રયત્નોની નોંધ | મારા મોબાઈલમાં અમુક બાળકોની WhatsApp ટેસ્ટ લેવડાવતો હતો. |
| GCERT દ્વારા રજૂ થતાં "એક કદમ આગળ" ની પ્રવૃત્તિમાં નોંધાવેલ ભાગીદારીની વિગતો | લિંક અમે બાળકોના WhatsApp ગ્રૂપમાં મુકવામાં આવતી. |
| NMMS ની પરીક્ષામાં બાળકોએ રજીસ્ટ્રેશન કરેલ છે? | 13 |
| NMMS ની પરીક્ષામાં કેટલા બાળકોની ફી ભરાઇ અને મંજૂર થઇ? | 11 |

| | |
|---|---|
| 'GVS (ગુજરાત વર્ચ્યુઅલ શાળા) અંતર્ગત લાઈવ ક્લાસની લિંક પહોંચાડવા માટે આપેલ કરેલ પ્રયત્નોની વિગત | અમે ધોરણ 8 નો NMMS ના વિદ્યાર્થીઓનું અલગ ગ્રૂપ બનાવેલ તેમાં આ લિંક મોકલતા. |
| બાળકો આ લિંક આધારિત ક્લાસમાં જોડાય તે માટે અપનાવેલ માધ્યમ અને કરેલ પ્રયત્નોની નોંધ અને તે અંગેના આપના અભિપ્રાયો | હા,અમે ધોરણ 8 નો NMMS ના વિદ્યાર્થીઓનું અલગ ગ્રૂપ બનાવેલ તેમાં આ લિંક મોકલતા. |
| NMMS અંતર્ગતના મોક ટેસ્ટમાં વધુ વિદ્યાર્થીઓ જોડાય તે માટે આપના વિશિષ્ટ પ્રયત્નોની નોંધ | બાળકો અને વાલીઓને NMMS પરીક્ષા અને તેના લાભ વિશે સમજાવતા અને ટેસ્ટ માં ભાગ લેવા પ્રોત્સાહિત કરતા. |
| NMMS અંતર્ગતના મોક ટેસ્ટ માટેનો મેસેજ બાળકોને મળ્યો કે  કે નહિ તેને ખરાઈ માટે કરેલ પ્રયત્નોની નોંધ | - |
| GVS (ગુજરાત વર્ચ્યુઅલ શાળા) અંતર્ગત ઓનલાઈન અને ઓફલાઈન ક્લાસ અંગે આપનો અભિપ્રાય | હા |
| NMMS પરીક્ષા સંબંધી માર્ગદર્શન માટે બાયસેગના માધ્યમથી વધુ બાળકો લાભ મેળવે તે માટે કરેલ વિશેષ પ્રયાસોની નોંધ | - |
| NMMS પરીક્ષામાં રાજયના બાળકોનો સારો દેખાવ થાય અને બાળકોને યોગ્ય મહાવરો મળી રહે તે માટે આપના અભિપ્રાયની નોંધ | NMMS ની પરીક્ષામાં બાળકોને વધુ તૈયારીઓ કરવા માટે આપણે આજુબાજુની શાળાના વિદ્યાર્થીઓને ભેગા કરી તેના ત્રણ વિષય શિક્ષકો ને સ્પેશિયલ ક્લાસ લેવડાવીએ તો ચોક્કસ સારું પરિણામ મળે. |
| હોમલર્નિંગને વધુ અસરકારક બનાવવા આપના સૂચનોની નોંધ | મારા માટે હોમલર્નિંગ માટે આપણે કોઈ એક જ માધ્યમ પસંદ કરીએ તો શિક્ષકો, વાલીઓ અને ખાસ વિદ્યાર્થીઓ કોઇપણ મુશ્કેલીમાં ના પડે. |

- **નવતર પ્રયોગના ફોટોગ્રાફ**









**સારણી : 3.7**

**વાંટા સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા**

| **શિક્ષકનું નામ** | **પરમાર ચીમનકુમાર કાનજીભાઇ** |
|---|---|
| **શાળાનું નામ** | વાંટા પ્રાથમિક શાળા |
| **પ્રસ્તાવના** | માઇક્રોસોફ્ટ ટીમ્સ દ્વારા વર્ચ્યુઅલ શિક્ષણ આપવામાં આવેલ. વર્ચ્યુઅલ ક્લાસ અંતર્ગત વિશિષ્ટ કામગીરી કરેલ છે |
| **વિશિષ્ટ કામગીરી કરવા માટેની પ્રેરણા** | વર્ચ્યુઅલ ક્લાસ અંતર્ગત વિશિષ્ટ કામગીરી અંગેની પ્રેરણા સરકારશ્રી દર્શાવેલ શિક્ષણના માધ્યમથી મળેલ છે. |
| **કરેલ નવતર પ્રયોગનું શીર્ષક** | માઇક્રોસોફ્ટ ટીમ્સ એપ દ્વારા વર્ચ્યુઅલ શિક્ષણમાં સફળતા |
| **કરેલ વિશિષ્ટ કામગીરીનું ક્ષેત્ર** | ધોરણ-5 ના વિધાર્થીને વિષયવસ્તું શિક્ષણ |
| **કરેલ વિશિષ્ટ કામગીરીના હેતુઓ** | • વિધાર્થીઓને સારી રીતે વિષય રીતે વિષયવસ્તુનું શિક્ષણ મળે.<br>• વિધાર્થીઓ મુક્ત મને પ્રશ્નોત્તરી કરી શકે. |
| **કામગીરીથી અસર પામેલ જૂથની સંખ્યા** | 13 |
| **સરકારશ્રી દ્વારા આ સમયે અમલમાં મૂકવામાં આવેલ કાર્યક્રમ અંતર્ગત કરેલ કામગીરી** | સરકારશ્રી દ્વારા માઇક્રોસોફ્ટ ટીમ્સ દ્વારા વર્ચ્યુઅલ શિક્ષણ માટે તાલીમ આપવામાં આવી હતી. તેમાં માર્ગદર્શન મળેલ. માઇક્રોસોફ્ટ ટીમ્સ એપ દ્વારા દરરોજ વર્ચ્યુઅલ ક્લાસનું આયોજન થયેલ તેની જાણ વોટ્સએપ ગ્રૂપમાં કરવામાં આવતી. આ ઉપરાંત ફોન કરવામાં આવતા. વિધાર્થીઓ વર્ચ્યુઅલ શિક્ષણનો લાભ લેતા કર્યાં. |
| **અન્ય કામગીરીની વિગત** | માઇક્રોસોફ્ટ ટીમ્સ એપમાં શૈક્ષણિક સામગ્રી મુકવામાં આવેલ અને એસાઇન્મેંટ પણ મુકવામાં આવતા. |
| **કાર્યક્રમનું અમલીકરણ** | જુલાઇ માસમાં જે વિધાર્થીઓના વાલીઓ પાસે એંડ્રોઇડ મોબાઇલ હતા. તેમની મુલાકાત લઇ માઇક્રોસોફ્ટ ટીમ્સ એપ ઇંસ્ટોલ કરી આપવામાં આવી |

| | |
|---|---|
| | તેમજ તેમને ક્લાસમાં જોઇન કેવી રીતે થવું તે પણ સમજાવવામાં આવ્યું. ધોરણ-5ના કુલ 9 વિધાર્થીઓના વાલીના મોબાઇલમાં માઇક્રોસોફ્ટ ટીમ્સ એપ ઇંસ્ટોલ કરવામાં આવી. આ બાળકો સાથે બીજા 4 બાળકો બેસાડવામાં આવતા જેઓ એંડ્રોઇડ મોબાઇલ વગરના હતા. એમ કુલ 13 વિધાર્થીઓને વર્ચ્યુઅલ ક્લાસનો લાભ મળ્યો. શરૂઆતમાં વિધાર્થીઓને જોઇન થવામાં મુશકેલીઓ પડતી. ભૂલથી એપમાંથી બહાર નીકળી જતા તો મુલાકાત લઇ ફરી એપ ઇંસ્ટોલ કરવી પડતી. શરૂઆતમાં ઓછા બાળકો જોઇન થતાં પરંતુ નિયમિત ચાલુ રહેતા બાળકોને પણ રસ પડવા માંડ્યો. તેનાથી વિધાર્થીને ઓનલાઇન શિક્ષણ મળ્યું. આમાં વાલીઓ, ગ્રામજનો, શાળા પરિવાર એસએમસીના સભ્યો, વિધાર્થીનો સહયોગ મળ્યો. વાલીઓએ પોતાનો મોબાઇલ બાળકોના શિક્ષણ માટે આપવા તૈયાર થયા. વાલીઓ બાળકોને જોઇન થવામાં મદદરૂપ બનતા. દરરોજ ઓનલાઇન ક્લાસનું આયોજન કરી તેની જાણ વોટ્સએપ ગ્રૂપમાં કરવામાં આવતી. તેના માટે વાલીઓને ફોન કરવામાં આવતા. શિક્ષણ વિભાગ દ્વારા માઇક્રોસોફ્ટ ટીમ્સ એપ દ્વારા વર્ચ્યુઅલ ક્લાસ લેવાની તાલીમ આપવામાં આવી. આમ વર્ષ દરમિયાન 170 દિવસ રોજના 2 તાસ પ્રમાણે વર્ચ્યુઅલ શિક્ષણ આપવામાં આવ્યું. |
| **બાળકોનું મુલ્યાંકન** | ગુણ આધારિત પ્રશ્નપત્રના માધ્યમથી વિધાર્થીનું મૂલ્યાંકન કરવામાં આવેલ હતું. |
| **પરિણામ / તારણ** | માઇક્રોસોફ્ટ ટીમ્સ એપ દ્વારા વર્ચ્યુઅલ શિક્ષણના માધ્યમથી વિધાર્થીઓને વિષયવસ્તુ શિક્ષણ મળ્યું. જેથી તેમના વિષયવસ્તુના જ્ઞાનમાં ફાયદો થયો. |

| **શાળાની નવતર પ્રયોગ સંબંધી બાબતો** | |
|---|---|
| શાળાનો વિસ્તાર (ગ્રામ્ય/શહેરી) | ગ્રામ્ય |
| શાળામાં ચાલતા ધોરણ | 8 |
| ગામની કુલ વસ્તી | 899 |

| | |
|---|---|
| શાળાના કુલ શિક્ષકોની સંખ્યા | 6 |
| બાળકોની કુલ રજીસ્ટર સંખ્યા | 142 |
| તે પૈકી સ્માર્ટફોન / ડિજિટલ મોબાઈલ ધરાવતા વિધાર્થીઓની સંખ્યા | 40 |
| સાદાફોન ધરાવતા વિધાર્થીઓની સંખ્યા | 77 |
| ટેલીવિઝન ધરાવતા વિધાર્થીઓની સંખ્યા | 92 |
| કોઈ માધ્યમ ન હોય તેવા વિધાર્થીઓની સંખ્યા | 3 |
| COVID-19 અને પરિસ્થિતી દરમિયાન વિધાર્થીઓના શિક્ષણ તેમજ વિધાર્થી વાલી જાગૃતિ માટે વિશિષ્ટ કામગીરી કરનાર શિક્ષકનું નામ | પરમાર ચીમનકુમાર કાનજીભાઇ |
| Lock-down ના શરૂઆતના સમયગાળા દરમિયાન ગામની સ્થિતિ | Lock-down ના શરૂઆતના સમયગાળામાં કોવિડ-19 કારણે ભયનું વાતાવરણ હતું. કોવિડ-19 જાગૃતિ પણ ઓછી હતી. લોકો માસ્ક અને સેનિટાઇઝરના ઉપયોગથી ફાયદા વિશે જાગૃતિ ઓછી હતી. કોવિડ-19 ના લક્ષણો તેમજ તેને અટકાવવા માટેના પ્રયત્નો વિશે જાગૃતિ ઓછી હતી. |
| કોરોના સંદર્ભે જાગૃતિ અને બચાવ માટે કરેલ વિશેષ પ્રયત્નોની નોંધ | કોરોના સંદર્ભે જાગૃતિ માટે તથા કોરોનાથી બચવા અંગેની ગાઇડલાઇનની માહિતી આપવા માટે વાલીઓની મુલાકાત લેવામાં આવી. વાલીઓને માસ્ક પહેરવાની સલાહ આપવામાં આવી. માસ્કથી થતા ફાયદા જણાવવામાં આવ્યા. બજારમાં ખરીદી કરતી વખતે માસ્ક તથા સેનિટાઇઝરનો ઉપયોગ, એટીએમમાં નાણા ઉપાડતી વખતે કાળજી લેવાનું જણાવવામાં આવ્યું. મોટાભાગે નાણાકીય લેવડદેવડ ગુગલ પે, ભીમ એપથી કરવા જણાવવામાં આવ્યું. રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે તુલસીપાન, મરી, મુળેઠીનો ઉકાળો દિવસમાં એક દિવસમાં એક કે બે વાર લેવાની વાત કરવામાં આવી. કોવિડ-19 સંક્રમણથી |

| | |
|---|---|
| | બચવાની માર્ગદર્શિકા વોટ્સએપ દ્વારા મોકલવામાં આવી. ગામના નોટિસબોર્ડ પર ગાઇડલાઇનના મહત્વના મુદ્દા લખવામાં આવ્યા. |
| હોમલર્નિંગ માટે વિધાર્થીઓને આપેલ માર્ગદર્શન | હોનલર્નિંગમાં જે વિધાર્થીઓને ટી.વી.ની સગવડ છે તેઓ માટે ડી.ડી. ગિરનાર પર પ્રસાર થનારા શૈક્ષણિક કાર્યક્રમના સમયપત્રકની જાણ કરવામાં આવી. તે અનુસાર શૈક્ષણિક કાર્યક્રમ વિધાર્થી જુએ તે માટે વાલીશ્રીઓને જાણ કરવામાં કરવામાં આવી. ઘરે શીખીએ પુસ્તિકા પણ બાળકો સુધી પહોંચાડવામાં આવી. બાળકો લેખન કરે તેનું ધ્યાન વાલીશ્રીઓ રાખે તેવું મુલાકાતમાં જણાવવામાં આવ્યું. હોમલર્નિંગમાં વોટ્સએપ દ્વારા પણ વિધાર્થીઓની કાર્ય પદ્ધતિ વિશે જાણ કરવામાં આવી. જે વાલીઓ પાસે એંડ્રોઇડ મોબાઇલ છે તેમાં માઇક્રોસોફ્ટ ટીમ્સ એપ ઇંસ્ટોલ કરવામાં આવી. તેમાં ઓનલાઇન ક્લાસ લેવામાં અંગે વાલીઓને સમજાવામાં આવ્યું. ઓનલાઇન ક્લાસના આયોજનની દરરોજ જાણ કરવામાં આવશે તેમ વાલીઓને જણાવવાઅમાં આવ્યું. |
| એકમ કસોટી | એકમકસોટી માટે વાલીસંપર્ક કરવામાં આવતો. વાલીઓ દ્વારા એક્મ કસોટીબૂક તથા મૂલ્યાંકન કસોટી પેપર મોકલવામાં આવતા. ફળિયામાં બે-ત્રણ બાળકો હોય તો તે ફળિયામાં રહેતા વાલી દ્વારા પહોંચાડવામાં આવતી. નજીકના વિસ્તારમાં આવતા બાળકોને ઘરે જઇ એકમ કસોટી મોકલવામાં આવતી. એકમક્સોટી વાલીશ્રીઓ દ્વારા પરત લેવામાં આવતી. બાળકો પોતે જાતે એકમકસોટી લખે તે માટે તેમને ટેલિફોન સંપર્ક તથા વોટ્સએપના માધ્યમથી જણાવામાં આવ્યું. એકમક્સોટી વ્યવસ્થિત તે જણાવવામાં આવ્યું. આ કાર્ય માટે વાલીઓ, ગ્રામજનો,એસએમસીના સભ્યોનો સહયોગ મળ્યો. વિધાર્થીઓને |

| | |
|---|---|
| | એકમકસોટીના જવાબ લખવામાં મુશ્કેલી પડતી. તે માટે ટી.વી. પરના શૈક્ષણિક કાર્યક્રમ નિયમિત જોવા તથા જેના પાસે એંડ્રોઇડ મોબાઇલ હોય તે વર્ચ્યુઅલ ક્લાસમાં જોડાય તે માટે માર્ગદર્શન આપવામાં આવ્યું. |
| ઘરે શીખીએ પુસ્તિકાઓ | શાળાના નજીકના વિસ્તારમાં આવેલ વિધાર્થીઓને ઘરે જઇ મુલાકાત લઇ ઘરે શીખીએ પુસ્તિકાઓ પહોંચાડવામાં આવી. વાલીઓના સંપર્ક કરી તેમના દ્વારા પણ પહોંચાડી. વાલીઓ મારફત તથા રૂબરૂ મુલાકાત દ્વારા પરત લેવામાં. ઘરે શીખીએ પુસ્તિકાઓ સારી રીતે લખાય તે ધ્યાન રાખવા માર્ગદર્શન આપવામાં આવ્યું. આ કાર્યમાં વાલીઓ, ગ્રામજનો તથા એસએમસીના સભ્યોનો સહકાર મેળવવામાં આવ્યો. વિધાર્થીને વિષયવસ્તુની સમજણનો અભાવ નડતો હતો તેમને ડી.ડી. ગિરનાર પરના શૈક્ષણિક કાર્યક્રમ જોવા તથા પાઠ્યપુસ્તકોની મદદ લેવાની સલાહ આપવામાં આવી. તેમને ઘરે મુલાકાત લઇ માર્ગદર્શન આપવામાં આવ્યું. |
| વર્ગદર્પણ | વર્ગદર્પણ વિધાર્થીઓને ઘરે જઇ તથા વાલીઓ દ્વારા પહોંચાડવામાં આવ્યા. પરત પણ આ રીતે લેવામાં આવ્યા. વર્ગદર્પણ મારફતે વિવિધ રમતો, બાળ અધિકાર, વર્ષ દરમિયાનના તમામ ધોરણને તમામ વિષયનો અભ્યાસક્રમનું માર્ગદર્શન આપવામાં આવ્યું. તેમજ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાતી પરિક્ષાની માહિતી આપવામાં આવી. આ માટે વાલીઓ, ગ્રામજનો, એસએમસીના સભ્યનો સહકાર મેળવવામાં આવ્યો. |
| પરિવારનો માળો, સલામત અને હૂંફાળો | " પરિવારનો માળો સલામત અને હૂંફાળ " સોશિઅલ મિડિયા આધારિત પ્રવૃતિ છે તે લોકડાઉન તથા વેકેશનના સમયગાળાને અનુલક્ષીને પ્રવૃતિ છે. તેનું એક પેઝ વોટ્સએપ દ્વારા વાલીઓને |

| | |
|---|---|
| | મોકલવામાં આવતું. શરૂઆત હોવાથી ડીજીટલ મોબાઇલ ઓછા હોવાથી 25 જેટલા બાળકોએ આ જોયું. બાળકો ઘરમાંથી બહાર નીકળી ન શકે .તેથી બાળકો પ્રવૃતિ કરી શકે તે માટે આ કાર્યક્રમ છે. તે સમજાવ્યું. તેમાં વાલીઓ, ગ્રામજનો એસએમસીનો સહકાર મેળવવામાં આવ્યો. |
| SSA ની  વેબસાઇટ પર આપવામાં આવતું સાપ્તાહિક આયોજન | SSA વેબસાઇડ પર આપવામાં આપવામાં આવતા સાપ્તાહિક પ્રવૃતિઓની પીડીએફ વોટ્સએપ દ્વારા મોકલવામાં આવી. જે બાળકોને સાદા ફોન અથવા ફોન ન હતા તેમને પ્રિન્ટની વ્યવસ્થા કરવામાં આવી. આ કાર્ય માટે વાલીઓનો સહયોગ મેળવવામાં આવ્યો. તેના કારણે બાળકોના શૈક્ષણિક જ્ઞાનમાં વધારો થયો હતો. |
| ડી.ડી. ગિરનાર પર પ્રસારીત થતા શૈક્ષણિક કાર્યક્રમો | ડી.ડી. ગિરનાર પર પ્રસારિત થતા શૈક્ષણિક કાર્યક્રમોનું સમયપત્રક વોટ્સએપ દ્વારા મોકલવામાં આવ્યું. ટી.વી. હોય પરંતુ સાદો ફોન હોય તો તેમને પ્રિન્ટ કરાવી પહોંચાડવામાં આવ્યું. વિધાર્થીઓને ઘરે જઇ ડી.ડી. ગિરનાર પરના શૈક્ષણિક કાર્યક્રમ શાળા બંધ હોવાથી શરૂ કરવામાં આવેલ છે તેવી સમજ આપી. તેમાંથી શિક્ષણ મેળવવાની સમજ આપવામાં આવી. વિધાર્થીઓ કાર્યક્રમ નિહાળે છે તે ચકાસવા શૈક્ષણિક કાર્યક્રમ જોતા ફોટા મોકલવા જણાવવામાં આવ્યું. વાલીઓની મુલાકાત લઇ બાળકો નિયમિત કાર્યક્રમ જુએ તે માટે જણાવવામાં આવ્યું. તે માટે ટેલિફોન સંપર્ક તથા રૂબરૂ મુલાકાત લઇ ચકાસણી કરવામાં આવતી. શૈક્ષણિક કાર્યક્રમ વન વે હોવાથી સમજ ન પડતી હોવાથી બાળક પ્રશ્ન કરી ન શકતા ન હતા. તે માટે રૂબરૂ મુલાકાતમાં સમજાવવામાં આવતું. ટી.વી. કે ડીજીટલ માધ્યમ ન નથી તેવા બાળકોને નજીકમાં રહેતા તેમના ધોરણને બાળક જોડે બેસાડવામાં આવતા. આ માટે |

| | |
|---|---|
| | વાલીઓ, એસએમસીના સભ્યોનો સહકાર મેળવવામાં આવ્યો. વિદ્યાર્થીઓ નિયમિત જુએ તે માટે દરરોજ જાણ કરવામાં આવતી. વિદ્યાર્થીઓને શાળા બંધ હોવા છતાં ડી.ડી. ગિરનાર પરના શૈક્ષણિક કાર્યક્રમને કારણે જે તે ધોરણનો અભ્યાસક્રમ શીખવા મળ્યો. વિદ્યાર્થી શિક્ષણ સાથે જોડાયેલા રહ્યા. |
| વંદે ગુજરાત (બાયસેગ) પર પ્રસારિત થતાં શૈક્ષણિક કાર્યક્રમો | વંદે ગુજરાત(બાયસેગ) પર પ્રસારિત થતા શૈક્ષણિક કાર્યક્રમનું સમયપત્રક વોટ્સએપ દ્વારા પહોંચાડવામાં આવ્યું .ગામમાં ઓછા લોકોને ત્યાં વંદે ગુજરાત ચેનલો ઉપલબ્ધ હતી. તેથી ઓછા વિદ્યાર્થીઓને લાભ મળ્યો. વાલીઓની મુલાકાત તથા ટેલિફોન સંપર્ક દ્વારા વંદે ગુજરાત (બાયસેગ) પર પ્રસારિત શૈક્ષણિક કાર્યક્રમ વિશે જાણકારી આપવામાં આવતી. |
| WhatsApp ટેસ્ટ (ધોરણ 3 થી 5 અને ધોરણ 6 થી 8) | WhatsApp ટેસ્ટ માટે જે વિદ્યાર્થીઓના વાલીઓ પાસે એંડ્રોઇડ તથા જીઓ મોબાઇલ હતા તેમની રૂબરૂ મુલાકાત લઇ તેમના મોબાઇલમાં વિદ્યાર્થીઓના નામ એડ કર્યા. WhatsApp ટેસ્ટ કેવી રીતે આપવી, તેનું પરિણામ જાણવું, વિડીયો નિહાળવાની માહિતી આપવામાં આવી. જે વિદ્યાર્થીઓ પાસે સાદા મોબાઇલ તથા મોબાઇલ ન હોય અથવા WhatsApp કસોટી આપતા ન આવડે તે વિદ્યાર્થીને પોતાના મોબાઇલમાં એડ કરી રૂબરૂમાં વોટ્સએપ કસોટી અપાવી. દર શનિવારે વાલીઓની મુલાકાત લઇ બાળકોને રૂબરૂમાં કસોટી અપાવી. |
| Microsoft teams, google meet, Jio meet, zoom app વગેરેના માધ્યમથી હાથ ધરેલ વર્ચ્યુઅલ શિક્ષણ | જુલાઇ માસમાં જે વિદ્યાર્થીઓના વાલીઓ પાસે એંડ્રોઇડ મોબાઇલ હતા તેમની મુલાકાત લઇ માઇક્રોસોફ્ટ ટીમ્સ એપ ઇંસ્ટોલ કરી આપવામાં આવી. તેમને ક્લાસમાં જોઇન કેવી રીતે થવું તે પણ સમજાવવામાં આવ્યું. ધોરણ-5ના કુલ 9 વિદ્યાર્થીઓના વાલીના મોબાઇલમાં માઇક્રોસોફ્ટ ટીમ્સ એપ |

| | |
|---|---|
| | ઇંસ્ટોલ કરવામાં આવી. આ બાળકો સાથે બીજા 4 બાળકો બેસાડવામાં આવતા જેઓ એંડ્રોઇડ મોબાઇલ વગરના હતા. એમ કુલ 13 વિધાર્થીઓને વર્ચ્યુઅલ ક્લાસનો લાભ મળ્યો. શરૂઆતમાં વિધાર્થીઓને જોઇન થવામાં મુશકેલીઓ પડતી. ભૂલથી એપની બહાર નીકળી જતા હતા. તો મુલાકાત લઇ ફરી એપ ઇંસ્ટોલ કરવી પડતી. શરૂઆતમાં ઓછા બાળકો જોઇન થતાં પરંતુ નિયમિત ચાલુ રહેતા બાળકોને પણ રસ પડવા માંડ્યો. તેનાથી વિધાર્થીને ઓનલાઇન શિક્ષણ મળ્યું. આમાં વાલીઓ, ગ્રામજનો, શાળા પરિવાર એસએમસીના સભ્યો, વિધાર્થીનો સહયોગ મળ્યો. વાલીઓએ પોતાનો મોબાઇલ બાળકોના શિક્ષણ માટે આપવા તૈયાર થયા. વાલીઓ બાળકોને જોઇન થવામાં મદદરૂપ બનતા. દરરોજ ઓનલાઇન ક્લાસનું આયોજન કરી તેની જાણ વોટ્સએપ ગ્રૂપમાં કરવામાં આવતી. તેના માટે વાલીઓને ફોન કરવામાં આવતા. શિક્ષણ વિભાગ દ્વારા માઇક્રોસોફ્ટ ટીમ્સ એપ દ્વારા વર્ચ્યુઅલ ક્લાસ લેવાની તાલીમ આપવામાં આવી. આમ વર્ષ દરમિયાન 170 દિવસ રોજના 2 તાસ પ્રમાણે વર્ચ્યુઅલ શિક્ષણ આપવામાં આવ્યું. |
| શેરીવર્ગ / ફળિયાશિક્ષણ | ડિસેમ્બર-2020 ની શરૂઆતમાં ક્રુલબાઇ માતા મંદિર ફળિયામાં શેરી શાળા કરવામાં આવી. તેમાં 13 બાળકો ધો.3 થી 6 ના હતા. શેરી શાળામાં બધા ધોરણો ભેગા હોવાથી વાંચન, લેખન, ગણન વિશે શિક્ષણ કાર્ય કરવામાં આવ્યું. બાળકો હાજરી ઓછા આપતા પરંતુ વાલીઓના સંપર્કથી બાળકો શેરી શાળામાં આવતા થયા. વિધાર્થીઓને એસાઇન્મેન્ટ પણ આપવામાં આવતા. નવા ઘરાં( મણિનગર) વિસ્તાર શાળાથી 1 કિલોમીટરથી પણ વધારે છે. ત્યાં ચાલીને જવું પડે તેમ હોઇ અઠવાડિયે બે વાર શેરી શાળાનું |


| | |
|---|---|
| | આયોજન કરવામાં આવતું. રામદેવપીર ફળિયા તથા રાવળ વાસમાં પણ શેરી શાળાનું અયોજન થયું. કુલ 89 શેરી શાળાનું આયોજન દ્વારા શિક્ષણ કાર્ય થયું. |
| શાળા કે શિક્ષકની પોતાની YouTube ચેનલ અને શૈક્ષણિક ઉપયોગ | હોમલર્નિંગના વિડીયિની લિંક ધરાવતી પીડીએફ બનાવી વોટ્સએપ દ્વારા શાળાના ધોરણ-1 થી 8 ના વિધાર્થીઓને મોકલવામાં આવતી. તેમજ અન્ય શૈક્ષણિક સામગ્રીની લિંક પણ મોકલવામાં આવતી. |
| Google classroom | માઇક્રોસોફ્ટ ટીમ્સ એપ દ્વારા વર્ચ્યુઅલ શિક્ષણ ચાલતું હોવાથી ખૂબ ઓછા પ્રમાણમાં Google classroomનો ઉપયોગ કરેલ છે. |
| WhatsApp / કાઇઝાલા / ટેલિગ્રામ | વોટ્સએપમાં ધોરણ 5 ના 18 વિધાર્થીઓનું ગ્રૂપ બનાવવામાં આવ્યું. તેમાં હોમલર્નિંગના વિડીયોની લિંક ધરાવતી પીડીએફ બનાવી તેમજ શૈક્ષણિક સામગ્રી મોકલવામાં આવતી. વોટ્સએપ દ્વારા કસોટી પણ આપવામાં આવી, વોટ્સએપ દ્વારા વિધાર્થીઓ પ્રશ્નોતરી પણ કરતા. આમાં વાલીઓનો સહયોગ મળ્યો. |
| દીક્ષા એપ | એંડ્રોઇડ મોબાઇલ ધરાવતા શાળાના 25 વિધાર્થીઓના વાલીઓના મોબાઇલમાં દીક્ષા એપ ઇંસ્ટોલ કરવામાં આવી. પાઠ્યપુસ્તકમાં આપેલા QR કોડ સ્કેન કરી વિડીયો જોવા સમજ આપવામાં આવી. ધોરણને વિડીયો જોવા પણ સમજ આપી. આ માટે વાલીઓનો સહકાર મળ્યો. |
| ઓનલાઇન ક્વિઝ | Google Form દ્વારા ધોરણ-5 ગુજરાતીમાં એકમ -8 તથા એકમ-9 માં ક્વિઝ બનાવવામાં આવી. તે વોટ્સએપ દ્વારા ધોરણ-5 ના ગ્રૂપમાં તથા વર્કપ્લેસ પર મુકેલ છે. બંને ક્વિઝમાં કુલ 11 બાળકોએ ભાગ લીધો. |
| વિધાર્થી / વાલીની રૂબરૂ મુલાકાત | વિધાર્થીઓ તથા વાલીઓની રૂબરૂ મુલાકાત કરવામાં આવતી. તેમાં વિધાર્થીઓ લખેલ ગૃહકાર્યની ચકાસણી કરવામાં આવતી. |

| | |
|---|---|
| | સવારમાં 7.00 કલાકે પહોંચી જઇ વાલીસંપર્ક કરવામાં આવ્યો કારણ કે કામધંધે જતા રહેતા. |
| વિધાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના મૂલ્યાંકન શિક્ષકે કરેલ વિશેષ પ્રયાસોની નોંધ | વિધાર્થોની શૈક્ષણિક સિદ્ધિના મૂલ્યાંકન માટે 10 ગુણના પ્રશ્નપત્રોનું નિર્માણ કરવામાં આવેલ છે તથા ગણન માટે એસાઇન્મેંટ પણ બનાવવામાં આવેલ. |
| વિધાર્થીઓને અપાતા ગૃહકાર્ય અને તેની ચકાસણી માટે કરેલ વિશેષ પ્રયત્નો | વિધાર્થીઓને હાથથી લખી તથા કોમ્પ્યુટર પર કાર્ય કરી ગણનના એસાઇન્મેન્ટ બનાવી વિધાર્થીઓને અપાતા તથા તે નિયમિત ચકાસવામાં આવતા. |
| વિધાર્થીઓને વિષયવસ્તુ શીખવવા હાથ ધરેલ વિશિષ્ટ પ્રયોગની નોંધ | વિષયવસ્તુ શીખવવા માટે માઇક્રોસોફ્ટ ટીમ્સ એપ દ્વારા ક્લાસનું આયોજન કરવામાં આવેલ. તે દ્વારા વિષયવસ્તુ શીખવવાનો પ્રયત્ન કરેલ. |
| વિધાર્થીઓને વિષયવસ્તુ શીખવવા માટે આપે અન્ય કોઈ વિશિષ્ટ પ્રયોગ કર્યો હોય તે અંગેની નોંધ | હોમલર્નિંગના વિડીયોની લિંક ધરાવતી પીડીએફ બનાવી વિધાર્થીઓને મોકલવામાં આવતી. તેથી વિધાર્થીઓ વિષયવસ્તુ શીખી શકે. |
| વિધાર્થીઓએ સાથે સંદેશાવ્યવહાર માટે હાથ ધરેલ વિશિષ્ટ પ્રયોગની નોંધ | વોટ્સએપમાં ધોરણ-5 વિધાર્થીઓને ચાર-ચાર ગ્રૂપમાં વિડીયો કોલિંગ કરવામાં આવતાં. |
| વિધાર્થીઓના હોમલર્નિંગ માટે મેળવેલ સહયોગની વિગતવાર નોંધ | એસએમસીના સભ્યોને હોમલર્નિંગમાં કેવી રીતે શીખવાનું છે તેનાથી માહિતગાર કરવામાં આવ્યા. એસએમસી ના સભ્યોનો એકમ કસોટી, ઘરે શીખીએ પુસ્તિકાઓ મોકલવામાં સહયોગ મળ્યો. ગામમાંથી બે સ્વયંસેવકો દ્વારા શેરી શાળામાં શિક્ષણ અપાયું. ગામલોકોએ શેરી શાળા માટે સહકાર આપ્યો. |
| ટેક્નોલોજીનો અભાવ ધરાવતા વિધાર્થીઓએ માટે કરેલ વિશિષ્ટ પ્રયત્નોની નોંધ | જે વિધાર્થીઓને ઘરે ટેકનોલોજીનો અભાવ છે તેમને ટી.વી. ધરાવતાં વિધાર્થીઓને ત્યાં જઇ ડી.ડી. ગિરનાર પરના શૈક્ષણિક કાર્યક્રમ જોવાની સલાહ આપવામાં આવી. ટેકનોલોજી નો અભાવ હોય તેવા વિધાર્થીઓને રૂબરૂ જઇ શિક્ષણ આપવામાં આવ્યું. |
| GCERT દ્વારા રજૂ થતાં "એક કદમ આગળ" ની પ્રવૃત્તિમાં નોંધાવેલ ભાગીદારીની વિગતો | ધોરણ- 5 ને લગતા પ્રશ્નો હોયતો તે પેઝ વોટ્સએપમાં મોકલવામાં આવતું પરંતુ પ્રશ્નો બનાવવામાં ભાગીદારી નોંધાવેલ નથી. |
| NMMS ની પરીક્ષામાં બાળકોએ રજીસ્ટ્રેશન કરેલ છે? | 7 |

| | |
|---|---|
| NMMS ની પરીક્ષામાં કેટલા બાળકોની ફ્રી ભરાઇ અને મંજૂર થઇ? | 7 |
| 'GVS (ગુજરાત વર્ચ્યુઅલ શાળા) અંતર્ગત લાઇવ ક્લાસની લિંક પહોંચાડવા માટે આપેલ કરેલ પ્રયત્નોની વિગત | NMMS પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓનું ગ્રૂપ બનાવેલ છે. તેમાં GVS અંતર્ગત લાઇવ ક્લાસની લિંક વોટ્સએપ ગ્રૂપમાં મોકલવામાં આવે છે. |
| બાળકો આ લિંક આધારિત ક્લાસમાં જોડાય તે માટે અપનાવેલ માધ્યમ અને કરેલ પ્રયત્નોની નોંધ અને તે અંગેના આપના અભિપ્રાયો | GVS અંતર્ગત લિંકઆધારિત લાઇવ ક્લાસમાં 5 વિદ્યાર્થીઓ જોડાતા. તે માટે વિદ્યાર્થી સંપર્ક પણ કરવામાં આવતાં. |
| NMMS અંતર્ગતના મોક ટેસ્ટમાં વધુ વિદ્યાર્થીઓ જોડાય તે માટે આપના વિશિષ્ટ પ્રયત્નોની નોંધ | મોકટેસ્ટમાં ભાગ લે તે માટે લિંક NMMSના ગ્રૂપમાં મોકલવામાં આવતી. ટેલિફોન સંપર્ક કરવામાં આવતો. |
| NMMS અંતર્ગતના મોક ટેસ્ટ માટેનો મેસેજ બાળકોને મળ્યો કે  કે નહિ તેને ખરાઈ માટે કરેલ પ્રયત્નોની નોંધ | વિદ્યાર્થીઓના મોબાઇલ દ્વારા મોકટેસ્ટનો SMS મળ્યો કે નહીં તેની ચકાસણી કરવામાં આવેલ હતી. |
| GVS (ગુજરાત વર્ચ્યુઅલ શાળા) અંતર્ગત ઓનલાઈન અને ઓફલાઈન ક્લાસ અંગે આપનો અભિપ્રાય | હા |
| NMMS પરીક્ષા સંબંધી માર્ગદર્શન માટે બાયસેગના માધ્યમથી વધુ બાળકો લાભ મેળવે તે માટે કરેલ વિશેષ પ્રયાસોની નોંધ | જે વિદ્યાર્થીઓને વંદે ગુજરાત ચેનલ ઉપલબ્ધ હોય તો કાર્યક્રમ જોવા જણાવવામાં આવ્યું. જેને ટી.વી. ન હોય અને જીઓટી.વી. એપ દ્વારા જોવા જણાવવામાં આવેલ. |
| NMMS પરીક્ષામાં રાજયના બાળકોનો સારો દેખાવ થાય અને બાળકોને યોગ્ય મહાવરો મળી રહે તે માટે આપના અભિપ્રાયની નોંધ | NMMS પરીક્ષામાં સારો દેખાવ થાય તે માટે માઇક્રોસોફ્ટ ટીમ્સ દ્વારા વર્ચ્યુઅલ શિક્ષણ આપવામાં આવેલ હતું. |
| હોમલર્નિંગને વધુ અસરકારક બનાવવા આપના સૂચનોની નોંધ | જે વિદ્યાર્થીઓના વાલીઓ પાસે એંડ્રોઇડ મોબાઇલ હોય તેમને વર્ચ્યુઅલ શિક્ષણ આપવામાં આવેલ. જે વિદ્યાર્થીને મોબાઇલ ન હોય તેમને જેની પાસે હોય તેમની પાસે બેસાડવાં. |

- **નવતર પ્રયોગના ફોટોગ્રાફ**












### 3.1.2 ભિલોડા તાલુકાની સરકારી પ્રાથમિક શાળાઓના શિક્ષકો દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા

ભિલોડા તાલુકાની આંબાબાર, ટોરડા, પાટીયાકુવા, ભિલોડા આદર્શ પ્રાથમિક શાળા, ભિલોડા કંપા અને ભિલોડા -2 સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા સારણી 3.8 થી 3.13 માં રજૂ કરેલ છે.

**સારણી : 3.8**

**આંબાબાર સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા**

| **શિક્ષકનું નામ** | **પટેલ સુમિત્રાબેન પ્રભુદાસ** |
|---|---|
| **શાળાનું નામ** | આંબાબાર પ્રાથમિક શાળા |
| **પ્રસ્તાવના** | કોવિડ-19 સમયગાળા દરમિયાન અમારી શાળામાં ઓનલાઈન, ઓફલાઈન, રૂબરૂ મુલાકાત, શેરી શાળા દ્વારા બાળકોને શિક્ષણ આપવામાં આવ્યું. સાથે-સાથે NMMS, PSE, નવોદય પરીક્ષાની તૈયારી કરાવવામાં આવી. વિશિષ્ટ કામગીરીમાં શેરી શાળામાં બાળકોની તૈયારી સારી જણાઇ. |
| **વિશિષ્ટ કામગીરી કરવા માટેની પ્રેરણા** | શેરી શાળા માટે વાલીઓ અને બાળકોનો સહયોગ જોઈ શિક્ષકમિત્રો ને પ્રેરણા મળી. |
| **કરેલ નવતર પ્રયોગનું શીર્ષક** | રૂબરૂ શિક્ષણનું મહત્વ |
| **કરેલ વિશિષ્ટ કામગીરીનું ક્ષેત્ર** | શેરી શાળામાં મોટા ભાગના બાળકોને શિક્ષણ આપી શકાતુ હતું. મૂલ્યાંકન કરી શકાતુ અને પ્રિય બાળકોને શીખવાની તક મળી રહેતી. |
| **કરેલ વિશિષ્ટ કામગીરીના હેતુઓ** | દરેક વિધાર્થીને સરખો ન્યાય આપી શકાય. બાળકોનુ ગ્રુહકાર્ય ચકાસી શકાય. મૂલ્યાંકન કરીને ઉપચાર કરી શકાય |

| | |
|---|---|
| **કામગીરીથી અસર પામેલ જૂથની સંખ્યા** | 113 |
| બાળકો આ લિંક આધારિત ક્લાસમાં જોડાય તે માટે અપનાવેલ માધ્યમ અને કરેલ પ્રયત્નોની નોંધ અને તે અંગેના આપના અભિપ્રાયો | ધોરણ -8 ના વોટ્સએપ ગ્રૂપમાં લિંક મુકવામાં આવતી. બાળકો ભાગ લેતા હતા. |
| NMMS અંતર્ગતના મોક ટેસ્ટમાં વધુ વિધાર્થીઓ જોડાય તે માટે આપના વિશિષ્ટ પ્રયત્નોની નોંધ | ટેલિફોન દ્વારા માર્ગદર્શન અને વોટ્સએપ ગ્રૂપમાં જરૂરી સૂચના આપવામાં આવી. |
| NMMS અંતર્ગતના મોક ટેસ્ટ માટેનો મેસેજ બાળકોને મળ્યો કે કે નહિ તેને ખરાઇ માટે કરેલ પ્રયત્નોની નોંધ | -- |
| GVS (ગુજરાત વર્ચ્યુઅલ શાળા) અંતર્ગત ઓનલાઇન અને ઓફલાઇન ક્લાસ અંગે આપનો અભિપ્રાય | હા |
| NMMS પરીક્ષા સંબંધી માર્ગદર્શન માટે બાયસેગના માધ્યમથી વધુ બાળકો લાભ મેળવે તે માટે કરેલ વિશેષ પ્રયાસોની નોંધ | રૂબરૂ મુલાકાત વખતે સમજ આપવામાં આવી. ટેલિફોન દ્વારા સમજ. |
| NMMS પરીક્ષામાં રાજયના બાળકોનો સારો દેખાવ થાય અને બાળકોને યોગ્ય મહાવરો મળી રહે તે માટે આપના અભિપ્રાયની નોંધ | બંને વિભાગના પ્રશ્નોની PDF મોકલવામાં આવે તો બાળકોને વધુ મહાવરો થાય. યુ ટ્યૂબ માં વિડીયો મુકવામાં આવે તો સારુ. |
| હોમલર્નિંગને વધુ અસરકારક બનાવવા આપના સૂચનોની નોંધ | સરકારશ્રી દ્વારા હોમલર્નિંગ અંતર્ગત કરવામાં આવેલ પ્રયોગો ખૂબજ સુંદર છે. જે બાળકોના ઘરે કોઇ જ માધ્યમ નથી એવા બાળકો માટે કંઈક અલગ થી આયોજન કરવામાં આવે તો વધુ સારુ. |


- **નવતર પ્રયોગના ફોટોગ્રાફ**












**સારણી : 3.20**

**હીરાપુર સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા**

| **શિક્ષકનું નામ** | **સોની સંગીતાબેન ચીમનલાલ** |
|---|---|
| **શાળાનું નામ** | હીરાપુર પ્રાથમિક શાળા |
| **પ્રસ્તાવના** | સમગ્ર વિશ્વ કોરોનાની મહામારી સામે લડત આપી રહયું છે ત્યારે લોકડાઉન દરમિયાન સૌ કોઇ આર્થિક, શારીરિક, માનસિક, અને સામાજિક રીતે ડાઉન થઇ ગયા હતા. પરંતુ તે દરમિયાન એક શાળા બંધ છે શિક્ષણ નહીં ની ઉક્તિને સાચી કરાવવાનો પુરેપુરો પ્રયાસ કર્યો છે અને તેનો બાળકો વધુને વધુ લાભ લે તેમાટે પ્રોત્સાહિત કરવા માટે પરિવારનો માળો, સલામત અને હુંફાળો જેવાં શૈક્ષણિક કાર્યક્રમ અંગે ડોર ટુ ડોર મુલાકાત દ્વારા માર્ગદર્શન આપ્યું હતું. પણ. લોકડાઉન દરમિયાન બાળકોને પ્રવૃતિ મય બનાવવા અને તેમના જ્ઞાનમાં વધારો કરવા માટે મેં મારી શાળામાં એક નવતર પ્રયોગ કર્યો છે અને તેનો બાળકો વધુને વધુ લાભ લે તેમાટે પ્રોત્સાહિત કરવા પ્રયાસ કર્યો. |
| **વિશિષ્ટ કામગીરી કરવા માટેની પ્રેરણા** | કોવિડ-19 મહામારી સમય દરમિયાન આપણે સૌ લોકડાઉનમાં ઘેરાયેલા. સૌથી વધુ તો માનસિક રીતે તંદુરસ્ત રહેવું ખૂબ જરૂરી હતું. ગામડાંઓ સુધી કોરોનાની ગાઇડલાઇનનો તંદુરસ્ત ઉપયોગ થતો ન હતો. ત્યારે લોકડાઉન ની કેમ જરુરિયાત તે અંગેની માહિતી માટે કોરોના જનજાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. સેલફોન ધરાવતા હોય તેમને આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરી. માસ્કનો ઉપયોગ કરો. હેન્ડવૉશિંગ કાર્યક્રમ. સામાજિક અંતર જાળવી રાખવા જેવી બાબતો વિષે માર્ગદર્શન. રોગપ્રતિકાર શક્તિ વર્ધક ઉકાળા વિતરણનો કાર્યક્રમ આવા અનેક સામાજિક જનજાગૃતિ અભિયાનની સાથે સાથે બાળકો બાહ્ય ઈતર વાંચન માટે પ્રોત્સાહિત થાય તે |

| | |
|---|---|
| | માટેની આ પ્રવૃતિ મેં મારી શાળામાં ચાલુ કરી. ડાઉનમાં અપ થઈએ નવી દિશામાં... |
| **કરેલ નવતર પ્રયોગનું શીર્ષક** | ડાઉનમાં અપ થઈએ નવી દિશામાં ... |
| **કરેલ વિશિષ્ટ કામગીરીનું ક્ષેત્ર** | હીરાપુર પ્રાથમિક શાળા |
| **કરેલ વિશિષ્ટ કામગીરીના હેતુઓ** | શાળા બાળકોને માનસિક રીતે તંદુરસ્ત રાખવા, બાળકો પુસ્તકાલયનો ઉપયોગ કરે, બાળકો વધુ વાંચન માટે પ્રોત્સાહિત થાય, બાળકો પોતાના જ્ઞાનનો વધારો કરે. શાળાના ભૂતપૂર્વ વિધાર્થીઓ અને વાલીઓ સૌ ઉપયોગ પુસ્તકાલયનો લાભ લે, શાળા પુસ્તક પરબ માં સૌ જ્ઞાન પિપાસુ પોતાની તૃષા તૃપ્તિનો ઓડકાર લે. |
| **કામગીરીથી અસર પામેલ જૂથની સંખ્યા** | શાળાના બાળકો 450 -ભૂતપૂર્વ વિધાર્થીઓ 275 -અન્ય વાલીઓ |
| **સરકારશ્રી દ્વારા આ સમયે અમલમાં મૂકવામાં આવેલ કાર્યક્રમ અંતર્ગત કરેલ કામગીરી** | શાળા બંધ છે શિક્ષણ નહીં ની ઉક્તિ સાચી કરાવવાનો પુરેપુરો પ્રયાસ કર્યો છે અને તેનો બાળકો વધુને વધુ લાભ લે તેમાટે પ્રોત્સાહિત કરવા માટે ઉનાળું વેકેશન અને દિવાળી વેકેશન ગૃહકાર્ય સંપુટ તૈયાર કરી દરેક બાળકોને ઝેરોક્ષ કરાવી આપ્યુ છે પરિવારનો માળો, સલામત અને હુંફાળો જેવાં શૈક્ષણિક કાર્યક્રમ અંગે ડોર ટુ ડોર મુલાકાત દ્વારા માર્ગદર્શન આપ્યું હતું. ઘરે શીખીએની પ્રવૃતિનું માર્ગદર્શન આપીને બાળકોને તૈયાર કરવામાં આવેલ છે. એકમ કસોટીનું માર્ગદર્શન આપીને બાળકોને તૈયાર કરવામાં આવેલ છે માઇક્રોટીમ્સ દ્વારા ઓનલાઇન એજયુકેશન માટે વર્ચ્યુઅલ કલાસ દ્વારા દરરોજ એકમની પ્રવૃતિઓ થતી રહે છે. શેરીમાં શાળા તો નિયમિત પણે ચાલે છે પણ સાથે સાથે બાળકો અભ્યાસ માટે વાલીઓની સજાગતા માટે ડોર ટુ ડોર મુલાકાત દ્વારા માર્ગદર્શન પણ અપાય છે. |
| **અન્ય કામગીરીની વિગત** | શૈક્ષણિક વિકાસ માટેની પ્રવૃતિ સાથે ગામમાં કોરોના જનજાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું. સ્કાઉટ અને ગાઇડ સેના દ્વાર રાષ્ટ્રીય સેવા કાર્યક્રમ હાથ ધરાયા. હેન્ડવૉશિંગ કાર્યક્રમ. સામાજિક અંતર જાળવી રાખવા જેવી |

| | |
|---|---|
| | બાબતો વિષે માર્ગદર્શન. શક્તિ વર્ધક ઉકાળા વિતરણનો કાર્યક્રમપ, અનાજની કીટ, માસ્ક, મેડિકલ કીટ વિતરણનો કાર્યક્રમ રાખવામાં આવેલ આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરાવવીઅને સૌથી મહત્વની વાત કે આપણા ગામના બાળકો માનસિક રીતે તંદુરસ્ત રાખવા માટે તૈયાર કરવા. |
| **કાર્યક્રમનું અમલીકરણ** | સૌ પ્રથમ તો શાળામાં સ્કાઉટ અને ગાઇડ સેનાના બાળકો એ ભારે જહેમત ઉઠાવી પુસ્તક પરબ અપડેટ કરી. આ ટીમની મદદથી ગામમાં કોરોના જનજાગૃતિ અભિયાનની સાથેસાથે બાળકો બાહ્ય ઈતર વાંચન માટે પ્રોત્સાહિત થાય તે માટેની આ પ્રવૃતિ શાળામાં ચાલુ કરી છે તે બધા જ બાળકો ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને વાલીઓ સૌ શાળાના પુસ્તકાલયનો ઉપયોગ કરી શકે તે માટે નો પ્રચાર અને પ્રસાર થયો. દરરોજ સવારે નવ વાગ્યા થી બાર વાગ્યા સુધી શાળામાં પુસ્તકાલય ખુલ્લુ મૂકવામાં આવ્યુ અને તેનો બાળકો વધુને વધુ લાભ લે તેમાટે પ્રોત્સાહિત થયાં. બાળકો માસ્ક બાંધીને સામાજિક અંતર જાળવી સેનેટાઈઝરના ઉપયોગ સાથે શાળાના પુસ્તકો વાંચન માટે લઈ જાય છે અને વાંચીને પાછા જમા કરાવી દેતા હોય છે આ પ્રવૃતિ આજે પણ ચાલું છે. |
| **બાળકોનું મુલ્યાંકન** | પુસ્તક પરબમાં સૌ જ્ઞાન પિપાસુ પોતાની તૃષા તૃપ્તિનો ઓડકાર લે છે. પોતાની પસંદગીના પુસ્તક વાંચન માટે લઈ વાંચી આનંદ અનુભવે છે. પોતે વધુ ને વધુ પુસ્તકો વાંચવા માટે પ્રોત્સાહિત થાય છે. શાળાના બાળકોની સાથે સાથે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને વાલીઓ પણ આ કાર્યક્રમનો લાભ લેવા માટે પ્રોત્સાહિત થયા છે. જ્યારે મને કોરોના સંક્રમણ થયેલું ત્યારે શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને સ્કાઉટ અને ગાઇડ સેના દ્વાર આ કાર્યક્રમ અવિરત ચાલુ જ હતો. આ વાત જ કાર્યક્રમ ની સફળતા છે. . . |
| **પરિણામ / તારણ** | શાળાના બાળકો લોકડાઉન દરમિયાન 450 પુસ્તકનો લાભ લીધો. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ 275 પુસ્તકનો ઉપયોગ કર્યો અને વાલી અને ગ્રામજનો 65 |

| | |
|---|---|
| | પુસ્તકનો લાભ લીધો આજે પણ આ જ્ઞાનની પરબ પર પંખીડાં આવતાં રહે છે. |

| શાળાની નવતર પ્રયોગ સંબંધી બાબતો | |
|---|---|
| શાળાનો વિસ્તાર (ગ્રામ્ય/શહેરી) | ગ્રામ્ય |
| શાળામાં ચાલતા ધોરણ | 1થી8 |
| ગામની કુલ વસ્તી | 2500 |
| શાળાના કુલ શિક્ષકોની સંખ્યા | 9 |
| બાળકોની કુલ રજીસ્ટર સંખ્યા | 268 |
| તે પૈકી સ્માર્ટફોન / ડિજિટલ મોબાઈલ ધરાવતા વિધાર્થીઓની સંખ્યા | 70 |
| સાદાફોન ધરાવતા વિધાર્થીઓની સંખ્યા | 100 |
| ટેલીવિઝન ધરાવતા વિધાર્થીઓની સંખ્યા | 150 |
| કોઈ માધ્યમ ન હોય તેવા વિધાર્થીઓની સંખ્યા | 50 |
| COVID-19 અને પરિસ્થિતી દરમિયાન વિધાર્થીઓના શિક્ષણ તેમજ વિધાર્થી વાલી જાગૃતિ માટે વિશિષ્ટ કામગીરી કરનાર શિક્ષકનું નામ | સોની સંગીતાબેન ચીમનલાલ |
| Lock-down ના શરૂઆતના સમયગાળા દરમિયાન ગામની સ્થિતિ | કોવિડ-19 વૈશ્વિક મહામારી ની સાચી જાણકારી 22 માર્ચ જનતા કરફ્યુથી મળી. અને લોકડાઉનમાં ઘેરાયેલા સૌને લોકડાઉન શું છે તેની જાણ થતાં કદી ના જોયેલી, ન સાંભળેલી પરિસ્થિતિમાંથી પસાર થવું ખૂબ કપરું હતું. સૌને ઘરે રહેવું, ધંધો-રોજગાર બંધ, દરરોજ કમાણી કરી ગુજરાન ચલાવતા પરિવારના લોકોને પડતી મુશ્કેલી, સામાજિક અંતર જાળવી રાખવા જેવી બાબતો વિષેની માહિતીનો અભાવ, જીવન જરૂરીયાત ચીજ-વસ્તુઓની અછત આવી અનેક સમસ્યા સાથે રાખીને પણ પરિવારજનોને સાથે સૌ |

| | |
|---|---|
| | સુરક્ષિત રહે છે તેવો સંતોષ પણ ગામલોકોને હતો. સૌને થઈ આ મહામારીની આફતને નિવારવા તૈયાર થયા હતા. |
| કોરોના સંદર્ભે જાગૃતિ અને બચાવ માટે કરેલ વિશેષ પ્રયત્નોની નોંધ | કોરોનાને કારણે સાવચેતીના પગલાંરૂપે શાળા, કોલેજ બંધ કરવામાં આવી. અમે અમારી શાળાના સ્કાઉટ અને ગાઇડ સેના દ્વાર કોરોના જનજાગૃતિ અભિયાન હાથ ધરવા રેલીનું આયોજન કરેલ હતું. આ કાર્યક્રમ અંતર્ગત સ્કાઉટ અને ગાઇડના વિધાર્થીઓ સાથે મળી ડોર ટુ ડોર મુલાકાત દ્વારા માર્ગદર્શન આપ્યું. કોવિડ-19 મહામારીની માહિતી આપતા પોસ્ટર ગામનાં જાહેર સ્થળો પર લગાવવામાં આવ્યા. માસ્ક ખાસ બંધાવવા અને ઘરમાં રહો સલામત રહો, સેનેટાઇઝરનો ઉપયોગ કરો, વારંવાર હાથ ધોવા, સ્વચ્છતા અંગેની જાગૃતિ અભિયાન જેવા કાર્યક્રમ હાથ ધરીને કોરોના સંદર્ભ જાગૃતિ અને બચાવ અંગેની ગાઇડલાઇન આપી, પરંતુ સાથે સાથે ગામમાં એન્ડ્રોઇડ ફ્રોન ધરાવતા તમામના ફ્રોનમાં આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરી જે કાર્યની આગવી નોંધ જિલ્લા વિકાસ અધિકારી સાહેબશ્રી એ ટવીટર પર ટવીટ કરીને લીધી. સમગ્ર જિલ્લામાં શાળા કક્ષાએ આવો જનજાગૃતિ કાર્યક્રમ કરનાર અમારી શાળા સૌથી પહેલી હતી. |
| હોમલર્નિંગ માટે વિધાર્થીઓને આપેલ માર્ગદર્શન | કોવિડ-19 મહામારી ગાઇડ લાઇન મુજબ જ્યારે માર્ચ માસથી શાળા બંધ થઇ તેથી મારા વિષયનો કોર્ષ માટે ઓનલાઇન થવું મુશ્કેલ હતું. આ માટે મેં એકમ કસોટીનું સંપુટ તૈયાર કરી દરેક બાળકોને ઝેરોક્ષ કરાવી આપ્યુ અને વ્યક્તિગત રીતે મુલાકાત દ્વારા માર્ગદર્શન આપ્યું હતું. આવી રીતે એપ્રિલ માસથી શાળા બંધ છે શિક્ષણ નહીં ની ઉક્તિ સાચી કરાવવાનો પુરેપુરો પ્રયાસ કરવા માટે ઉનાળું વેકેશનનું ગૃહકાર્ય સંપુટ તૈયાર કરી દરેક બાળકોને ઝેરોક્ષ કરાવી આપ્યુ અને વ્યક્તિગત રીતે મુલાકાત દ્વારા |

| | |
|---|---|
| | માર્ગદર્શન આપ્યું હતું. દરેક બાળકોના વાલીઓને સમજાવ્યું કે તમારા બાળકોના અભ્યાસ માટે ખાસ તકેદારી રાખશો અને સૌને શાળા બંધ છે શિક્ષણ નહીં અને પરિવારનો માળો, સલામત અને હુંફાળોને નિહાળવા અને બાળકોને તેવી પ્રવૃતિઓ કરવા માટે પ્રોત્સાહિત કરવા પ્રયાસ કર્યો. આમ જુન મહિનાનું નવું સત્ર શરૂ થયું અને ઘરે શીખીએ ની પ્રવૃત્તિનું સંપુટ શિક્ષણ વિભાગ દ્વારા આપવામાં આવ્યુ તે દરેક બાળકોને વ્યક્તિગત રીતે મુલાકાત દ્વારા માર્ગદર્શન આપ્યું હતું. સંપુટની સાચવણી અને તેમાં આપેલી અભ્યાસ પ્રવૃતિઓ કેવી રીતે કરવી તેનું માર્ગદર્શન આપ્યું સાથે બાળકોને અભ્યાસ માટે કોઈ પણ તકલીફ હોય તો મને ફોનથી સંપર્ક કરવા જાણ કરી. દરરોજ પાંચ વિધાર્થીની વ્યક્તિગત રીતે મુલાકાત દ્વારા માર્ગદર્શન આપ્યું હતું. |
| એકમ કસોટી | એકમ કસોટી દરેક બાળકોને તેમના ઘરે જઇને વાલીની હાજરીમાં જ આપી. એકમ કસોટી લખવા માટે માર્ગદર્શન આપી વાલી તેમના બાળકો કસોટી સાચી રીતે લખશે તો જ સાચી ક્ષમતા કે તેની શીખવવાની કક્ષાનો ખ્યાલ આવી શકશે માટે બાળકો પોતાની સમજ અને જ્ઞાન મુજબ એકમ કસોટીનું કાર્ય સારી રીતે કરી શકે તે માટે મેં માર્ગદર્શન આપ્યું હતું. |
| ઘરે શીખીએ પુસ્તિકાઓ | ઘરે શીખીએ નું પુસ્તક દરેક બાળકોને વ્યક્તિગત રીતે મુલાકાત દ્વારા પહોંચાડ્યું અને પરત લેવાનુ છે તે બાબતનું સૌને માર્ગદર્શન આપ્યું હતું હું દરરોજ પાંચ વિધાર્થીની વ્યક્તિગત રીતે મુલાકાત લેતી હોંઉ છું ત્યારે ઘરે શીખીએ ની પ્રવૃતિનું માર્ગદર્શન આપીને બાળકોને તૈયાર કરવામાં પુરેપુરું ધ્યાન આપતી હતી. દરેક બાળકો પોતાની સમજ અને જ્ઞાન મુજબ પ્રવૃતિઓ કરે અને તેમને કોઈ પણ તકલીફ હોય તો મને જાણ કરે. હું તેમનું |

| | |
|---|---|
| | માર્ગદર્શન આપું. દરેક બાળકોની સમજણ અલગ અલગ હોય છે તો દરેક પ્રવૃતિઓ દરેક બાળક તેની કક્ષા મુજબ કરતું હતું. ઘણાં બાળકો ઝડપથી અને સારું કામ કરે જયારે કેટલાંક થોડા સમય પછી પણ ન કરી શકે તે માટે મેં તેમનાં વાલી તથા મોટા ભાઈ-બહેનને ધ્યાન રાખવા કહ્યું. મોબાઇલ પર વિડીયો મોકલી માર્ગદર્શન આપ્યું. |
| વર્ગદર્પણ | વર્ગદર્પણ દરેક બાળકોને વ્યક્તિગત રીતે મુલાકાત દ્વારા પહોંચાડી તેમાં આપેલી માહિતી કેવી રીતે ભરવી તેનુ માર્ગદર્શન આપ્યું. આખું વર્ષ બાળકો શાળામાં આવ્યા નથી તેમની એકમ કસોટીની બુક પોતાના ગુણ લખવા, દૂરદર્શન ઉપરના કાર્યક્રમ જોવા અને જોઈને જોયફુલ સેટરડેની નોંધ કરાવી. ગામમાં વડીલોની વાત સાંભળી ગામનો ઇતિહાસ જાણવો લખવો. પોતે કરેલી પ્રવૃતિઓ નોંધ લખવી. કાંઈક નવું કરવું અને તેની નોંધ કરવી. વાલીઓ પણ આ દર્પણની વિગતો અને પ્રવૃતિઓમાં સામેલ થાય તો જ સારી સફળતા મેળવી શકાય. ગામડાંઓ વાલી સજાગ હોય તેવા બાળકોના વર્ગદર્પણ યોગ્ય રીતે નોંધાયેલ હોય છે. ઘણાં બાળકોના તો એમ જ કોરા જ રહ્યા હતા આ વર્ષ શાળા બંધ હોવાથી વર્ગદર્પણમાં સારી રીતે કામ થયું નથી. |
| પરિવારનો માળો, સલામત અને હૂંફાળો | શાળા બંધ છે શિક્ષણ નહીં ની ઉક્તિ સાચી કરાવવાનો પુરેપુરો પ્રયાસ ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા જી સી ઇ આર ટી ના માધ્યમથી ઓનલાઇન એજયુકેશન કાર્યક્રમ દ્વારા થઈ રહ્યા હતા તેમાં પરિવારનો માળો, સલામત અને હુંફાળો જેવાં શૈક્ષણિક કાર્યક્રમ અંગે ડોર ટુ ડોર મુલાકાત દ્વારા અને ફોનના માધ્યમથી માહિતી આપીને બાળકો આ કાર્યક્રમ નિહાળવા માટે પ્રોત્સાહિત થાય અને તેમાં આપેલી પ્રવૃતિઓ જેવી કે વાર્તા, ગીતો, જાદુના |

| | |
|---|---|
| | પ્રયોગ, જંતર મંતર, કાગળ કામ જેવી પ્રવૃત્તિઓ નિહાળવા માટે પ્રોત્સાહિત થાય. ગામડાંઓ પ્રવૃતિ માટેના સાધનો પુરતાં પ્રમાણમાં ન હોય અને લોકડાઉનમાં ઘણી બધી સમસ્યા સાથે અમારા મારફતે શકય હોય તેટલી સાહિત્ય, મટીરીયલ પુરુ પાડયું બધાં બાળકો નહી પણ મર્યાદિત સંખ્યામાં આ પ્રવૃતિઓ થતી રહેતી હતી તેનો સંતોષ હતો. શરુઆતમાં કાર્યક્રમ નિહાળવાના સાધનો તથા માધ્યમોની પણ મર્યાદા હોવા છતાં પણ ઉત્તમ શૈક્ષણિક વિકાસ માટેની પ્રવૃતિઓ માટે પ્રયાસ કર્યો છે. |
| SSA ની વેબસાઇટ પર આપવામાં આવતું સાપ્તાહિક આયોજન | શાળાના પોતાના વર્ગના બાળકોની પાસે ઉપલબ્ધ હોય તેવી ટેકનોલોજીના સાધનોનો ઉપયોગ કરી શૈક્ષણિક કાર્ય સારી રીતે કરવા આયોજન કર્યું. |
| ડી.ડી. ગિરનાર પર પ્રસારીત થતા શૈક્ષણિક કાર્યક્રમો | દૂરદર્શન પર પ્રસાર થતાં શૈક્ષણિક કાર્યક્રમ અંગે ડોર ટુ ડોર મુલાકાત દ્વારા માર્ગદર્શન આપ્યું હતું હું દરરોજ પાંચ વિધાર્થીની વ્યક્તિગત રીતે મુલાકાત દ્વારા કાર્યક્રમ નિહાળી તે અંગે બાળકોને સમજી શકે છે કે નહિ એની જાણકારી મેળવવી અને માર્ગદર્શન આપું છું. વર્ગના બાળકો આ શૈક્ષણિક કાર્યક્રમ દ્વારા જે એકમના વિષય વસ્તુ શીખતા તે હાલની પરિસ્થિતિમાં ખૂબ ઉપયોગી હતું આ કાર્યક્રમ અંગે વાલીઓને જણાવવામાં આવેલ અને બાળકોને તે ફરજીયાત બતાવશો જ તેવી ખાસ તાકીદ કરી હોવાથી બાળકો આ પ્રવૃતિ કરતા હતા. |
| વંદે ગુજરાત (બાયસેગ) પર પ્રસારિત થતાં શૈક્ષણિક કાર્યક્રમો | ઉપરોક્ત તમામ કાર્યક્રમ ને સફળ બનાવવા માટે દરેક બાળકોને વ્યક્તિગત રીતે મુલાકાત દ્વારા માર્ગદર્શન આપ્યું હતું. હું દરરોજ મુલાકાત દ્વારા શિક્ષણમાં બાળકોની ઉપલબ્ધિની ચકાસણી કરી માર્ગદર્શન આપી તેમના કાર્યને પ્રોત્સાહિત કરવા પ્રયાસ કર્યો છે. અને તેનો બાળકો વધુને વધુ લાભ લે તેમાટે જે બાળકો પાસે |

| | |
|---|---|
| | અન્ય ડિજીટલ માધ્યમનો અભાવ છે તેઓના વિકાસ માટે પીયર લર્નિંગનો વિકલ્પ તૈયાર કરવામાં આવેલ. જેમાં સાધનો ધરાવતા હોય અને સાધનનો અભાવ હોય એમ બે બાળકોની ટીમ બનાવીને શૈક્ષણિક કાર્ય માટે આગવી શૈલી અપનાવવી. |
| WhatsApp ટેસ્ટ<br>(ધોરણ 3 થી 5 અને ધોરણ 6 થી 8) | મારા વર્ગના એન્ડ્રોઇડ ફોન ધરાવતા બાળકોના વાલીઓને સમજાવ્યું કે તમારા બાળકો તેમનું શૈક્ષણિક કાર્ય સારી રીતે કરી શકે તે માટે મેં અત્યાર સુધી જે બાળકોને મોબાઈલ આપવાની ના પાડી હતી તે બાળકોને તેમનુ શૈક્ષણિક કામ કરવા મોબાઇલ આપવો. દરેકને ગ્રૂપ બનાવી એડ કરીને વૉટસઅપના માધ્યમથી વધુને વધુ માહિતી મોકલી. જેનો બાળકોએ સારો લાભ લીધો. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને વાલીઓ સૌના સહકારથી આ કાર્ય સારી રીતે કરી શકાયુ. |
| Microsoft teams, google meet, Jio meet, zoom app વગેરેના માધ્યમથી હાથ ધરેલ વર્ચ્યુઅલ શિક્ષણ | ધોરણ 4 ના 50 માંથી 32 બાળકો Microsoft team ના માધ્યમથી ઓનલાઇન એજયુકેશન કાર્યક્રમ દ્વારા શિક્ષણ મેળવી રહ્યા હતા. જ્યારે મને કોરોના સંક્રમણ થયેલું ત્યારે બાળકોના વાલીઓ રાતે આઠ વાગે બાળકોને જોઈન્ટ કરી માર્ગદર્શન મેળવતા હતા. |
| શેરીવર્ગ / ફળિયાશિક્ષણ | શેરી શાળાના મંત્ર સાથે ફળિયામાં શાળા શરૂ કરી. શાળા બંધ હતી જેથી બાળકો ઘરેથી રહીને શિક્ષણથી કાંઇક નવું વાતાવરણમાં હળવાશ મેળવવા માટે બાળકોની દરેક ફળિયામાં સંપૂર્ણ હાજરી આપવા લાગ્યા. |
| શાળા કે શિક્ષકની પોતાની YouTube ચેનલ અને શૈક્ષણિક ઉપયોગ | વ્યક્તિગત રીતે વિડીયો તૈયાર કરી બાળકોને વૉટસઅપ પર મોકલી આપવામાં આવતા હતાં. |
| Google classroom | - |

| | |
|---|---|
| WhatsApp / કાઇઝાલા / ટેલિગ્રામ | ગ્રૂપ બનાવી રોજની ઘરે શીખીએ ની પ્રવૃતિનું માર્ગદર્શન આપીને બાળકોને તૈયાર કરવામાં આવેલ છે. |
| દીક્ષા એપ | બાળકોને ડાઉનલોડ કરી આપી છે જેનો બાળકો વ્યકિતગત રીતે ઉપયોગ કરે છે. |
| ઓનલાઈન ક્વિઝ | ડિસેમ્બર માસમાં શરૂ થયેલ ઓનલાઇન પરીક્ષા વર્ગના બાળકો લાભ લે તેમાટે પ્રોત્સાહિત કરવા માટે સ્કાઉટ અને ગાઇડના બાળકોના સહયોગથી બાળકો ક્વિઝમાં ભાગ લેતા હોય છે. |
| વિધાર્થી / વાલીની રૂબરૂ મુલાકાત | કોરોના દરમિયાન જેટલી પ્રવૃતિ કરી છે તે બધા કાર્યક્રમો વાલીઓને અને બાળકોની રૂબરૂ મુલાકાત દ્વારા શક્ય બન્યા છે. જુન મહિનાનું નવું સત્ર શરૂ થયું અને ઓનલાઇન એજયુકેશન માટેની માહિતી માટે વાલીની મુલાકાત શરૂ થયેલી આ સરસ્વતી યાત્રા અવિરતપણે ચાલુ જ છે. |
| વિધાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના મૂલ્યાંકન શિક્ષકે કરેલ વિશેષ પ્રયાસોની નોંધ | બાળકો ડિજીટલ માધ્યમથી જે શીખ્યા છે તે યોગ્ય રીતે અને દઢ શીખ્યા છે કે નહીં તે ની ચકાસણી કરવી ખૂબ જરૂરી હતી. હું દરરોજ મુલાકાત દ્વારા શિક્ષણમાં બાળકોની ઉપલબ્ધિની ચકાસણી કરી રોજ એક વિષયના એકમના પ્રશ્ન સંકલન કરી એકમ કસોટી દરેક બાળકોને વ્યક્તિગત ઝેરોક્ષ કરાવી આપી અને વ્યક્તિગત રીતે મુલાકાત દ્વારા માર્ગદર્શન આપ્યું હતું. |
| વિધાર્થીઓને અપાતા ગૃહકાર્ય અને તેની ચકાસણી માટે કરેલ વિશેષ પ્રયત્નો | દરરોજ પાંચ વિધાર્થીની વ્યક્તિગત રીતે મુલાકાત દ્વારા શિક્ષણમાં બાળકોની ઉપલબ્ધિની ચકાસણી કરી તેમને આપેલ ગૃહકાર્ય નિયમિતપણે ચકાસણી કરી. |
| વિધાર્થીઓને વિષયવસ્તુ શીખવવા હાથ ધરેલ વિશિષ્ટ પ્રયોગની નોંધ | વિધાર્થીના જ્ઞાનમાં વધારો કરવા માટે મેં મારી શાળામાં માર્ચ માસથી શાળા બંધ થઇ તેથી મારા વિષયનો કોર્ષ માટે ઓનલાઇન થવું મુશ્કેલ હતું પણ જ્યારે કોર્ષ માટે મેં એકમ કસોટીનું સંપુટ તૈયાર કરી દરેક બાળકોને ઝેરોક્ષ કરાવી આપ્યુ અને વ્યક્તિગત |

| | |
|---|---|
| | રીતે મુલાકાત દ્વારા માર્ગદર્શન આપ્યું હતું. તેવી જ રીતે ઉનાળું વેકેશનનું ગૃહકાર્ય સંપુટ અને દિવાળી વેકેશન ગૃહકાર્ય સંપુટ તૈયાર કરી દરેક બાળકોને ઝેરોક્ષ કરાવી આપ્યુ અને વ્યક્તિગત રીતે મુલાકાત દ્વારા માર્ગદર્શન આપ્યું. |
| વિધાર્થીઓને વિષયવસ્તુ શીખવવા માટે આપે અન્ય કોઇ વિશિષ્ટ પ્રયોગ કર્યો હોય તે અંગેની નોંધ | શેરી શાળામાં પ્રવૃતિ સભર શિક્ષણ |
| વિધાર્થીઓએ સાથે સંદેશાવ્યવહાર માટે હાથ ધરેલ વિશિષ્ટ પ્રયોગની નોંધ | જેની પાસે મોબાઇલ ન હતો તેવા બાળકોના ગ્રૂપ બનાવી રોજનુ શીખવવાનુ સાહિત્ય ભૂતપૂર્વ વિધાર્થીઓની મદદથી બાળકોને પહોંચાડવા પ્રયત્નો કરેલ હતાં. |
| વિધાર્થીઓના હોમલર્નિંગ માટે મેળવેલ સહયોગની વિગતવાર નોંધ | હોમલર્નિંગ માટે જે બાળકો પાસે અન્ય ડિજીટલ માધ્યમનો અભાવ હતો તેવા બાળકોના વાલીઓના પાડોશીને ત્યાં મુલાકાત કરી ઓનલાઇન એજયુકેશન માટે તેમને પોતાના મોબાઇલ કે ટી.વી. નો ઉપયોગ કરી બાળકો શિક્ષણ સાથે જોડાયેલા રહે તે માટેની તૈયારી બતાવી હતી. આ એક ઉત્તમ ઉદાહરણ છે. |
| ટેક્નોલોજીનો અભાવ ધરાવતા વિધાર્થીઓએ માટે કરેલ વિશિષ્ટ પ્રયત્નોની નોંધ | જે બાળકો પાસે અન્ય ડિજીટલ માધ્યમ નો અભાવ છે તેઓના વિકાસ માટે માસવાર આયોજન મુજબ એકમ કસોટીનું સંપુટ તૈયાર કરી દરેક બાળકોને ઝેરોક્ષ કરાવી આપ્યુ અને વ્યક્તિગત રીતે મુલાકાત દ્વારા શિક્ષણ મા બાળકોની ઉપલબ્ધિ ની ચકાસણી કરી માર્ગદર્શન આપી તેમના કાર્યને પ્રોત્સાહિત કર્યુ. |
| GCERT દ્વારા રજૂ થતાં "એક કદમ આગળ" ની પ્રવૃત્તિમાં નોંધાવેલ ભાગીદારીની વિગતો | બાળકોને લિંક પહોંચાડી તેનો ઉપયોગ બાળકો દ્વારા થયો કે નહીં તેનું ફ્લોલોઅપ લીધું પણ ટેકનોલોજીના સાધનોનો અભાવે પરિણામ માટે મુશ્કેલ કાર્ય છે. |
| NMMS ની પરીક્ષામાં બાળકોએ રજીસ્ટ્રેશન કરેલ છે? | 10 |

| | |
|---|---|
| NMMS ની પરીક્ષામાં કેટલા બાળકોની ફ્રી ભરાઇ અને મંજૂર થઇ? | 10 |
| 'GVS (ગુજરાત વર્ચ્યુઅલ શાળા) અંતર્ગત લાઇવ ક્લાસની લિંક પહોંચાડવા માટે આપેલ કરેલ પ્રયત્નોની વિગત | ધોરણ એક થી પાંચના શિક્ષકને લાગું પડતું નથી. |
| બાળકો આ લિંક આધારિત ક્લાસમાં જોડાય તે માટે અપનાવેલ માધ્યમ અને કરેલ પ્રયત્નોની નોંધ અને તે અંગેના આપના અભિપ્રાયો | |
| NMMS અંતર્ગતના મોક ટેસ્ટમાં વધુ વિધાર્થીઓ જોડાય તે માટે આપના વિશિષ્ટ પ્રયત્નોની નોંધ | |
| NMMS અંતર્ગતના મોક ટેસ્ટ માટેનો મેસેજ બાળકોને મળ્યો કે કે નહિ તેને ખરાઈ માટે કરેલ પ્રયત્નોની નોંધ | હા |
| GVS (ગુજરાત વર્ચ્યુઅલ શાળા) અંતર્ગત ઓનલાઈન અને ઓફલાઈન ક્લાસ અંગે આપનો અભિપ્રાય | ધોરણ એક થી પાંચના શિક્ષકને લાગું પડતું નથી. |
| NMMS પરીક્ષા સંબંધી માર્ગદર્શન માટે બાયસેગના માધ્યમથી વધુ બાળકો લાભ મેળવે તે માટે કરેલ વિશેષ પ્રયાસોની નોંધ | |
| NMMS પરીક્ષામાં રાજયના બાળકોનો સારો દેખાવ થાય અને બાળકોને યોગ્ય મહાવરો મળી રહે તે માટે આપના અભિપ્રાયની નોંધ | વિશેષ તાસની જોગવાઈ કરવામાં આવે. |
| હોમલર્નિંગને વધુ અસરકારક બનાવવા આપના સૂચનોની નોંધ | મર્યાદિત સંખ્યામાં હોમલર્નિંગ થવું જોઈએ. સાથે સાથે ટેકનોલોજીના સાધનોનો અભાવે પરિણામ ગામડાંઓ માટે મુશ્કેલ કાર્ય છે. |

- **નવતર પ્રયોગના ફોટોગ્રાફ**









### 3.1.4 માલપુર તાલુકાની સરકારી પ્રાથમિક શાળાઓના શિક્ષકો દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા

માલપુર તાલુકાની કાનેરા, ભૂતા, કોયલીયા, ગાજણ અને ગોવિંદપુર સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા સારણી 3.21 થી 3.25 માં રજૂ કરેલ છે.

**સારણી : 3.21**

**કાનેરા સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા**

| **શિક્ષકનું નામ** | **પટેલ સતિષકુમાર જયંતિભાઇ** |
|---|---|
| **શાળાનું નામ** | કાનેરા પ્રાથમિક શાળા, તા- માલપુર, જિ- અરવલ્લી |
| **પ્રસ્તાવના** | શિક્ષકો પ્રશિક્ષણ દ્વારા જ્ઞાનયોગી બન્યા છે. હવે કર્મયોગી વધુ બનવાની જરૂર ઊભી થઈ છે. કુશળતાપૂર્વક કર્મ કરવું એ યોગ છે. નિષ્ઠાપૂર્વક કરેલું કોઈપણ કાર્ય કદી એળે જતુ નથી. કોવિડ-19 સમયગાળામાં શૈક્ષણિક અને સામાજિક જવાબદારી ઘણા શિક્ષકોએ નિભાવી છે. આમ છતાં શિક્ષકે "અપ ટુ ધ ડેટ" રહેવાનો સમય આવી ગયો છે. હવે તો શિક્ષકે "અપ ટુ ધ મુવમેન્ટ" રહેવુ પડે તેના માટે વર્ગખંડથી લઈ ટેકનોલોજી સુધીનુ જ્ઞાન હોવુ જરૂરી છે. કોવિડ-19 સમયગાળામાં વર્ગખંડના બાળકોથી લઈ ગ્રામજનોના હિતાર્થે, લોકડાઉન સમયગાળામાં સમયનો સદુપયોગ કરી, કંઈક નવસર્જન કરી સમાજ અને બાળકોને મદદરૂપ થવા આ નવીન પ્રયોગ હાથ ધર્યો હતો. |
| **વિશિષ્ટ કામગીરી કરવા માટેની પ્રેરણા** | કોવિડ-19 અંતર્ગત લોકડાઉન સમયગાળામાં મળેલ સમયનો સદઉપયોગ કેવી રીતે કરવો? તેના વિચારે જ મને પ્રેરણા મળી અને આ પ્રયોગ શરૂ કર્યો. |

| કરેલ નવતર પ્રયોગનું શીર્ષક | મારી કલા, શૈક્ષણિક કાર્ય અને ટેકનોલોજીનો ઉપયોગ |
|---|---|
| **કરેલ વિશિષ્ટ કામગીરીનું ક્ષેત્ર** | 1. કોવિડ-19 સમયગાળા દરમિયાન વર્ક ફ્રોમ હોમ અંતર્ગત ધોરણ 1 થી 8 ના બાળકો માટે 160 જેટલા શૈક્ષણિક ટી.એલ.એમ.નિર્માણ કરવામાં આવેલ છે.<br>2. લોકડાઉનના શરૂઆતના સમયગાળામાં બાળકોના ઘરે-ઘરે જઇને કેલીગ્રાફી ડિઝાઇન દ્વારા અક્ષરો સુધારા માટેના મેં પ્રયાસો કરેલ હતા.<br>3. બાળકો માટે નિબંધલેખન સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા અને કાવ્ય સ્પર્ધાનુ આયોજન કરી તેમને સ્પર્ધામાં ભાગ લેવા પ્રોત્સાહિત કર્યા હતા.<br>4. દિક્ષા પોર્ટલ પર કુલ- 265 કોર્સ અને વિવિધ તાલીમ પૂર્ણ કરેલ છે.<br>5. કોવિડ-19 અંતર્ગત ગ્રામજનોને કોરોના વાયરસ અંગેની જાગૃતિ અને મારા ગામ અને આજુબાજુના ગામ લોકોના એન્ડ્રોઇડ ફ્રોન ધરાવતા કુલ-101 વ્યક્તિઓને "આરોગ્ય સેતુ એપ" ડાઉનલોડ કરાવીને એપ વિશે માહિતી આપી હતી. |
| **કરેલ વિશિષ્ટ કામગીરીના હેતુઓ** | 1. બાળકો સહજતાથી વિષયવસ્તુ સમજી શકે છે.<br>2. બાળકોના અક્ષરોમાં સુધારો લાવી શકાય.<br>3. શાળાની વિવિધ શૈક્ષણિક અને વહીવટી બાબતોની જાણકારી સમજ મેળવવા.<br>4. કોરોના વોરિયર્સ બની મદદરૂપ થવાનો હેતુ |
| **કામગીરીથી અસર પામેલ જૂથની સંખ્યા** | ધોરણ 1 થી 8 ના બાળકો, શિક્ષક સ્ટાફ, એસ.એમ.સી. સમિતિ અને શિક્ષિત ગામના યુવકો. |
| **સરકારશ્રી દ્વારા આ સમયે અમલમાં મૂકવામાં આવેલ કાર્યક્રમ અંતર્ગત કરેલ કામગીરી** | 1. **બાળકો માટે પખવાડિયાનું ગૃહકાર્ય :-** મહામારી શરૂ થયાથી આજ દિવસ સુધી દર પખવાડિયાનું ગૃહકાર્ય તૈયાર કરી તમામ બાળકોને આપવામાં આવે છે અને જેની ચકાસણી કરવામાં આવે છે. |

| | |
|---|---|
| | 2. **"ઘરે શીખીએ" પુસ્તિકા પ્રવૃત્તિઓ :-** "ઘરે શીખીએ" પુસ્તિકા અંતર્ગત તમામ બાળકોના ઘરે-ઘરે જઇને બધીજ પ્રવૃત્તિઓ પૂર્ણ કરાવી છે. જેની ચકાસણી કરી ઓનલાઇન એન્ટ્રી કરી છે.<br>3. **ટી.એલ.એમ. નિર્માણ કરી શૈક્ષણિક કાર્યમાં ઉપયોગ :-** લોકડાઉન દરમિયાન બાળકોના શૈક્ષણિક કાર્ય માટે ધોરણ 1 થી 8 ના તમામ વિષયોના કુલ-160 T.L.M. બનાવ્યા. જેનો ઉપયોગ હું બાળકોના શૈક્ષણિક કાર્યમાં કરુ છુ.<br>4. **વાલીઓના એન્ડ્રોઇડ મોબાઇલમાં DIKSHA APP, MICROSOFT TEAMS APP અને AROGY SETU APP ડાઉનલોડ કરી આપી અને તેની સમજ :-** એન્ડ્રોઇડ ફ્રોન ધરાવતા વાલીઓના મોબાઇલમાં "દિક્ષા એપ" દ્વારા બાળકોનો અભ્યાસક્રમ જોવા અને શિક્ષક તાલીમ માટે, "માઇક્રોસોફ્ટ ટિમ્સ એપ" દ્વારા વર્ચ્યુઅલ કલાસ રૂમ માટે ઓનલાઇન શિક્ષણ માટે અને "આરોગ્ય સેતુ એપ" દ્વારા કોવિડ-૧૯ ની જાણ માટે આ ત્રણેય એપ ડાઉનલોડ કરાવી હતી.<br>5. **વર્ચ્યુઅલ કલાસ રૂમ દ્વારા શૈક્ષણિક કાર્ય :-** મારા પટોપ દ્વારા મારા ધોરણ : 3 અને 4 ના બાળકોને દરરોજ 1 કલાક ઓનલાઇન વર્ચ્યુઅલ કલાસ રૂમ દ્વારા અભ્યાસક્રમ અનુરૂપ વાર્તા, પાઠનું નિદર્શન, કાવ્ય ગાન, પ્રશ્નોતરી અને ચર્ચા કરવામાં આવ છે.<br>6. **એકમ કસોટી ( સામયિક મૂલ્યાંકન કસોટી) અને પુનઃ કસોટી :-** મારા વર્ગના તમામ બાળકોને સામયિક મૂલ્યાંકન કસોટી પહેલા અભ્યાસક્રમનું પુનરાવર્તન અને પ્રશ્નોત્તરી દ્વારા કરવામાં આવે છે. ત્યાર બાદ એકમ કસોટી બાળકોના ઘરે-ઘરે જઇને આપવામાં આવે છે. બાળકના લેખનકાર્ય બાદ કસોટીની ચકાસણી કરવામાં આવે છે. ત્યાર બાદ ફરી બાળકોના ઘરે-ઘરે જઇને પુનઃ કસોટી લેવામાં આવે |


| | |
|---|---|
| | છે અને ચકાસણી કરવામાં આવે છે. ત્યાર બાદ ગુણની ઓનલાઈન એન્ટ્રી સત્વરે પૂર્ણ કરવામાં આવે છે.<br>7. **ટી.વી. પ્રસારણ :-** ડી.ડી ગિરનાર ગુજરાતી ચેનલ પર દરરોજ અભ્યાસક્રમ શરૂ થાય તે સમયે બાળકોના ઘરે-ઘરની મુલાકાત લઈને તે અંતર્ગત માર્ગદર્શન આપુ છુ. મારા વર્ગના બાળકો અભ્યાસક્રમ નિહાળીને વિષયવસ્તુને સમજે છે.<br>8. **શાળાના નામનું WhatsApp ગ્રૂપ :-** "કાનેરા પ્રા. શાળા" નામનું વોટ્સએપ ગ્રૂપ બનાવેલ છે. આ ગ્રૂપમાં હુ બાળકો માટે દરરોજની આગલા દિવસે અભ્યાસક્રમ માટેની લિંક અને પીડીએફ મુકુ છુ. બાળકો અંગેની વારંવાર સૂચનાઓ આપું છુ. મધ્યાહન ભોજન યોજના અંતર્ગત અનાજ વિતરણ માટે ખાસ આ ગ્રૂપ ઉપયોગી બને છે.<br>9. **શેરી શાળા દ્વારા શૈક્ષણિક કાર્ય :-** મારા વર્ગની શેરી શાળા "કાનેરા ગામની દાંતીફળી, નાયકવાસ અને ભૂકાકૂતરી ગામમાં" આમ ત્રણેય જગ્યાએ કરુ છુ. બાળકોને જરૂરી અંતર રાખી તેમજ માસ્ક બાંધીને બેસાડવામાં આવે છે. માસવાર અભ્યાસક્રમ આયોજન મુજબ ચલાવુ છુ . શૈક્ષણિક કાર્યમાં પ્રવૃત્તિ માટે જરૂરી સામગ્રીનો ઉપયોગ કરુ છુ . બાળકોને સ્વાધ્યાયકાર્ય આપી ચકાસણી કરુ છુ.<br>10.**શેરી શાળામાં આસન, યોગ, સૂર્યનમસ્કાર અને રમતો :-** શેરી શાળામાં બાળકોને સપ્તાહમાં એક દિવસ સૂર્યનમસ્કાર, યોગ-આસનો અને જુદી જુદી રમતો રમાડવામાં આવે છે. સ્વચ્છતા અને આરોગ્ય લક્ષી સુચનાઓ અને ચકાસણી કરુ છુ.<br>11. **કેલીગ્રાફી ડિઝાઇન દ્વારા બાળકોના અક્ષર સુધારા માટેના પ્રયત્નો** મારા વર્ગના બાળકોને શેરી શાળા દરમિયાન અક્ષર સુધારા માટે જુદી જુદી કેલીગ્રાફી ડિઝાઇન દોરાવડાવુ છુ અને તેના વિશે સમજ આપુ |


| | |
|---|---|
| | છુ. જેમાં પહેલાના કરતાં હાલ 50% બાળકોના અક્ષરો સારા અને સુંદર લખે છે.<br>12. **WhatsApp આધારિત સાપ્તાહિક મૂલ્યાંકન :-** બાળકોના ઘરે-ઘરે જઈને એન્ડ્રોઇડ ફોન દ્વારા તમામ બાળકોને વોટ્સએપ ગ્રૂપ દ્વારા પ્રશ્નો વંચાવીને જવાબ ટીક કરી ટેસ્ટ પૂર્ણ કરે છે.બાળકોને આ કસોટીમાં જવાબ આપવાનો અનેરો આનંદ મળે છે.<br>13. **પ્રિય બાળકોની શેરી શાળા :-** મારા વર્ગના ધોરણ 3 માં 2 અને ધોરણ 4 માં 1 બાળક પ્રિય બાળકમાં સમાવેશ થાય છે.આ બાળકો માટે દરરોજ દોઢ કલાક વાંચન, લેખન અને ગણન કાર્ય શેરી શાળા રૂપે કરુ છુ.<br>આમ, COVID-19 સમયગાળામાં હોમલર્નિંગ અંતર્ગત બાળકો માટે મેં નિષ્ઠાપૂર્વક સતત પ્રયત્નો કર્યાં છે. તેમજ વિવિધ તાલીમો, કોર્સ, જુદી જુદી સ્પર્ધાઓમાં ભાગ લીધો છે અને બાળકોના શૈક્ષણિક કાર્ય માટે ટી.એલ.એમ. નિર્માણ કર્યાં છે. |
| **અન્ય કામગીરીની વિગત** | 1. **ઈનોવેશન ફેસ્ટીવલ ફેર 2020-21 માં સહભાગિતા:-** ઈનોવેશન ફેસ્ટીવલ ફેરમાં મારો વિષય- સર્જનાત્મક પ્રવૃત્તિ અને ટેકનોલોજીનો ઉપયોગ હતો. આ ફેરમાં તમામ પ્રવૃત્તિઓનુ કાર્ય લોકડાઉન સમય દરમિયાન મે કરેલ છે. ધોરણ : 1 થી 8 ના તમામ વિષયોના ટી.એલ.એમ. મેં બનાવેલ છે. અક્ષરો સુધારા માટેની જુદી જુદી કેલીગ્રાફી ડિઝાઇન મેં બનાવેલ છે. દિક્ષા પોર્ટલ પર - 265 કોર્સ પૂર્ણ કરેલ છે. ટીચર એપ દ્વારા - 3 કોર્સ, WHO દ્વારા - 3 કોર્સ, શૈક્ષણિક અને વિશેષ દિન ક્વિઝ - 144, કોવિડ-19 ક્વિઝ - 45, વેબિનાર - 5, નિબંધલેખન સ્પર્ધા - 4, ચિત્ર સ્પર્ધા - 5, ઈનોવેશન - 2, સપ્ત અને પ્રસંનિય પ્રમાણપત્રો - 22, શાળા સ્વચ્છતા ગુણાંક ( SSG )- 2, ફિટ ઈન્ડિયા રજીસ્ટ્રેશન -2, ચેતના તાલીમ - 1, શૈક્ષણિક સાધનો |

| | |
|---|---|
| | બનાવવાની સ્પર્ધા - 1, Workplace of Facebook પર બીજા, ત્રીજા અને આઠમા ક્રમે -3, મારો પ્રયાસમાં -7 પ્રયાસો. . .આ તમામ ઓનલાઇન કાર્યોમાં ભાગ લઈ સર્ટિફિકેટ મેળવેલ છે.<br>2. BRC અને CRC કક્ષાએ ટી.એલ.એમ. નિર્માણ વર્કશોપ કરવામાં મારી સહભાગીદારી, તાલુકા કક્ષાએ રમકડાં મેળો-2021 માં નિર્ણાયક તજજ્ઞ તરીકે કામગીરી, અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા "ચાણક્ય ટેનિસ બોલ ક્રિકેટ ટુર્નામેન્ટ-2021" ની સહભાગિતા |
| **કાર્યક્રમનું અમલીકરણ** | બાળકોની ઘરે શીખીએ પુસ્તિકા પુરાવી, પ્રવૃત્તિઓ કરાવી અને પુસ્તિકા તપાસણી કરીને ઓનલાઇન ડેટા એન્ટ્રી કરેલ છે. સામયિક એકમ કસોટી પૂર્ણ કરાવીને તપાસીને પુન: કસોટી પૂર્ણ કરાવી તપાસણી કરી ઓનલાઇન સ્કેનિંગ કરેલ છે. ડી.ડી.ગિરનાર પર પ્રસારિત થતા હોમલર્નિંગમાં દરેક બાળક દરરોજ ભાગ લે તેની તકેદારી રાખેલ છે. બાળકોને નિબંધલેખન સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા અને કાવ્ય સ્પર્ધામાં ભાગ લેવા પ્રોત્સાહિત કરેલ છે. વાલીઓને બાળકોના શિક્ષણ અંગે સતત ચર્ચા કરેલ છે. શેરીશાળામાં બાળકો નિયમિત આવે ગૃહકાર્ય લાવે તેનું સતત ધ્યાન રાખેલ છે. કોવિડ-19 અંતર્ગત યુવાનો અને વડીલોમાં જાગૃતિ ફેલાવવા જરૂરી ચર્ચાઓ કરેલ છે. |
| **બાળકોનું મુલ્યાંકન** | બાળકોને જે ગૃહકાર્ય આપવામાં આવતું હતુ તે ચકાસી મૂલ્યાંકન કરવામાં આવતું હતુ. કચાશ હોય તો શીખવાડી દૂર કરવામાં આવતી. "ઘરે શીખીએ" પ્રવૃત્તિઓ ચકાસણી કરી બાળકોનું મૂલ્યાંકન કરેલ છે. "સામયિક એકમ કસોટી" પૂર્ણ કરી પુન: કસોટી પૂર્ણ કરાવી મૂલ્યાંકન કરેલ છે. બાળકોને શેરીશાળામાં પખવાડિયાની ટેસ્ટ લઈ મૂલ્યાંકન કરેલ છે. પ્રિય વર્ગના બાળકોનું પણ મૂલ્યાંકન કરેલ છે. |
| **પરિણામ / તારણ** | 1. કેલીગ્રાફીથી ડિઝાઇન વારંવાર દોરાવાથી બાળકોના અક્ષરોમાં સુધારો જોવા મળેલ છે. |

| | |
|---|---|
| | 2. કોરોના મહામારીમાં પણ બાળકોએ તેમની કક્ષા મુજબ શૈક્ષણિક કાર્ય સારુ કરેલ છે.<br>3. અભ્યાસક્રમની સાથે એકમ કસોટી આપી બાળકોએ પરીક્ષાનો પણ અનુભવ કર્યો.<br>4. વિધાર્થીઓએ ક્વિઝ દ્વારા જનરલ નોલેજની જાણકારી મેળવી.<br>5. હોશિયાર બાળકોએ મોટાભાગનો અભ્યાસક્રમ પૂર્ણ કરેલ છે.<br>6. વર્ચ્યુઅલ કલાસ રૂમ, વૉટ્સએપ કસોટી દ્વારા બાળકોને મોબાઇલનો શૈક્ષણિક ઉપયોગ કરતા શીખ્યા.<br>7. મારા બનાવેલ ટી.એલ.એમ.ના ઉપયોગથી બાળકો જાતે સરળતાથી વિષયવસ્તુ સમજી શક્યા.<br>8. શેરી શાળામાં ફળિયામાં બેસી ભણાવવાનો બાળકોને નવીન અનુભવ થયો. |

- **નવતર પ્રયોગના ફોટોગ્રાફ**









**સારણી : 3.22**

**ભુતા સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા**

| | |
|---|---|
| **શિક્ષકનું નામ** | **પટેલ લતાબેન વિઠ્ઠલભાઈ** |
| **શાળાનું નામ** | ભૂતા પ્રાથમિક શાળા |
| **પ્રસ્તાવના** | સમગ્ર વિશ્વ કોરોના મહામારીના સંકટમાં સપડાયુ, કોરોના રોગને નાથવા લોકડાઉન આપવામાં આવ્યું. જેના કારણે વિશ્વ અને દેશનું જનજીવન પણ થંભી ગયું ત્યારે સંદેશાવ્યવહાર અને ટેકનોલોજી વિહોણા અનેક અંતરિયાળ વિસ્તારના ગામડામાં ગ્રામજનો કે જેમને કોવિડ 19 એટલે શું? જેની કોઇ સાચી માહિતી ન હતી તેમજ અફવાઓને કારણે ખોટી ગેરસમજ પણ તેમનામાં જોવા મળી હતી.<br>મારી કર્મભૂમિના ગ્રામજનો અને મારા બાળદેવો ખોટી અફવાઓનો ભોગ ના બને એ હેતુથી દરેક ગ્રામજનો ની મુલાકાત લેવાનો નિશ્ચય કર્યો. ગ્રામજનો ને કોવિડ 19 અંગે કોઇ જ સાચી માહિતી ન હતી. અબાલવૃધ્ધ સૌ અફવાઓથી ભયભીત થયેલા. સંપુર્ણ લોકડાઉન અને શાળાઓ પણ સદંતર બંધ આવી કપરી પરિસ્થિતિમાં પણ સરકારશ્રીની કોરોનાથી બચવા માટે ની ગાઇડલાઇનના પાલન સાથે ઘરે ઘરે જઇને વિધાર્થીઓ, વાલીઓ તેમજ સમગ્ર ગ્રામજનોનો રૂબરૂ સંપર્ક કરી કોરોના રોગ સામે રક્ષણ મેળવવા માટેનું માર્ગદર્શન આપ્યું હતું. કોરોનાથી સંક્રમિત થવાના કારણો અને કોરોનાથી બચવા માટેના ઉપાયો અંગે માર્ગદર્શન આપ્યું. દરેક વિધાર્થીઓની મુલાકાત લઇ વિધાર્થીઓની મનોસામાજિક માવજત, બીક, ગભરાહટ, પ્રશ્નો, મુંઝવણ અંગે માર્ગદર્શન આપી વિધાર્થીઓ લોકડાઉન સમયમાં ટેકનોલોજીના અભાવે શિક્ષણથી વંચિત ન રહે તે માટે ઘરે ઘરે જઇને વિધાર્થીઓને શિક્ષણ આપવાના નવતર પ્રયોગનું આયોજન કરી તેનો અમલ કર્યો. |

| | |
|---|---|
| | લોકડાઉન સમયમાં વિદ્યાર્થીઓ અને વાલીઓ તેમજ ગ્રામજનોને કોઇ પણ મુંઝવણના માર્ગદર્શન માટે સતત પ્રયત્નશીલ રહી, લોકડાઉન સમયે ગ્રામજનોમાં કોરોના મહામારી સંબંધી જાગૃતિ માટે કાર્ય કર્યું. |
| **વિશિષ્ટ કામગીરી કરવા માટેની પ્રેરણા** | કોરોના મહામારીમાં લોકડાઉન સમયની પરિસ્થિતિમાં બદલવા લાવવા આ પ્રયોગ હાથ ધર્યો. |
| **કરેલ નવતર પ્રયોગનું શીર્ષક** | **શિક્ષક ધર્મ** |
| **કરેલ વિશિષ્ટ કામગીરીનું ક્ષેત્ર** | મારી કર્મભૂમિનો વિસ્તાર એટલે કે મારી શાળા |
| **કરેલ વિશિષ્ટ કામગીરીના હેતુઓ** | 1. ગ્રામજનોમાં કોરોના મહામારીમાં જાગૃતિ લાવી કોરોનાથી બચવાના ઉપાયો અને સંક્રમિત થવાના કારણો અંગે માર્ગદર્શન પુરુ પાડયું.<br>2. અફવાઓ દુર કરી ભયભીત થયેલા ગ્રામજનોને ભયમુક્ત કરવા<br>3. જરુરીયાતમંદને સહાય<br>4. વિધાર્થીઓની મનોસામાજિક માવજત, બીક, પ્રશ્નો, મુંઝવણ અંગે માર્ગદર્શન આપવું.<br>5. ટેકનોલોજીના અભાવે વિધાર્થીઓ શિક્ષણથી વંચિત ન રહે તે માટે ઘરે ઘરે જઇને વિધાર્થીઓને શિક્ષણ આપવાના નવતર પ્રયોગો દ્વારા શિક્ષણ સાથે જોડી રાખવાનો પ્રયાસ.<br>6. નવીનતમ પ્રવૃત્તિ દ્વારા સ્વપ્રયત્ને ગોખણપટ્ટી વિનાનું શિક્ષણ આપવુ.<br>7. અભ્યાસક્રમનું શિક્ષણકાર્ય સાથે એકમ કસોટી, ઘરે શીખીએ પુસ્તિકાઓ, દર્પણ ડાયરી નું માર્ગદર્શન આપવું. |
| **કામગીરીથી અસર પામેલ જૂથની સંખ્યા** | 62 + 322 = 384 |
| **સરકારશ્રી દ્વારા આ સમયે અમલમાં મૂકવામાં આવેલ કાર્યક્રમ અંતર્ગત કરેલ કામગીરી** | હોમલર્નિંગ કાર્ય, સ્માર્ટફોન દ્વારા ઓનલાઇન શિક્ષણ અને ટેલિવિઝન માધ્યમથી વિધાર્થીઓને શિક્ષણ આપવાનું હતું પરંતુ, ટી.વી./સ્માર્ટફોન ધરાવનાર વિધાર્થીઓનો સર્વે કરતાં એકપણ વાલી કે વિધાર્થીઓ પાસે સ્માર્ટફોન કે ટેલીવીઝનની સુવિધા ઉપલબ્ધ ન હતી. |

| | |
|---|---|
| | શાળા ભલે બંધ હોય કે કોઈ ટેકનૉલોઝીની સગવડ ન હોય તો પણ શિક્ષણ તો શરુ જ રાખવું તેવા અડગ નિશ્ચય સાથે વાલીઓની સંમતિથી સરકારશ્રીની ગાઈડલાઈનના પાલન સાથે ઘરે ઘરે જઈને શિક્ષણ આપવાના નવતર પ્રયોગની શરૂઆત કરી.<br>જે માટે ઘરે ઘરે જઈને વિદ્યાર્થીઓને શિક્ષણ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું અને વાલીઓને પોતાના બાળકને નિયમિત ઘરે અભ્યાસ માટે કાળજી લેવા જણાવ્યું. વિદ્યાર્થીઓના ઘરની આસપાસ નજીકમાં સાદો ફ્રોન ધરાવનાર વ્યક્તિને વિદ્યાર્થીઓના શિક્ષણકાર્યમાં મદદરૂપ થવા એમના ફ્રોનનો ઉપયોગ શિક્ષણ સેવા કાર્ય માટે કરવા માટે ભલામણ કરવામાં આવી. આમ, વિદ્યાર્થીઓને જરૂર જણાયે માર્ગદર્શન માટે કોઈ પણ સમયે ફ્રોન કરી માર્ગદર્શન મેળવવાની સગવડ કરી આપી. કોરોના મહામારીમાં શાળાબંધ છે પણ શિક્ષણ તો શરુ જ છે.<br>ઘર આંગણે શાળા અને શેરી શાળા દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષણ સાથે જોડી રાખવાના પ્રયાસ કરી હોમલર્નિંગકાર્યને અસરકારક બનાવ્યુ.<br>**Lock-downના સમયગાળા દરમિયાન સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ પહેલ વિદ્યાર્થીઓના શિક્ષણ માટે સોંપવામાં આવેલ કામગીરી પૂર્ણ કરવા અને સફળ બનાવવા માટે શિક્ષકે કરેલ પ્રયત્નોની નોંધ**<br>• **એકમ કસોટી** (વિદ્યાર્થીઓને કેવી રીતે પહોંચાડી અને પરત લીધી? કેવી રીતે લખાવી? શું શું માર્ગદર્શન આપ્યું? આ કાર્ય માટે કોનો કોનો સહયોગ મેળવ્યો? વિદ્યાર્થીઓને તથા તમને કેવી કેવી મુશ્કેલીઓ પડી? તેના નિરાકરણ માટે ક્યા ક્યા પ્રયાસ કર્યા? વગેરેની નોંધ અહીં લખવી.)<br>• એકમ કસોટી બુક વિદ્યાર્થીઓને પહોંચાડવા અને પરત લેવા શક્ય એટલા વિદ્યાર્થીઓને રૂબરૂ આપ લે કરી, બાકી રહેતા વિદ્યાર્થીઓ કે જેમના ઘર ખુબ દુર છે તેમના માટે દૂધ ડેરીમાં દૂધ ભરવાના સમયે હાજર રહી પ્રશ્નપત્રો પહોંચાડ્યા, ગામની દુકાનો, SMC કમિટી, MDM સંચાલક અને ભુતપૂર્વ વિદ્યાર્થીઓનો પણ આપ લે માટે સહકાર મેળવ્યો.<br>• ઘર આંગણાની શાળા અને શેરી શાળામાં શિક્ષકના પરીક્ષણ હેઠળ તેમજ અપવાદરૂપ અમુક સંજોગોમાં વાલીના પરીક્ષણ હેઠળ એકમ કસોટી લખાવવામાં આવી.<br>• એકમ કસોટી અંતર્ગત લખવાની થતી માહિતી જેમકે તારીખ, વિષય, ક્રમ વગેરે વિગતો ભરવી, પ્રશ્નનું બરાબર વાંચન કરી સમજીને પછીજ |

| | |
|---|---|
| | ઉત્તર લખવા કોઈ પ્રશ્ન ન સમજાય તો વિના સંકોચે જે-તે મુંઝવણ અંગેશિક્ષકશ્રીનું માર્ગદર્શન લેવું.<br>• સુવાચ્ય અક્ષરે લખાણ લખવું, છેકછાક કરવી નહીં, ચોરી કરવી નહીં, કૉપીકરવી નહીં જેવી સુચનાઓ અને માર્ગદર્શન પૂરું પાડયું.<br>• વિધાર્થીઓ અભ્યાસક્રમનું શિક્ષણ શાળામાં જેટલું મેળવે તે સિવાય ના અન્ય કોઈ પણ માધ્યમથી મેળવી શકતા નથી જે વાસ્તવિકતાથી આપણે સૌ વાકેફ છીએ જેથી વિધાર્થીઓને ઉત્તર આપવામાં ઘણી જ મુશ્કેલી નડતી. જેના નિરાકરણ માટે શાળા સમય કરતાં વધું બે કલાકનો સમય શેરી શાળા અને ઘર આંગણે શાળા માટે ફાળવ્યો.<br>• રજાના દિવસોમાં અને રવિવારે પણ શેરી શાળા શરૂ રાખી.<br>• **ઘરે શીખીએ પુસ્તિકાઓ:** (વિધાર્થીઓને કેવી રીતે પહોંચાડી અને પરત લીધી ? કેવી રીતે લખાવી? શું શું માર્ગદર્શન આપ્યું? આ કાર્ય માટે કોનો કોનો સહયોગ મેળવ્યો? વિધાર્થીઓને તથા તમને કેવી કેવી મુશ્કેલીઓ પડી? તેના નીરાકરણ માટે ક્યા ક્યા પ્રયાસ કર્યા? વેગેરેની નોંધ અહીં લખવી.)<br>• ઘરે શીખીએ પુસ્તિકાઓ પહોંચાડવા દરેક વિધાર્થી ને ઘર આંગણાની શાળા અને શેરી શાળામાં જ રૂબરૂ આપવામાં આવતી.<br>• તમામ વિધાર્થીઓને ઘર આંગણાની શાળા અને શેરી શાળામાં શિક્ષક દ્વારા પ્રત્યક્ષ માર્ગદર્શન આપીને લખાવવામાં આવી.<br>• દરેક પાના ઉપર આપેલ પ્રવૃત્તિઓ અને વિગતોની સમજ આપી વિધાર્થીને જ્યાં જ્યાં મુંઝવણ કે મુશ્કેલી પડે ત્યાં શિક્ષક નું માર્ગદર્શન આપવામાં આવ્યું.<br>• શિક્ષક, સહપાઠીઓ, વાલી, વિધાર્થીઓના મોટાભાઈ, ભાડુંનો સહયોગ મેળવ્યો.<br>• ગરીબ વિધાર્થીઓ માટે ઘરે શીખીએ પુસ્તિકાઓમાં આપેલ પ્રવૃત્તિઓ માટે ની સ્ટેશનરી અને સામગ્રીનો અભાવ માટે સ્વખર્ચે વિધાર્થીઓને ઘરે શીખીએ પુસ્તિકાની પ્રવૃત્તિઓ માટે સ્ટેશનથી અને સામગ્રી પુરી પાડી તેમજ અન્ય સામગ્રી માટે ઘરમાં ઉપલબ્ધ વસ્તુઓનો ઉપયોગ કરતાં શીખવ્યું<br>• શાળા બંધ હોવાથી વિધાર્થીઓનું ઘરકામ અને આર્થિક ઉપાર્જનમાં જોડાઈ જવું જેથી શિક્ષણ પ્રત્યે વાલી,વિધાર્થીઓની નિરસતા કે નિષ્ક્રિયતા જોવા મળી. ઘરકામ અને આર્થિક ઉપાર્જનમાં જોડાયેલ બાળકોના વાલીઓને શિક્ષણનું મહત્વ સમજાવ્યું અને બાળકોને |

| | |
|---|---|
| | નિયમિત ઘર આંગણાની શાળા અને શેરી શાળામાં મોકલવા સમજાવ્યા. પ્રવૃતિ દ્વારા આનંદદાયી શિક્ષણકાર્ય દ્વારા નિરસતા નિષ્ક્રિયતા દુર કરી બાળકોને ફરી શિક્ષણમય બનાવ્યા.<br>• **વર્ગદર્પણ** (વિધાર્થીઓને કેવી રીતે પહોંચાડ્યા અને પરત લીધા ? વિધાર્થી વાલી સાથે પ્રત્યાયનમાં / તેમનો સંપર્ક જાળવી રાખવામા કેવી રીતે ઉપયોગી થયા? વર્ગદર્પણ મારફતે શું શું માર્ગદર્શન આપ્યું? આ કાર્ય માટે કોનો કોનો સહયોગ મેળવ્યો? કઇ કઇ મુશ્કેલીઓ પડી? તેના નિરાકરણ માટે શું પ્રયાસ કર્યા? વગેરેની નોંધ અહીં લખવી.)<br>• વર્ગદર્પણ દરેક વિધાર્થીને ઘરે ઘરે જઇને પહોંચાડ્યા.<br>• પરત લેવા વિધાર્થીઓના ઘરની નજીક આવેલી દુકાને જમા કરાવવાની વ્યવસ્થા ગોઠવી.<br>• દરેક વિધાર્થી, વાલીનો સંપર્ક કરી વર્ગદર્પણમા લખવાની થતી વિગતો જેવીકે વિધાર્થી પરીચય માટે માહિતી મેળવી બાળકોને સ્વહસ્તાક્ષરે લેખન કરાવ્યું. SMC કમિટીની નોંધ, સમયપત્રકની નોંધ, એકમ કસોટીના ગુણાંકન વગેરે માહિતીની વિગતો શિક્ષક દ્વારા આપવામાં આવી. અન્ય વિગતો બાળકોને જાતે લખવા માર્ગદર્શન આપવામાં આવ્યું.<br>• વિધાર્થીઓ, વાલી, દુકાનદારોનો સહયોગ મેળવ્યો.<br>• વિધાર્થીઓને માહિતી લખવા માટે નિરસતા શાળા સમય માં જ બાળકો નો સંપર્ક કરતાં બાળકો ઘરે ના હોય. યોગ્ય અને સાચી માહિતી ના મળવી જેવી મુશ્કેલી પડી.<br>• દરેક બાળક ને છુટાછવાયા ઘરોમાં ઘરે ઘરે જઇને વ્યક્તિગત સંપર્ક કરી માહીતી ના લેખન માટે શાળા સમય કરતાં પણ બે- બે કલાક નો વધુ સમય ફાળવી વર્ગદર્પણનુ કાર્ય કરાવવામાં આવ્યું.<br>• વર્ગદર્પણના પ્રથમ પેજ પર શિક્ષકશ્રીનો ફોન નંબર આપવામાં આપવામાં આવ્યો. જેથી વિધાર્થીઓ/ વાલીઓ કોઇ પણ સમયે ફોન પર માર્ગદર્શન મેળવી શકે.<br>• **પરિવારનો માળો, સલામત અને હૂંફાળો** (આ કાર્યક્રમ બાબતે વિધાર્થીઓમાં જાગૃતિ કઇ રીતે લાવ્યા? "વિધાર્થીએ કાર્યક્રમ નિહાળ્યો/ પ્રવૃતિઓ કરી કે નહીં?" વગેરે બાબની જાણકારી માટે આપે શું કર્યું? વિધાર્થીઓને શું માર્ગદર્શન આપ્યું? આ કાર્ય માટે કોનો કોનો સહયોગ મેળવ્યો? કઇ કઇ મુશ્કેલીઓ પડી? તેના નિરાકરણ માટે શું પ્રયાસ કર્યા? વગેરેની નોંધ અહીં લખવી.) |

| | |
|---|---|
| | • ગામમાં ટેકનોલોજીનો અભાવ છે. કોઇ જ વિધાર્થીઓ કે વાલીઓ પાસે સ્માર્ટફોન કે ટેલીવીઝનની સુવિધા નથી. તેમ છતાં શિક્ષકોના સ્માર્ટફોન અને શાળાના ટેબ્લેટનો ઉપયોગ દ્વારા ઘર આંગણાની શાળા અને શેરી શાળામાં આ કાર્યક્રમને બાળકો નિહાળી શકે તે માટે ઉપયોગ કર્યો. જે બાળકો એ કાર્યક્રમ નિહાળ્યા તેમણે પ્રવૃત્તિ ઓ કરી છે જે અંગે વાલીઓ પાસેથી માહિતી મેળવી. વિધાર્થીઓને રમત, પ્રવૃત્તિ, બાળ વાર્તાઓ, જંતર મંતર, ગીત વગેરે માટે પ્રેરણા આપી.<br>• રોજગાર અર્થે બહાર ગયેલા ભુતપૂર્વ વિધાર્થીઓ જેલોકડાઉન સમયે વતન પરત આવેલા એમને સ્વયંસેવક તરીકે જોડી એમના સ્માર્ટફોનનો ઉપયોગ આ કાર્યક્રમ બાળકો નિહાળી શકે તે માટે પ્રેરિત કર્યા.<br>• મારો એક જુનો સ્માર્ટફોન પણ આ કાર્યક્રમના ઉપયોગમાં લીધો.<br>• ગામની ભૌગોલિક સ્થિતિને કારણે નેટવર્ક પ્રોબ્લેમ પણ સર્જાતો. સ્વયંસેવકના સ્માર્ટફોન ના નેટ બેલેન્સનો પણ પ્રોબ્લેમ હતો. પ્રવૃતિ માટેના રોમટિરિયલ્સનો પણ પ્રશ્ન, નિરક્ષર વાલી અને નાના ધોરણના વિધાર્થીઓ હોવાથી સ્માર્ટફોન ઑપરેટ કરતાં પણ આવડતું નહીં. જે માટે સ્વયંસેવકોના સ્માર્ટફોનમાં સ્વખર્ચે નેટનું બેલેન્સ કરવાની જોગવાઇ કરી. પ્રવૃતિ માટેનું રોમટિરિયલ્સ સ્વખર્ચે પુરૂ પાડ્યું. શાળા સમય કરતાં પણ બે -બે કલાકનો વધુ સમય ફાળવ્યો. રજા કે રવિવારના દિવસોમાં પણ વિધાર્થીઓ વાલીઓની રૂબરૂ મુલાકાત કરી. સ્માર્ટફોન ઑપરેટ કરતાં શીખવ્યું.<br>• **SSA ની વેબસાઇટ પર આપવામાં આવતું સાપ્તાહિક આયોજન** (કાર્યક્રમ બાબતે વિધાર્થીઓમાં જાગૃતિ કઇ રીતે લાવ્યા ? "વિધાર્થીએ કાર્યક્રમ નિહાળ્યો/ પ્રવૃતિઓ કરી કે નહીં?"- વગેરે બાબતની જાણકારી માટે આપે શું કર્યું? વિધાર્થીઓને શું માર્ગદર્શન આપ્યું? આ કાર્ય માટે કોનો કોનો સહયોગ મેળવ્યો/ વિધાર્થીઓને તથા તમને કેવી કેવી મુશ્કેલીઓ પડી? તેના નિરાકરણ માટે ક્યા ક્યા પ્રયાસ કર્યા/ સાપ્તાહિક આયોજન અને તેમાં મુકાયેલા વિડીયો તથા કન્ટેન્ટના કારણે શું શું ફાયદા થયા - આ તમામ બાબતોની નોંધ અહીં લખવી.)<br>• ગામમાં એકપણ વાલી કે વિધાર્થીઓ પાસે સ્માર્ટફોન કે ટેલીવીઝનની સુવિધા નથી, જેથી શિક્ષકના સ્માર્ટફોન અને શાળાના ટેબ્લેટ દ્વારા શક્ય એટલા વિધાર્થીઓને આ કાર્યક્રમમાં જોડવાનો પ્રયત્ન કરીને |

| | |
|---|---|
| | प्रवृत्ति माटे करवा माटे प्रेरित कर्या. विद्यार्थीओ विषय वस्तु समजी शीखी शक्या.<br>• **डी.डी. गिरनार पर प्रसारीत थता शैक्षणिक कार्यक्रमो** (विद्यार्थीओने समयपत्रक केवी रीते पहोचाड्युं? कार्यक्रम बाबते विद्यार्थीओमां जागृति कइ रीते लाव्या ? विद्यार्थीओए कार्यक्रम निहालव्यो/ प्रवृतिओ करी के नहीं?'- वगेरे बाबतनी जाणकारी माटे आपे शुं कर्युं? जो विद्यार्थीओए कार्यक्रम निहाळ्यो तो, "तेओने तेमां कइ बाबतनी समज न पडी अथवा कन्टेन्टमां मुश्केली पडी?" वगेर बाबतोनी जाणकारी तथा फ़ोलोअप माटे आपे शुं कर्युं? विद्यार्थीओने शुं मार्गदर्शन आप्युं?, जे विद्यार्थीओना घरे टी.वी. नथी अथवा अन्य कोई डिजिटल माध्यम नथी तेओने केवी रीते जोड्या?" आ तमाम कार्य माटे कोनो कोनो सहयोग मेळव्यो? आ कार्यमां पडेल मुश्केलीओना निराकरण माटे आपे क्या क्या प्रयास कर्या? डी.डी. गिरनार पर प्रसारित थतां शैक्षणिक कार्यकरमना कारणे शुं शुं फ़ायदा थया?- आ तमाम बाबतोनी नोंध अहीं लखवी.)<br>• समयपत्रकनी ઝेरोक्ष कोपी दरेक विद्यार्थीने घर आंगणानी शाळा अने शेरी शाळामां रूबरू आपी. गाममा एकपण टेलिविઝन नथी. मारा घरनुं जुनुं टेलिविઝन एक वालीना घरे आप्युं जेथी नजीकना विद्यार्थीओ शैक्षणिक कार्यक्रमो निहाळी शक्या पण थोडा समय बाद जाणवा मळ्युं के टेलीवीઝननो शैक्षणिक कार्य माटे ओछो उपयोग अने अन्य कार्यक्रमो माटे वधु उपयोग थवा लाग्यो. टी.वी.ना दुरूपयोग अंगे पण जे-ते वालीने समजावी शैक्षणिक कार्य माटे ज खास उपयोग करवा जणाव्युं.<br>• गरीब वाली माटे टी.वी., लाइटबील माटे पण प्रश्न हतो जे माटे में मारा स्वखर्चे लाईट बिल भरवानी जवाबदारी लीधी.<br>• डी.डी. गिरनार ना शैक्षणिक कार्यक्रमोना कारणे बाळको घरे ज टी.वी. माध्यमथी विषय वस्तुनुं शिक्षण मेळवी शक्या.<br>• **वंदे गुजरात (बायसेग) पर प्रसारित थतां शैक्षणिक कार्यक्रमो** (विद्यार्थीओने समयपत्रक केवी रीते पहोचाड्युं? कार्यक्रम बाबते विद्यार्थीओमां जागृति कइ रीते लाव्या ? विद्यार्थीओए कार्यक्रम निहालव्यो/ प्रवृतिओ करी के नहीं?'- वगेरे बाबतनी जाणकारी माटे आपे शुं कर्युं? जो विद्यार्थीओए कार्यक्रम निहाळ्यो तो, "तेओने तेमां कइ बाबतनी समज न पडी अथवा कन्टेन्टमां मुश्केली पडी?" वगेर |

| | |
|---|---|
| | બાબતોની જાણકારી તથા ફોલોઅપ માટે આપે શું કર્યું? વિધાર્થીઓને શું માર્ગદર્શન આપ્યું? "જે વિધાર્થીઓના ઘરે ટી.વી. નથી અથવા અન્ય કોઈ ડિજિટલ માધ્યમ નથી - તેઓને કેવી રીતે જોડ્યા?" આ તમામ કાર્ય માટે કોનો કોનો સહયોગ મેળવ્યો? આ કાર્યમાં પડેલ મુશ્કેલીઓના નિરાકરણ માટે આપે ક્યા ક્યા પ્રયાસ કર્યા? ડી.ડી. ગિરનાર પર પ્રસારિત થતાં શૈક્ષણિક કાર્યકરમના કારણે શું શું ફાયદા થયા?- આ તમામ બાબતોની નોંધ અહીં લખવી.)<br>• સમયપત્રકની ઝેરોક્ષ કોપી દરેક વિધાર્થીને ઘર આંગણાની શાળા અને શેરી શાળામાં રૂબરૂ આપી. ગામમા એકપણ ટેલિવિઝન નથી. મારા ઘરનું જુનું ટેલિવિઝન એક વાલીના ઘરે આપ્યું જેથી નજીકના વિધાર્થીઓ શૈક્ષણિક કાર્યક્રમો નિહાળી શક્યા પણ થોડા સમય બાદ જાણવા મળ્યું કે ટેલીવીઝનનો શૈક્ષણિક કાર્ય માટે ઓછો ઉપયોગ અને અન્ય કાર્યક્રમો માટે વધુ ઉપયોગ થવા લાગ્યો. ટી.વી.ના દુરૂપયોગ અંગે પણ જે-તે વાલીને સમજાવી શૈક્ષણિક કાર્ય માટે જ ખાસ ઉપયોગ કરવા જણાવ્યું.<br>• ગરીબ વાલી માટે ટી.વી., લાઇટબીલ માટે પણ પ્રશ્ન હતો જે માટે મેં મારા સ્વખર્ચે લાઇટ બિલ ભરવાની જવાબદારી લીધી.<br>• ડી.ડી. ગિરનાર ના શૈક્ષણિક કાર્યક્રમોના કારણે બાળકો ઘરે જ ટી.વી. માધ્યમથી વિષય વસ્તુનું શિક્ષણ મેળવી શક્યા.<br>• **WhatsApp ટેસ્ટ (ધોરણ 3 થી 5 અને ધોરણ 6 થી 8)** (વિધાર્થીઓને કેવી રીતે એડ કર્યા? વધુમાં વધુ વિધાર્થી ટેસ્ટ આપે તથા તેની જાગૃતિ / જાણકારી માટે આપે શું પ્રયાસ કર્યા? WhatsApp ટેસ્ટથી શું ફાયદો થયો વગેરેની વિગતો અહીં નોંધાવી.)<br>• સ્માર્ટફોન કોઇ પણ વિધાર્થીઓ કે વાલીઓ પાસે નથી, જેથી શિક્ષકના સ્માર્ટફોન અને શાળા ટેબ્લેટનો ઉપયોગ કરી શિક્ષકની રૂબરૂમાં શક્ય એટલા વિધાર્થીઓને વૉટ્સએપ ટેસ્ટ અપાવ્યા.<br>• વિધાર્થીઓની શૈક્ષણિક પ્રગતિ જાણી શકાઇ.<br>• **Microsoft teams, google meet, Jio meet, zoom app વગેરેના માધ્યમથી હાથ ધરેલ વર્ચ્યુઅલ શિક્ષણ**<br>• ગામમાં એકપણ વિધાર્થીકે વાલી પાસે સ્માર્ટફોન નથી. મારાએક જુના સ્માર્ટફોનનો વિધાર્થીઓને શૈક્ષણિક કાર્ય માટે ઉપયોગ કરવા આપેલ તેમજ ભુતપૂર્વ વિધાર્થીઓના સ્માર્ટફોનનો શાળાના વિધાર્થીઓ શૈક્ષણિક કાર્ય માટે ઉપયોગ કરી શકે તે માટે સ્વયંસેવક તરીકેની |

| | |
|---|---|
| | જવાબદારી સોંપી. આમ ત્રણ જેટલા સ્માર્ટફોનનો ઉપયોગ કરી Microsoft teams દ્વારા શિક્ષણ આપવાનો પ્રયત્ન કર્યો.<br>• નેટવર્કનો પણ પ્રોબ્લેમ સર્જાતો હતો અને સ્માર્ટફોન ઑપરેટ કરવામાં પણ વિદ્યાર્થીઓને મુશ્કેલી નડતી હતી જે અંગે પ્રત્યક્ષ પ્રાયોગિક માર્ગદર્શન આપવામાં આવ્યું.<br>• **શેરીવર્ગ / ફળિયાશિક્ષણઃ** કોરોના મહામારીમાં શાળાઓ બંધ હોઈ ટેકનોલોજીના માધ્યમથી વિદ્યાર્થીઓને ઓનલાઇન શિક્ષણ આપવાનું હતું. પરંતુ ગામમાં ટેકનોલોજી અને સંદેશાવ્યવહારનો બિલકુલ અભાવ હોય વિદ્યાર્થીઓ અને વાલીઓ નો રૂબરૂ સંપર્ક એજ એક વિકલ્પ હતો.<br>• વિદ્યાર્થીઓની મનોસામાજિક માવજત, બીક, તેમને મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ વગેરે જેવી બાબતો માટે સરકારશ્રીની ગાઈડલાઈનના પાલન સાથે દરેક વાલીઓ અને વિદ્યાર્થીઓનો સંપર્ક કર્યો.<br>• કોરોના રોગ વિશે માહિતગાર કરી કોરોના સંક્રમણના કારણો અને કોરોનાથી બચવાના ઉપાયો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.<br>• દરેક વાલીઓને પોતાના બાળકને સરકારશ્રી ની ગાઈડલાઈનના પાલન સાથે નિયમિત રીતે શેરી શાળામાં મોકલવા સમજાવ્યા.<br>• વાલીઓની સંમતિથી વિદ્યાર્થીઓને ઘરે ઘરે જઇને શિક્ષણ આપવાનો નવતર પ્રયોગ શરૂ કર્યો. જે અરવલ્લી જિલ્લાની ઘર આંગણાની શેરી શાળાની પહેલ હતી. જેને અખબાર દ્વારા પ્રસિદ્ધિ મળી જેના કારણે અનેક શિક્ષકોને ઘરે ઘરે જઇને વિદ્યાર્થીઓને શિક્ષણ આપવા માટે પ્રોત્સાહિત કરવા પ્રેરણા મળી.<br>• **શેરી શાળામાં પડેલી મુશ્કેલીઓઃ** શાળાની કેટલીક ભૌતિક સુવિધાનો અભાવ જેવીકે.  પાથરણાં, ડેક્સ, પંખા, ખુલ્લી જગ્યા, પીવાનુ પાણી, શૌચાલય, મ.ભો.યોજના, બ્લેકબોર્ડ, શાળાનું શાંતિમય વાતાવરણ, સ્વચ્છતા વગેરે ની દુવિધા.<br>• વિદ્યાર્થીઓનું પણ શાળા બંધ હોવાથી ઘરકામ અને આર્થિક ઉપાર્જનમાં જોડાઈ જવું. જેથી વાલીઓ અને વિદ્યાર્થીઓ શિક્ષણ પ્રત્યે નિરસ અને નિષ્ક્રિય બન્યા.<br>• ગરીબ વિદ્યાર્થીઓ માટે શિક્ષણ સામગ્રીનો અભાવ<br>• ગામના કોઈ પણ સ્થળે શેરી શાળા ચલાવીએ પણ દરેક સ્થળે બકરાં, મરઘાં,માખી મચ્છરોનો ઉપદ્રવ જેવી અનેક મુશ્કેલી નડતરરૂપ હતી. |

| | |
|---|---|
| | • **શેરી શાળામાં પડેલી મુશ્કેલી નું નિવારણઃ** શાળાના પાથરણાં, ડેક્સ, બ્લેકબોર્ડ શેરી શાળામાં લઈ જવામાં આવ્યા.<br>• પીવાના પાણી માટે માટલાં ની વ્યવસ્થા કરી.<br>• વિધાર્થીઓમાટે મારા ઘરેથી દરરોજ પૌષ્ટિક નાસ્તો લાવીને આપવાની વ્યવસ્થા કરી.<br>• જે ઘરે શેરી શાળા ચલાવવામાં આવે તે ઘરના તમામ સભ્યોને ઓછો કોલાહલ કરી શાન્તિ જાળવવા મદદરૂપ થવા વિનંતી રૂપે સમજાવવામાં આવ્યું.<br>• ઘરકામ અને આર્થિક ઉપાર્જનમાં જોડાઇ ગયેલા વિધાર્થીઓના વાલીઓને શેરી શિક્ષણનું મહત્વ સમજાવ્યું અને વિધાર્થીઓ ને પુનઃ શિક્ષણ સાથે જોડવા પ્રયત્ન કર્યો.<br>• દરેક વિધાર્થીને સ્વખર્ચે શૈક્ષણિક સામગ્રી પુરી પાડવામાં આવી.<br>• શેરી શાળાની જગ્યાએ જાતે જ સફાઇ કરી જગ્યાને સાફ સુથરી બનાવી.<br>• બકરાં, મરઘાંને દુર કરવા ખાટલાની આડશ કરી<br>• માખી મચ્છરોનો ઉપદ્રવ દુર કરવા જવાનો છંટકાવ કરવામાં આવ્યો.<br>• **શેરી શાળાના ફાયદાઃ** વિધાર્થીઓનો ડ્રોપ આઉટ દર શૂન્ય રહ્યો.<br>• વિધાર્થીઓ અને વાલીઓ કોરોના ગાઈડલાઈનનું પાલન કરતા થયા.<br>• વિધાર્થીઓ શિક્ષણ કાર્ય સાથે જોડાઇ રહ્યા.<br>• વિધાર્થીઓને કટોકટીના સમયમાં શિક્ષકના પ્રેમ અને હૂંફ મળી. તેમને મુંઝવતા પ્રશ્નો નું નિરાકરણ થયું.<br>• વિધાર્થીઓ નવીનતમ પ્રવૃત્તિ કરતાં થયાં.<br>• શિક્ષકને નવતર પ્રયોગો કરવાની તક મળી.<br>• વિધાર્થીઓ એકમ કસોટી, ઘરે શીખીએ પુસ્તિકાઓ, દર્પણ ડાયરી ના કાર્ય સરળતાથી કરી શક્યા.<br>• શિક્ષક અને વાલીઓ વચ્ચેની આત્મીયતા ગાઢ બની.<br>• વાલીઓની નજર સમક્ષ શિક્ષણ આપવામાં આવતું હોવાથી સરકારી શાળાના શિક્ષણકાર્યને નિહાળવાનો પ્રત્યક્ષ અનુભવ મળ્યો જેથી સરકારી શાળાનું મહત્વ સમજાયું.<br>• **શેરી શાળા માટે મળેલ સહયોગઃ** એસ.એમ.સી.કમિટિ, વાલીઓ, ગ્રામજનો અને વિધાર્થીઓનો સહયોગ મળ્યો.<br>• **શાળાની પોતાની YouTube ચેનલ, YouTube પરની શૈક્ષણિક સામગ્રીનો ઉપયોગઃ-** You Tube ચેનલ પર શાળાના શૈક્ષણિક |

કાર્યના વિડીયો મુકેલા છે તેમજ શૈક્ષણિક ઇનોવેશનના વિડીયો મુકેલા You Tube પર ની અન્ય શૈક્ષણિક સામગ્રી નો ઉપયોગ શાળાના બાળકો માટે કરવામાં આવ્યો.

- **દીક્ષા એપ:** દીક્ષા એપ દ્વારા શિક્ષક સજ્જતા માટે ની તમામ તાલીમ લીધેલ છે
- **ઓનલાઈન ક્વિઝ:-** વૉટ્સએપ માધ્યમ દ્વારા ઓનલાઇન ક્વિઝમાં ભાગ લીધેલ છે.
- **વિધાર્થી / વાલીની રૂબરૂ મુલાકાત:** કોરોના મહામારીમાં શાળાઓ બંધ હોઈ ટેકનોલોજીના માધ્યમથી વિધાર્થીઓને ઓનલાઇન શિક્ષણ આપવાનું હતું, પરંતુ ગામમાં એકપણ વાલી કે વિધાર્થીઓ પાસે સ્માર્ટફોન કે ટેલીવીઝનની સુવિધા ઉપલબ્ધ નથી. જેથી ઘરે ઘરે જઈને વાલીઓ અને વિધાર્થીઓની રૂબરૂ મુલાકાત કરી. કોરોના રોગ વિશે માહિતગાર કર્યા અને કોરોના સંક્રમણના કારણો અને કોરોનાથી બચવાના ઉપાયો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.
- સરકારશ્રીની ગાઈડલાઈનના પાલન સાથે વિધાર્થીઓને શેરી શાળામાં મોકલવા સંમતિ મેળવી.
- શિક્ષક દ્વારા પ્રત્યક્ષ આપવામાં આવતા શિક્ષણ અને ગૃહકાર્ય માટે કાળજી લેવા જણાવ્યું.
- શેરી શાળાના સમયપત્રક અને આયોજનથી બાળકોને વાકેફ કર્યા.
- ટેકનોલોજીના માધ્યમથી પણ શૈક્ષણિક કાર્ય શરૂ છે જે અંગે પણ વાકેફ કર્યા. વિધાર્થીઓની શેરી શાળામાં દરરોજ રૂબરૂ મુલાકાત થતી.
- **વિધાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના મૂલ્યાંકન શિક્ષકે કરેલ વિશેષ પ્રયાસોની નોંધ** શેરી શાળામાં શિક્ષક દ્વારા પ્રત્યક્ષ આપવામાં આવતા શિક્ષણના મુલ્યાંકન માટે શૈક્ષણિક મુલ્યાંકન શીટ સ્વહસ્તાક્ષરે તૈયાર કરી એની ઝેરોક્ષ કોપી કરીને દરેક વિધાર્થીને વ્યક્તિગત આપી હતી જે અંતર્ગત બાળકોના શૈક્ષણિક સિદ્ધિના મુલ્યાંકનની ચકાસણી કરેલ છે જેના દ્વારા વિધાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ જાણી શકાઈ.
- **વિધાર્થીઓને કોઈપણ માધ્યમથી નિયમિત ગૃહકાર્ય આપવામાં આવતું હોય અને તેની ચકાસણી થતી હોય તો તે માટે આપે ક્યો પ્રયોગ કર્યો અને કેવી રીતે સફળતા મેળવી તે અંગેની નોંધ:** શેરી શાળામાં શિક્ષક દ્વારા વિષય વસ્તુ અંતર્ગત ગૃહકાર્ય આપવામા આવતું જેના લેખન માટે દરેક વિધાર્થીને નોટબુક પેન, પેન્સિલ વગેરે જેવી

| | |
|---|---|
| | સ્ટેશનરી સ્વખર્ચે પુરી પાડવામાં આવી જેથી વિધાર્થીઓ આપેલ ગૃહકાર્યની નિયમિત નોંધ કરી. જેની શેરી શાળામાં શિક્ષક દ્વારા ગૃહકાર્યની નિયમિત ચકાસણી કરવામાં આવતી.<br>• હરતું ફરતું ગૃહકાર્ય શીર્ષક હેઠળના ઈનોવેશનનું આયોજન કરી અમલીકરણ કરવામાં આવ્યું.<br>• કાંકરાથી શીખીએ શીર્ષક હેઠળના ઈનોવેશનનું આયોજન કરી તેનો અમલ કરવામાં આવ્યો. જેમાં વાલીઓ દ્વારા ગૃહકાર્ય ની પ્રવૃતિ આપી.<br>• **વિધાર્થીઓને વિષયવસ્તુ શીખવવા માટે આપે અન્ય કોઈ વિશિષ્ટ પ્રયોગ કર્યો હોય તે અંગેની નોંધઃ** હરતું ફરતું ગૃહકાર્ય શીર્ષક હેઠળના ઈનોવેશનનું આયોજન કરી અમલ કરવામાં આવ્યો. જેમાં શેરી શાળામાં રિશેષ સમયે વિધાર્થીઓના ઘરની દિવાલો પર અંકજ્ઞાન માટે ચડતો ઉતરતો ક્રમ, પહેલા-વચ્ચે, પછી આવતી સંખ્યા, ઘડિયા, મુળાક્ષર વગેરેનું લખાણ કરવામાં આવ્યું. જેથી વિધાર્થીઓની આવતા જતા આ લખાણ પર નજર પડે અને સરળતાથી શીખી શકે એ હેતુથી આ ઈનોવેશનનું આયોજન કરવામાં આવ્યું. આ ઇનોવેશનને અખબાર દ્વારા પ્રસિદ્ધિ મળી જેના કારણે અનેક શિક્ષકોને નવતર પ્રયોગની પ્રેરણા મળી.<br>• કાંકરાથી શીખીએ શીર્ષક હેઠળના ઈનોવેશનનું આયોજન કરી અમલ કરવામાં આવ્યો. જેમાં વાલીઓને પોતાના ઘરની ઓસરીના લીંપણમાં શિક્ષક દ્વારા ચોકથી અંક અને મુળાક્ષરોનું ચિત્રાંકન કરી આપવામાં આવ્યું હતું. વિધાર્થીઓને મહાવરો અને દૃઢીકરણ માટે વારંવાર કાંકરાના ઉપયોગથી મુળાક્ષર અને અંક પર કાંકરાની ગોઠવણી કરવાની પ્રવૃત્તિ આપી. વિધાર્થીઓ ઝડપથી મુળાક્ષર અને અંકને ઓળખતા અને લખતા થાય એ હેતુથી આ ઈનોવેશનની પ્રવૃત્તિ આપવામાં આવી.<br>• ગૃહકાર્ય અને વિષય વસ્તુના લેખન માટે નોટબુક, પેન, પેન્સિલ, કલર, શાર્પનર, રબર જેવી સ્ટેશનરી સ્વખર્ચે પુરી પાડી જેના કારણે બાળકો વિષય વસ્તુ શિક્ષણનું લેખન કરતાં થયાં.<br>• **વિધાર્થીઓને વિષયવસ્તુ શીખવવા માટે આપે અન્ય કોઈ વિશિષ્ટ પ્રયોગ કર્યો હોય તે અંગેની નોંધઃ** પત્તે પે પત્તા શીર્ષક હેઠળના ઈનોવેશનનું આયોજન કરી અમલ કરવામાં આવ્યો. જેમાં વિધાર્થીઓ સ્વપ્રયત્ને ગોખણપટ્ટી વિના મુળાક્ષર, શબ્દો, વાક્યો, પાયાનું વ્યાકરણ, એબીસીડી, સ્પેલીન્ગ વગેરે સરળતાથી શીખી શકે |

| | |
|---|---|
| | છે. લોકડાઉન સમયમાં વિધાર્થીઓએ આ પ્રવૃત્તિ દ્વારા 2500 થી વધારે કાર્ડ પત્તા બનાવેલ છે. કાર્ડ, પત્તા બનાવવા માટેનું રોમટિરિયલ્સ સ્વખર્ચે પુરૂ પાડવામાં આવેલ છે.<br>• પસ્તીનાં રમકડાં શીર્ષક હેઠળના ઇનોવેશન નું આયોજન કરી અમલ કરવામાં આવ્યો. જેમાં ધોરણ એક અને બે ના વિધાર્થીઓ માટે પર્યાવરણ, ગણિત અને ભાષાની અનેક અધ્યયનનિષ્પતિઓ સિધ્ધ થાય છે જેમકે પશુ,પંખી, વાહનો, શાકભાજી, ફળ, ફુલ વગેરેની ઓળખ અને વર્ગીકરણ, આકારો, મુળાક્ષરો, એબીસીડી અને અંકનું લેખન, ગણતરી કરવી, સરવાળા, બાદબાકી વગેરે શીખે છે.<br>• **વિધાર્થીઓએ સાથે સંદેશાવ્યવહાર માટે આપે અન્ય કોઈ વિશિષ્ટ પ્રયોગ કર્યો હોય તો તે અંગેની નોંધઃ** એકપણ વાલી કે વિધાર્થીઓ પાસે સ્માર્ટફોન કે ટેલીવીઝન ની સુવિધા ઉપલબ્ધ નથી. ગામ આખું ટેકનોલોજી વિહોણું છે સંદેશાવ્યવહાર માટે મારો પોતાનો એક જુનો સ્માર્ટફોન અને જુનું ટી.વી. વિધાર્થીઓના શૈક્ષણિક કાર્યના ઉપયોગ માટે આપ્યા.<br>• મારા ભુતપૂર્વ વિધાર્થીઓ કે જે રોજગાર અર્થે શહેરમાં રહેતા હતા તેઓ લોકડાઉન સમયમાં વતન પરત આવેલા એમની પાસે ના સ્માર્ટફોનનો ગામના વિધાર્થીઓ માટે શિક્ષણ કાર્યમાં ઉપયોગ થાય તે હેતુથી આ ભુતપૂર્વ વિધાર્થીઓને સ્વયંસેવક તરીકે ની જવાબદારી સોંપી. જરૂર જણાયે લેખિત સુચનાઓ રૂપ સંદેશો પહોંચાડવા સુચનપત્ર આપવાની વ્યવસ્થા દુધડેરીના માધ્યમથી કરી.<br>• **વિધાર્થીઓના હોમલર્નિંગ માટે એસ.એમ.સી સભ્યો, સ્વયંસેવકો, ગ્રામપંચાયત અથવા ગામલોકોનો સહયોગ મેળવ્યો હોય તો તે અંગેની વિગતવાર નોંધઃ** એસ.એમ.સી કમિટી દ્વારા વિધાર્થીઓને શેરી શાળામાં નિયમિત મોકલવા અંગે વાલીઓમાં જાગૃતિ લાવવા પ્રેરિત કર્યા.<br>સ્વયંસેવકો દ્વારા શિક્ષણ માટે એમના સ્માર્ટફોનનો ઉપયોગ કરાવવાની જવાબદારી સોંપી સહયોગ મેળવ્યો.<br>• શેરી શાળા ચલાવવા માટે ગામલોકોના ઘરની ઓસરીને ઉપયોગમાં લેવા સહયોગ આપ્યો.<br>• દુકાનદારો અને દુધ ડેરીના કર્મચારીઓના સહયોગથી શૈક્ષણિક મટિરિયલની આપ લે માટે સહકાર મળ્યો. |

| | |
|---|---|
| | • **જે વિદ્યાર્થીઓએ પાસે બિલકુલ ટેક્નોલોજીનો અભાવ છે તેઓના શિક્ષણ માટે આપે કોઈ વિશિષ્ટ પ્રયત્નો કરેલ હોય તો તેની નોંધ:** ઘરે ઘરે જઇને વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાના નવતર પ્રયોગની પહેલ કરી.<br>• ઘર આંગણાની શાળા અને શેરી શાળાનું નિયમિત આયોજન કરવામાં આવ્યું.<br>• ગામમાં છુટાછવાયા ઘરો હોવાથી શેરી શાળા માટે શાળા સમય ઓછો પડતો જેથી બે થી ત્રણ કલાકનો વધુ સમય ફાળવી સમયદાન આપી શેરી શિક્ષણને સફળ બનાવવા માટે પ્રયત્ન કર્યા.<br>• વિદ્યાર્થીઓને શૈક્ષણિક ઈનોવેશન અને અવનવી શૈક્ષણિક પ્રવૃત્તિઓ આપીને શેરી શિક્ષણ રસપ્રદ બનાવ્યું.<br>• શિક્ષકો અને સ્વયંસેવકના સ્માર્ટફોનનો શૈક્ષણિક કાર્ય માટે સહયોગ મેળવ્યો.<br>• પુર્ણ સમયની શેરી શાળામાં રિશેષ પછી પણ સંખ્યા જળવાઈ રહે તે માટે મ.ભો.યો.બંધ હોવાથી ઘરેથી પૌષ્ટિક નાસ્તો આપવાની વ્યવસ્થા કરી જેથી દુર દુર ના છુટાછવાયા ઘરોમાંથી આવતા બાળકો પુર્ણ સમય એકાગ્ર બની શેરી શાળામાં રોકાઈને શિક્ષણ મેળવી શકે.<br>• **GCERT દ્વારા પ્રત્યેક અઠવાડિયે "એક કદમ આગળ" શીર્ષક હેઠળ ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન તેમજ ભાષાના પ્રશ્નો મૂકવામાં આવે છે. જે અન્વયે** એક કદમ આગળના પ્રશ્નોના ઉત્તર આપવામાં ભાગીદારી નોંધાવી હતી.<br>• **હોમલર્નિંગ સંદર્ભે આપનો અભિપ્રાય:** ટેકનોલોજીનો બિલકુલ અભાવ હોય ત્યાં દરેક વિધાર્થી માટે ટેકનોલોજી પુરી પાડવી.<br>• વિધાર્થીઓના બૌધિક વિકાસ માટેની રમતો પ્રવૃત્તિઓ આપવી<br>• શિક્ષિત બેરોજગારોને માનદ વેતન આપી વિધાર્થીઓના શૈક્ષણિક કાર્ય માટે જોડી શકાય જેથી છુટાછવાયા ઘરોમાં રહેતા દરેક વિધાર્થીઓને હોમલર્નિંગ માટે પુરતું માર્ગદર્શન મળી રહે. |
| **અન્ય કામગીરીની વિગત** | • દિક્ષા એપની શિક્ષક સજ્જતાની તાલીમો પુર્ણ કરી.<br>• લોકડાઉન સમયે ઘરકામમાં જોડાઈ જવાથી વિધાર્થીઓ અને ખાસ કરીને દિકરીઓ ડ્રોપઆઉટ ન થાય તે માટે ધોરણ 1 થી 12 સુધી અભ્યાસ કરતા તમામ વિધાર્થીઓ વાલીઓ ની રૂબરૂ મુલાકાત કરી માર્ગદર્શન આપવામાં આવ્યું. |

| | |
|---|---|
| | • મા-દિકરી મિલન જેવા સામાજિક ઈનોવેશન દ્વારા લોકડાઉન સમયમાં દિકરીઓમાં જીવન કૌશલ્યો વિકસાવવા માટેની પ્રવૃત્તિઓની સમજ અને પ્રવૃત્તિ માટેની સામગ્રી આપી. |
| **કાર્યક્રમનું અમલીકરણ** | • તમામ ગ્રામજનોની રૂબરૂ મુલાકાત કરી અફવાઓ દુર કરી કોરોના રોગ અંગે માહિતી આપી.<br>• કોરોનાથી બચવાના ઉપાયો અને સંક્રમિત થવાના કારણો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.<br>• કોવિડ 19 એટલે શું? માસ્ક એટલે શું? સંક્રમિત એટલે શું? જેવા પ્રશ્નો નુ નિરાકરણ કર્યું.<br>• માસ્કનો ઉપયોગ, સેનેટાઇઝરનો ઉપયોગ, સામાજિક અંતર જાળવવું, નાસ લેવો, વારંવાર સાબુથી હાથ ધોવા, અગત્યના કામ સિવાય ઘરની બહાર જવાનું ટાળવું, ઉકાળાનું સેવન કરવું, કોરોનાના લક્ષણો જણાય તો તરત જ નજીક ના PHC સેન્ટરનો સંપર્ક કરી સારવાર લેવી વગેરેની સમજ આપી. |
| **બાળકોનું મુલ્યાંકન** | • એકમ કસોટી, સ્વ અધ્યયન પોથી, ઘરે શીખીએ પુસ્તિકા, પાઠ્યપુસ્તકોના લેખન, નિદાન કસોટી, અધ્યયન નિષ્પત્તિમાં જોવા મળેલ સિદ્ધિ, શેરી શાળામાં નિયમિત અપાતા ગૃહકાર્યની ચકાસણી, એકમ કસોટીઓ ની ચકાસણી, ઉપચારાત્મક શિક્ષણ કાર્ય, શૈક્ષણિક પ્રવૃત્તિઓ, વૉટ્સએપ ટેસ્ટને આધારે મૂલ્યાંકન કાર્ય હાથ ધર્યું.<br>• કચાશ ધરાવતા બાળકો માટે શિક્ષક દ્વારા સ્વ-હસ્તાક્ષરે મુલ્યાંકન શીટ બનાવી એની ઝેરોક્ષ કોપી કરીને દરેક બાળકને આપી જેમાં મેળવેલ શિક્ષણ અંતર્ગત વિધાર્થીઓ દ્વારા લેખન કરાવીને તેની ચકાસણી શિક્ષક દ્વારા કરવામાં આવી અને જે આધારે બાળકોનું શૈક્ષણિક મુલ્યાંકન કરવામાં આવ્યું. |
| **પરિણામ / તારણ** | • કોરોના મહામારીના લોકડાઉન સમયમાં શાળાઓ બંધ હોવા છતાં વિધાર્થીઓ શિક્ષણકાર્ય સાથે જોડાઇ રહ્યા.<br>• અધ્યયન નિષ્પત્તિઓની સિધ્ધિ પ્રાપ્ત કરી.<br>• સ્વાધ્યાયપોથી અને ઘરે શીખીએ પુસ્તિકા, દર્પણ ડાયરીનું કાર્ય કરી શક્યા.<br>• એકમ કસોટી અને નિદાન કસોટી આપી શક્યા.<br>• કોરોના મહામારીની જાગૃતિ અને માર્ગદર્શનથી ભૂતા ગામમાં એકપણ કોરોના પોઝિટિવ કેસ નોંધાયો નથી. |

- **નવતર પ્રયોગના ફોટોગ્રાફ**












**સારણી : 3.23**

**કોયલીયા સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા**

| **શાળાની નવતર પ્રયોગ સંબંધી બાબતો** | |
|---|---|
| શાળાનો વિસ્તાર (ગ્રામ્ય/શહેરી) | ગ્રામ્ય |
| શાળામાં ચાલતા ધોરણ | 1 થી 8 |
| ગામની કુલ વસ્તી | 985 |
| શાળાના કુલ શિક્ષકોની સંખ્યા | 10 |
| બાળકોની કુલ રજીસ્ટર સંખ્યા | 242 |
| તે પૈકી સ્માર્ટફોન / ડિજિટલ મોબાઈલ ધરાવતા વિધાર્થીઓની સંખ્યા | 60 થી 70 |
| સાદાફોન ધરાવતા વિધાર્થીઓની સંખ્યા | 80 થી 90 |
| ટેલીવિઝન ધરાવતા વિધાર્થીઓની સંખ્યા | 30 થી 50 |
| કોઈ માધ્યમ ન હોય તેવા વિધાર્થીઓની સંખ્યા | 50 થી 60 |
| COVID-19 અને પરિસ્થિતી દરમિયાન વિધાર્થીઓના શિક્ષણ તેમજ વિધાર્થી વાલી જાગૃતિ માટે વિશિષ્ટ કામગીરી કરનાર શિક્ષકનું નામ | પંડયા યોગેશકુમાર ગિરધરભાઈ |
| Lock-down ના શરૂઆતના સમયગાળા દરમિયાન ગામની સ્થિતિ | ખરેખર, લોકડાઉન એટલે ગામની સ્થિતિ સુનસાન વેરણ જેવી હતી. આમા કરવુ તો શુ કરવુ, કોઈને પાસે ટી.વી. નહિ. સૌથી મોટો પ્રોબ્લેમ તો નેટવર્ક નો જ, અમારી શાળા ડુંગરના વિસ્તારમાં આવેલી છે. તેના લીધે કવરેજની મોટી સમસ્યા હતી. આ સમય ગરીબ બાળકો હતા. તો આ સમય ખોરાકની મોટી સમસ્યા તો આવામાં વાતની શરૂઆત ક્યાથી કરવી એજ ખબર પડતી ન હતી અને આ સમયે ગામની સ્થિતિ દયનીય હતી. |

| | |
|---|---|
| કોરોના સંદર્ભે જાગૃતિ અને બચાવ માટે કરેલ વિશેષ પ્રયત્નોની નોંધ | હા, જ્યારે પ્રથમ લોકડાઉન વખતે કોઇ શિક્ષક શરૂઆત નહિ કરી. આ સમયે મેં 35 મિનિટના તાસનું આયોજન કરી ઘરે જઇ દરેક બાળકને ન્યાય મળે તેવી સગવડ કરી હતી. મે આ પહેલ કરી થોડા સમય પછી ખરેખર પરિપત્ર જ થયો. |
| હોમલર્નિંગ માટે વિધાર્થીઓને આપેલ માર્ગદર્શન | દરેક બાળકને સપ્તાહીક ગૃહકાર્યની ઝેરોક્ષ આપી અને દરરોજ બે થી ત્રણ વાલીને રૂબરૂ મુલાકાત કરી જરૂર વસ્તુ આપવામાં આવી. |
| એકમ કસોટી | SMC ના સભ્યોની મદદ, બીજા ડ્રાઇવર મિત્રની મદદથી તેમજ પોતે રૂબરૂ જઇ સેનેટાયઝરના ઉપયોગ કરી આ સાહિત્યની વહેંચણી કરવામાં આવી હતી. જે બાળક બહાર ગામ જતુ હતુ તેને એકમ કસોટી લખવામાં સમય લાગતો હતો. |
| ઘરે શીખીએ પુસ્તિકાઓ | |
| વર્ગદર્પણ | |
| પરિવારનો માળો, સલામત અને હૂંફાળો | |
| SSA ની વેબસાઇટ પર આપવામાં આવતું સાપ્તાહિક આયોજન | બાળકોને વ્યકિતગત મોબાઇલમાં બતાવી કાર્યક્રમ વિશે જાગૃતિ લાવવામાં આવી. બાળકોને શરૂઆતમાં થોડું ગમતું ન હતું પણ રમત દ્વારા શીખવામાં આવ્યું તો રસ પડવા લાગ્યો. |
| ડી.ડી. ગિરનાર પર પ્રસારીત થતા શૈક્ષણિક કાર્યક્રમો | રૂબરૂ જઇ તેમજ જેમની પાસે મોબાઇલ હતા તેમણે સેવા કરવાનુ કહી. બીજા બાળકોને પહોંચાડી શકયાં. |
| વંદે ગુજરાત (બાયસેગ) પર પ્રસારિત થતાં શૈક્ષણિક કાર્યક્રમો | કેટલાંક વાલીને લિંક દ્વારા અને કેટલાંકને રૂબરૂ માહિતી આપી. જે બાળકોના ઘરે ટી.વી. ન હતા તેમને આડોશ પડોશમાં જયાં ટી.વી. હતા તેમને ત્યાં ટી.વી. જોવાનુ આયોજન કર્યું. |
| WhatsApp ટેસ્ટ (ધોરણ 3 થી 5 અને ધોરણ 6 થી 8) | સ્વયંસેવકની મદદથી કસોટી લેવામા આવી. |
| Microsoft teams, google meet, Jio meet, zoom app વગેરેના માધ્યમથી હાથ ધરેલ વર્ચ્યુઅલ શિક્ષણ | Microsoft teams ના માધ્યમથી વર્ચ્યુઅલ શિક્ષણ હાથ ધર્યું. |
| શેરીવર્ગ / ફળિયાશિક્ષણ | ફળિયા શિક્ષણ |

| | |
|---|---|
| શાળા કે શિક્ષકની પોતાની YouTube ચેનલ અને શૈક્ષણિક ઉપયોગ | નહીવત |
| Google classroom | હા, જરૂર પડે ત્યા ઉપયોગ કર્યો હતો. |
| WhatsApp / કાઇઝાલા / ટેલિગ્રામ | WhatsApp |
| દીક્ષા એપ | હા. અમુક વિડીયો જોવા માટે દીક્ષા app ખાસ ઉપયોગમાં આવતી હતી. |
| ઓનલાઈન ક્વિઝ | મહદઅંશે |
| વિધાર્થી / વાલીની રૂબરૂ મુલાકાત | વાલીની મુલાકાત. |
| વિધાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના મૂલ્યાંકન શિક્ષકે કરેલ વિશેષ પ્રયાસોની નોંધ | 35 મિનિટના તાસનું આયોજન |
| વિધાર્થીઓને અપાતા ગૃહકાર્ય અને તેની ચકાસણી માટે કરેલ વિશેષ પ્રયત્નો | હા, 80% |
| વિધાર્થીઓને વિષયવસ્તુ શીખવવા હાથ ધરેલ વિશિષ્ટ પ્રયોગની નોંધ | દીવાલ ઉપર લખાણ લખી |
| વિધાર્થીઓને વિષયવસ્તુ શીખવવા માટે આપે અન્ય કોઈ વિશિષ્ટ પ્રયોગ કર્યો હોય તે અંગેની નોંધ | સહપાઠી શિક્ષણ |
| વિધાર્થીઓએ સાથે સંદેશાવ્યવહાર માટે હાથ ધરેલ વિશિષ્ટ પ્રયોગની નોંધ | દિવાળીના તહેવાર ઉપર દિવાળી કાર્ડ લખી. શુભેચ્છા પાઠવી તેમજ તબિયત પૂછી. |
| વિધાર્થીઓના હોમલર્નિંગ માટે મેળવેલ સહયોગની વિગતવાર નોંધ | હા |
| ટેક્નોલોજીનો અભાવ ધરાવતા વિધાર્થીઓએ માટે કરેલ વિશિષ્ટ પ્રયત્નોની નોંધ | તે બાળકોને વ્યકિતગત શિક્ષણ આપી બીજા વિધાર્થીઓ કરતાં વધુ સમય આપી શીખવામાં આવ્યું. |
| GCERT દ્વારા રજૂ થતાં "એક કદમ આગળ" ની પ્રવૃત્તિમાં નોંધાવેલ ભાગીદારીની વિગતો | પ્રશ્નમાં O.M.R. ની રીતથી પૂછી શકાય તો સમયનો બચાવ થાય. |
| NMMS ની પરીક્ષામાં બાળકોએ રજીસ્ટ્રેશન કરેલ છે? | 8 |

| | |
|---|---|
| NMMS ની પરીક્ષામાં કેટલા બાળકોની ફી ભરાઇ અને મંજૂર થઇ? | 8 |
| 'GVS (ગુજરાત વર્ચ્યુઅલ શાળા) અંતર્ગત લાઇવ ક્લાસની લિંક પહોંચાડવા માટે આપેલ કરેલ પ્રયત્નોની વિગત | ના |
| બાળકો આ લિંક આધારિત ક્લાસમાં જોડાય તે માટે અપનાવેલ માધ્યમ અને કરેલ પ્રયત્નોની નોંધ અને તે અંગેના આપના અભિપ્રાયો | ના |
| NMMS અંતર્ગતના મોક ટેસ્ટમાં વધુ વિધાર્થીઓ જોડાય તે માટે આપના વિશિષ્ટ પ્રયત્નોની નોંધ | રૂબરૂ મુલાકાત વાલી ને સમજણ આપી. |
| NMMS અંતર્ગતના મોક ટેસ્ટ માટેનો મેસેજ બાળકોને મળ્યો કે  કે નહિ તેને ખરાઈ માટે કરેલ પ્રયત્નોની નોંધ | ગ્રૂપ માધ્યમથી |
| GVS (ગુજરાત વર્ચ્યુઅલ શાળા) અંતર્ગત ઓનલાઈન અને ઓફલાઈન ક્લાસ અંગે આપનો અભિપ્રાય | લાગુ પડતું નથી. |
| NMMS પરીક્ષા સંબંધી માર્ગદર્શન માટે બાયસેગના માધ્યમથી વધુ બાળકો લાભ મેળવે તે માટે કરેલ વિશેષ પ્રયાસોની નોંધ | ના |
| NMMS પરીક્ષામાં રાજયના બાળકોનો સારો દેખાવ થાય અને બાળકોને યોગ્ય મહાવરો મળી રહે તે માટે આપના અભિપ્રાયની નોંધ | દરરોજ વિષય વસ્તુમાં તેનો સમાવેશ કરવો. |
| હોમલર્નિંગને વધુ અસરકારક બનાવવા આપના સૂચનોની નોંધ | 50% |

**સારણી : 3.24**

**ગાજણ સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા**

| **શિક્ષકનું નામ** | **પ્રજાપતિ કૌશિકકુમાર રમણભાઈ** |
|---|---|
| **શાળાનું નામ** | ગાજણ પ્રાથમિક શાળા |
| **પ્રસ્તાવના** | ગત વર્ષના માર્ચ મહિનાથી કોરોના મહામારીના કારણે દેશમાં શાળા, કોલેજ બંધ કરવાની ફરજ પડી હતી અને બાળકો પોતાના ઘરે જ હતા. તેમનો અભ્યાસ પણ બગડતો હતો. આવા કપરા સમયમાં ગુજરાત સરકાર દ્વારા બાળકોને ઘરે હોમલર્નિંગ દ્વારા શિક્ષણ મળી રહે તે માટે પુરેપુરા પ્રયાસો કર્યા છે. જેમાં Microsoft Teams, Google Meet, Zoom, YouTube, DIKSHA Applicatin, DD Girnar અને Gujarat E-Class YouTube ચેનલ વગેરે જેવા ઘણા બધા ઉપકરણોનો ઉપયોગ કર્યો છે. જેમાં મારી શાળાના બાળકો શિક્ષણથી વંચિત ન રહી જાય તે માટે મેં મારા બાળકોને શિક્ષણ આપવા માટે મનમાં નિર્ણય કર્યો. સૌપ્રથમ મેં મારી શાળાના બધા બાળકોનો સર્વે કર્યો. કેટલા બાળકો પાસે સ્માર્ટફોન, સાદા ફોન, ટી.વી. અને Laptop છે ત્યારે જાણવા મળ્યું કે મારી શાળાના મોટાભાગના બાળકો પાસે સ્માર્ટફોન, ટી.વી. જેવા ઉપકરણો હતા નહિ જેથી જેમની પાસે સ્માર્ટફોન હતા તે બાળકોને ZOOM એપ્લીકેશનની મદદથી વર્ચ્યુઅલ ક્લાસ ચલાવતો. ત્યારબાદ સરકારશ્રી દ્વારા MICROSOFT TEAMS APPLICATION આવી. જેના દ્વારા દરેક બાળકોના યુઝર આઈડી અને પાસવર્ડ આપવામાં આવ્યા. ત્યારબાદ બાળકોના ઘેર જઈને આ એપ્લીકેશન ઇન્સ્ટોલ કરી આપવામાં આવી અને તેનો ઉપયોગ કેવી રીતે કરવો તેની સમજ આપી. દરરોજ વર્ચ્યુઅલ ક્લાસ દ્વારા શિક્ષણ આપવામાં આવતું. સૌપ્રથમ ઘણી સમસ્યાઓ નડી હતી. તેથી મેં સવારનો સમય નક્કી કર્યો જેથી સવારે 7.30 વાગે બાળકો પાસે ફોન ઉપલબ્ધ હોય અને સવારના |

| | |
|---|---|
| | સમયે નેટવર્ક પ્રોબ્લેમ આવે નહિ. સૌપ્રથમ હું લિંક બનાવીને બાળકોને વોટ્સએપ ગ્રૂપમાં સેન્ડ કરતો ત્યારબાદ દરરોજ બાળકોને ફોન કરીને કહેતો કે ONLINE V.C. ચાલુ કરો. તો બાળકો તરતજ જોઈન થતા. આમ પંદર દિવસ સુધી તકલીફ પડી પછીથી તો બાળકોના સામેથી ફોન આવવા લાગ્યા કે સાહેબ આજે V.C. કરવાનો છે કે નહિ તો આરીતે વર્ચ્યુઅલ ક્લાસ દ્વારા બાળકોને શિક્ષણ આપવાનો પ્રયત્ન કર્યો. |
| **વિશિષ્ટ કામગીરી કરવા માટેની પ્રેરણા** | ચાલુ વર્ષે શરૂ થયેલી COVID-19 મહામારીના કારણે બાળકો શિક્ષણથી વંચિત રહી ના જય તે માટે જો સરકાર દ્વારા ખુબ જ સુંદર પ્રયત્નો કરવામાં આવેલા છે તો આ પ્રયત્નો ફક્ત મારે મારા બાળકો સુધી પહોચાડવાના છે. જેથી મેં મનમાં નક્કી કર્યું કે આવા સરાહનીય કાર્યમાં મારે પણ ફાળો આપવો જોઈએ આવા અડગ વિચારથી મેં મારા બાળકો સુધી પહોંચવાનો નિર્ણય કર્યો હતો. |
| **કરેલ નવતર પ્રયોગનું શીર્ષક** | મારો પ્રયાસ મારા બાળકો માટે |
| **કરેલ વિશિષ્ટ કામગીરીનું ક્ષેત્ર** | મારી શાળાના બાળકો ગાજણ-ઓઢા-અગાટીયા ગામ |
| **કરેલ વિશિષ્ટ કામગીરીના હેતુઓ** | બાળકો શિક્ષણથી વંચિત ન રહે તેમજ બાળકોના વાલીઓ સાથે સંબંધો કેળવવા. |
| **કામગીરીથી અસર પામેલ જૂથની સંખ્યા** | 80 |
| **સરકારશ્રી દ્વારા આ સમયે અમલમાં મૂકવામાં આવેલ કાર્યક્રમ અંતર્ગત કરેલ કામગીરી** | 1. વર્ચ્યુઅલ ક્લાસ દ્વારા બાળકોને શૈક્ષણિક કાર્ય કરાવેલ છે.<br>2. શેરી શાળા દ્વારા બાળકોને શૈક્ષણિક કાર્ય કરાવેલ છે.<br>3. પાઠ્યપુસ્તકો, ઘરે શીખીએ પુસ્તિકા અને એકમ કસોટી ઘરે ઘરે જઈને આપવામાં આવેલ છે અને પરત લીધેલ છે.<br>4. માસ્કનું વિતરણ કરેલ છે.<br>5. COVID 19 VACCINATION સર્વેની કામગીરી કરેલ છે. |

| | |
|---|---|
| **અન્ય કામગીરીની વિગત** | જે બાળકો પાસે સ્માર્ટફોન, ટી.વી. વગેરેની સગવડ નહોતી તેમને કઈ રીતે શિક્ષણ આપવું એ આપણા માટે મોટી સમસ્યા હતી. જ્યારે મારો શાળામાં આવવાનો વારો હોય ત્યારે હું શાળામાં સહી કરી મુવમેન્ટ રજિસ્ટરમાં નોંધ કરી હું મારા બાળકોની પાસે પહોંચી જતો અને મારા મોબાઈલ દ્વારા બાળકોને દીક્ષા એપમાં આપેલ વિડીયો, યુટ્યુબમાં વિડીયો, Gujarat E-Class YouTube chhanel દ્વારા અને રૂબરૂ શિક્ષણ આપવાનો પ્રયત્ન કરતો. જેમાં હું ફળિયા પ્રમાણે અમુક નક્કી કરેલ દિવસે બાળકોને અગાઉથી જાણ કરી પહોંચી જતો ત્યાં કોઈપણ એક બાળકના ઘરે બાળકો ભેગા થતા અને મારું શિક્ષણ આપવાનું કામ શરૂ થતું હતું. જેમાં Door TO Door પાઠ્યપુસ્તકોનું વિતરણ, ઘરે શીખીએ ચોપડીનું વિતરણ, એકમ કસોટીનું વિતરણ, ફૂડ કુકિંગ કોસ્ટ, NMMS EXAM, પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષાની માહિતી વગેરે પ્રવૃતિઓ કરેલ છે. |
| **કાર્યક્રમનું અમલીકરણ** | શાળા દ્વારા નક્કી કરવામાં આવેલા તમામ કાર્યક્રમનું અમલીકરણ કરવામાં આવેલ છે. |
| **બાળકોનું મુલ્યાંકન** | ઘરે શીખીએ પુસ્તિકા અને એકમ કસોટી દ્વારા બાળકોનું મૂલ્યાંકન કરવામાં આવેલ છે. શેરી શાળા દરમિયાન અલગથી બાળકોના ટેસ્ટ લેવામાં આવતા હતા. |
| **પરિણામ / તારણ** | વિધાર્થીઓ સરળતાથી એકમ કસોટીના જવાબો લખતા અને WHATSAP ટેસ્ટ પણ આપતા અને વિશેષ તૈયારી કરે છે. |

| **શાળાની નવતર પ્રયોગ સંબંધી બાબતો** | |
|---|---|
| શાળાનો વિસ્તાર (ગ્રામ્ય/શહેરી) | ગ્રામ્ય |
| શાળામાં ચાલતા ધોરણ | 1 થી 8 |
| ગામની કુલ વસ્તી | 1200 |
| શાળાના કુલ શિક્ષકોની સંખ્યા | 5 |

| | |
|---|---|
| બાળકોની કુલ રજીસ્ટર સંખ્યા | 124 |
| તે પૈકી સ્માર્ટફોન / ડિજિટલ મોબાઇલ ધરાવતા વિધાર્થીઓની સંખ્યા | 25 |
| સાદાફોન ધરાવતા વિધાર્થીઓની સંખ્યા | 80 |
| ટેલીવિઝન ધરાવતા વિધાર્થીઓની સંખ્યા | 10 |
| કોઇ માધ્યમ ન હોય તેવા વિધાર્થીઓની સંખ્યા | 34 |
| COVID-19 અને પરિસ્થિતી દરમિયાન વિધાર્થીઓના શિક્ષણ તેમજ વિધાર્થી વાલી જાગૃતિ માટે વિશિષ્ટ કામગીરી કરનાર શિક્ષકનું નામ | પ્રજાપતિ કૌશિકકુમાર રમણભાઇ |
| Lock-down ના શરૂઆતના સમયગાળા દરમિયાન ગામની સ્થિતિ | 16 માર્ચ ૨૦૨૦ ના રોજ લોકડાઉન કરવામાં આવ્યું તેથી બાળકોને શાળામાં આવતા બંધ કરવામાં આવ્યા ત્યારબાદ ગામમાં સર્વે કરવામાં આવ્યું કે ગામમાં કોઇ પણ વ્યક્તિ બીમાર છે કે નહિ તો તેના પરથી જાણવા મળ્યું કે ગામમાં કોઇ પણ વ્યક્તિ બીમાર ન હતા. એકંદરે ગામની સ્થિતિ સારી હતી. |
| કોરોના સંદર્ભે જાગૃતિ અને બચાવ માટે કરેલ વિશેષ પ્રયત્નોની નોંધ | સૌપ્રથમ કોરોના વાઇરસથી બચવા કોરોના સંદર્ભે લોકોમાં જાગૃતિ માટે ગામમાં ડેરીમાં દૂધ ભરવાના સમયે જઇને લોકોને કોરોનાની મહામારીના સમયે સોશિઅલ ડિસ્ટન્સ રાખવું અને વારંવાર સાબુથી હાથ ધોવા અને માસ્ક અવશ્ય પહેરવું તથા માસ્ક પહેર્યા વિના ક્યાંય પણ જવું નહિ. કામકાજ વિના બહાર ફરવું નહિ. તાવ, શરદી, ઉધરસ જેવી કોઇ પણ બીમારી થાય તો તરત જ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં જઇને દવા લઇ લેવી વગેરે બાબતોની વિગતવાર સમજ આપવામાં આવી. બાળકોને પણ કોરોના વાઇરસ વિશે સમજ આપીને કોરોનાથી બચવાના ઉપાયો બતાવવામાં આવ્યા. |

| | |
|---|---|
| હોમલર્નિંગ માટે વિદ્યાર્થીઓને આપેલ માર્ગદર્શન | હોમલર્નીગ માટે સૌપ્રથમ સર્વે કરવામાં આવ્યું કે કેટલા બાળકો પાસે સ્માર્ટફોન છે અને કેટલા બાળકો પાસે સાદા ફોન છે તથા કોના ઘરે ટી.વી. છે. ત્યારબાદ જે બાળકો પાસે સ્માર્ટફોન હતા તેમના ઘરે જઇને તેમના મોબાઈલમાં Microsoft team application ઇન્સ્ટોલ કરીને તેનો કેવી રીતે ઉપયોગ કરવાનો તેની સમજ આપવામાં આવી. જે બાળકો પાસે સ્માર્ટફોન હતા તેમને Microsoft tems application ની મદદથી વર્ચ્યુઅલ ક્લાસ દ્વારા બાળકોને શૈક્ષણિક કાર્ય કરવામાં આવતું અને જે બાળકો પાસે સાદા ફોન હતા તેમને વ્યક્તિગત ફોન કરીને માર્ગદર્શન આપવામાં આવતું. WhatsApp group બનાવીને ગ્રૂપમાં હોમલર્નિંગ અંતર્ગત માહિતી આપવામાં આવે છે. |
| એકમ કસોટી | વિધાર્થીઓને ઘરે ઘરે જઇને એકમ કસોટી આપવામાં આવી અને ઘરે ઘરે જઇને પરત લેવામાં આવી. બાળકોને માર્ગદર્શન આપવામાં આવ્યું કે તમને હોમલર્નિંગ દરમિયાન વર્ચ્યુઅલ ક્લાસમાં અને શેરી શાળામાં જે વિષયવસ્તુ શીખવવામાં આવ્યું છે. તેના અંતર્ગત આ એકમ કસોટી આપવાની છે તો તમને જે આવડે તે તમારી રીતે જવાબ લખવા અને તમને ના ખબર પડે તો વર્ચ્યુઅલ ક્લાસમાં અને શેરી શાળામાં વિષય શિક્ષક્ને પૂછવું તથા તમારા મોટા ભાઈ બહેનને પણ પૂછવું. મુશ્કેલીઓમાં કહું તો કેટલાક બાળકો એકમ કસોટીના જવાબો લખી નાખતા અને કેટલાક બાળકો લખતા જ ન હતા તેથી તેમને શેરી શાળામાં અમારી હાજરીમાં તેમને સમજાવીને એકમ કસોટી લખાવવામાં આવતી. |
| ઘરે શીખીએ પુસ્તિકાઓ | વિધાર્થીઓને ઘરે ઘરે જઇને ઘરે શીખીએ પુસ્તિકાઓ આપવામાં આવી અને ઘરે ઘરે જઇને પરત લેવામાં આવી. બાળકોને |

| | |
|---|---|
| | માર્ગદર્શન આપવામાં આવ્યું કે તમને હોમલર્નિંગ દરમિયાન વર્ચ્યુઅલ ક્લાસમાં અને શેરી શાળામાં જે વિષયવસ્તુ શીખવવામાં આવ્યું છે તેના અંતર્ગત આ ઘરે શીખીએ પુસ્તિકાઓ અંતર્ગત પ્રવૃતિઓ કરવાની છે અને પૂછેલા પ્રશ્નોના જવાબ લખવાના છે. તો તમને જે આવડે તે તમારી રીતે જવાબ લખવા અને તમને ના ખબર પડે તો વર્ચ્યુઅલ ક્લાસમાં અને શેરી શાળામાં વિષય શિક્ષકને પૂછવું તથા તમારા મોટા ભાઈ બહેનને પણ પૂછવું. મુશ્કેલીઓમાં કહું તો કેટલાક બાળકો ઘરે શીખીએ પુસ્તિકાઓમાં સરળતાથી જવાબો લખી નાખતા અને કેટલાક બાળકો લખતા જ ન હતા તેથી તેમને શેરી શાળામાં અમારી હાજરીમાં તેમને સમજાવીને ઘરે શીખીએ પુસ્તિકાઓ લખાવવામાં આવતી. |
| વર્ગદર્પણ | વિદ્યાર્થીઓને ઘરે ઘરે જઈને વર્ગદર્પણ આપવામાં આવ્યા. બાળકો વર્ગદર્પણથી તો પરિચિત હતા જ એટલે તેમાં બાળકોએ તેમને આવડતી તમામ માહિતી ભરી દીધી. જે બાળકોને ખબર નહોતી પડતી તેમણે તેમના માતા પિતાનો સહયોગ મેળવીને વર્ગદર્પણમાં માહિતી ભરી દીધી. |
| પરિવારનો માળો, સલામત અને હૂંફાળો | પરિવારનો માળો, સલામત અને હૂંફાળો અંતર્ગત બાળકોને WhatsApp group દ્વારા માહિતી આપવામાં આવતી અને બાળકો જે જે પ્રવૃતિઓ કરતા તેના ફોટોગ્રાફ્સ પણ મોકલાવતા. |
| SSA ની વેબસાઇટ પર આપવામાં આવતું સાપ્તાહિક આયોજન | SSA ની વેબસાઇટ પર આપવામાં આવતું સાપ્તાહિક આયોજન બાળકો સુધી પહોંચાડવામાં આવતું અને જે બાળકોના ઘરે ટેલેવિઝન છે તે બાળકો જોતા અને જે બાળકોના ઘરે ટી.વી. નથી તેમણે શેરી શાળામાં અમારા મોબાઈલથી બતાવવામાં આવતા |

| | |
|---|---|
| | જેના કારણે બાળકો એકમ કસોટીમાં જવાબ સરળતાથી લખી શકતા. |
| ડી.ડી. ગિરનાર પર પ્રસારીત થતા શૈક્ષણિક કાર્યક્રમો | ડી.ડી. ગિરનાર પર પ્રસારીત થતા શૈક્ષણિક કાર્યક્રમો બાળકો સુધી પહોંચાડવામાં આવતા અને જે બાળકોના ઘરે ટેલેવિઝન છે તે બાળકો જોતા અને જે બાળકોના ઘરે ટી.વી. નથી તેમને શેરી શાળામાં અમારા મોબાઈલથી બતાવવામાં આવતા જેના કારણે બાળકો એકમ કસોટીમાં જવાબ સરળતાથી લખી શકતા. |
| વંદે ગુજરાત (બાયસેગ) પર પ્રસારિત થતાં શૈક્ષણિક કાર્યક્રમો | બાળકોના ઘરે ટેલીવિઝન ન હોવાથી વંદે ગુજરાત (બાયસેગ) પર પ્રસારિત થતાં શૈક્ષણિક કાર્યક્રમો બાળકો જોઈ શકતા ન હતા. |
| WhatsApp ટેસ્ટ<br>(ધોરણ 3 થી 5 અને ધોરણ 6 થી 8) | WhatsApp ટેસ્ટ (ધોરણ 3 થી 5 અને ધોરણ 6 થી 8) અમારા મોબાઈલ દ્વારા જ અપાવવામાં આવતો અને બાળકોને આ ટેસ્ટ આપવાની મજા પણ આવતી. WhatsApp ટેસ્ટથી બાળકો પોતાને કેટલા પ્રશ્નો આવડે છે તેનાથી પરિચિત થતા અને વિશેષ તૈયારી કરતા. |
| Microsoft teams, google meet, Jio meet, zoom app વગેરેના માધ્યમથી હાથ ધરેલ વર્ચ્યુઅલ શિક્ષણ | હોમલર્નીગ માટે સૌપ્રથમ સર્વે કરવામાં આવ્યું કે કેટલા બાળકો પાસે સ્માર્ટફોન છે અને કેટલા બાળકો પાસે સાદા ફોન છે તથા કોના ઘરે ટી.વી. છે. ત્યારબાદ જે બાળકો પાસે સ્માર્ટફોન હતા તેમના ઘરે જઈને તેમના મોબાઈલમાં Microsoft team application ઇન્સ્ટોલ કરીને તેનો કેવી રીતે ઉપયોગ કરવાનો તેની સમજ આપવામાં આવી. જે બાળકો પાસે સ્માર્ટફોન હતા તેમને Microsoft tems application ની મદદથી વર્ચ્યુઅલ ક્લાસ દ્વારા બાળકોને શૈક્ષણિક કાર્ય કરવામાં આવતું અને WhatsApp group બનાવીને ગ્રૂપમાં હોમલર્નિંગ અંતર્ગત માહિતી આપવામાં આવે છે. મુશ્કેલીઓમાં શરૂઆતમાં બાળકોને ફોન કરીને કહેવામાં આવતું કે આજે WhatsApp group લિંક |

| | |
|---|---|
| | મોકલી છે તો આ લિંક પર ક્લિક કરીને વર્ચ્યુઅલ કલાસમાં જોડાઓ. ત્યારબાદ બાળકો જોઈન થતા અને અમારો વર્ચ્યુઅલ ક્લાસ ચાલુ થતો. કેટલીક વાર વાલીઓ ફોન લઈને પણ જતા રહેતા ત્યાર પછી મેં અને બાળકોએ સવારનો સમય નક્કી કર્યો જેથી સવારના સમયે બાળકોની પાસે ફોન પણ હોય અને નેટવર્ક પ્રોબ્લેમ પણ ના થાય. આમ આ રીતે દરરોજ વર્ચ્યુઅલ ક્લાસથી બાળકોને અલગ અલગ વિષયોનો અભ્યાસ કરાવવામાં આવતો. |
| શેરીવર્ગ / ફળિયાશિક્ષણ | જે બાળકો પાસે સ્માર્ટફોન ન હતો એટલે તેમના શિક્ષણકાર્ય માટે શેરી શિક્ષણ આપવાનું નક્કી કર્યું અને ગામના ફળિયા પ્રમાણે શિક્ષકો જતા અને બાળકોને અભ્યાસ કરાવતા હતા. |
| શાળા કે શિક્ષકની પોતાની YouTube ચેનલ અને શૈક્ષણિક ઉપયોગ | ના |
| Google classroom | ના |
| WhatsApp / કાઇઝાલા / ટેલિગ્રામ | હા. |
| દીક્ષા એપ | બાળકોને દીક્ષા એપ વિશે સમજ આપવામાં આવી અને તેના દ્વારા કેવી રીતે અભ્યાસ કરી શકાય તેની સમજ આપવામાં આવી. |
| ઓનલાઈન ક્વિઝ | ના |
| વિધાર્થી / વાલીની રૂબરૂ મુલાકાત | વિધાર્થી / વાલીની રૂબરૂ મુલાકાત કરવામાં આવતી અને તેના પરથી વાલીઓની આર્થિક પરિસ્થિતિ પણ જાણવા મળી. વાલીઓ સાથે આત્મીયતા અને લાગણીના સંબધો બંધાયા. વાલીઓ પણ શિક્ષકોના કામથી પરિચિત થયા. |
| વિધાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના મૂલ્યાંકન શિક્ષકે કરેલ વિશેષ પ્રયાસોની નોંધ | વિધાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના મૂલ્યાંકન માટે શેરી શાળામાં ટેસ્ટ લેવામાં આવતા. |
| વિધાર્થીઓને અપાતા ગૃહકાર્ય અને તેની ચકાસણી માટે કરેલ વિશેષ પ્રયત્નો | દરેક બાળકના વાલીને જ ફોન કરીને કહેવામાં આવતું અને બાળકો ગૃહકાર્ય કરે છે કે કેમ પૂછવામાં આવતું. જેનાથી |


| | |
|---|---|
| | બાળકોના ગૃહકાર્યની ચકાસણી પણ વાલીઓ દ્વારા જ કરવામાં આવતી અને શેરી શાળામાં શિક્ષકો દ્વારા ચકાસણી કરવામાં આવતી. |
| વિદ્યાર્થીઓને વિષયવસ્તુ શીખવવા હાથ ધરેલ વિશિષ્ટ પ્રયોગની નોંધ | વર્ચ્યુઅલ ક્લાસ |
| વિદ્યાર્થીઓને વિષયવસ્તુ શીખવવા માટે આપે અન્ય કોઈ વિશિષ્ટ પ્રયોગ કર્યો હોય તે અંગેની નોંધ | - |
| વિદ્યાર્થીઓએ સાથે સંદેશાવ્યવહાર માટે હાથ ધરેલ વિશિષ્ટ પ્રયોગની નોંધ | ફોન દ્વારા અને રૂબરૂ મુલાકાત દ્વારા |
| વિદ્યાર્થીઓના હોમલર્નિંગ માટે મેળવેલ સહયોગની વિગતવાર નોંધ | વિદ્યાર્થીઓના હોમલર્નિંગ માટે એસ.એમ.સી સભ્યો, સરપંચ અને ગામલોકોનો સહયોગ મળ્યો. |
| ટેક્નોલોજીનો અભાવ ધરાવતા વિદ્યાર્થીઓએ માટે કરેલ વિશિષ્ટ પ્રયત્નોની નોંધ | શેરી શાળા |
| GCERT દ્વારા રજૂ થતાં "એક કદમ આગળ" ની પ્રવૃત્તિમાં નોંધાવેલ ભાગીદારીની વિગતો | - |
| NMMS ની પરીક્ષામાં બાળકોએ રજીસ્ટ્રેશન કરેલ છે? | 10 |
| NMMS ની પરીક્ષામાં કેટલા બાળકોની ફી ભરાઇ અને મંજૂર થઇ? | 10 |
| 'GVS (ગુજરાત વર્ચ્યુઅલ શાળા) અંતર્ગત લાઈવ ક્લાસની લિંક પહોંચાડવા માટે આપેલ કરેલ પ્રયત્નોની વિગત | - |
| બાળકો આ લિંક આધારિત ક્લાસમાં જોડાય તે માટે અપનાવેલ માધ્યમ અને કરેલ પ્રયત્નોની નોંધ અને તે અંગેના આપના અભિપ્રાયો | - |

| | |
|---|---|
| NMMS અંતર્ગતના મોક ટેસ્ટમાં વધુ વિધાર્થીઓ જોડાય તે માટે આપના વિશિષ્ટ પ્રયત્નોની નોંધ | - |
| NMMS અંતર્ગતના મોક ટેસ્ટ માટેનો મેસેજ બાળકોને મળ્યો કે  કે નહિ તેને ખરાઈ માટે કરેલ પ્રયત્નોની નોંધ | - |
| GVS (ગુજરાત વર્ચ્યુઅલ શાળા) અંતર્ગત ઓનલાઈન અને ઓફલાઈન ક્લાસ અંગે આપનો અભિપ્રાય | ના |
| NMMS પરીક્ષા સંબંધી માર્ગદર્શન માટે બાયસેગના માધ્યમથી વધુ બાળકો લાભ મેળવે તે માટે કરેલ વિશેષ પ્રયાસોની નોંધ | - |
| NMMS પરીક્ષામાં રાજયના બાળકોનો સારો દેખાવ થાય અને બાળકોને યોગ્ય મહાવરો મળી રહે તે માટે આપના અભિપ્રાયની નોંધ | તમામ શાળાઓમાં શિક્ષકો દ્વારા જ એક્સ્ટ્રા કોચિંગ કરાવવું. |
| હોમલર્નિંગને વધુ અસરકારક બનાવવા આપના સૂચનોની નોંધ | ધોરણ 10 અને 12 ના વિધાર્થીઓ માટે ઓનલાઈન શિક્ષણ આપી શકાય. |

- **નવતર પ્રયોગના ફોટોગ્રાફ**







**સારણી : 3.25**

**ગોવિંદપુર સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા**

| **શિક્ષકનું નામ** | **વિરલબેન બાબુભાઈ ત્રિવેદી** |
|---|---|
| **શાળાનું નામ** | ગોવિંદપુર શાળા |
| **પ્રસ્તાવના** | હોમલર્નિંગ અંતર્ગત બાળકો માટે કરેલ કાર્ય શેરી શાળા |
| **વિશિષ્ટ કામગીરી કરવા માટેની પ્રેરણા** | ગયા એપ્રિલ મહિનામાં જ કારોના મહામારીના કારણે શાળા બંધ થઈ ગઈ હતી. વાલીઓ પાસે મોબાઇલ ફોનની સગવડ નથી. તેમાં પણ હુ ધોરણ 1 અને 2 પ્રજ્ઞા શિક્ષિકા બાળકોને વ્યક્તિગત શિક્ષણ દ્વારા તૈયાર કરી શકાય તેથી મેં શેરી શાળા શરૂ કરી. |
| **કરેલ નવતર પ્રયોગનું શીર્ષક** | મારું કાર્ય મારું દર્પણ |
| **કરેલ વિશિષ્ટ કામગીરીનું ક્ષેત્ર** | મારી શાળાના તમામ 80 બાળકો માટે શેરી શાળા શરૂ કરેલ. આ ઉપરાંત યુટયુબ ના માધ્યમથી રાજ્ય ભરના બાળકો માટે 300 થી વધુ વિડીયો બનાવી મુકેલા છે. આ વિડીયો ફેસબુક પર પણ મુકેલા છે. |
| **કરેલ વિશિષ્ટ કામગીરીના હેતુઓ** | કારોના મહામારીના કારણે બાળકો નિશાળે આવી શકતા નથી તો ઘરે બેઠા મહાવરો શકે. જેથી મારા નાના બાળકોનું શિક્ષણ બગડે નહીં. |
| **કામગીરીથી અસર પામેલ જૂથની સંખ્યા** | મારી શાળાના તમામ 80 બાળકો માટે તથા અન્ય જૂથ તાલુકાના, જિલ્લાના અને રાજ્યના બાળકો માટે પણ આ વિડીયો બનાવી મુકેલા છે. https://YouTube.com/channel/UCSRap28ap8g-1nUPrlcpag |
| **સરકારશ્રી દ્વારા આ સમયે અમલમાં મૂકવામાં આવેલ કાર્યક્રમ અંતર્ગત કરેલ કામગીરી** | શેરી શાળા અંતર્ગત રૂબરૂમાં મુલાકાત લઈ માર્ગદર્શન આપી શિક્ષણ આપવા આવ્યુ તેમજ મોબાઇલ ફોન દ્વારા વારંવાર માર્ગદર્શન આપ્યું. હોમલર્નિંગ અંતર્ગત મે મોબાઇલ ફોન દ્વારા 250 થી વધુ વિડીયો બનાવી મુકેલા છે બાળકો માટે 500 થી વધુ T.L.M. બનાવેલાં છે ઇનોવેશન ફેરમાં રાજ્ય કક્ષાએ ભાગ લીધેલ છે. |

| | |
|---|---|
| **અન્ય કામગીરીની વિગત** | શેરી શાળા શરૂ કરી વ્યક્તિગત મુલાકાત લીધી હતી અને બાળકોના ઘરે રૂબરૂમાં મુલાકાત લઈ માર્ગદર્શન આપ્યું. શેરી શાળામાં રોજ 3 કિમી દૂર ચાલીને જઇ બાળકોને વ્યક્તિગત શિક્ષણ આપેલ. જેની નોંધ દિવ્ય ભાસ્કર દૈનિક સમાચારપત્ર દ્વારા લેવામાં આવી હતી. |
| **કાર્યક્રમનું અમલીકરણ** | ગયા એપ્રિલ માસમાં જ શરૂ કરી હતી જે આજ સુધી ચાલુ છે. |
| **બાળકોનું મુલ્યાંકન** | શાળા બંધ હોવા છતાં પણ મારા બાળકોને વ્યક્તિગત શિક્ષણ આપેલ છે. આજે ધોરણ 1 થી 8 ના તમામ બાળકો શિક્ષણ ચાલુ છે. ધોરણ 1 અને 2 પ્રજ્ઞાના બાળકો લખી અને વાંચી શકે છે. |
| **પરિણામ / તારણ** | આજે મારા બાળકો સારી રીતે સમજી કસોટી લખી શકે છે. |

| **શાળાની નવતર પ્રયોગ સંબંધી બાબતો** | |
|---|---|
| શાળાનો વિસ્તાર (ગ્રામ્ય/શહેરી) | ગ્રામ્ય |
| શાળામાં ચાલતા ધોરણ | 1 થી 8 |
| ગામની કુલ વસ્તી | 1500 |
| શાળાના કુલ શિક્ષકોની સંખ્યા | 5 |
| બાળકોની કુલ રજીસ્ટર સંખ્યા | 89 |
| તે પૈકી સ્માર્ટફોન / ડિજિટલ મોબાઈલ ધરાવતા વિધાર્થીઓની સંખ્યા | 20 |
| સાદાફોન ધરાવતા વિધાર્થીઓની સંખ્યા | 25 |
| ટેલીવિઝન ધરાવતા વિધાર્થીઓની સંખ્યા | 10 |
| કોઈ માધ્યમ ન હોય તેવા વિધાર્થીઓની સંખ્યા | 25 |
| COVID-19 અને પરિસ્થિતી દરમિયાન વિધાર્થીઓના શિક્ષણ તેમજ વિધાર્થી વાલી જાગૃતિ માટે વિશિષ્ટ કામગીરી કરનાર શિક્ષકનું નામ | વિરલબેન બાબુભાઇ ત્રિવેદી |

| | |
|---|---|
| Lock-down ના શરૂઆતના સમયગાળા દરમિયાન ગામની સ્થિતિ | કારોના મહામારીના કારણે બાળકો નિશાળે આવી શકતા નથી તેમાં પણ હું ધોરણ 1 અને 2 ની પ્રજ્ઞા શિક્ષિકા છું. બાળકોના ઘરે ટી.વી. બંધ થઇ ગયેલા. નાના બાળકો મોબાઇલ ફોન દ્વારા શિક્ષણ લઈ શકે તેમ નથી. ગામમાં નેટવર્ક પણ આવતુ નથી. વાલીઓ પણ ગરીબ અને મધ્યમવર્ગના અને અભણ છે. ગામમાં બીજી કોઈ સુવિધાઓ ઉપલબ્ધ નથી. |
| કોરોના સંદર્ભે જાગૃતિ અને બચાવ માટે કરેલ વિશેષ પ્રયત્નોની નોંધ | ગામમાં રૂબરૂમાં વાલીઓની મુલાકાત લીધી હતી અને વ્યક્તિગત રીતે સૌને માહિતગાર કર્યા તેમજ મોબાઇલ ફોન દ્વારા જાણકારી આપી. |
| હોમલર્નિંગ માટે વિધાર્થીઓને આપેલ માર્ગદર્શન | રૂબરૂમાં મુલાકાત લીધી હતી અને મોબાઇલ ફોન દ્વારા જાણ કરવામાં આવી હતી. |
| એકમ કસોટી | - |
| ઘરે શીખીએ પુસ્તિકાઓ | ધોરણ 1 અને 2 પ્રજ્ઞા ના બાળકો માટે રૂબરૂમાં મુલાકાત લીધી હતી અને માર્ગદર્શન આપ્યું હતું. |
| વર્ગદર્પણ | - |
| પરિવારનો માળો, સલામત અને હૂંફાળો | - |
| SSA ની  વેબસાઇટ પર આપવામાં આવતું સાપ્તાહિક આયોજન | - |
| ડી.ડી. ગિરનાર પર પ્રસારીત થતા શૈક્ષણિક કાર્યક્રમો | ધોરણ 1 અને 2 પ્રજ્ઞા ના બાળકો ઘરે બેઠા મહાવરો કરીશકે તે માટે રૂબરૂમાં મુલાકાત લઈ ટાઇમટેબલ આપવામાં આવ્યું. |
| વંદે ગુજરાત (બાયસેગ) પર પ્રસારિત થતાં શૈક્ષણિક કાર્યક્રમો | ધોરણ 1 અને 2  પ્રજ્ઞા ના બાળકો નાના હોવાથી જાતે શીખી ના શકે તો તેમને રૂબરૂમાં મુલાકાત લીધી હતી તેમજ વાલીઓ શિક્ષિત ના હોવાથી બાળકોને માર્ગદર્શન મળી ના શકયુ. |
| WhatsApp ટેસ્ટ<br>(ધોરણ 3 થી 5 અને ધોરણ 6 થી 8) | - |
| Microsoft teams, google meet, Jio meet, zoom app વગેરેના માધ્યમથી હાથ ધરેલ વર્ચ્યુઅલ શિક્ષણ | - |
| શેરીવર્ગ / ફળિયાશિક્ષણ | ધોરણ 1 અને 2 પ્રજ્ઞા વર્ગ હોઇ મારા બાળકો નાના હોવાથી જાતે શીખી ના શકે તેથી શેરી શિક્ષણ ચાલુ કર્યું હતું. શેરી શાળા 3 કિમી |

| | |
|---|---|
| | દૂર હોવાથી ચાલીને જઈ બાળકોને વ્યક્તિગત શિક્ષણ આપેલ. જેની નોંધ દિવ્ય ભાસ્કર દૈનિક સમાચારપત્ર દ્વારા લેવામાં આવી હતી. |
| શાળા કે શિક્ષકની પોતાની YouTube ચેનલ અને શૈક્ષણિક ઉપયોગ | https://YouTube.com/channel/UCSRap28ap8g-1nUPrlcp2ag.<br>આ મારી પોતાની ચેનલ દ્વારા તૈયાર કરવામાં આવેલા વિડીયો 250 થી વધુ વિદ્યાર્થીઓ માટે તૈયાર કરવામાં આવ્યાઆવ્યા છે |
| Google classroom | - |
| WhatsApp / કાઇઝાલા / ટેલિગ્રામ | શાળાના WhatsApp ગ્રૂપમાં વિડીયો તૈયાર કરી મુકવામાં આવે છે. |
| દીક્ષા એપ | દીક્ષા એપમાં પણ વિડીયો મુકવામાં આવે છે. |
| ઓનલાઇન ક્વિઝ | - |
| વિદ્યાર્થી / વાલીની રૂબરૂ મુલાકાત | ધોરણ 1 અને 2 પ્રજ્ઞા વર્ગના બાળકો માટે વાલી મંડળની રૂબરૂમાં મુલાકાત લઈ માર્ગદર્શન આપ્યું. |
| વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના મૂલ્યાંકન શિક્ષકે કરેલ વિશેષ પ્રયાસોની નોંધ | ધોરણ 1 અને 2 પ્રજ્ઞા વર્ગના બાળકો માટે મેં 500 થી વધુ T.L.M. બાળકો માટે નિર્માણ કરેલ છે. તેમજ તેઓ યુટયૂબના માધ્યમથી ભણી શકે તે માટે 250 થી વધુ વિડીયો બનાવી મુકેલા છે. |
| વિદ્યાર્થીઓને અપાતા ગૃહકાર્ય અને તેની ચકાસણી માટે કરેલ વિશેષ પ્રયત્નો | બાળકો માટે સવાદયાય પુસ્તિકાઓ બનાવી હતી તેની રૂબરૂમાં મુલાકાત લઈ માર્ગદર્શન આપ્યું |
| વિદ્યાર્થીઓને વિષયવસ્તુ શીખવવા હાથ ધરેલ વિશિષ્ટ પ્રયોગની નોંધ | ધોરણ 1 અને 2 પ્રજ્ઞા વર્ગના બાળકો માટે મેં 500 થી વધુ T.L.M. બનાવી શિક્ષણ આપેલ અને 100 થી વધુ સપ્તરંગી પ્રવૃત્તિ કરાવેલ છે. |
| વિદ્યાર્થીઓને વિષયવસ્તુ શીખવવા માટે આપે અન્ય કોઈ વિશિષ્ટ પ્રયોગ કર્યો હોય તે અંગેની નોંધ | ધોરણ 1 અને 2 પ્રજ્ઞા વર્ગના બાળકો માટે 250 થી વધુ વિડીયો બનાવી મુકેલા છે. |
| વિદ્યાર્થીઓએ સાથે સંદેશાવ્યવહાર માટે હાથ ધરેલ વિશિષ્ટ પ્રયોગની નોંધ | |
| વિદ્યાર્થીઓના હોમલર્નિંગ માટે મેળવેલ સહયોગની વિગતવાર નોંધ | હોમલર્નિંગ અંતર્ગત ગામમાં બાળકોને બેસાડવા માટે સગવડ પુરી પાડવામાં આવી હતી. વાલીઓ ખુબજ મદદ કરી હતી. |

| | |
|---|---|
| ટેક્નોલોજીનો અભાવ ધરાવતા વિધાર્થીઓએ માટે કરેલ વિશિષ્ટ પ્રયત્નોની નોંધ | આવા બાળકો માટે રૂબરૂમાં મુલાકાત લીધી હતી અને તેમને વ્યક્તિગત શિક્ષણ આપવામાં આવ્યું હતું. |
| GCERT દ્વારા રજૂ થતાં "એક કદમ આગળ" ની પ્રવૃત્તિમાં નોંધાવેલ ભાગીદારીની વિગતો | ધોરણ 1 અને 2 પ્રજ્ઞા વર્ગના બાળકો માટે 250 થી વધુ વિડીયો બનાવી મુકેલા છે. |
| NMMS ની પરીક્ષામાં બાળકોએ રજીસ્ટ્રેશન કરેલ છે? | 5 |
| NMMS ની પરીક્ષામાં કેટલા બાળકોની ફ્રી ભરાઇ અને મંજૂર થઇ? | 5 |
| 'GVS (ગુજરાત વર્ચ્યુઅલ શાળા) અંતર્ગત લાઈવ ક્લાસની લિંક પહોંચાડવા માટે આપેલ કરેલ પ્રયત્નોની વિગત | ધોરણ 1 અને 2 પ્રજ્ઞા વર્ગના બાળકો માટે 250 થી વધુ વિડીયો બનાવી મુકેલા છે. |
| બાળકો આ લિંક આધારિત ક્લાસમાં જોડાય તે માટે અપનાવેલ માધ્યમ અને કરેલ પ્રયત્નોની નોંધ અને તે અંગેના આપના અભિપ્રાયો | હા |
| NMMS અંતર્ગતના મોક ટેસ્ટમાં વધુ વિધાર્થીઓ જોડાય તે માટે આપના વિશિષ્ટ પ્રયત્નોની નોંધ | - |
| NMMS અંતર્ગતના મોક ટેસ્ટ માટેનો મેસેજ બાળકોને મળ્યો કે  કે નહિ તેને ખરાઈ માટે કરેલ પ્રયત્નોની નોંધ | ફોન દ્વારા |
| GVS (ગુજરાત વર્ચ્યુઅલ શાળા) અંતર્ગત ઓનલાઈન અને ઓફલાઈન ક્લાસ અંગે આપનો અભિપ્રાય | હા |
| NMMS પરીક્ષા સંબંધી માર્ગદર્શન માટે બાયસેગના માધ્યમથી વધુ બાળકો લાભ મેળવે તે માટે કરેલ વિશેષ પ્રયાસોની નોંધ | - |

| | |
|---|---|
| NMMS પરીક્ષામાં રાજયના બાળકોનો સારો દેખાવ થાય અને બાળકોને યોગ્ય મહાવરો મળી રહે તે માટે આપના અભિપ્રાયની નોંધ | - |
| હોમલર્નિંગને વધુ અસરકારક બનાવવા આપના સૂચનોની નોંધ | હોમલર્નિંગ અંતર્ગત નાના બાળકો માટે તો રૂબરૂમાં મુલાકાત લઈ માર્ગદર્શન આપીને શિક્ષણ વધુ સારી રીતે આપી શકાય તેમ છે. બાળકોને ફોન દ્વારા વિડીયો વારંવાર બતાવી મહાવરો કરાવી શકાય છે. |

- **YouTube વિડીયો માટેની લિંક**

| |
|---|
| https://YouTube.com/channel/UCSRap28ap8g-1nUPrlcp2ag |
| https://youtu.be/qFAQCVCF3SU |
| https://youtu.be/Qs_zXqH5zVg |
| https://youtu.be/oyhPR1l-oOs |
| https://youtu.be/0oQLMwh6MC4 |
| https://YouTube.com/channel/UCSRap28ap8g-1nUPrlcp2ag |
| https://YouTube.com/channel/UCSRap28ap8g-1nUPrlcp2ag |
| https://youtu.be/TCwcChOgXvk |
| https://YouTube.com/shorts/W78ZbpymNUA?feature=share |
| https://youtu.be/TCwcChOgXvk |
| https://YouTube.com/shorts/W78ZbpymNUA?feature=share |

- **Facebook પેજ માટેની લિંક**

| |
|---|
| https://www.facebook.com/groups/763624927362763/permalink/1499883820403533/?sfnsn=wiwspwa |
| https://www.facebook.com/groups/763624927362763/permalink/1446999892358593/?sfnsn=wiwspwa |
| https://www.facebook.com/groups/763624927362763/permalink/1429497830775466/?sfnsn=wiwspwa |
| https://www.facebook.com/groups/763624927362763/permalink/1382383438820239/?sfnsn=wiwspwa |
| https://www.facebook.com/groups/763624927362763/permalink/1450356765356239/?sfnsn=wiwspwa |

- **નવતર પ્રયોગના ફોટોગ્રાફ**



માલપુરની ગોવિંદપુર પ્રાથમિક શાળાના શિક્ષિકા ત્રણ કિલોમીટર ચાલતા જઇ બાળકોને ભણાવવા જાય છે

માલપુર| માલપુરના ગોવિંદપુર પ્રા. શાળાના શિક્ષિકા ત્રિવેદી વિરલબેન બાબુભાઈ ધો.1-2 ના વિદ્યાર્થીઓને મહામારીમાં ત્રણ કિ.મી.સુધી પગપાળા ચાલી ઘરે ઘરે જઈ પાયાનું શિક્ષણ આપી રહ્યા છે. માર્ચ 2020 થી શિક્ષણ કાર્ય બંધ હોઈ જેઓ પ્રજ્ઞા શિક્ષકા હોવાથી નાના બાળકોને રસ પડે તેવી પદ્ધતિ અપનાવીને ધો.1ના ભૂલકાઓને પાયાનું શિક્ષણ ના બગડે તેવી પદ્ધતિથી શિક્ષણકાર્ય આપી રહ્યા છે. ગોવિંદપુરની આસપાસના ત્રણ કિ.મી. થી નાના બાળકો આવતા હોઈ ત્યાં ફોનની સુવિધા નથી. ત્યારે તલાવડી જેવા વિસ્તારના વાલીઓની પરિસ્થિતિ સારી હોવા ના હોવાથી શિક્ષિકાએ સ્વ ખર્ચે 300 થી વધુ શિક્ષણને લગતાં ગુજરાતી- ગણિત વિષયને અનુરૂપ ટીએલએમ બનાવી નાના બાળકોને રસ પડે તેવી પદ્ધતિ અપનાવી શરૂઆત કરી હતી. ત્યારબાદ તેમણે સોશિયલ મિડીયા માધ્યમથી વાર્તાઓ તેમજ શિક્ષણ આપી રહ્યા છે.• જસુ ભરવાડ



દિવ્ય ભાસ્કર હિંમતનગર મોડાસા ભાસ્કર 22-03-2021

માલપુરના ગોવિંદપુરની શિક્ષિકા રાજ્યકક્ષાએ ઝળક્યા

માલપુર | માલપુરની ગોવિંદપુર પ્રાથમિક શાળાની શિક્ષિકા ત્રિવેદી વિરલબેન બાબુભાઈ દ્વારા ધો. 1 અને 2 ના બાળકો માટે 300 થી વધુ ટી.એલ.એમ.બનાવી નવતર પ્રયોગ હાથ ધરાયો હતો. જેને રાજ્યકક્ષાના શૈક્ષણિક કાર્યક્રમમાં વડોદરામાં પસંદ કરાયો છે. એજ્યુકેશન ઈનોવેશન ફેસ્ટિવલમાં રાજ્ય કક્ષાએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરાતાં અરવલ્લી જિલ્લા શિક્ષણ વિભાગ, ...આરસી સીઆરસી માલપુર તાલુકા અને ગોવિંદપુરના શિક્ષણ ...ક્ષિકાને અભિનંદન આપ્યા હતા.









### 3.1.5 મેઘરજ તાલુકાની સરકારી પ્રાથમિક શાળાઓના શિક્ષકો દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા

મેઘરજ તાલુકાની સુરદેવી, બાંઠીવાડા, ઇસરી, ગોધાફળિયા, ડચકા, ધનીવાડા, લીંબોદરા અને સિસોદરા (અ) સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા સારણી 3.26 થી 3.33 માં રજૂ કરેલ છે.

**સારણી : 3.26**


**સુરદેવી સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા**

| **શિક્ષકનું નામ** | **સોલંકી રાજેશભાઇ ચીમનલાલ** |
|---|---|
| **શાળાનું નામ** | સુરદેવી પ્રાથમિક શાળા |
| **પ્રસ્તાવના** | અમારી સુરદેવી પ્રાથમિક શાળા અરવલ્લી જિલ્લામા મેઘરજ તાલુકામાં આવેલી છે. અમારી શાળાના બાળકો કોરોના મહામારીમાં શિક્ષણ અભ્યાસથી વંચિત ના રહે તે હેતુસર બાળકોની સતત ચિંતા કરી.<br>1. મારા ધોરણ 5 ના તેમજ 1 થી 4 ના બાળકો ઘરે બેસી હોમવર્ક કરે તે માટે ગુજરાતી, હિન્દી અને અંગેજી વિષયના વ્યાકરણની પીડીએફ બનાવી તેમજ ગણિત વિષયની ચાર ક્રિયાઓના દાખલાઓની PDF સાથે સાથે જનરલ નોલેજની પીડીએફ બનાવી.<br>2. આ પીડીએફ દરેક બાળકોને ઘરે ઘરે જઇ વહેંચવામાં આવી. જેથી કરીને દરેક બાળકોના મોટા ભાઇ બહેન તેમજ વાલીગણ માર્ગદર્શનરૂપ બને.<br>3. જરૂર જણાય ત્યાં માર્ગદર્શન આપવામાં આવતું જેથી બાળકો શિક્ષણ અભ્યાસ થી વંચિત ન રહે. |

| | |
|---|---|
| **વિશિષ્ટ કામગીરી કરવા માટેની પ્રેરણા** | સરકારશ્રીના પરિપત્રોનું અમલીકરણ કરવાની તીવ્ર ઇચ્છાશ્કતિમાંથી આ કામગીરીની પ્રેરણા મળી |
| **કરેલ નવતર પ્રયોગનું શીર્ષક** | **સહિયારું શિક્ષણ** |
| **કરેલ વિશિષ્ટ કામગીરીનું ક્ષેત્ર** | શિક્ષણ સહિત તમામ ક્ષેત્રેની કામગીરી કરવા માટેનું સઘન આયોજન |
| **કરેલ વિશિષ્ટ કામગીરીના હેતુઓ** | તમામ પ્રકારના હેતુઓનું અમલીકરણ દ્વારા આ કામગીરી હાથ ધરવામાં આવી. |
| **કામગીરીથી અસર પામેલ જૂથની સંખ્યા** | 48 |
| **સરકારશ્રી દ્વારા આ સમયે અમલમાં મૂકવામાં આવેલ કાર્યક્રમ અંતર્ગત કરેલ કામગીરી** | પરિપત્રોનું અમલીકરણ |
| **અન્ય કામગીરીની વિગત** | પ્રોજેક્ટ વર્ક, પ્રવૃત્તિઓ, ગીત સંગીત, ચિત્રકામ વગેરે |
| **કાર્યક્રમનું અમલીકરણ** | કોવિડ 19 ને ધ્યાનમાં રાખી કોવિડની ગાઇનલાઇનનું પાલન કરી સમયપત્રક મુજબ સમગ્ર આયોજન કરેલ હતું. |
| **બાળકોનું મુલ્યાંકન** | વિધાર્થીઓ માટે યોજાયેલ શિક્ષણ કાર્ય મુજબ તેઓમાં થયેલ પ્રગતિની ચકાસણી કરી હતી. |
| **પરિણામ / તારણ** | આ પ્રયોગ સફળ રહ્યો હતો. |

- **નવતર પ્રયોગના ફોટોગ્રાફ**











**સારણી : 3.27**

**બાંઠીવાડા સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા**

| | |
|---|---|
| **શિક્ષકનું નામ** | **ભાવના જે. જોશી** |
| **શાળાનું નામ** | બાંઠીવાડા પ્રાથમિક શાળા |
| **પ્રસ્તાવના** | આ વર્ષે કોવિડનો સમય ખૂબ જ મુશ્કેલ હતો. અત્યાર સુધીમાં સૌ પ્રથમ વખત ડિજિટલ શિક્ષણ વ્યવસ્થા થકી બાળકો સાથે કામ કરવાનું બન્યું હતું. શીખવા શીખવવાનો એક નવતર અનુભવ તરફ આ બાળકો ઢળવા જઈ રહ્યા હતા. સૌ પ્રથમ તો શાળામાં અભ્યાસ કરતાં બાળકો પૈકી ઘરે જ સ્માર્ટફોન હોય તેવા વિધાર્થીઓની સંખ્યા ખૂબ ઓછી હતી. અગાઉ જણાવ્યા મુજબ ગામના વિસ્તાર આધારિત જે નાના જૂથ કર્યા હતા. તે જૂથ પૈકી બાળકો અને ધોરણ આધારે કોણ કોણ સાથે કે નાના જૂથમાં અભ્યાસ કરે તે માટે વિધાર્થીઓને વ્યક્તિગત રીતે સમજ આપવામાં આવી હતી. દરેક ધોરણના બાળકો બધી જ પ્રવૃત્તિમાં જોડાય એવા આશય સાથે જે બાળકોના ઘરે ટી.વી. હતું તે ઘરના વડીલ સાથે ચર્ચા કરી બાળકો ટી.વી.માં જોઈ શિક્ષણ મેળવે અને નવો અનુભવ પ્રાપ્ત કરે, નવું જાણે અને અમલી બનાવે તે માટે એમના વાલીઓ સાથે સંપર્ક કરી વૈશ્વિક સમસ્યા સામે વિધાર્થીઓને શાળામાં આવવાને બદલે ઘરે બેસી શીખે તે માટે પ્રયત્ન કરવામાં વાલી સહયોગી બને તે અપેક્ષિત હોઈ આ માટે વાલીઓના વિશેષ પ્રયત્નો અને સમજણ વધે તે માટે ખાસ આયોજન કર્યું હતું. બાળકોને વિડીયો કોલ કરતાં અને રિસીવ કરતાં શીખવી ઘરે કે રજાના દિવસે કે કોઈ નાની મોટી સૂચના આપવા વિડીયો કોલનો ઉપયોગ કરવો શરૂ કર્યા પછી બાળકો પણ આ રીતે સમજતા થાય અને સહયોગ કરી સાથો સાથ જોડાતા થયાં. તેમને જ્યાં મુશ્કેલી કે સમસ્યા સામે આવે ત્યારે મારો સંપર્ક કરવાની વ્યવસ્થા સરળતા કરી આપી હતી. વર્ગખંડમાં શીખવા શીખવવાની પદ્ધતિ અને આ દૂરવર્તી શિક્ષણ વચ્ચે ખૂબ તફાવત જોઈ શકાતો હતો. આ પ્રવૃત્તિમાં બાળકોને સહયોગ મળ્યો સાથે સાથે તેમને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. |
| **વિશિષ્ટ કામગીરી કરવા માટેની પ્રેરણા** | કોરોના મહામારી સમયે શાળાઓ બંધ હતી. શરૂઆતના તબક્કે તો આ મહામારી ટૂંક સમયમાં જતી રહેશે એવો અણસાર હતો, પરંતુ છેવટે જ્યારે શાળાઓમાં જ પચાસ ટકા શિક્ષકો હજાર રહેશે એવું થયું ત્યારે તેની |

| | |
|---|---|
| | ગંભીરતા જોઈ શકાઇ. એક શિક્ષક અને માતા તરીકે આ સમયે બાળકોના ભવિષ્ય માટે એક ફરજના ભાગરૂપે આ કામ કરવું અને રાષ્ટ્ર નિર્માણમાં સહયોગી થવું એમ માની આ કાર્ય હાથ ધર્યું. |
| **કરેલ નવતર પ્રયોગનું શીર્ષક** | **સહપાઠી થકી મૂલ્યાંકન** |
| **કરેલ વિશિષ્ટ કામગીરીનું ક્ષેત્ર** | બાંઠીવાડા પ્રાથમિક શાળાના અભ્યાસ કરતાં બાળકો. |
| **કરેલ વિશિષ્ટ કામગીરીના હેતુઓ** | કોરોના મહામારી સમયે બાળકોનું શીખવાનું ન અટકે દરેક બાળક પોતાની જરૂરિયાત મુજબ અને પોતાની ઝડપે શીખે સાથોસાથ બાળકોને હોમલર્નીંગ માટે માનસિક અમે ભૌતિક રીતે સજ્જ થાય તે માટે આ કામગીરી કરવામાં આવી હતી. |
| **કામગીરીથી અસર પામેલ જૂથની સંખ્યા** | 200 કરતાં વધારે બાળકો અને એટલીજ મોટી સંખ્યામાં વાલીઓ પણ આ પ્રવૃત્તિમાં લાભાર્થી થયાં. |
| **સરકારશ્રી દ્વારા આ સમયે અમલમાં મૂકવામાં આવેલ કાર્યક્રમ અંતર્ગત કરેલ કામગીરી** | સરકાર દ્વારા વિશેષ પરિસ્થિતિને આધારે જે માર્ગદર્શન મળ્યું તે મુજબ અને સ્થાનિક પરિસ્થિતિ મુજબ કામગીરી કરવામાં આવી. |
| **અન્ય કામગીરીની વિગત** | શાળાના બાળકોને નાના જૂથમાં વિભાજીત કરી આ દરેક જૂથ ઉપર એક એસએમસી સભ્યને જવાબદારી આપી આ પ્રયોગને આગળ વધારવામાં આવ્યો. |
| **કાર્યક્રમનું અમલીકરણ** | કોરોના સમયે શાળાઓ બંધ અને શિક્ષણકાર્ય શરૂનો અમલ થયો ત્યારથી આ કાર્યક્રમ શાળા કક્ષાએ અમલી બનાવેલ છે. |
| **બાળકોનું મુલ્યાંકન** | બાળકોનું મૂલ્યાંકન સતત અને સર્વગ્રાહી થાય તે માટે શિક્ષકો સહિત મોટા ધોરણના બાળકોને જવાબદારી સોંપવામાં આવી હતી. |
| **પરિણામ / તારણ** | શાળાના મૂલ્યાંકન આધારે પરિણામ અને પરિણામને આધારે જરૂરી આયોજન થકી બાળકો માટે આગળનું આયોજન કરવાનું નક્કી કરી શકાય. આમ બાળકો અને સ્થાનિક પરિસ્થિતિ મુજબ આ સ્થિતિમાં સૌથી ઉપયોગી સહપાઠી વ્યવસ્થા દ્વારા શિક્ષણનો આ પ્રયોગ એક મજબૂત વ્યવસ્થા તરીકે ઉપસી આવેલ છે. |

- **નવતર પ્રયોગના ફોટોગ્રાફ**









**સારણી : 3.28**

**ઇસરી સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા**

| | |
|---|---|
| **શિક્ષકનું નામ** | **અમિતાબેન ડી. પ્રજાપતિ** |
| **શાળાનું નામ** | ઇસરી પ્રાથમિક શાળા |
| **પ્રસ્તાવના** | Covid મહામારી અંતર્ગત કરેલ કામગીરી |
| **વિશિષ્ટ કામગીરી કરવા માટેની પ્રેરણા** | Covid મહામારી અંતર્ગત સ્કૂલો બંધ થતા બાળકોને શિક્ષણ કેવી રીતે આપવું તે પ્રશ્નો ઉદભવ થતાં આ કામગીરી કરવા માટેની પ્રેરણા મળી. |
| **કરેલ નવતર પ્રયોગનું શીર્ષક** | શાળા બંધ છે, શિક્ષણ નહીં. |
| **કરેલ વિશિષ્ટ કામગીરીનું ક્ષેત્ર** | પ્રાથમિક શાળામાં અલગ અલગ વિસ્તારોમાંથી આવતા બાળકો |
| **કરેલ વિશિષ્ટ કામગીરીના હેતુઓ** | બાળકો પોતાની કક્ષા અનુસાર શિક્ષણ મેળવે, બાળકો આ મહામારીમાં પોતાનું આરોગ્ય સાચવે, બાળકો સતત પ્રગતિમાં રહે અને બાળકોનું શિક્ષણકાર્ય પ્રવૃત્તિમય થાય વગેરે |
| **કામગીરીથી અસર પામેલ જૂથની સંખ્યા** | 315 |
| **સરકારશ્રી દ્વારા આ સમયે અમલમાં મૂકવામાં આવેલ કાર્યક્રમ અંતર્ગત કરેલ કામગીરી** | સરકારશ્રી દ્વારા પરિવારનો માળો અને સલામત તેમજ વર્ચ્યુઅલ શિક્ષણ, દીક્ષા એપ્લિકેશન દ્વારા શિક્ષણ, WhatsApp માધ્યમ દ્વારા શિક્ષણ, હોમલર્નિંગ અનુસાર ટી.વી. કાર્યક્રમ, WhatsApp status તેમજ મોકટેસ્ટ, શેરીશાળા શિક્ષણ, એકમ કસોટી, ઘરે શીખીએ અને વર્ગદર્પણ જેવા કાર્યક્રમોના અમલીકરણ અંતર્ગત જે બાળકો કે તેમના વાલીઓ એન્ડ્રોઇડ ફોન ધરાવતા હતા તે બાળકોના WhatsApp ગ્રૂપ બનાવવામાં આવ્યા અને WhatsApp ગ્રૂપના માધ્યમ થકી બાળકો સુધી અલગ અલગ વિડીયોઝ અલગ અલગ પ્રવૃત્તિઓ બાળકો સુધી પહોંચાડવામાં આવી. દીક્ષા એપ્લિકેશન દરેક બાળકોના મોબાઇલમાં ઇન્સ્ટોલ કરવામાં આવી અને |

| | |
|---|---|
| | તેનો ઉપયોગ કેવી રીતે કરવો તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું. શિક્ષકો દ્વારા અલગ અલગ વિસ્તારની જવાબદારી આપી અને શિક્ષકો દ્વારા વાલીઓની બેઠક કરી અને વાલીઓને કોરોના મહામારીના સંદર્ભમાં શૈક્ષણિક કાર્ય કેવી રીતે કરવું અને તેમાં તેઓ કેવી રીતે પોતાનો સહયોગ આપી શકે તે માટેની બેઠકો કરવામાં આવી. આ માટે કરેલ પ્રયત્નોમાં એકમ કસોટી અંતર્ગત 315 એકમ કસોટીઓ બાળકોના ઘરે પહોંચાડવી એ મુશ્કેલ કાર્ય હતું પરંતુ દરેક શિક્ષકોએ પોતાના વિસ્તારોની જવાબદારી લીધી અને એકમ કસોટી અમે ખૂબ જ સરળતાથી બાળકો સુધી પહોંચાડી શકયા તેમજ પરત પણ લઈ શક્યા. બાળકોને યોગ્ય અને પોતાના વિષયનું માર્ગદર્શન આપવા માટે શિક્ષણનું પણ કામ કરવામાં આવે છે જેમાં દિવસે જે શિક્ષકનો વારો આવે તે મુજબ તેઓને શેરી શિક્ષણની જવાબદારી આપવામાં આવતી અને પોતે જે તે વિસ્તારમાં જઈ અને પોતાના વારા પ્રમાણે વિષય શિક્ષણ આપતા હતાં. |
| **અન્ય કામગીરીની વિગત** | આ સમયગાળા દરમિયાન ફરતું પુસ્તકાલયનો પણ એક પ્રયોગ કરવામાં આવેલ હતો. જેમાં શિક્ષકો પોતાના વિસ્તારમાં જઈ અને બાળકોને એક ખાટલા ઉપર કેટલાક પુસ્તકો લાયબ્રેરીમાંથી લઈને બાળકોને વાંચવા માટે આપતા દસ દિવસ સુધી બાળકોએ પોતે વાંચેલ પુસ્તકનું અધ્યયન કરવાનું અને તેની એક નોટબુક પણ નિભાવવાની અને દસ દિવસ પછી એ જે તે વિસ્તારના શિક્ષકને એ પુસ્તક પરત આપી બીજા પુસ્તકો લઇને પુસ્તકોના વાંચન માટે આપવામાં આવતાં. |
| **કાર્યક્રમનું અમલીકરણ** | સરકારશ્રી દ્વારા આવતા કાર્યક્રમની જાણ દરેક બાળકને કરવી, વિસ્તાર પ્રમાણે બાળકોના શીખવવાના માધ્યમની શિક્ષકને જાણ કરી, શિક્ષક દ્વારા ગરીબ બાળકોની મુલાકાત અને અભ્યાસની ચર્ચા, શિક્ષણ અંતર્ગત ટાઇમટેબલ, બાળકોના અઠવાડિયાના સહશિક્ષણ લાવવાના વિશેનું ટાઇમટેબલ, વર્ચ્યુઅલ ક્લાસરૂમ અંતર્ગત દરેક બાળકનું id create કરવું., વર્ચ્યુઅલ ક્લાસરૂમના ટાઇમટેબલની વાલી સાથે ચર્ચા કરી. બાળકો હોય |

| | |
|---|---|
| | ત્યાં ટીકમાર્ક કરી સુધારા સૂચવતા ફરી વખત નોંધ કરાવી. દર રવિવારે પણ શૈક્ષણિક તથા ફીડબેક લેવા વિજ્ઞાન ટેકનોલોજી અંતર્ગત સાદા પ્રયોગો અને વિવિધ પ્રયોગો સૌ સાથે મળીને પ્રયોગો કરી અને તેનો WhatsApp ગ્રૂપમાં મોકલતા હતા. વિસ્તાર વાઈઝ એકમ કસોટી સમયસર પહોંચાડવી થતા પરત મેળવીની કામગીરી કરી હતી. |
| **બાળકોનું મુલ્યાંકન** | એકમ કસોટીબાળકોને આપવામાં આવતી અને એકમ કસોટીની તપાસ કરી બાળકોએ કરેલી ભૂલોના સંદર્ભમાં તેમને ટેલીફોનીક માર્ગદર્શન આપવામાં આવતું. |
| **પરિણામ / તારણ** | WhatsApp ના માધ્યમથી બાળકોએ કરેલ વિવિધ પ્રવૃત્તિઓ અને તેમણે ઘરે કરેલ પ્રેક્ટીકલ અભ્યાસની કાળજી લેવામાં આવતી. આ પ્રયોગથી બાળકોની સુષુપ્ત શક્તિઓ જાણવા મળી અને બાળકો પણ શીખી શક્યા. વિજ્ઞાન પ્રયોગના અનુભવ આપી શક્યા તથા બાળકોને ઘરેથી આજુબાજુ વાતાવરણમાંથી ચીજ વસ્તુઓ એકઠી કરી પ્રયોગ કરવા પ્રેરાયા. વાલીઓની અંદર છુપાયેલી શક્તિઓ જાણી શક્યા બાળક અને વાલી અને શિક્ષણનો ત્રિવેણી સંગમથી બાળકોના શૈક્ષણિક વિકાસ કરવામાં સફળતા મળી રહે |

| **શાળાની નવતર પ્રયોગ સંબંધી બાબતો** | |
|---|---|
| શાળાનો વિસ્તાર (ગ્રામ્ય/શહેરી) | ગ્રામ્ય |
| શાળામાં ચાલતા ધોરણ | 1 to 8 |
| ગામની કુલ વસ્તી | 1800 |
| શાળાના કુલ શિક્ષકોની સંખ્યા | 12 |
| બાળકોની કુલ રજીસ્ટર સંખ્યા | 315 |
| તે પૈકી સ્માર્ટફોન / ડિજિટલ મોબાઈલ ધરાવતા વિધાર્થીઓની સંખ્યા | 220 |
| સાદાફોન ધરાવતા વિધાર્થીઓની સંખ્યા | 95 |

| | |
|---|---|
| ટેલીવિઝન ધરાવતા વિધાર્થીઓની સંખ્યા | 250 |
| કોઈ માધ્યમ ન હોય તેવા વિધાર્થીઓની સંખ્યા | 65 |
| COVID-19 અને પરિસ્થિતી દરમિયાન વિધાર્થીઓના શિક્ષણ તેમજ વિધાર્થી વાલી જાગૃતિ માટે વિશિષ્ટ કામગીરી કરનાર શિક્ષકનું નામ | અમિતાબેન ડી. પ્રજાપતિ |
| Lock-down ના શરૂઆતના સમયગાળા દરમિયાન ગામની સ્થિતિ | ન ભૂતો ન ભવિષ્યતિ સરકારશ્રી દ્વારા 16-3-2020 અચાનક સ્કૂલો બંધ કરવાનું ફરમાન કરવામાં આવ્યો શિક્ષકો વાલીઓ અને બાળકો પણ અવઢવમાં મુકાઇ ગયા ત્યારે આ પરિસ્થિતિનું નિર્માણ થશે અને એથી બે થી ત્રણ મહિનાની અંદર સ્કૂલો શરૂ થશે તેવું વાતાવરણ પહેલાં લાગતું હતું પરંતુ આ મહામારી વધુ વકરતાં ગ્રામજનો અને બાળકોમાં એક પ્રકારની બીક પેસી ગયેલી કોઈ બચતું નથી. પોતે સંપૂર્ણ સલામતી રાખવા છતાં પણ કોરોના કેવી રીતે અને ક્યાં ફેલાય છે તે પણ જાણી શકાતું નથી. આમ ગામની અંદર એક પ્રકારના ડરનો માહોલ વાલીઓ બાળકો અને શિક્ષકોમાં જોવા મળતો હતો. સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ લોકડાઉન એટલે કે સંપૂર્ણ બંધ, સમગ્ર ભારત બંધ. એક પ્રકારનો ડરનો માહોલ ગામની અંદર વ્યાપી ગયેલ હતો. સરકારશ્રી દ્વારા બે ત્રણ મહિના પછી શાળાઓ શરૂ થાય તેવી હતી પરંતુ કોણ મહામારીમાં ફરી શાળાઓ શરૂ થાય તેવા કોઇ સગડ મળતા નહોતા. |
| કોરોના સંદર્ભે જાગૃતિ અને બચાવ માટે કરેલ વિશેષ પ્રયત્નોની નોંધ | કોરોના મહામારીના અંતર્ગત શિક્ષકો દ્વારા સરકારશ્રીની ગાઈડલાઈન પ્રમાણે બાળકો અને તેમના વાલીઓ સાથે મુલાકાત કરવામાં આવી અને વિવિધ પ્રવૃત્તિઓ, ટી.વી., WhatsApp ના માધ્યમથી બાળકોને અને વાલીઓને માર્ગદર્શન આપવામાં આવેલ. આ માટે ફળિયાની ટીમો પણ બનાવી અને વાલીઓ સાથે ચર્ચા કરી હતી. |
| હોમલર્નિંગ માટે વિધાર્થીઓને આપેલ માર્ગદર્શન | શિક્ષકો દ્વારા વિધાર્થીઓના ઘરે ઘરે જઇને વાલીઓ અને બાળકોની મુલાકાત કરવામાં આવી હતી. હોમલર્નિંગનો કાર્યક્રમ અને ટાઇમટેબલ કયા ધોરણનું કેટલા વાગે આવશે તે અંગેની માહિતી આપવામાં આવી. |
| એકમ કસોટી | વિસ્તાર પ્રમાણે શિક્ષકોને જવાબદારીઓ સોંપવામાં આવી હતી. 14 ગામમાંથી કુલ 315 બાળકો આવતા હોવાથી શિક્ષકો દ્વારા જ |

| | |
|---|---|
| | બાળકોની સંખ્યા વહેંચણી કરી અને શિક્ષક દ્વારા પોતાના વ્હીકલમાં જ એકમ કસોટી બાળકના ઘરે ઘરે જઈ આપવમાં આવી અને તેણે કેવી રીતે અને લખવું તે અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યું. |
| ઘરે શીખીએ પુસ્તિકાઓ | ઘરે શીખીએ પુસ્તિકાઓનું આયોજન એકમ કસોટીના પ્રમાણે જ કરવામાં આવ્યું. વિસ્તાર પ્રમાણે શિક્ષકે અલગ અલગ ધોરણની પુસ્તિકાઓ બાળકો સુધી પહોંચાડી તેમ જ પરત લેવામાં આવી. |
| વર્ગદર્પણ | વર્ગદર્પણ એ બાળકોનો મૂલ્યાંકન કરવા માટેની એક ઉત્તમ પુસ્તિકા છે. બાળકો એકમ કસોટીનીમાં પોતે કેટલા માર્ક્સ મેળવ્યા તેની નોંધ કરવાની હોય છે. બાળકોએ કરેલ વિશિષ્ટ પ્રવૃત્તિઓની નોંધ કરવામાં આવી. મહિનાના અંતે બાળકો પાસેથી પરત લેવામાં આવી. |
| પરિવારનો માળો, સલામત અને હૂંફાળો | સરકારશ્રી દ્વારા કરેલ આયોજન પ્રમાણે GCERT દ્વારા બહાર પાડવામાં આવતું પરિવારનો માળો સલામત અને હૂંફાળો એ બાળકોના ધોરણ એક થી આઠના વોટ્સએપ ગ્રૂપમાં મોકલવામાં આવતા અને બાળકો સુધી પહોંચાડી શકતાં વાલીઓને પણ બાળકોને પ્રવૃત્તિ કરવા માટે તેની જાણકારી આપી. |
| SSA ની વેબસાઇટ પર આપવામાં આવતું સાપ્તાહિક આયોજન | SSA દ્વારા બાળકોને સાપ્તાહિક આયોજન આપવામાં આવતું હતું તે માટે બાળકોને વોટ્સએપના માધ્યમથી બાળકોને એ આયોજન પહોંચાડી આપવામાં આવતું. |
| ડી.ડી. ગિરનાર પર પ્રસારીત થતા શૈક્ષણિક કાર્યક્રમો | શૈક્ષણિક માધ્યમો જેવાકે ટી.વી. WhatsApp google maps વગેરેના માધ્યમથી બાળકો સુધી પહોંચી શકતા અને બાળકો દ્વારા તે તેઓએ કરેલી પ્રવૃત્તિએ WhatsApp ગ્રૂપમાં તેઓ દ્વારા મોકલવામાં આવેલ પ્રવૃત્તિઓના ફોટોગ્રાફ્સ મેળવતા. જે બાળકો WhatsApp ગ્રૂપ માં નથી તેવા બાળકો સાથે રૂબરૂ મુલાકાત કરી અને બાળકોને માહિતી આપવામાં આવતી અને તેમના વાલીને પણ માર્ગદર્શન આપવામાં આવતું. |
| વંદે ગુજરાત (બાયસેગ) પર પ્રસારિત થતાં શૈક્ષણિક કાર્યક્રમો | બાળકો સાથે ટેલિફોનિક ચર્ચા કરવામાં આવતી. બાળકો આજે શું ભણ્યા?, હોમલર્નિંગ અંદર કયા વિષય પર ચર્ચા કરવામાં આવી, કયા મુદ્દા પર ચર્ચા કરવામાં આવી અને તેના પ્રશ્નો પૂછવામાં આવતા. બાળકો કરેલ કાર્ય તેઓ WhatsApp ના ફોટોગ્રાફ્સ દ્વારા મોકલી આપતા અને તેનું મૂલ્યાંકન શિક્ષક દ્વારા |

| | |
|---|---|
| | કરવામાં આવતું. જો બાળકોએ ભૂલો કરી હોય તો ફરીથી ભૂલ ન કરે તે માટેનું માર્ગદર્શન પણ આપવામાં આવતું. |
| WhatsApp ટેસ્ટ<br>(ધોરણ 3 થી 5 અને ધોરણ 6 થી 8) | દર શનિવારે સરકારશ્રી દ્વારા લેવામાં આવતા WhatsApp ટેસ્ટમાં કઈ રીતે જોઈન્ટ થવું તે અંગેનું માર્ગદર્શન આપતા હતા. |
| Microsoft teams, google meet, Jio meet, zoom app વગેરેના માધ્યમથી હાથ ધરેલ વર્ચ્યુઅલ શિક્ષણ | Microsoft teams ના માધ્યમથી |
| શેરીવર્ગ / ફળિયાશિક્ષણ | વિષય પ્રમાણે શિક્ષકો દ્વારા વિષયવાર શેરીવર્ગ ચલાવવામાં આવ્યા. |
| શાળા કે શિક્ષકની પોતાની YouTube ચેનલ અને શૈક્ષણિક ઉપયોગ | - |
| Google classroom | Google classroom અંતર્ગત 150 થી વધારે બાળકોને શૈક્ષણિક માર્ગદર્શન આપી શક્યા. |
| WhatsApp / કાઇઝાલા / ટેલિગ્રામ | WhatsApp ગ્રૂપ ના માધ્યમથી 220 બાળકો સુધી અમે ખૂબ જ સરળતાથી પહોંચી શકતા હતા. |
| દીક્ષા એપ | 220 બાળકોને અમે દીક્ષા એપ્લિકેશન મોબાઇલની અંદર ઈસ્ટોલ કરાવી અને ત્યાર પછી દીક્ષા એપ્લિકેશનનો ઉપયોગ કેવી રીતે કરવો તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું. |
| ઓનલાઈન ક્વિઝ | - |
| વિધાર્થી / વાલીની રૂબરૂ મુલાકાત | 315 વાલીઓની રૂબરૂ મુલાકાત કરવામાં આવી અને બાળકોની શૈક્ષણિક કચાશના 50 મુદ્દાઓને ધ્યાનમાં રાખી અને તે પ્રમાણે કેવી રીતે કામગીરી કરવી તે માટેનું માર્ગદર્શન વાલીઓને આપવામાં આવે છે. |
| વિધાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના મૂલ્યાંકન શિક્ષકે કરેલ વિશેષ પ્રયાસોની નોંધ | શાળા દ્વારા એક અલગ પ્રકારના ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેવી રીતે એકમ કસોટી બાળકોના ઘરે ઘરે પહોંચે છે તેવી જ રીતે દર અઠવાડિયે એક બે ટેસ્ટ બાળકો સુધી પહોંચે, બાળકોએ ટેસ્ટ આપે અને શિક્ષકો દ્વારા પરત લેવાઇ જાય જેથી કરીને બાળકોને શૈક્ષણિક સિદ્ધિ કેવી છે એનું મૂલ્યાંકન આપણે ખૂબ જ સરળતાથી કરી શકીએ. |

| | |
|---|---|
| વિધાર્થીઓને અપાતા ગૃહકાર્ય અને તેની ચકાસણી માટે કરેલ વિશેષ પ્રયત્નો | WhatsApp ના માધ્યમથી |
| વિધાર્થીઓને વિષયવસ્તુ શીખવવા હાથ ધરેલ વિશિષ્ટ પ્રયોગની નોંધ | ના |
| વિધાર્થીઓને વિષયવસ્તુ શીખવવા માટે આપે અન્ય કોઇ વિશિષ્ટ પ્રયોગ કર્યો હોય તે અંગેની નોંધ | ના |
| વિધાર્થીઓએ સાથે સંદેશાવ્યવહાર માટે હાથ ધરેલ વિશિષ્ટ પ્રયોગની નોંધ | WhatsApp તથા મોબાઈલ કોન્ટેક્ટ દ્વારા |
| વિધાર્થીઓના હોમલર્નિંગ માટે મેળવેલ સહયોગની વિગતવાર નોંધ | એસ.એમ.સી સભ્યો સાથે વારંવાર મુલાકાત કરી અને તેમને પોતાના વિસ્તારના બાળકોને વિવિધ માધ્યમો દ્વારા કેવી રીતે શિક્ષણ મેળવે છે તેની માહિતી સભ્યોને સાથે રાખી આપતા. જેથી બાળકોના શૈક્ષણિક કાર્ય અને મૂલ્યાંકનમાં તેઓ શિક્ષકોને મદદગાર થતાં હતાં. |
| હોમલર્નિંગને વધુ અસરકારક બનાવવા આપના સૂચનોની નોંધ | હોમ લોન અંતર્ગત જે જે માધ્યમો દ્વારા પ્રયત્નો કરવામાં આવ્યા તે પ્રાદેશિક ભાષામાં પાઠ લેવાય તે જરૂરી છે કારણકે રાજયકક્ષાએથી લેવામાં આવતા પાઠમાં વપરાતી ભાષા અમારા બાળકો સમજી શકતા ન હોવાથી અમારે અમારી ભાષામાં સમજાવવાનો પ્રયત્ન કરવો પડતો હતો. |

**સારણી : 3.35**

**પંડયાવાસ સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા**

| **શિક્ષકનું નામ** | **ગીતાબેન આર. પટેલ** |
|---|---|
| **શાળાનું નામ** | પંડયાવાસ પ્રાથમિક શાળા |
| **પ્રસ્તાવના** | કોવિડ 19 ના સમયગાળા દરમિયાન કરેલી કામગીરી તેમજ શેરી શાળા અંતર્ગત કરેલી કામગીરી. |
| **વિશિષ્ટ કામગીરી કરવા માટેની પ્રેરણા** | વિશિષ્ટ કામગીરી માં પંડયાવાસ તથા મોચીવાસના જે લોકો જુગાર રમતા હતા તેમને માર્ગદર્શન આપી તે જુગાર રમતા બંધ કરાવ્યા તેમજ તમાકુવાળી જે વસ્તુઓ સ્ત્રી અને પુરુષ ખાતા હતા તેમને આરોગ્યલક્ષી સૂચનો આપી બંધ કરવા સલાહ આપી. દારૂ પીતા લોકોને દારૂથી થતા નુકસાન અંગે સમજ આપી અને ગાયત્રી પરિવારના સંપર્ક દ્વારા નશીલા પદાર્થોથી થતા નુકસાન અંગેની નાની ફિલ્મ બતાવવામાં આવી. |
| **કરેલ નવતર પ્રયોગનું શીર્ષક** | કોવિડ 19 દરમિયાન રાખવાની તકેદારી વિશે સમજ, જુગાર રમતા બંધ થયા તેમજ દારૂ પીવા પર નિયંત્રણ તથા બાળકોને વ્યક્તિગત અભ્યાસ પર કાળજી રાખતા થયા. આગળ અભ્યાસ અંગે માર્ગદર્શન ચાલુ રાખ્યું. |
| **કરેલ વિશિષ્ટ કામગીરીનું ક્ષેત્ર** | પંડયાવાસ, મોચી વાસ, આદિવાસી વિસ્તાર તેમજ શાસ્ત્રી મેદાન, માલપુર રોડ, મોડાસા |
| **કરેલ વિશિષ્ટ કામગીરીના હેતુઓ** | સ્વચ્છતા તથા આરોગ્યની જાળવણી તેમજ બાળકોના અભ્યાસ પર માઠી અસર ન પડે તે હેતુથી. |
| **કામગીરીથી અસર પામેલ જૂથની સંખ્યા** | 18 વર્ષથી નીચેના તમામ છોકરા છોકરીઓ તેમજ 18 વર્ષથી ઉપરના તમામ ગ્રામજનો તથા વાલીઓ. |
| **સરકારશ્રી દ્વારા આ સમયે અમલમાં મૂકવામાં આવેલ કાર્યક્રમ અંતર્ગત કરેલ કામગીરી** | 60 વર્ષથી ઉપરના તમામ વ્યક્તિઓનો સર્વે, 50 વર્ષથી ઉપરના તમામ વ્યક્તિઓનો સર્વે, બિમાર વ્યક્તિઓનો સર્વે, મહામારી વિશે વ્યક્તિએ |

| | |
|---|---|
| | રાખવાની તકેદારીની સમજ, શેરી શાળા તેમજ દીક્ષા પોર્ટલ પર લીધેલ 59 તાલીમો, નવી શિક્ષણ નીતિની તાલીમ તથા અન્ય તાલીમો. |
| **અન્ય કામગીરીની વિગત** | બાળકોને ગૃહકાર્ય માટે વ્યક્તિગત ટીએલએમ નિર્માણ કરી તેમજ વ્યક્તિગત ગૃહકાર્ય માટે ચોપડા બનાવી આપેલ છે. જુગારબંધી, દારૂબંધી તેમજ સ્વાસ્થ્યને હાનિકારક તમામ વસ્તુઓ પર સમજ આપેલ છે. વાલીઓને ધાબળા વિતરણ તેમજ બાળકોને અભ્યાસને લગતી વસ્તુઓનું વિતરણ કરેલ છે. |
| **કાર્યક્રમનું અમલીકરણ** | ચાલુ દિવસોમાં તેમજ સમયનો સદુપયોગ થાય તે રીતે સરકારશ્રીના સૂચનાઓ પ્રમાણે કામગીરી કરેલ છે. |
| **બાળકોનું મુલ્યાંકન** | વ્યક્તિગત બાળકોનું મુલ્યાંકન વાંચન, ગણન, લેખન તેમજ બાળકોની એકમકસોટીઓ દ્વારા તેમજ જ્ઞાન ચકાસવા અલગથી પ્રશ્નોત્તરી દ્વારા, શ્રુતલેખન, પાઠમાં આવતી વાર્તાઓ દ્વારા તેમજ અન્ય મોબાઇલના માધ્યમથી ડિજિટલ રીતે કરેલ છે. |
| **પરિણામ / તારણ** | એકંદર કરેલ પરિશ્રમનું ફળ અવશ્ય મળે જ છે. પંડયાવાસમાં નાના-મોટા તમામ વ્યક્તિઓમાં નોંધપાત્ર એવો સુધારો જણાયો છે, ચોખ્ખાઇ બાબતે ખાસ જાગૃતિ આવી છે, બાળકો એકંદરે અભ્યાસને પકડી રાખેલ છે. કશુ ભૂલ્યા હોય એવું જણાયું નથી. |

| **શાળાની નવતર પ્રયોગ સંબંધી બાબતો** | |
|---|---|
| શાળાનો વિસ્તાર (ગ્રામ્ય/શહેરી) | શહેરી |
| શાળામાં ચાલતા ધોરણ | ધોરણ- 1 થી 5 |
| ગામની કુલ વસ્તી | 475 |
| શાળાના કુલ શિક્ષકોની સંખ્યા | 2 |
| બાળકોની કુલ રજીસ્ટર સંખ્યા | 18 |

| | |
|---|---|
| તે પૈકી સ્માર્ટફોન / ડિજિટલ મોબાઈલ ધરાવતા વિધાર્થીઓની સંખ્યા | 8 |
| સાદાફોન ધરાવતા વિધાર્થીઓની સંખ્યા | 6 |
| ટેલીવિઝન ધરાવતા વિધાર્થીઓની સંખ્યા | 2 |
| કોઈ માધ્યમ ન હોય તેવા વિધાર્થીઓની સંખ્યા | 2 |
| COVID-19 અને પરિસ્થિતી દરમિયાન વિધાર્થીઓના શિક્ષણ તેમજ વિધાર્થી વાલી જાગૃતિ માટે વિશિષ્ટ કામગીરી કરનાર શિક્ષકનું નામ | પટેલ ગીતાબેન રામાભાઈ |
| Lock-down ના શરૂઆતના સમયગાળા દરમિયાન ગામની સ્થિતિ | શરૂઆતના સમયગાળા દરમિયાન સૌ ગભરાયેલા જણાતા કેમકે લોકડાઉન, સામાજિક અંતર જેવા શબ્દો પહેલીવાર સાંભળ્યા જેથી ટેલિફોનિક વાર્તાલાપથી ગામના લોકોના સંપર્કમાં રહીને એમનો જે ડર હતો તે દૂર કરવામાં મને સફળતા મળી અને ગામમાં લોકોને ચુસ્તપણે આ સમય દરમિયાન સરકારશ્રી દ્વારા જે સૂચનો મળતા તેમનું પાલન કરવા જણાવવામાં આવ્યું અને સૌ પાલન કરતા થઈ ગયા, દરેક પોતાના સ્વાસ્થ્ય અને આરોગ્ય વિશે કાળજી લેતા થઈ ગયા. |
| કોરોના સંદર્ભે જાગૃતિ અને બચાવ માટે કરેલ વિશેષ પ્રયત્નોની નોંધ | સૌપ્રથમ ગામમાં વ્યક્તિઓને સ્વાસ્થ્ય અને સ્વચ્છતા વિશે માર્ગદર્શન આપ્યું. સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ વારંવાર લોકોને સૂચનો આપ્યા. બાળકોને માસ્ક તેમજ સેનેટાઈઝરનું વિતરણ કરી તેના ઉપયોગ વિશે સમજ આપી. |
| હોમલર્નિંગ માટે વિધાર્થીઓને આપેલ માર્ગદર્શન | શરૂઆતના સમયમાં ઘરે શીખી સાહિત્ય વિશે સમજ આપી. હોમલર્નિંગ માટે આવતા વિડીયો સ્માર્ટફોનમાં નિહાળવા માટે સમજ આપવામાં આવી. ડી.ડી. ગિરનાર કાર્યક્રમ અંતર્ગત કક્ષા અનુસાર બાળકોની સમય પ્રમાણે નિહાળવા જાણ કરવામાં |

| | |
|---|---|
| | આવી વ્યક્તિગત બાળકોને હોમવર્ક માટે અલગથી નોટબુક બનાવી આપવામાં આવી. |
| એકમ કસોટી | એકમ કસોટી બાળકોને ઘરે જઇ રૂબરૂ પહોંચાડી અને વાલી દ્વારા પરત લીધી. વાલીને આપેલ માર્ગદર્શન હેઠળ, બાળકને જાતે લખે તે જોવું અને સમજ ના પડે તો ફોન દ્વારા સંપર્ક કરી માર્ગદર્શન મેળવવું. બાળકોને અમુક પ્રશ્ન સમજવામાં મુશ્કેલી પડતા તેની ફોન દ્વારા કોન્ટેક કરી સમજ આપી. આજુબાજુના ઘરે રહેતા હોશિયાર બાળકની મદદ લેવી અને સમજ મેળવવી તેમ જણાવવામાં આવ્યું. |
| ઘરે શીખીએ પુસ્તિકાઓ | રૂબરૂ પહોંચાડી અને વાલી દ્વારા પરત લીધી, વાલીને માર્ગદર્શન આપી બાળકને જ્યાં સમજ ન પડે તો મારો સંપર્ક કરવો તે વિશે જાણ કરી. પ્રશ્ન સમજવામાં બાળકની મુશ્કેલી જણાય હોશિયાર વિધાર્થીની મદદ તથા ફોન સંપર્ક. |
| વર્ગદર્પણ | રૂબરૂ પહોંચાડી વાલી દ્વારા પરત લીધા. ફોન દ્વારા તથા ઘણી વખત રૂબરૂ મુલાકાત પણ લીધી. વિધાર્થી,વાલી વિશે જાણકારી સ્થાનિક નેતાઓની, રાજ્યકક્ષાના નેતાઓની માહિતીનું માર્ગદર્શન, નગર પંચાયત સભ્ય, શિક્ષક. |
| પરિવારનો માળો, સલામત અને હૂંફાળો | ફોન દ્વારા માહિતી, રૂબરૂ મુલાકાત દ્વારા તેમજ નિહાળેલ વાર્તા વિશે પ્રશ્નોત્તરી દ્વારા. |
| SSA ની વેબસાઇટ પર આપવામાં આવતું સાપ્તાહિક આયોજન | વાલીને સમયપત્રકની સમજ આપવામાં આવી. કરેલ પ્રવૃત્તિની એકંદરી રાખવા જાણ કરવામાં આવી. પ્રવૃત્તિ માટે જરૂરી સામગ્રી બાળકોને વ્યક્તિગત પહોંચાડી. સામગ્રી રૂબરૂ બાળકોને વ્યક્તિગત ઘરે જઇ આપવામાં આવી. બાળકને વિડીયો નિહાળવામાં મજા આવતી અને જે વિડીયો જોવો હોય તેના વિશે પૂછતાં તે જવાબ આપી શકતા. |

| | |
|---|---|
| ડી.ડી. ગિરનાર પર પ્રસારીત થતા શૈક્ષણિક કાર્યક્રમો | વ્યક્તિગત પ્રિન્ટ કાઢીને સમયપત્રકની સમજ દ્વારા અમુક હોશિયાર બાળકોએ કરેલ છે. ફાઇલ બનાવેલ છે. અઘરા લાગતા શબ્દો નોંધવા જાણ કરી. અલગથી નોટબુક બનાવી તેમાં લખવા જાણ કરી. બાળ મિત્રનો તેમજ રૂબરૂ ટી એલ એમ બનાવી સમજ આપી. |
| વંદે ગુજરાત (બાયસેગ) પર પ્રસારિત થતાં શૈક્ષણિક કાર્યક્રમો | સમયપત્રક પ્રિન્ટ કાઢીને રૂબરૂ પહોંચાડ્યું. સમયપત્રકની સમજ આપી ફાઇલ કરવા જાણ કરી. અઘરા શબ્દોની નોંધ રાખવા જાણ કરી. બાળકની રૂબરૂ મુલાકાત વખતે અલગથી નોટબુકમાં વર્ક લખી આપ્યું. |
| WhatsApp ટેસ્ટ<br>(ધોરણ 3 થી 5 અને ધોરણ 6 થી 8) | અમુક વાલીના મોબાઇલમાં ઇન્ટરનેટ બેલેન્સ ન હોવાના કારણે શિક્ષક ના મોબાઈલ માં WhatsApp ના માધ્યમથી ટેસ્ટ અપાયા. બાળકોને મોબાઇલમાં વૈકલ્પિક જવાબ મેળવવામાં મજા આવતી. |
| Microsoft teams, google meet, Jio meet, zoom app વગેરેના માધ્યમથી હાથ ધરેલ વર્ચ્યુઅલ શિક્ષણ | જૂન 2020 થી પ્રયત્ન કરેલ છે. નેટવર્ક, વાલીઓની હાજરીનો અભાવ, વાલીની મુલાકાત,મુલાકાતથી સમજ અંશતઃ ફાયદો. |
| શેરીવર્ગ / ફળિયાશિક્ષણ | શેરી વર્ગમાં બાળકોને ધોરણ મુજબ પોતાની કક્ષા અનુસાર વિષયવસ્તુને અનુસરીને વ્યક્તિગત માર્ગદર્શન તેમજ જરૂર જણાયે ટી.એલ.એમ.નો ઉપયોગ કરી શિક્ષણ કાર્ય કરવામાં આવ્યુ. શિક્ષણ કાર્યની નોંધ વ્યક્તિગત બાળકોને નોટબુકમા કરાવવામાં આવી અને નિયમિત ચકાસણી કરવામાં આવી. |
| શાળા કે શિક્ષકની પોતાની YouTube ચેનલ અને શૈક્ષણિક ઉપયોગ | જાતે શિક્ષક ટીએલએમ નિર્માણ કરી શૈક્ષણિક કાર્ય કરાવેલ છે. |
| Google classroom | - |
| WhatsApp / કાઇઝાલા / ટેલિગ્રામ | WhatsApp દ્વારા રોજ રોજના હોમલર્નિંગ કાર્યક્રમ, વાર્તાકથન, અભિનય ગીતો વગેરે |

| | |
|---|---|
| દીક્ષા એપ | દીક્ષા એપ દ્વારા વિડીયો જોવા માર્ગદર્શન, સમયપત્રક મુજબ માહિતી. |
| ઓનલાઇન ક્વિઝ | નેટવર્ક તથા વાલી મજુરીયાત વર્ગ હોવાથી વાલીના હાજરીના અભાવે ક્વિઝ બનાવેલ નથી. |
| વિધાર્થી / વાલીની રૂબરૂ મુલાકાત | વિધાર્થી,વાલીની રૂબરૂ મુલાકાત કરી તેમના સ્વાસ્થ્ય વિશે પહેલાં તો પૂછપરછ કરી પછી બાળકના અભ્યાસ તેમજ તેના આરોગ્યની કાળજી રાખવા તેમજ તેમને મુંઝવતા પ્રશ્નો માટે સમજ આપવામાં આવી. |
| વિધાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના મૂલ્યાંકન શિક્ષકે કરેલ વિશેષ પ્રયાસોની નોંધ | વિધાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના મૂલ્યાંકન માટે રૂબરૂ મુલાકાત લઇ મુંઝવતા પ્રશ્નોને સરળ ભાષામાં સમજ આપવામાં આવતી. તેમજ બાળક વાંચતા, લખતા, ગણતા ભૂલી ન જાય તે માટે અલગથી વ્યક્તિગત કક્ષા મુજબ નોટબુક બનાવી આપવામાં આવી. |
| વિધાર્થીઓને અપાતા ગૃહકાર્ય અને તેની ચકાસણી માટે કરેલ વિશેષ પ્રયત્નો | વિધાર્થીઓને નિયમિત ગૃહકાર્ય આપવા માટે અલગથી વ્યક્તિગત તારીખ મુજબ નોટબુકમાં વિષયવસ્તુ અનુસરીને ગૃહકાર્યની નોંધ કરી આપવામાં આવતી અને એની રોજ રોજ ચકાસણી કરી શિક્ષક દ્વારા સહી કરવામાં આવતી. જેથી બાળક તેના અભ્યાસ અંગે સજાગ રહેતું. |
| વિધાર્થીઓને વિષયવસ્તુ શીખવવા હાથ ધરેલ વિશિષ્ટ પ્રયોગની નોંધ | વિષયવસ્તુ શીખવવા માટે જરૂર જણાય ત્યાં વારંવાર મહાવરો કરી તેની સમજ આપવામાં આવતી. |
| વિધાર્થીઓને વિષયવસ્તુ શીખવવા માટે આપે અન્ય કોઈ વિશિષ્ટ પ્રયોગ કર્યો હોય તે અંગેની નોંધ | વિષયવસ્તુ શીખવવા માટે જરૂર જણાય ત્યાં વારંવાર મહાવરો કરી તેની સમજ આપવામાં આવતી. |
| વિધાર્થીઓએ સાથે સંદેશાવ્યવહાર માટે હાથ ધરેલ વિશિષ્ટ પ્રયોગની નોંધ | સ્માર્ટફોન દ્વારા અને રૂબરૂ મુલાકાત |

| | |
|---|---|
| વિધાર્થીઓના હોમલર્નિંગ માટે મેળવેલ સહયોગની વિગતવાર નોંધ | વિધાર્થીઓના હોમલર્નિંગ માટે એસ.એમ.સી.ના સભ્યો તેમજ ગામમાં રહેતા હોશિયાર બાળકોનો સહયોગ મળેલ છે. |
| ટેક્નોલોજીનો અભાવ ધરાવતા વિધાર્થીઓએ માટે કરેલ વિશિષ્ટ પ્રયત્નોની નોંધ | રૂબરૂ મુલાકાત અને બાળ મિત્રની મદદ તેમજ સાધનસામગ્રીની જરૂરિયાત પૂર્ણ કરી. |
| GCERT દ્વારા રજૂ થતાં "એક કદમ આગળ" ની પ્રવૃત્તિમાં નોંધાવેલ ભાગીદારીની વિગતો | વોટ્સએપના માધ્યમથી ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન તેમજ ભાષાના પ્રશ્નોમાં સામાન્ય જ્ઞાન માટે પ્રશ્નો વધુ પૂછવામાં આવે તે યોગ્ય જણાય. |
| NMMS ની પરીક્ષામાં બાળકોએ રજીસ્ટ્રેશન કરેલ છે? | - |
| NMMS ની પરીક્ષામાં કેટલા બાળકોની ફ્રી ભરાઇ અને મંજૂર થઇ? | - |
| 'GVS (ગુજરાત વર્ચ્યુઅલ શાળા) અંતર્ગત લાઇવ ક્લાસની લિંક પહોંચાડવા માટે આપેલ કરેલ પ્રયત્નોની વિગત | રૂબરૂ મુલાકાત દ્વારા. |
| બાળકો આ લિંક આધારિત ક્લાસમાં જોડાય તે માટે અપનાવેલ માધ્યમ અને કરેલ પ્રયત્નોની નોંધ અને તે અંગેના આપના અભિપ્રાયો | - |
| NMMS અંતર્ગતના મોક ટેસ્ટમાં વધુ વિધાર્થીઓ જોડાય તે માટે આપના વિશિષ્ટ પ્રયત્નોની નોંધ | - |
| NMMS અંતર્ગતના મોક ટેસ્ટ માટેનો મેસેજ બાળકોને મળ્યો કે  કે નહિ તેને ખરાઈ માટે કરેલ પ્રયત્નોની નોંધ | રૂબરૂ મુલાકાત. |
| GVS (ગુજરાત વર્ચ્યુઅલ શાળા) અંતર્ગત ઓનલાઇન અને ઓફલાઇન ક્લાસ અંગે આપનો અભિપ્રાય | ના |

| | |
|---|---|
| NMMS પરીક્ષા સંબંધી માર્ગદર્શન માટે બાયસેગના માધ્યમથી વધુ બાળકો લાભ મેળવે તે માટે કરેલ વિશેષ પ્રયાસોની નોંધ | - |
| NMMS પરીક્ષામાં રાજયના બાળકોનો સારો દેખાવ થાય અને બાળકોને યોગ્ય મહાવરો મળી રહે તે માટે આપના અભિપ્રાયની નોંધ | - |
| હોમલર્નિંગને વધુ અસરકારક બનાવવા આપના સૂચનોની નોંધ | • વિષય વસ્તુને ધ્યાનમાં રાખી પેપર કાઢી વ્યક્તિગત બાળકને આપી શકાય.<br>• વિષયવસ્તુને અનુરૂપ મુદ્દા આપવા.<br>• કઠિન લગતા મુદ્દાઓ દૂર કરવા.<br>• વિષય વસ્તુને ધ્યાનમાં રાખી મૂલ્યાંકન કરાય |

- **YouTube વિડીયો માટેની લિંક**

| |
|---|
| https://YouTube.com/channel/UCAGPZecc2Shi3adzOIv7a7g |

- **નવતર પ્રયોગના ફોટોગ્રાફ**












## સારણી : 3.36

## બાજકોટ છાપરાં  સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા

| **શિક્ષકનું નામ** | **પટેલ ધર્મેન્દ્રકુમાર બાબુભાઇ** |
|---|---|
| **શાળાનું નામ** | બાજકોટ છાપરાં પ્રાથમિક શાળા |
| **પ્રસ્તાવના** | સતત ગામ સાથે સંપર્ક અને વિધાર્થીઓ સાથે મુલાકાત |
| **વિશિષ્ટ કામગીરી કરવા માટેની પ્રેરણા** | માનનીય નાયબ ડી.પી.ઈ.ઓ સાહેબ શ્રી,  બી.આર.સી. સાહેબશ્રી, સી.આર.સી. બેન તથા શાળા પરિવારના માર્ગદર્શન અને તેમની શાળા અને વિધાર્થીઓના શિક્ષણમાં સુધારા માટેના પ્રયત્નો અને ચિંતા જોઇ સતત દોડવાની પ્રેરણા મળી. |
| **કરેલ નવતર પ્રયોગનું શીર્ષક** | એક મુલાકાત શિક્ષણને કાજ |
| **કરેલ વિશિષ્ટ કામગીરીનું ક્ષેત્ર** | શિક્ષણ |
| **કરેલ વિશિષ્ટ કામગીરીના હેતુઓ** | ગામની દરેક દિકરી ધોરણ 10 સુધી અભ્યાસ કરે અને ગામમાં શિક્ષણનો માહોલ બની રહે તે માટે સતત બળકો સાથે જોડાયેલા રહ્યા. |
| **કામગીરીથી અસર પામેલ જૂથની સંખ્યા** | ગામમાં વાલીઓ તેમની દિકરીઓના એડમિશન માટે તૈયાર થયા અને 6 કન્યાઓએ એડમિશન લઈ ફરીથી શાળામાં પ્રવેશ મેળવ્યો. |
| **સરકારશ્રી દ્વારા આ સમયે અમલમાં મૂકવામાં આવેલ કાર્યક્રમ અંતર્ગત કરેલ કામગીરી** | આગલા ધોરણમાં એડમિશન લીધેલ કન્યાઓને સરકારશ્રી તરફથી મળતી સાયકલ સહાય મળે તે માટે વાલીને જાણ કરી જરૂરી માર્ગર્દર્શન આપ્યુ સાથે સાથે બાળકને સમયાંતરે માર્ગદર્શન પૂરૂ પાડ્યું. |
| **અન્ય કામગીરીની વિગત** | કોરોના સમયે માસ્કની કામગીરી માં જોડાયા. |
| **કાર્યક્રમનું અમલીકરણ** | વર્ષ દરમિયાન સતત કાર્યક્રમને સફળ બનાવવા શાળા પરિવાર તરફથી મદદ કરવામાં આવી. |
| **બાળકોનું મુલ્યાંકન** | બાળકોનું મુલ્યાંકન તેમના ઘરે જઈએ ત્યારે રૂબરૂ કરતા જો વિધાર્થી સાથે સંપર્ક ના થાય તો ટેલીફોનિક વાત કરવામાં આવતી. |
| **પરિણામ / તારણ** | બાળકો સાથે તથા વાલી સાથે જો સતત સંપર્કમાં હોઈએ તો વાલીને પોતાના બાળકને ભણાવવામાં અને બાળકને ભણવામાં રસ પડે છે |

| શાળાની નવતર પ્રયોગ સંબંધી બાબતો | |
|---|---|
| શાળાનો વિસ્તાર (ગ્રામ્ય/શહેરી) | ગ્રામ્ય |
| શાળામાં ચાલતા ધોરણ | 1 થી 8 |
| ગામની કુલ વસ્તી | 200 |
| શાળાના કુલ શિક્ષકોની સંખ્યા | 5 |
| બાળકોની કુલ રજીસ્ટર સંખ્યા | 81 |
| તે પૈકી સ્માર્ટફોન / ડિજિટલ મોબાઈલ ધરાવતા વિધાર્થીઓની સંખ્યા | 51 |
| સાદાફોન ધરાવતા વિધાર્થીઓની સંખ્યા | 18 |
| ટેલીવિઝન ધરાવતા વિધાર્થીઓની સંખ્યા | 22 |
| કોઈ માધ્યમ ન હોય તેવા વિધાર્થીઓની સંખ્યા | 12 |
| COVID-19 અને પરિસ્થિતી દરમિયાન વિધાર્થીઓના શિક્ષણ તેમજ વિધાર્થી વાલી જાગૃતિ માટે વિશિષ્ટ કામગીરી કરનાર શિક્ષકનું નામ | પટેલ ધર્મેદ્રકુમાર બાબુભાઇ |
| Lock-down ના શરૂઆતના સમયગાળા દરમિયાન ગામની સ્થિતિ | લોકડાઉનના શરૂઆતના સમયગાળામાં ગામના લોકો કોરોનાની ગંભીર અસરોને ધ્યાનમાં લીધા વગર ફરતા હતા. ગામમાં મોટેભાગે દુકાનો અને અનાજની મિલો વગેરેમાં નોકરી કરતો વર્ગ છે. આ સિવાય પશુપાલન, ખેતી અને મજૂરી કરી જીવનનિર્વાહ ચલવતો વર્ગ વધુ છે. આવા સમયે તેમના માટે ઘર ચલાવવુ જ અઘરુ હતુ. |
| કોરોના સંદર્ભે જાગૃતિ અને બચાવ માટે કરેલ વિશેષ પ્રયત્નોની નોંધ | કોરોના સંદર્ભે જાગૃતિ માટે અમે શાળા પરિવારે સાથે રહી તેની ગંભીરતા સમજાવવા પ્રયત્ન કર્યો. સાથે સાથે ગામમાં ભણેલા યુવાનો, એસ.એમ.સી. સભ્યો તથા આશા વર્કર સાથે વારંવાર ચર્ચા કરી કોરોનાથી બચવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યુ. |

| | |
|---|---|
| હોમલર્નિંગ માટે વિધાર્થીઓને આપેલ માર્ગદર્શન | હોમલર્નિંગ માટે શાળામાં સ્ટાફ મિટીંગ કરી ચર્ચા કરવામાં આવી. ત્યારબાદ ધોરણ વાર વોટ્સએપ ગ્રૂપ બનાવવામાં આવ્યા. ગામમાં કોરોના ગાઇડલાઇન મુજબ માસ્ક અને સેનીટાઇઝર સાથે રાખી જે બાળકોની પાસે સ્માર્ટફોન હતા એવા બાળકો તથા હાઇસ્કુલમાં જતા બાળકોને સાથે રાખી તેમના વાલીઓને હોમલર્નિંગ દ્વારા કઇ રીતે કાર્ય કરવાનું છે તેની સમજ આપવામાં આવી. દરરોજ ફળિયા પ્રમાણે ગામમાં વધારેમાં વધારે બાળકોનો સંપર્ક થાય અને તેમના પ્રશ્નો સમજાવવાનો મહતમ પ્રયત્ન કરવામાં આવ્યો. |
| એકમ કસોટી | એકમ કસોટી બાળકના ઘરે ઘરે જઇને આપવામાં આવી અને આ જ રીતે પરત મેળવવામાં આવી. સાથે સાથે બાળકોને અને વાલીને પણ લખવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યુ. જેમ કે નિયમિત હોમલર્નિંગના વિડીયો જોવા વાંચન કરવું,  કોઇ પણ પ્રશ્ન હોય તો જે તે વિષય શિક્ષક સાથે ટેલિફોનિક વાત કરવી વગેરે માર્ગદર્શન આપવામાં આવ્યુ .<br>સહયોગ : માનનીય નાયબ ડી.પી.ઇ.ઓ. સાહેબ શ્રી પણ સહભાગી બન્યા,  માનનીય બી.આર.સી. સાહેબનું પણ માર્ગદર્શન અને સહયોગ મળ્યો.આ કાર્યમાં ગામના વાલીઓ, એસ.એમ.સી. સભ્યો અને હાઇસ્કુલના બાળકોએ પણ સહકાર આપ્યો.<br>મુશ્કેલીઓ : બાળકો મોબાઇલનો ઉપયોગ કરતા થયા પણ તેઓ યુ ટ્યુબના માધ્યમથી એકમ કસોટીના જવાબો લખવા લાગ્યા. બીજુ જૂથમાં કામ કરતા થયા પરંતુ જોડે બેઠેલા બધાના જવાબોમાં સમાનતા જોવા મળી. |

| | |
|---|---|
| | નિરાકરણ માટે પ્રયાસો : બાળકો અને વાલી સાથે ચર્ચા કરી તેઓને આ પદ્ધતિથી બાળક અને વાલીને થતા નુકસાન વિશે જાણ કરવામાં આવી. |
| ઘરે શીખીએ પુસ્તિકાઓ | વિધાર્થીઓને ઘરે શીખીએ શિક્ષકોએ જાતે જ પહોંચાડી અને પરત મેળવી. બાળકોને ઘરે જઇ તેઓને પુસ્તિકામાં આપવામાં આવેલ પ્રશ્નોની સમજ આપવામાં આવી. આ કાર્ય માટે વિધાર્થીના વાલીનો સહયોગ મેળવ્યો. વિધાર્થીઓએ જવાબો લખ્યા પણ તેમાં લખવામાં પ્રાદેષિક્તા જોવા મળી. તેના નિરાકરણ માટે બાળકોને વાંચન વધારવા પર ભાર મુકવા તથા હોમલર્નિંગ નિયમિત જોવા પર ભાર મૂકવમાં આવ્યો. |
| વર્ગદર્પણ | વર્ગદર્પણ જાતે જ પહોંચાડી પરત લીધા. વાલી સાથે બેસી તેની સમજ આપવામાં આવી. |
| પરિવારનો માળો, સલામત અને હૂંફાળો | પરિવારનો માળો, સલામત અને હૂંફાળો કાર્યક્રમ વિધાર્થીએ યોગ્ય રીતે ના નિહાળી શક્યા. આ માટે તેમના ઘર અને ગામના વાતાવરણની અસર જોવા મળી. આખા દિવસની મજૂરી બાદ વાલી બાળકને સહકાર ના આપી શકવાથી વિધાર્થીઓ પ્રવૃતિઓ કરી શક્યા નહિ. |
| SSA ની વેબસાઇટ પર આપવામાં આવતું સાપ્તાહિક આયોજન | SSA ની વેબસાઈટ પર આપવામાં આવતુ સપ્તાહિક આયોજન વિધાર્થીઓને માટે ખૂબ જ ઉપયોગી હતુ. પરંતુ ઈન્ટરનેટ ડેટા રિચાર્જની મર્યાદા અહીં નડતી જોવા મળી. સાથે સાથે બાળકો મોબાઇલમાં ભણવા સાથે ગેમ રમવા તરફ વળતા હોવાની પણ ફરિયાદો સાંભળવા મળી તેમ છતાં અમુક વિધાર્થીઓ તેનો ઉપયોગ કરી શક્યા. તેઓને વિડીયો જોવા ગમ્યા. |
| ડી.ડી. ગિરનાર પર પ્રસારીત થતા શૈક્ષણિક કાર્યક્રમો | ડી.ડી. ગિરનાર પર પ્રસારિત થતા કાર્યક્રમો માટેનું સમયપત્રક વિધાર્થીઓને WhatsAppના માધ્યમથી ગ્રૂપમાં પહોંચાડવામાં |

| | |
|---|---|
| | આવ્યુ. આ ઉપરાંત જે વિધાર્થીઓ પાસે આ સુવિધા નહોતી તેઓને હાર્ડકોપી પહોંચાડવાનો પણ પ્રયત્ન કરવામાં આવ્યો. જે બાળકોના ઘરે ટી.વી. નથી તેવા બાળકોને અન્ય વિધાર્થીઓના ઘરે ટી.વી. જોવા માટેનું આયોજન કરવામાં આવ્યું. ડી.ડી. ગિરનારના માધ્યમથી વિધાર્થીઓ વિષય અને પાઠ્યપુસ્તક સાથે જોડાયેલા રહ્યા. પરંતુ જે બાળકના ઘરે ટી.વી. નથી તે બાળક અન્યના ઘરે ટી.વી. જોવા જવામાં મુંઝવણ અનુભવતા જોવા મળ્યા. વિધાર્થીઓ જૂથમાં બેસતા થયા અને એકબીજાનો સહયોગ મેળવી અભ્યાસ માટે પ્રયત્ન કરતા જોવા મળ્યા પરંતુ જેના ઘરે ટી.વી. હોય અને તેઓને બહારગામ કે કામ અર્થે જવાનું થાય ત્યારે તેમાં વિક્ષેપ જોવા મળ્યો . |
| વંદે ગુજરાત (બાયસેગ) પર પ્રસારિત થતાં શૈક્ષણિક કાર્યક્રમો | વંદે ગુજરાત પર પ્રસારિત થતા શૈક્ષણિક કાર્યક્રમોનું સમયપત્રક વોટ્સએપ અને હાર્ડકોપી સ્વરૂપે પહોંચાડવામાં આવ્યુ. વિધાર્થીઓ પ્રવૃતિ કરવામાં અસમંજસ અનુભવતા જોવા મળ્યા. વિધાર્થીઓએ કાર્યકમ નિહાળ્યો પણ કન્ટેન્ટ સમજવામાં મુશ્કેલી અનુભવતા જોવા મળ્યા. તેઓ પાસે પૂર્વજ્ઞાન હતુ પરંતુ તેના મહાવરાની જરૂર પડે અને દરેક વિધાર્થીને આ પદ્ધતિ પર્સનલી શીખવી શકાતી ના હોવાથી વિધાર્થી તે છોડી દેતા જોવા મળ્યા. આ બધાના અંતે ગામમાં ફળિયા પ્રમાણે વિધાર્થીઓને શિક્ષણ આપવાનું શરૂ કરવામાં આવ્યુ જે વિધાર્થીઓ માટે અલગ જ અને પરિણામલક્ષી બનતુ જોવા મળ્યુ. |
| WhatsApp ટેસ્ટ (ધોરણ 3 થી 5 અને ધોરણ 6 થી 8) | WhatsApp ટેસ્ટ માટે વિધાર્થીઓને ગામમાં જઈ ટેસ્ટની માહિતી આપવામાં આવી. જે વિધાર્થીઓ પાસે એન્ડ્રોઇડ ફોન હતા તેઓને તેમના જ મોબાઈલમાં એડ કરવામાં આવ્યા. જેની પાસે નહોતા તેઓના કાકા કે કુટુંબના જે સભ્ય પાસે આવા ફોન ઉપલબ્ધ હતા તેમનામાં એડ કરવામાં આવ્યા. ધોરણ 8 ના વિધાર્થીઓને તૈયાર કરી અન્ય બાળકોને પણ જોડવામાં આવ્યા. |

| | |
|---|---|
| Microsoft teams, google meet, Jio meet, zoom app વગેરેના માધ્યમથી હાથ ધરેલ વર્ચ્યુઅલ શિક્ષણ | વર્ચ્યુઅલ શિક્ષણ Microsoft teams ના માધ્યમથી કરવા પ્રયત્ન કરવામાં આવ્યો. ગામમાં નેટની સ્પીડ ઓછી આવતી હોવાથી થોડી તકલીફ જણાઇ. વાલી સવારે કામ ધંધે જાય પછી પરત આવે ત્યારે બધા જ બાળકોનો સમય સાચવવો અઘરો લાગ્યો. સમય સાથે બાળકો પણ વાલી પાસે ફોન ઘરે રાખવાની જીદ કરવા લાગ્યા. તેમ છતાં થોડા ઘણા વિધાર્થીઓ નિયમિત જોડાતા હતા. |
| શેરીવર્ગ / ફળિયાશિક્ષણ | કોરોના કાળમાં ફળિયા શિક્ષણ અમારા માટે બાળકો સાથે મળવાનો અને શિક્ષણ સાથે જોડાવવાનો સુંદર મોકો બની રહ્યો. આ સાથે ગામમાં વાલીઓના ચહેરા પર એક હાશકારો જોવા મળ્યો. ઘણી વખત તો ચા પીવા માટે અમારે ના કહી બીજા દિવસ માટે વારા રાખવાનો જણાવવું પડતુ હતું. આ એટલા માટે જણાવવાનું મન થાય કે વાલી સજાગ છે પરંતુ તેમની મર્યાદા તેમને રોકે છે આખું ગામ, શાળા પરિવાર અને જેના થકી આ વાતાવરણ ઊભું થયું હતુ તેવા મારા બાળકોની શિક્ષણની ભૂખ ગામમાં આનંદનો અવસર બની રહી. આ અવસરમાં અમારા શાળા પરિવાર સાથે ગામના ધોરણ 10 અને ધોરણ 12 વિધાર્થીઓ સાથે સાથે બી.એડ.ના તાલીમાર્થી રાહુલભાઇ પણ નિયમિત જોડાયેલા રહ્યા. |
| શાળા કે શિક્ષકની પોતાની YouTube ચેનલ અને શૈક્ષણિક ઉપયોગ | ના |
| Google classroom | ના |
| WhatsApp / કાઇઝાલા / ટેલિગ્રામ | વોટ્સએપ |
| દીક્ષા એપ | દીક્ષા એપ ની વિધાર્થીઓને સમજ આપવામાં આવી. જેમાં ધોરણ 6 થી 8 ની કન્યાઓએ સ્વરક્ષણની તાલીમ મેળવી. |
| ઓનલાઈન ક્વિઝ | વોટ્સએપના માધ્યમથી ધોરણ 6 ના થોડા પ્રશ્નો બનાવી તેની પ્રિન્ટ કાઢી બાળકોને નોટબુક્માં લખાવી તેની તૈયારી કરવવાનો પ્રયત્ન કર્યો હતો જેનો એકમકસોટી અને વોટ્સએપ ટેસ્ટમાં ફાયદો જોવા મળેલો. |
| વિધાર્થી / વાલીની રૂબરૂ મુલાકાત | ગામમાં વાલી અને વિધાર્થીની નિયમિત મુલાકાત કરવામાં આવી. |

| | |
|---|---|
| વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના મૂલ્યાંકન શિક્ષકે કરેલ વિશેષ પ્રયાસોની નોંધ | વિદ્યાર્થીઓના ટેસ્ટ લઈ તેનું મૂલ્યાંકન કરવામાં આવતુ હતુ. |
| વિદ્યાર્થીઓને અપાતા ગૃહકાર્ય અને તેની ચકાસણી માટે કરેલ વિશેષ પ્રયત્નો | વિદ્યાર્થીઓને વોટ્સએપ અને ફ્રોનથી ગૃહકાર્ય આપવામાં આવતું હતુ .જ્યારે વિદ્યાર્થીના ઘરે મુલકાત કરતા ત્યારે તેને ચકાસવામાં આવતું. |
| વિદ્યાર્થીઓને વિષયવસ્તુ શીખવવા હાથ ધરેલ વિશિષ્ટ પ્રયોગની નોંધ | વિદ્યાર્થીઓને ગણિતમાં દાખલા શીખવવા માટે ગામમાં જ એક વાલીના ઘરે બ્લેકબોર્ડ લઈ જવામાં આવ્યું. જ્યાં 6 થી 8 વિદ્યાર્થીને સોશિઅલ ડિસ્ટન્સ સાથે ના આવડતા દાખલા ગણાવવામાં આવતા હતા. |
| વિદ્યાર્થીઓને વિષયવસ્તુ શીખવવા માટે આપે અન્ય કોઈ વિશિષ્ટ પ્રયોગ કર્યો હોય તે અંગેની નોંધ | |
| વિદ્યાર્થીઓએ સાથે સંદેશાવ્યવહાર માટે હાથ ધરેલ વિશિષ્ટ પ્રયોગની નોંધ | જે બાળકોની પાસે સાદો કે એન્ડ્રોઈડ ફ્રોન ના હોય તો તેના ઘરની નજીક રહેતા બાળકના વાલીનો સંપર્ક કરી જે તે બાળક સાથે વાત કરવાનો પ્રયત્ન કરતા હતા. |
| વિદ્યાર્થીઓના હોમલર્નિંગ માટે મેળવેલ સહયોગની વિગતવાર નોંધ | વિદ્યાર્થીઓના હોમલર્નિંગ માટે એસ.એમ.સી સભ્યોના મોબાઈલ ફ્રોનમાં પણ એપ્લિકેશન ડાઉનલોડ કરી મહતમ વિદ્યાર્થીઓ વોટ્સએપ ટેસ્ટ આપે તે માટે એસ.એમ.સી સભ્યો હંમેશા મદદરૂપ બનતા હતા. ગામલોકો પણ તેમાં સહભાગી બનતા હતા. ગામ પંચાયતના ક્લાર્ક શ્રી રણજીતભાઇએ પણ તેમના પુત્ર રાહુલભાઇ કે જે ગણિત વિજ્ઞાન વિષય સાથે બી.એડ નો અભ્યાસ કરે છે તેને અમારી ટીમમાં જોડી અમને મદદરૂપબન્યા હતા. |
| ટેક્નોલોજીનો અભાવ ધરાવતા વિદ્યાર્થીઓએ માટે કરેલ વિશિષ્ટ પ્રયત્નોની નોંધ | અઠવાડિયામાં સમય મળે ત્યારે તેની સાથે રૂબરૂ મુલાકાત કરેલ |
| GCERT દ્વારા રજૂ થતાં "એક કદમ આગળ" ની પ્રવૃત્તિમાં નોંધાવેલ ભાગીદારીની વિગતો | - |
| NMMS ની પરીક્ષામાં બાળકોએ રજીસ્ટ્રેશન કરેલ છે? | 10 |
| NMMS ની પરીક્ષામાં કેટલા બાળકોની ફ્રી ભરાઇ અને મંજૂર થઇ? | 10 |

| | |
|---|---|
| 'GVS (ગુજરાત વર્ચ્યુઅલ શાળા) અંતર્ગત લાઈવ ક્લાસની લિંક પહોંચાડવા માટે આપેલ કરેલ પ્રયત્નોની વિગત | વોટ્સએપ ગ્રૂપ |
| બાળકો આ લિંક આધારિત ક્લાસમાં જોડાય તે માટે અપનાવેલ માધ્યમ અને કરેલ પ્રયત્નોની નોંધ અને તે અંગેના આપના અભિપ્રાયો | ના |
| NMMS અંતર્ગતના મોક ટેસ્ટમાં વધુ વિદ્યાર્થીઓ જોડાય તે માટે આપના વિશિષ્ટ પ્રયત્નોની નોંધ | - |
| NMMS અંતર્ગતના મોક ટેસ્ટ માટેનો મેસેજ બાળકોને મળ્યો કે  કે નહિ તેને ખરાઈ માટે કરેલ પ્રયત્નોની નોંધ | - |
| GVS (ગુજરાત વર્ચ્યુઅલ શાળા) અંતર્ગત ઓનલાઈન અને ઓફલાઈન ક્લાસ અંગે આપનો અભિપ્રાય | હા |
| NMMS પરીક્ષા સંબંધી માર્ગદર્શન માટે બાયસેગના માધ્યમથી વધુ બાળકો લાભ મેળવે તે માટે કરેલ વિશેષ પ્રયાસોની નોંધ | વિદ્યાર્થીઓને ગ્રૂપમાં એક જ જગ્યાએ જોવા માટે આયોજન કરેલ |
| NMMS પરીક્ષામાં રાજયના બાળકોનો સારો દેખાવ થાય અને બાળકોને યોગ્ય મહાવરો મળી રહે તે માટે આપના અભિપ્રાયની નોંધ | અભ્યાસક્રમમાં NMMS પરીક્ષામાં પૂછાતા પ્રશ્નો સમવિષ્ટ કરી શકાય. |
| હોમલર્નિંગને વધુ અસરકારક બનાવવા આપના સૂચનોની નોંધ | અઠવાડિયાના ચોકકસ વારે કોઈ ચોક્કસ વિષયનું પ્રસારણ થાય તો વિધાર્થીઓને યાદ રાખવામાં કોઈ મુશ્કેલી ના ઊભી થાય અને તે જ દિવસે ધારો કે સોમવારે ગુજરાતી તો તે જ વિષય સાથે તેઓ કાર્યક્રમ નિહાળે. |

- **નવતર પ્રયોગના ફોટોગ્રાફ**











**સારણી : 3.37**

**બ્લોક ફેક્ટરી સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા**

| **શિક્ષકનું નામ** | **ભાવિનાબેન પી. ઉપાધ્યાય** |
|---|---|
| **શાળાનું નામ** | બ્લોક ફેક્ટરી પ્રાથમિક શાળા |
| **પ્રસ્તાવના** | Covid 19 અંતર્ગત બાળકો શિક્ષણથી વંચિત ન રહી જાય માટે ઓનલાઇન શિક્ષણ વિશે સમજ પૂરી પાડવામાં આવી તેમજ એસ.એમ.સી.ના સભ્યોની મુલાકાત લઇ બાળકોની ઓનલાઇન શિક્ષણ માટે પ્રેરવામાં આવ્યા. દરેક બાળકના ઘેર જઈ Microsoft team દાખલ કરવામાં આવી. ધોરણ 6 થી 8 ના 21 બાળકો પૈકી 19 બાળકો ઓનલાઇન શિક્ષણમાં જોડાતા હતા. Lockdown દરમિયાન સ્વખર્ચે શાકભાજીનું વિતરણ કરવામાં આવ્યું હતું. માસ્ક, સેનેટાઇઝર પણ પૂરું પાડવામાં આવ્યું હતું. જરૂરિયાતમંદ 04 બાળકોને ઓનલાઇન શિક્ષણ ચાલુ રાખવા રિચાર્જ પણ કરી આપવામાં આવ્યું હતું. વોલ્વા શાળા અમારી શાળામાં મર્જ થતાં બાળકોને ચાલીને આવવાની તકલીફ પડતી હોવાને કારણે મારા સ્વખર્ચે તેમને વીસ દિવસ સુધી સાધનની પણ વ્યવસ્થા કરી આપવામાં આવી હતી. ફોન કોન્ટેક્ટ દ્વારા વાલીઓને કોવિડ 19 અંતર્ગત સમજ આપવામાં આવે છે. પોતાની YouTube ચેનલ બનાવી ભાષાના એકમો પણ તૈયાર કરી બાળકો સુધી પહોંચાડવામાં આવે છે. વાલીઓ મજૂરી અર્થે જતા હોવાને કારણે રાત્રે 8 થી 11 સુધી મારા ઓનલાઇન શિક્ષણનું કાર્ય ચાલુ રહેતું હતું. રજાના દિવસોમાં પણ હું ગાર્ડનની પ્રવૃત્તિ કરવા શાળામાં યોગદાન આપું છું. |
| **વિશિષ્ટ કામગીરી કરવા માટેની પ્રેરણા** | અમારી શાળાના બાળકો તેમાં રેગ્યુલર જોડાતા હતા. સી.આર.સી સાહેબના માર્ગદર્શન અનુસાર મારી શાળાની લિંકમા ક્લસ્ટરના બીજા બાળકો તેમજ શિક્ષકો પણ જોડાતા હતા અને શૈક્ષણિક કાર્યનો લાભ લેતા હતા. |

| | |
|---|---|
| **કરેલ નવતર પ્રયોગનું શીર્ષક** | Successful Virtual class, સ્વચ્છ પર્યાવરણ |
| **કરેલ વિશિષ્ટ કામગીરીનું ક્ષેત્ર** | બ્લોક ફેકટરી પ્રાથમિક શાળા |
| **કરેલ વિશિષ્ટ કામગીરીના હેતુઓ** | બાળકો સ્વચ્છ પર્યાવરણ મેળવી શકે, બાળકો શૈક્ષણિક કારકિર્દી ઘડી શકે અને શિક્ષણમાં જાગૃતિ કેળવે |
| **કામગીરીથી અસર પામેલ જૂથની સંખ્યા** | 60 |
| **સરકારશ્રી દ્વારા આ સમયે અમલમાં મૂકવામાં આવેલ કાર્યક્રમ અંતર્ગત કરેલ કામગીરી** | સર્વે કામગીરીમાં મદદ, રસીકરણ કામગીરી, અનાજ વિતરણ, માસ્ક વિતરણ |
| **અન્ય કામગીરીની વિગત** | વાંચન કુટિર, ઘેર બેઠા ઓનલાઇન શિક્ષણ |
| **કાર્યક્રમનું અમલીકરણ** | એપ્રિલ 2020 |
| **બાળકોનું મુલ્યાંકન** | Microsoft ફ્રોર્મ તેમજ Google ફ્રોર્મ દ્વારા |
| **પરિણામ / તારણ** | બાળકને ઓનલાઇન શિક્ષણમાં સમજ પડતી થઈ. હાલની મહામારીમાં તેઓ કાર્ય કરતા રહ્યા. |

| **શાળાની નવતર પ્રયોગ સંબંધી બાબતો** | |
|---|---|
| શાળાનો વિસ્તાર (ગ્રામ્ય/શહેરી) | ગ્રામ્ય |
| શાળામાં ચાલતા ધોરણ | 1 થી 8 |
| ગામની કુલ વસ્તી | 365 |
| શાળાના કુલ શિક્ષકોની સંખ્યા | 5 |
| બાળકોની કુલ રજીસ્ટર સંખ્યા | 71 |
| તે પૈકી સ્માર્ટફ્રોન / ડિજિટલ મોબાઈલ ધરાવતા વિધાર્થીઓની સંખ્યા | 45 |
| સાદાફ્રોન ધરાવતા વિધાર્થીઓની સંખ્યા | 5 |

| | |
|---|---|
| ટેલીવિઝન ધરાવતા વિધાર્થીઓની સંખ્યા | 10 |
| કોઇ માધ્યમ ન હોય તેવા વિધાર્થીઓની સંખ્યા | 5 |
| COVID-19 અને પરિસ્થિતી દરમિયાન વિધાર્થીઓના શિક્ષણ તેમજ વિધાર્થી વાલી જાગૃતિ માટે વિશિષ્ટ કામગીરી કરનાર શિક્ષકનું નામ | ભાવિનાબેન પી. ઉપાધ્યાય |
| Lock-down ના શરૂઆતના સમયગાળા દરમિયાન ગામની સ્થિતિ | ઠીક |
| કોરોના સંદર્ભે જાગૃતિ અને બચાવ માટે કરેલ વિશેષ પ્રયત્નોની નોંધ | Lockdown દરમિયાન ઉદ્દભવેલ પ્રશ્નોનું નિરાકરણ માટે પ્રયત્ન કરવામાં આવેલ. મોબાઇલના માધ્યમથી તેમને YouTube માધ્યમથી એકમ બતાવવામાં આવતા હતા. આશરે ૯૦ જેટલા ક્લાસ માઇક્રોસોફ્ટ ટીમ્સ દ્વારા નિહાળવામાં આવતા હતા. બાળકમાં ઉદ્દભવતા પ્રશ્નોનું નિરાકરણ પર કરવામાં આવે છે. રિસાઇ ગયેલી માતાઓને પરત પણ લાવવાના પ્રયત્નો કરવામાં આવ્યા હતા. ટી.એલ.એમ બનાવવાની પ્રવૃત્તિ પણ કરવામાં આવે છે. YouTube ચેનલ દ્વારા ઇંગ્લીશમાં Degree form, સંસ્કૃતમાં શરીરના અંગોની ઓળખ, ગુજરાતીમાં પાઠ, Verb ફોર્મ જાતે લેસન આપી બાળકોની દર્શાવવામાં આવે છે. |
| હોમલર્નિંગ માટે વિધાર્થીઓને આપેલ માર્ગદર્શન | ફોન દ્વારા આપેલ લેસનની ચર્ચા કરવામાં આવે છે તેમજ વિવિધ પ્રવૃત્તિઓ કરવા પણ કહેવામાં આવે છે. |
| એકમ કસોટી | બાળકોના ઘેર ઘેર જઇને એકમ કસોટીઓ પહોંચાડવામાં આવી. તેમજ તેની સમજ પણ ફોન દ્વારા આપવામાં આવી. |
| ઘરે શીખીએ પુસ્તિકાઓ | ઘરે શીખીએમાં આપેલ પ્રવૃત્તિઓ કરાવવામાં આવી તેમજ તેના વિડીયો પણ મંગાવવામાં આવ્યા. ફોન ન હોય તેવા બાળકોની ડોર-ટુ-ડોર મુલકાત કરી સમજાવવામાં આવ્યા. |
| વર્ગદર્પણ | બાળકોની રૂબરૂ વર્ગદર્પણ પહોંચાડવામાં આવ્યા. |
| પરિવારનો માળો, સલામત અને હૂંફાળો | બાળકોએ એન્ડ્રોઇડ મોબાઇલ તેમજ ટેલિવિઝન દ્વારા આ કાર્યક્રમ નિહાળ્યો. |
| SSA ની  વેબસાઇટ પર આપવામાં આવતું સાપ્તાહિક આયોજન | સાપ્તાહિક આયોજન બાળકો સાથે રોજનું પુરું પાડવામાં આવ્યું. |

| | |
|---|---|
| ડી.ડી. ગિરનાર પર પ્રસારીત થતા શૈક્ષણિક કાર્યક્રમો | બાળકોની રિચાર્જ પૂર્ણ થતા 02 બાળકોને કરી આપેલ હતું. ચાર ચાર બાળકોને જૂથમાં જોડવામાં આવ્યા હતા. |
| વંદે ગુજરાત (બાયસેગ) પર પ્રસારિત થતાં શૈક્ષણિક કાર્યક્રમો | મોબાઇલ દ્વારા, ટી.વી. દ્વારા |
| WhatsApp ટેસ્ટ (ધોરણ 3 થી 5 અને ધોરણ 6 થી 8) | વધુમાં વધુ બાળકો ટેસ્ટ આપે તેની તકેદારી રાખવામાં આવી. |
| Microsoft teams, google meet, Jio meet, zoom app વગેરેના માધ્યમથી હાથ ધરેલ વર્ચ્યુઅલ શિક્ષણ | Microsoft ટીમ્સ દ્વારા 90 ક્લાસ બાળકોને લેવામાં આવ્યાં. વાલીઓ મજૂરી અર્થે જતા હોવાને કારણે રાત્રે 8 થી 11 આ વર્ગ લેવામાં આવતા હતા. |
| શેરીવર્ગ / ફળિયાશિક્ષણ | 1 થી 5 ના મોટાભાગના બાળકો ફળિયા શિક્ષણમાં ભાગ લેતા હતા. |
| શાળા કે શિક્ષકની પોતાની YouTube ચેનલ અને શૈક્ષણિક ઉપયોગ | YouTube પર પોતાના વિડીયો બતાડવામાં આવે છે. |
| Google classroom | Google sheet દ્વારા પ્રશ્નોત્તરી કરવામાં આવે છે. |
| WhatsApp / કાઇઝાલા / ટેલિગ્રામ | વર્ગો નું WhatsApp ગ્રૂપ બનાવવામાં આવ્યું છે. |
| દીક્ષા એપ | QR Code નો ઉપયોગ બાળકોને શીખવાડવામાં આવેલ છે. |
| ઓનલાઈન ક્વિઝ | Googleform અને માઇક્રોસોફ્ટ ટીમ્સ દ્વારા |
| વિધાર્થી / વાલીની રૂબરૂ મુલાકાત | જરૂરિયાતમંદ બાળકોની વ્યક્તિગત મુલાકાત કરવામાં આવે છે. |
| વિધાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના મૂલ્યાંકન શિક્ષકે કરેલ વિશેષ પ્રયાસોની નોંધ | Microsoft દ્વારા તેમજ Google ફોર્મ દ્વારા |
| વિધાર્થીઓને અપાતા ગૃહકાર્ય અને તેની ચકાસણી માટે કરેલ વિશેષ પ્રયત્નો | બાળકોની ચિત્ર દોરવા પ્રવૃત્તિઓ કરાવવી તેમજ લેખન કાર્ય કરાવવાના ફોટોગ્રાફ મંગાવવા. |
| વિધાર્થીઓને વિષયવસ્તુ શીખવવા હાથ ધરેલ વિશિષ્ટ પ્રયોગની નોંધ | YouTube લેસન મોબાઇલના માધ્યમથી WhatsApp દ્વારા પહોંચાડવા. |
| વિધાર્થીઓને વિષયવસ્તુ શીખવવા માટે આપે અન્ય કોઈ વિશિષ્ટ પ્રયોગ કર્યો હોય તે અંગેની નોંધ | YouTube ચેનલ બનાવીને |

| | |
|---|---|
| વિદ્યાર્થીઓએ સાથે સંદેશાવ્યવહાર માટે હાથ ધરેલ વિશિષ્ટ પ્રયોગની નોંધ | No |
| વિદ્યાર્થીઓના હોમલર્નિંગ માટે મેળવેલ સહયોગની વિગતવાર નોંધ | એસએમસીના સભ્યોને બાળકોની જાગૃતિ માટે જોડવામાં આવે છે. |
| ટેક્નોલોજીનો અભાવ ધરાવતા વિદ્યાર્થીઓએ માટે કરેલ વિશિષ્ટ પ્રયત્નોની નોંધ | તે બાળકોને રૂબરૂ મુલાકાત દ્વારા સમજાવવામાં આવે છે. |
| GCERT દ્વારા રજૂ થતાં "એક કદમ આગળ" ની પ્રવૃત્તિમાં નોંધાવેલ ભાગીદારીની વિગતો | સારો |
| NMMS ની પરીક્ષામાં બાળકોએ રજીસ્ટ્રેશન કરેલ છે? | 3 |
| NMMS ની પરીક્ષામાં કેટલા બાળકોની ફી ભરાઇ અને મંજૂર થઇ? | 3 |
| 'GVS (ગુજરાત વર્ચ્યુઅલ શાળા) અંતર્ગત લાઇવ ક્લાસની લિંક પહોંચાડવા માટે આપેલ કરેલ પ્રયત્નોની વિગત | માઈક્રોસોફ્ટ ટીમ્સની લિંક મોકલવામાં આવે છે. |
| બાળકો આ લિંક આધારિત ક્લાસમાં જોડાય તે માટે અપનાવેલ માધ્યમ અને કરેલ પ્રયત્નોની નોંધ અને તે અંગેના આપના અભિપ્રાયો | તેના વિશેની માહિતીના વિડીયો મોકલવામાં આવે છે. |
| NMMS અંતર્ગતના મોક ટેસ્ટમાં વધુ વિદ્યાર્થીઓ જોડાય તે માટે આપના વિશિષ્ટ પ્રયત્નોની નોંધ | બાળકોને તે સમયે જાણ કરી અને જોડાવા પ્રેરવામાં આવે છે. |
| NMMS અંતર્ગતના મોક ટેસ્ટ માટેનો મેસેજ બાળકોને મળ્યો કે  કે નહિ તેને ખરાઈ માટે કરેલ પ્રયત્નોની નોંધ | બાળકને રૂબરૂ ફોન કરી તે વિશેની માહિતી આપવામાં આવે છે. |

| | |
|---|---|
| GVS (ગુજરાત વર્ચ્યુઅલ શાળા) અંતર્ગત ઓનલાઈન અને ઓફલાઈન ક્લાસ અંગે આપનો અભિપ્રાય | ના |
| NMMS પરીક્ષા સંબંધી માર્ગદર્શન માટે બાયસેગના માધ્યમથી વધુ બાળકો લાભ મેળવે તે માટે કરેલ વિશેષ પ્રયાસોની નોંધ | લિંક માં જોડાવા પ્રેરવામાં આવે છે. |
| NMMS પરીક્ષામાં રાજયના બાળકોનો સારો દેખાવ થાય અને બાળકોને યોગ્ય મહાવરો મળી રહે તે માટે આપના અભિપ્રાયની નોંધ | વિવિધ પેપર સોલ્યુશન કરાવવા. |
| હોમલર્નિંગને વધુ અસરકારક બનાવવા આપના સૂચનોની નોંધ | બાળકના સતત સંપર્કમાં રહીને તેને વધુ સમજણ આપવી. તેની આર્થિક પરિસ્થિતિનો પણ જાણકારી મેળવવી. |

- **નવતર પ્રયોગના ફોટોગ્રાફ**




- **YouTube વિડીયો માટેની લિંક**

| |
|---|
| https://youtu.be/ivYpD40pqCQ |
| https://YouTube.com/channel/UCbSn6jbeUOzGhGBrL_pSszg |
| https://youtu.be/ivYpD40pqCQ |

**સારણી : 3.38**

**મોડાસા સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા**

| **શિક્ષકનું નામ** | **પટેલ નિતીનકુમાર કાનાભાઇ** |
|---|---|
| **શાળાનું નામ** | મોડાસા સરકારી પ્રાથમિક શાળા |
| **પ્રસ્તાવના** | કોવિડ 19 ના લોક ડાઉનના સમય ગાળા દરમિયાન બાળકો કેટલું શીખ્યા? તેમજ અગાઉ શીખેલ વિષય વસ્તુ, બાળકને કેટલું યાદ છે, કેટલો લર્નિંગ લોસ ગયો છે તે જાણવા માટે લર્નિંગ લોસ મૂલ્યાંકન કરવું. |
| **વિશિષ્ટ કામગીરી કરવા માટેની પ્રેરણા** | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સાહેબશ્રી તેમજ નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સમીરભાઈ પટેલ સાહેબશ્રીની પ્રેરણાથી |
| **કરેલ નવતર પ્રયોગનું શીર્ષક** | લર્નિંગ લોસ મૂલ્યાંકન |
| **કરેલ વિશિષ્ટ કામગીરીનું ક્ષેત્ર** | શાળાના ધોરણ 3 થી 8 ના બાળકો |
| **કરેલ વિશિષ્ટ કામગીરીના હેતુઓ** | કોવિડ 19 ના લોકડાઉનના સમય ગાળા દરમિયાન બાળકો કેટલું શીખ્યા? તેમજ અગાઉ શીખેલ વિષય વસ્તુ, બાળકને કેટલું યાદ છે, કેટલો લર્નિંગ લોસ થયો તે જાણવા માટે તેમજ તેનું નિદાન,મૂલ્યાંકન કરી બાળકને તે મુજબ શીખવવું. |
| **કામગીરીથી અસર પામેલ જૂથની સંખ્યા** | ધોરણ 3 થી 8 ના વિધાર્થીઓ |
| **સરકારશ્રી દ્વારા આ સમયે અમલમાં મૂકવામાં આવેલ કાર્યક્રમ અંતર્ગત કરેલ કામગીરી** | સરકારશ્રી દ્વારા આ સમયે અમલમાં મૂકવામાં આવેલ કાર્યક્રમ હોમલર્નિંગ, ઘરે શીખીએ, એકમ કસોટીઓ, પરિવારનો માળો સલામત અને હુંફાળો, બાયસેગ આધારિત પ્રસારિત થતાં કારક્રમો, વોટ્સએપ ટેસ્ટ, દિક્ષા એપ, વર્ચ્યુયલ શિક્ષણ, ઓનલાઈન ક્વિઝ જેવા કાર્યક્રમો પરિપત્ર મુજબ સમય મર્યાદામાં કરવામાં આવ્યા. |

| | |
|---|---|
| **અન્ય કામગીરીની વિગત** | કોવિડ 19 અંતર્ગત વેક્સિનેશન કામગીરી, 60 વર્ષથી વધુ વયના વ્યક્તિઓનો ડોર ટુ ડોર સર્વે, ટેલિફોનિક સર્વે, સગર્ભા બહેનોનો સર્વે, માસ્ક બનાવવાની કામગીરીમાં સહભાગી થવું, ગામલોકો, વાલીઓ, વિદ્યાર્થીઓના સતત સંપર્કમાં રહી વૈશ્વિક મહામારી અંતર્ગત જાગૃતિ લાવવા પ્રયત્નો કર્યા. |
| **કાર્યક્રમનું અમલીકરણ** | પરિપત્ર મુજબ બાળકોના વિસ્તારમાં જઈને મળેલ મટેરિયલ્સ મુજબ શેરી શાળામાં મૂલ્યાંકન કસોટી લીધી. બાળકોએ સોશિઅલ ડિસ્ટન્સયુક્ત વાતાવરણમાં સારી રીતે કસોટી આપી તેમજ શાળાના શિક્ષકો દ્વારા તેનું મૂલ્યાંકન કરવામાં આવ્યું અને આ સમય દરમિયાન થયેલ લર્નિંગ લોસની વિગતો મેળવવામાં આવી. |
| **બાળકોનું મુલ્યાંકન** | બાળકોનું મુલ્યાંકન લર્નિંગ લોસ મૂલ્યાંકન દ્વારા, એકમ કસોટીઓ દ્વારા, વોટ્સએપ ટેસ્ટ દ્વારા, યુનિટ ટેસ્ટ તેમજ વાલીના અને બાળકના સંપર્કમાં રહી સતત મૂલ્યાંકન કર્યું. |
| **પરિણામ / તારણ** | આ વૈશ્વિક મહામારીના સમયમાં જ્યારે શાળા કક્ષાએ શિક્ષણ કાર્ય બંધ હોવા છતાં ડિજિટલ માંધ્યમ તેમજ શેરી શિક્ષણ દ્વારા વિધાર્થીઓના સંપર્કમાં રહી શૈક્ષણિક કાર્ય. છતાં શાળાના વાતાવરણમાં બાળકો જે શીખે છે તેના પ્રમાણમાં અમુક બાળકોમાં મૂલ્યાંકન આધારે એવું પરિણામ મળ્યું કે બાળકોને લર્નિંગ લોસ થઈ છે,આના આધારે એવું કહી શકાય કે બાળકોને શીખવા માટે શાળાનું વાતાવરણમાં ખૂબ અગત્યનું છે |

| **શાળાની નવતર પ્રયોગ સંબંધી બાબતો** | |
|---|---|
| શાળાનો વિસ્તાર (ગ્રામ્ય/શહેરી) | શહેરી |
| શાળામાં ચાલતા ધોરણ | 1 થી 8 |
| ગામની કુલ વસ્તી | 80,000 (અંદાજિત) |
| શાળાના કુલ શિક્ષકોની સંખ્યા | 9 |
| બાળકોની કુલ રજીસ્ટર સંખ્યા | 262 |

| | |
|---|---|
| તે પૈકી સ્માર્ટફોન / ડિજિટલ મોબાઈલ ધરાવતા વિદ્યાર્થીઓની સંખ્યા | 138 |
| સાદાફોન ધરાવતા વિદ્યાર્થીઓની સંખ્યા | 111 |
| ટેલીવિઝન ધરાવતા વિદ્યાર્થીઓની સંખ્યા | 202 |
| કોઈ માધ્યમ ન હોય તેવા વિદ્યાર્થીઓની સંખ્યા | 60 |
| COVID-19 અને પરિસ્થિતી દરમિયાન વિદ્યાર્થીઓના શિક્ષણ તેમજ વિદ્યાર્થી વાલી જાગૃતિ માટે વિશિષ્ટ કામગીરી કરનાર શિક્ષકનું નામ | પટેલ નિતીનકુમાર કાનાભાઇ |
| Lock-down ના શરૂઆતના સમયગાળા દરમિયાન ગામની સ્થિતિ | લોકડાઉનના શરૂઆતના સમય દરમિયાન ચારે તરફ ભયનો માહોલ હતો. કોરોનાનો અજ્ઞાત માનસિક ભયમાં લોકોને પોતાની અને પોતાના પરિવારની ચિંતા ખૂબ સતાવી રહી હતી. બંધનો માહોલ હોવાથી લોકો જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓનો સંગ્રહ કરી રહ્યા હતા. બાળકોના શિક્ષણની ચિંતા તેમને સતાવી રહી હતી. મોટાભાગના લોકો પોતાના ઘરની બહાર નીકળવામાં ગભરાઈ રહ્યા હતા. લોકોને રોજગારીની ચિંતા સતાવી રહી હતી. જો કે તંત્ર દ્વારા વિવિધ પગલાઓ લેવાઈ રહ્યા હતા. રોડ, શેરીઓ સુમસામ બની ગયા હતા. લોકો પોતાનું આરોગ્ય સાચવવા માટે વિવિધ આયુર્વેદિક ઉપાયો અજમાવી રહ્યા હતા. કોરોન્ટાઇન વિસ્તારના લોકો ખૂબ ભયના માહોલમાં જીવી રહ્યા હતા. |
| કોરોના સંદર્ભે જાગૃતિ અને બચાવ માટે કરેલ વિશેષ પ્રયત્નોની નોંધ | સરકાર દ્વારા કોરોનાથી બચવા માટે ગાઇડલાઇન બહાર પાડવામાં આવી હતી. લોકોને શેરીશાળા દરમિયાન વર્ચ્યુયલ ક્લાસ, ફોન સંપર્કથી પોતાની આસપાસનો વિસ્તાર સ્વચ્છ રાખવા, માસ્કનો ખાસ ઉપયોગ કરવા, વારંવાર સાબુ વગેરેથી હાથ ધોવા, જરૂર વગર પોતાના ઘરથી બહાર ન નીકળવા સમજાવવા આવ્યા. તેમજ આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરાવવી તેમજ 90 જેટલા |

| | |
|---|---|
| | અન્ય લોકોને આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરાવી. અમારી શાળામાં  સોશિઅલ ડિસ્ટન્સયુક્ત સરકારશ્રીના કાર્યક્રમ અંતર્ગત હેંડવોશ ડે ની ઉજવણી કરવામાં આવી તેમજ તંત્રના માધ્યમથી હેંડવોશ કિટનું તમામને વિતરણ કરવામાં આવ્યું. જિલ્લા પંચાયત અરવલ્લી શિક્ષણ વિભાગ તેમજ ડીપીઇઓ સાહેબશ્રી તેમજ નાયબ જિલ્લા ડીપીઇઓ સમીરભાઇ પટેલ સાહેબશ્રીના માર્ગદર્શન હેઠળ માસ્ક બનાવવા માટે જરૂરી દાન એકઠું કરી મોટી સંખ્યામાં માસ્ક બનાવી વિતરણ કરવામાં આવ્યા. નાયબ જિલ્લા ડીપીઇઓ સમીરભાઇ પટેલ સાહેબશ્રીના માર્ગદર્શનથી શાળાના શિક્ષકોના સહકારથી મોડાસા આર્ટ્સ કોમર્સ કોલેજના 500 થી વધુ વિધાર્થીઓને આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરાવવા ફોનથી સમજાવવામાં આવ્યા. સરકારશ્રી દ્વારા આપવામાં આવતા અનાજ વિતરણમાં સહભાગી બન્યા. જરૂરિયાત વાળા વાલીઓ અને બાળકોને શાળાના શિક્ષકોના સહકારથી મદદરૂપ બન્યા. લોકો, બાળકો, વાલીઓ માનસિક રીતે સ્વસ્થ રહે તે માટે સમર્પણ ધ્યાન મહાશિબિરની આઠ દિવસીય શિબિરનો સિધ્ધયોગી સદગુરુ શ્રી શિવકૃપાનંદ સ્વામીની ઓનલાઇન શિબિરનો પ્રચાર-પ્રસાર કર્યો તથા ડીપીઇઓ સાહેબશ્રી તેમજ નાયબ જિલ્લા ડીપીઇઓ સમીરભાઇ પટેલ સાહેબશ્રીના સહકારથી શિક્ષકો વાલીઓ બાળકો તેનો લાભ લે તે માટે પરિપત્ર કરવામાં આવ્યો. એજ રીતે પોલીસ વિભાગનો, ડી.ડી.ઓ સાહેબનો સહકાર લઇ લોકો, કર્મચારીઓ શિબિરના વાઇબ્રેશનયુક્ત ધ્યાનના માધ્યમથી ભયના, માનસિક તણાવના માહોલમાંથી તમામ બહાર આવે તેવા પ્રયત્નો કરવામાં આવ્યા. ઓડ ઈવન પદ્ધતિ હોવા છતાં એકપણ દિવસ ઘરે રહ્યા |

| | |
|---|---|
| | વગર દરરોજ શાળાએ જઇ ફરજ નિભાવી. તાલુકા શિક્ષણાધિકારી સાહેબ દ્વારા સમગ્ર તાલુકાને પાઠ્ય પુસ્તકો વહેંચવાની જવાબદારી મને આપવામાં આવતા ગાંધીનગરથી ત્રણ રાઉન્ડ ટ્રક જિલ્લા માટે ભરીને આવ્યા તેમાથી મોડાસા તાલુકાના પુસ્તકો ઉતારવા, ગોઠવવા તથા તેને સ્પર્શવામાં કોરાનાના વાયરસના ભયની ચિંતા રાખ્યા વગર તાલુકાની શાળાઓ સુધી પહોચાડવાનું કાર્ય પૂર્ણ કર્યું. |
| હોમલર્નિંગ માટે વિધાર્થીઓને આપેલ માર્ગદર્શન | બાળકોને રોજેરોજ હોમલર્નિંગની યુ ટ્યુબ લિંક ધોરણવાર વોટ્સએપ ગ્રૂપ બનાવી તેના માધ્યમથી મોકલવામાં આવતી તથા શેરી શાળામાં, ફ્રોનથી જોવા માટે સમજાવવામાં આવ્યા. વાલીઓને પોતાના બાળકને આ કાર્યક્રમ જોવા માટે પોતાનો મોબાઈલ આપવા માટે સમજાવ્યા સાથે જે મુદ્દામાં વધુ સમજણની જરૂર હોય તે નોંધી લેવા, તેનો શેરી શાળા કે વર્ચ્યુયલ ક્લાસમાં સમજાવવામાં આવતા. શાળાના તમામ શિક્ષકો દ્વારા આ પ્રવૃત્તિ કરવામાં આવતી. હોમલર્નિંગ અંતર્ગત વિધાર્થીઓના શૈક્ષણિક કાર્ય માટે રાજ્ય કક્ષાએથી બાળકો માટે તૈયાર કરેલ વિષયવસ્તુ આધારિત વિડીયો, શૈક્ષણિક પાઠ ટી.વી.ના માધ્યમથી દૂરદર્શન કેન્દ્ર, ડી.ડી. ગિરનાર ચેનલ ઉપર પ્રસારિત થનાર કાર્યક્રમોનું સમયપત્રક બાળકોને મોકલવામાં આવતું અને તે નિહળવા માટે શાળાના શિક્ષકોના માધ્યમથી જણાવવામાં આવતું જેનો વાલીઓ દ્વારા સારો પ્રતિસાદ મળતો . |
| એકમ કસોટી | સૌપ્રથમ એકમ કસોટીનું સમયપત્રકની જાણ બાળકો અને તેમના વાલીઓને કરવામાં આવતી. દરરોજના પ્રકરણની જાણ કરવામાં આવતી. શેરીશાળામાં, વર્ચ્યુયલ ક્લાસમાં તે કઇ રીતે લખવા તે સમજાવવામાં આવતું તેમજ તે પ્રકરણો ચલાવવામાં |

| | |
|---|---|
| | આવતા. દરેક બાળક માટે કસોટીની પ્રિન્ટ કાઢી જે તે બાળકની કસોટીની બુકમાં મુકી બાળકો સુધી પહોચડવામાં આવતી. અમુક બાળકોના વાલીઓ શાળાએ આવી કસોટી બુક લઈ જતાં. બાળકો તણાવમુક્ત વાતાવરણમાં લખી શકે તેવું તે વાતાવરણ પૂરું પાડવામાં વાલીને સહકાર આપવા બાબતે વાત કરવામાં આવી. લખાઈ ગયા બાદ સમયસર પરત મેળવી લેવામાં આવતી. ક્યારેક વાલીઓ આ પુસ્તિકાઓ કોરોનાના કારણે લેવામાં ખચકાતાં ત્યારે તેમને કહેવામાં આવતું કે તે સેનેટાઇઝ કરીને આપવામાં આવી છે તેમજ તે પરત લેતી વખતે હાથ સેનેટાઇઝ કરીને લેવામાં આવતી તેમજ સરકારની ગાઇડલાઇનનું પાલન કરવામા આવતું. આ કાર્યમાં એસ.એમ.સી સભ્યો, એક્ટિવ વાલીઓ, સી.આર.સી નો અમૂલ્ય સહકાર રહ્યો. શહેરી વિસ્તારમાં ક્યારેક પોલીસ કર્મચારીઓની મુલાકાત થતી ત્યારે તેમના સરકાર દ્વારા બાળકોના શિક્ષણ માટે થઇ રહેલા વિવિધ કાર્યક્રમો, શાળા દ્વારા, શિક્ષકો દ્વારા થઈ રહેલા પ્રયાસો વિષે વાત કરીએ ત્યારે તેઓ તેની સરાહના કરી હતી. |
| ઘરે શીખીએ પુસ્તિકાઓ | ઘરે શીખીએ પુસ્તિકાઓ શાળાના શિક્ષકો દ્વારા દરેક બાળકો સુધી પહોચડવામાં આવતી તેમજ શેરીશાળામાં, વર્ચ્યુંયલ ક્લાસમાં તે કઈ રીતે લખવી તે સમજાવવામાં આવતું તેમજ તેની અંદર કરવાની પ્રવૃત્તિઓ વિષે સમજણ આપવામાં આવતી. બાળકને કોઇ પ્રશ્ન ઉપસ્થિત થાય તો ગમે ત્યારે શિક્ષક્ને ફોન કરી માર્ગદર્શન મેળવી શકે. શેરીશાળામાં, વર્ચ્યુંયલ ક્લાસમાં કરવામાં આવતી પ્રવૃત્તિઓ જેવી અન્ય પ્રવૃત્તિઓ કરાવવામાં આવતી, ખાસ કરીને નાના ધોરણોના બાળકોએ પણ ખૂબ સારી પ્રવૃત્તિઓ કરી. સરકાર અને સરકારી શાળાઓ દ્વારા આવા |

| | |
|---|---|
| | સમયમાં કરવામાં આવતી આવી પ્રવૃત્તિઓ જોઈ સરકારી શાળાઓ પ્રત્યે લોકોનો વિશ્વાસ વધુ દ્રઢ બન્યો. આ કાર્યમાં એસ.એમ.સી સભ્યો, એક્ટિવ વાલીઓ, સી.આર.સી નો અમૂલ્ય સહકાર રહ્યો. |
| વર્ગદર્પણ | ધોરણ 3 થી 8 ના બાળકો, શિક્ષકો અને વાલીઓ માટે ઉપયોગી છે, તેમાં બાળકની પ્રોફાઇલ, સમય પત્રક, શિક્ષકો દ્વારા ભણાવવામાં આવતા વિષયો, એસ.એમ.સી. સભ્યોની વિગત, હાજરી, એકમ કસોટી, બાળકે આપેલ બાહ્ય પરીક્ષાઓ, સ્પર્ધાઓ, પ્રોજેક્ટ, બાળકે વાંચેલ પુસ્તકો, વાર્ષિકપાઠ આયોજન, બાળકની વજન ઉંચાઈ BMI ની નોંધ, બાળકના અભ્યાસની નોંધ, પરિણામ, વીએએલઆઇ સાથે પરામર્શ, પ્રતિભાવ વગેરેની નોંધ કરવાની હોવાથી સમયે જરૂરી નોંધ કરી. વાલી સુધી રૂબરૂ, શેરીશાળામાં પહોંચાડવામાં આવતી. તેના દ્વારા બાળકના શૈક્ષણિક પ્રગતિ, પ્રવૃત્તિઓ વગેરેની જાણ વાલીને થતી તેમજ ફોન કે રૂબરૂ મુલાકાત સમયે વાલી સાથે બાળકના અભ્યાસ વગેરે બાબતે સકારાત્મક ચર્ચા થતી. |
| પરિવારનો માળો, સલામત અને હૂંફાળો | કોવિડ લોકડાઉન દરમિયાન બાળક ઘરે રહીને નવું નવું શીખે એ માટે સરકારે GCERT ના માધ્યમથી પરિવારનો માળો, સલામત અને હૂંફાળો કાર્યક્રમ શરૂ કર્યો જેમાં શેરી શાળા અને રૂબરૂ મુલાકાત દરમિયાન બાળકને સમજાવવામાં આવ્યું તથા વોટસએપના માધ્યમથી PDF મોકલવામાં આવતી જેમાં બાળવાર્તા, ગીત, રમત, સંદેશ, જંતર મંતર જેવી પ્રાવૃત્તિઓ નિહાળવાનો બાળકોને ખૂબ આનંદ આવ્યો. જેમાં દિક્ષા એપના પણ ઉપયોગ કરવામાં આવ્યો. જે બાળકો પાસે મોબાઈલ ન હતો તેમણે શેરીશાળામાં બતાવવામાં આવતું આ કટોકટીના સમયમાં |

| | |
|---|---|
| | બાળકોનો મનોસામાજિક માવજત માટેનો પરિવારનો માળો, સલામત અને હૂંફાળોની સમજ શાળાના તમામ શિક્ષકો મારફત વાલીઓ સુધી નિયમિત રીતે પહોંચાડવામાં આવતી. |
| SSA ની  વેબસાઇટ પર આપવામાં આવતું સાપ્તાહિક આયોજન | હોમલર્નિંગ વિડીયોનું સાપ્તાહિક આયોજન વેબસાઇટ પરથી આપવામાં આવતું જે બાળકોના સુધી પહોચડવામાં આવતું તેમજ બાળક તથા વાલીને આયોજન પ્રમાણે આવતા વિડીયો નિહાળવા તેમજ તેને લગતી નોંધ કરવા જણાવાયું. આ કાર્ય માટે વાલી અને એસ.એમ.સી. નો સંપૂર્ણ સહકાર મળ્યો. તેમાં મૂકેલા વિડીયો કન્ટેન્ટ ઉત્તમ પ્રકારે ખૂબ મહેનત કરીને તૈયાર કરેલ હતું. તેનાથી શિક્ષણ કાર્ય સરળ બન્યું અને તે જોવાથી વિષયવસ્તુ સરળ બનતા એકમ કસોટી માટે વિદ્યાર્થીઓની પ્રકરણોની તૈયારી થઇ શકતી. જેમાં શાળાના શિક્ષકો અને સી.આર.સી.નો સહકાર ખૂબ સારો રહ્યો. |
| ડી.ડી. ગિરનાર પર પ્રસારીત થતા શૈક્ષણિક કાર્યક્રમો | હોમલર્નિંગ વિડીયો, ડી.ડી. ગિરનાર તેમજ બાયસેગ પર પ્રસારિત થતાં શૈક્ષણિક કાર્યક્રમનું સમયપત્રક બાળકો સુધી પહોંચડવામાં આવતું તે મુજબ બાળકો નિહાળે તે માટે વાલીઓના સતત સંપર્કમાં રહેવું પડતું.  બાળકની રૂબરૂ મુલાકાત સમયે તે વિષે ચર્ચા કરવામાં આવતી તથા ન સમજાયેલ મુદ્દાઓની ચર્ચા કરવામાં આવતી. અનિવાર્ય સંજોગોના કારણે જે બાળક પ્રસારણ જોવાથી વંચિત રહી ગયું હોય તો ધોરણ પ્રમાણે બનાવેલ ગ્રૂપ દ્વારા મોકલવામાં આવતું. જે બાળકો પાસે એકપણ માધ્યમની સુવિધા ન હોય તેઓને ફળિયા શિક્ષણ કે શેરી શાળામાં જે તે દિવસે મુદ્દાઓની સમજ આપવામાં આવતી. વાલીઓ અને બાળકોને પોતાના શિક્ષણની ચિંતા દૂર થઇ. આ કાર્ય માટે વાલી અને એસ.એમ.સી. નો સંપૂર્ણ સહકાર મળ્યો. |

| | |
|---|---|
| વંદે ગુજરાત (બાયસેગ) પર પ્રસારિત થતાં શૈક્ષણિક કાર્યક્રમો | વંદે ગુજરાત (બાયસેગ) પર પ્રસારિત થતાં શૈક્ષણિક કાર્યક્રમોની બાળકો અને વાલીઓને જાણ કરવામાં આવતી તેનું સમયપત્રક મોકલવામાં આવતું તથા તથા તે નિહાળવા ખાસ કહેવામા આવતું તથા અઘરા મુદ્દાઓની શેરી શાળામાં કે જે તે શિક્ષક્ને ફોન કરી સમજી લેતા. જે બાળકો પાસે એકપણ માધ્યમની સુવિધા ન હોય તેઓને ફળિયા શિક્ષણ કે શેરી શાળામાં જે તે દિવસે મુદ્દાઓની સમજ આપવામાં આવતી. વાલીઓ અને બાળકોને પોતાના શિક્ષણની ચિંતા દૂર થઈ. આ કાર્ય માટે વાલી અને એસ.એમ.સી. નો સંપૂર્ણ સહકાર મળ્યો. |
| WhatsApp ટેસ્ટ<br>(ધોરણ 3 થી 5 અને ધોરણ 6 થી 8) | બાળકો અને વાલીઓને વોટ્સએપ પરીક્ષામાં કઇ રીતે જોડાવું તે સમજાવવામાં આવ્યું. ધોરણ પ્રમાણે વોટ્સએપ ગ્રૂપ બનાવી દર શનિવારે આવતા WhatsApp ટેસ્ટની આગોતરી જાણ કરવામાં આવતી. જેમાં બાળકોને યુનિક આઇડી થી જોડવામાં આવતા. ટેસ્ટ પૂર્ણ થયેથી બાળકો ઉત્સાહભેર જવાબો જોવા આતુર થતાં તથા તેની સ્ક્રીન શોર્ટ મોકલતા તથા બીજા દિવસે શેરી શાળામાં તે ટેસ્ટની સામૂહિક ચર્ચા કરવામાં આવતી. આ ટેસ્ટથી બાળકોને ખૂબ આનંદ આવ્યો અને ડિજિટલ શિક્ષણ આપવાથી બાળકો સરળતાથી શીખી શકે છે અને તેમનામાં મોબાઈલનો સકારાત્મક ઉપયોગ કરવાની સમજ વિકસી. |
| Microsoft teams, google meet, Jio meet, zoom app વગેરેના માધ્યમથી હાથ ધરેલ વર્ચ્યુઅલ શિક્ષણ | વર્ચ્યુઅલ શિક્ષણ અંતર્ગત જે બાળકો એન્ડ્રોઇડ મોબાઇલ ધરાવતા હતા તે શેરી શાળામાં મંગાવી અને ડોર ટુ ડોર જઇ Microsoft teams માધ્યમથી તેમાં બાળકની આઇ.ડી. પાસવર્ડ વગેરે નાખી તેનું એકાઉન્ટ બનાવી તેને વોટ્સએપથી લિન્ક કરી તેમાં સમય અને વિષય મોકલવામાં આવતો અને તેના માધ્યમથી વર્ચ્યુઅલ શિક્ષણથી શાળાના શિક્ષકો વિષય વસ્તુ ચલાવતા. |

| | |
|---|---|
| શેરીવર્ગ / ફળિયાશિક્ષણ | શેરીવર્ગ / ફળિયાશિક્ષણનું શાળાના શિક્ષક, વર્ગ અને વિસ્તાર અને વાર મુજબ આયોજન કરવામાં આવ્યું. આ આયોજન બાળકો સુધી પહોચાડમાં આવ્યું અને તે મુજબ જે તે શાળાના શિક્ષકો ત્યાં જઈ સોશિઅલ ડિસ્ટન્સ મુજબ શેરીવર્ગ / ફળિયા શિક્ષણ આપતા તથા અધિકારીઓ તેમજ સી.આર.સી. દ્વારા તેની મુલાકાત લઈ માર્ગદર્શન આપવામાં આવતું. નાયબ જિલ્લા શિક્ષણાધિકારી સમીરભાઈ સાહેબની તેમાં ખાસ પ્રેરણા મળી. તેમજ વાલીઓ, એસ.એમ.સી. સભ્યોનો સહકાર અને તે શિક્ષણ માટે મોટી જગ્યા પૂરી પાડનાર વાલીઓનો સહકાર ખૂબ સારો રહ્યો. |
| શાળા કે શિક્ષકની પોતાની YouTube ચેનલ અને શૈક્ષણિક ઉપયોગ | શાળાની પોતાની YouTube ચેનલ બનાવેલ નથી પરંતુ હોમલર્નિંગ અંતર્ગત આવતી યુ ટ્યુબ લિંક, શૈક્ષણિક સામગ્રી બાળકોને મોકલવામાં આવતી. |
| Google classroom | વર્ચ્યુંઅલ શિક્ષણ અંતર્ગત જે બાળકો એન્ડ્રોઇડ મોબાઇલ ધરાવતા હતા તે શેરી શાળામાં મંગાવી અને ડોર ટુ ડોર જઈ Microsoft teams માધ્યમથી તેમાં બાળકની આઈ.ડી. પાસવર્ડ વગેરે નાખી તેનું એકાઉન્ટ બનાવી તેને વોટ્સએપથી લિન્ક કરી તેમાં સમય અને વિષય મોકલવામાં આવતો અને તેના માધ્યમથી વર્ચ્યુંઅલ શિક્ષણથી શાળાના શિક્ષકો વિષય વસ્તુ ચલાવતા. |
| WhatsApp / કાઇઝાલા / ટેલિગ્રામ | WhatsApp માધ્યમનો ઉપયોગ કરવામાં આવ્યો. |
| દીક્ષા એપ | જે બાળકો એન્ડ્રોઇડ મોબાઇલ ધરાવતા હતા તે શેરી શાળામાં મંગાવી અને ડોર ટુ ડોર જઈ તેમાં દીક્ષા એપ ડાઉનલોડ કરાવી. જેનો ઉપયોગ કઈ રીતે કરવો તે બાળક અને વાલીને શીખવવામાં આવ્યુ. જેના દ્વારા પાઠ્ય પુસ્તક તેમજ ઘરે શીખીએમાં આવતા ક્યૂ આર કોડને સ્કેનિંગ કરી શિક્ષણ મેળવતા તથા વોટ્સએપથી |

| | |
|---|---|
| | તેની લિંક મોકલવામાં આવતી અને તેનો ઉપયોગ કરી અભ્યાસ મેળવતા. શાળાની કન્યા વિદ્યાર્થીનીઓએ તેના માધ્યમથી સ્વરક્ષણ તાલીમ મેળવી હતી. |
| ઓનલાઇન ક્વિઝ | WhatsApp માં આવતી ગુગલ શીટ એક્ઝામ તેમજ વોટ્સએપ ટેસ્ટ બાળકોને મોકલવામાં આવતા જેનું પરિણામ હકારાત્મક રહ્યું |
| વિદ્યાર્થી / વાલીની રૂબરૂ મુલાકાત | ઉપર જણાવેલ તમામ શૈક્ષણિક કાર્યક્રમો, પ્રવૃત્તિઓ, પરીક્ષાઓ,કોવિડ 19 જાગૃતિ, વેક્સિનેસન અભિયાન, બાળકોની શૈક્ષિણીક બાબતો માટે ચર્ચા કરવા, વિવિધ સાહિત્ય વિતરણ તેમજ વિવિધ સર્વે બાબતે વારવાર વાલીઓ સાથે મુલાકાત કરવામાં આવતી. જેમાં બાળકોના અભ્યાસની તેમજ મહામારી અંતર્ગત રાખવાની સાવચેતીની પણ ચર્ચાઓ કરવામાં આવતી. |
| વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના મૂલ્યાંકન શિક્ષકે કરેલ વિશેષ પ્રયાસોની નોંધ | શાળાના ધોરણ 3 થી 8 ના બાળકોનો ધોરણવાર લર્નિંગ લોસ માટે જે તે વિસ્તારમાં જઇ કસોટી લેવામાં આવી તેનું મૂલ્યાંકન કરવામાં આવ્યું. જિલ્લા શિક્ષણાધિકારી સાહેબ અને નાયબ જિલ્લા શિક્ષણાધિકારી સાહેબ, બી.આર.સી, સી.આર.સી.દ્વારા મુલાકાત લઈ આ મૂલ્યાંકન ચકાસવામાં આવ્યું તેમજ એકમના અંતે લેવામાં આવતી કસોટી, યુનિટ ટેસ્ટ સમયાંતરે લઈ વાલી અને વિદ્યાર્થી સાથે ચર્ચા કરવામાં આવતી. |
| વિદ્યાર્થીઓને અપાતા ગૃહકાર્ય અને તેની ચકાસણી માટે કરેલ વિશેષ પ્રયત્નો | વિદ્યાર્થીઓને આપવામાં આવત ગૃહકાર્યની શેરીશાળામાં ચકાસણી કરવામાં આવતી તેમજ વોટ્સએપ દ્વારા નિયમિત ગૃહકાર્ય મોકલવામાં આવતું. જે કામ પૂર્ણ થયેથી વિદ્યાર્થીઓ જે તે વર્ગ શિક્ષકને મોકલતા અને તેની શિક્ષક દ્વારા ચકાસણી કરી વાલી અને વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવામાં આવતી. શેરીશાળામાં |

| | |
|---|---|
| | નિયમિત આપવામાં આવતું ગૃહકાર્ય શેરી શાળામાં જોવામાં આવતું. |
| વિધાર્થીઓને વિષયવસ્તુ શીખવવા હાથ ધરેલ વિશિષ્ટ પ્રયોગની નોંધ<br>વિધાર્થીઓને વિષયવસ્તુ શીખવવા માટે આપે અન્ય કોઇ વિશિષ્ટ પ્રયોગ કર્યો હોય તે અંગેની નોંધ | વિધાર્થીઓને વિષયવસ્તુ શીખવવા માટે શેરીમાં ચાલતી શેરી શાળામાં આસપાસના પર્યાવરણમાંથી એકમને અનુરૂપ મળતી જરૂરી વસ્તુઓ સરળતાથી ઉપલબ્ધ થતી હોવાથી એકમ શીખવવા સરળતા રહેતી. આજુ બાજુના વયોવૃદ્ધ વડીલો દ્વારા પ્રાચીન સંસ્કૃતિની સમજ તેમના અનુભવોનો સરળ ભાષામાં બાળકોને લાભ મળતો. જરૂર પ્રમાણે શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરવામાં આવતો. ભારતનો નકશો શીખવવા માટે વિધાર્થી દીઠ નક્શાઓ શેરી શાળામાં લઈ જઈ તે શીખવવામાં આવ્યા. |
| વિધાર્થીઓએ સાથે સંદેશાવ્યવહાર માટે હાથ ધરેલ વિશિષ્ટ પ્રયોગની નોંધ | વિધાર્થીઓએ સાથે સંદેશાવ્યવહાર માટે સૌ પ્રથમ જે તે વિસ્તારમાં રહેતા એસ.એમ.સી. સભ્યોના સહકારથી તેમજ, વોટ્સએપ માધ્યમ, ટેલિફોનિક સંપર્ક,અને જરૂર પડ્યે રૂબરૂ મુલાકાત કરી સંદેશો પહોચડવામાં આવતો. |
| વિધાર્થીઓના હોમલર્નિંગ માટે મેળવેલ સહયોગની વિગતવાર નોંધ | વિધાર્થીઓના હોમલર્નિંગ માટે એસ.એમ.સી સભ્યો, સ્વયંસેવકો, ગ્રામપંચાયત અથવા ગામલોકોનો સહયોગ મેળવ્યો. જેમાં શાળાના ભૂતપૂર્વ વિધાર્થીઓનો પણ સહકાર મેળવી બાળકોને શિક્ષણમય રાખવા અને કોવિડ 19 ની જાગૃતિ ફેલાવવા જરૂર જણાઈ ત્યાં સહયોગ મેળવ્યો . |
| ટેક્નોલોજીનો અભાવ ધરાવતા વિધાર્થીઓએ માટે કરેલ વિશિષ્ટ પ્રયત્નોની નોંધ | જે વિધાર્થીઓએ પાસે બિલકુલ ટેક્નોલોજીનો અભાવ છે તેઓના શિક્ષણ માટે શેરી શાળા, ફળિયા શિક્ષણ દ્વારા શિક્ષણ આપવામાં આવ્યું તેમજ રૂબરૂ મુલાકાત લઈ માર્ગદર્શન આપવામાં આવ્યું. |

| | |
|---|---|
| GCERT દ્વારા રજૂ થતાં "એક કદમ આગળ" ની પ્રવૃત્તિમાં નોંધાવેલ ભાગીદારીની વિગતો | GCERT દ્વારા પ્રત્યેક અઠવાડિયે "એક કદમ આગળ" શીર્ષક હેઠળ ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન તેમજ ભાષાના પ્રશ્નો મૂકવામાં આવતા તે બાળકો સુધી શિક્ષક દ્વારા મોકલવામાં આવતા અને તેની વિષય શિક્ષક દ્વારા ચર્ચા કરવામાં આવતી, |
| NMMS ની પરીક્ષામાં બાળકોએ રજીસ્ટ્રેશન કરેલ છે? | 11 |
| NMMS ની પરીક્ષામાં કેટલા બાળકોની ફી ભરાઇ અને મંજૂર થઇ? | 11 |
| 'GVS (ગુજરાત વર્ચ્યુઅલ શાળા) અંતર્ગત લાઇવ ક્લાસની લિંક પહોંચાડવા માટે આપેલ કરેલ પ્રયત્નોની વિગત | GVS (ગુજરાત વર્ચ્યુઅલ શાળા) અંતર્ગત લાઇવ ક્લાસ ધોરણ 9 થી 12 ના બાળકો માટે ઉપયોગી છે. ધોરણ 1 થી 8 ના બાળકોને હોમલર્નિંગ વિડીયો લિંક, દિક્ષા એપ માટે લિંક, ડી.ડી. ગિરનાર પર પ્રસારિત થતાં કાર્યક્રમો બાળકો નિહાળે તેનું સમયપત્રક, NMMS માટે વિડીયો લિંક, કસોટી માટે લિંક વગેરે મોકલવામાં આવતી, જેનો બાળકો ઉપયોગ કરતાં હતા, |
| બાળકો આ લિંક આધારિત ક્લાસમાં જોડાય તે માટે અપનાવેલ માધ્યમ અને કરેલ પ્રયત્નોની નોંધ અને તે અંગેના આપના અભિપ્રાયો | NMMS પરીક્ષા માટે ફોર્મ ભરેલ વધુમાં વધુ વિદ્યાર્થીઓ આ લિંક આધારિત ક્લાસમાં જોડાય તે માટે વોટ્સએપના માધ્યમથી મોકલવામાં આવતી તેમજ NMMS પરીક્ષાનું મહત્વ વિદ્યાર્થીઓને સમજાવવામાં આવતું. NMMS પરીક્ષાની તેઓ ઓનલાઇન તૈયારી કરી શકે તે માટે વિદ્વાન શિક્ષકોના માધ્યમથી હજુ તેને લગતા વિડીયો તૈયાર કરી યુ ટ્યુબ ઉપર મૂકવા જોઇએ. અને તેની તૈયારી માટે પુસ્તક સ્વરૂપે પણ છાપી પ્રસારિત કરવું જોઇએ. |
| NMMS અંતર્ગતના મોક ટેસ્ટમાં વધુ વિદ્યાર્થીઓ જોડાય તે માટે આપના વિશિષ્ટ પ્રયત્નોની નોંધ | NMMS પરીક્ષાનું મહત્વ વિદ્યાર્થીઓને સમજાવવામાં આવતું તેમજ NMMS પરીક્ષાની તેઓ ઓનલાઇન તૈયારી કરી શકે તેને લગતા ટેસ્ટ પણ તેઓ આપતા. શેરી શાળા, વર્ચ્યુયલ ક્લાસમાં |

| | |
|---|---|
| | તમામ ભાગ લેનાર બાળકો ભાગ લે તે માટે કહેવામા આવતું અને તે ટેસ્ટની ચર્ચા કરવામાં આવતી. |
| NMMS અંતર્ગતના મોક ટેસ્ટ માટેનો મેસેજ બાળકોને મળ્યો કે  કે નહિ તેને ખરાઈ માટે કરેલ પ્રયત્નોની નોંધ | બાળકો જ્યારે શેરી શાળામાં આવે ત્યારે કેટલીક વાર પોતાનો મોબાઈલ વાલીની મંજૂરીથી સાથે લઈ આવતા અને ત્યારે તેના મોબાઇલમાં મેસેજમાં જોવામાં આવતો. કેટલીક વાર વાલી સાથે ટેલિફોનિક સંપર્ક સમયે જાણવામાં આવતું, કેટલાક બાળકો મેસેજ મળ્યેથી જાણ કરતાં હતા. |
| GVS (ગુજરાત વર્ચ્યુઅલ શાળા) અંતર્ગત ઓનલાઈન અને ઓફલાઈન ક્લાસ અંગે આપનો અભિપ્રાય | હા |
| NMMS પરીક્ષા સંબંધી માર્ગદર્શન માટે બાયસેગના માધ્યમથી વધુ બાળકો લાભ મેળવે તે માટે કરેલ વિશેષ પ્રયાસોની નોંધ | તેના માટે વાલી સાથે ચર્ચા કરવામાં આવતી તેમજ બાળક તે જુએ તે માટે તેમને સમજાવવામાં આવ્યું. રૂબરૂ મુલાકાત સમયે બાળકો બાયસેગના માધ્યમથી તેનો લાભ લે છે તે જાણવામાં આવતું. |
| NMMS પરીક્ષામાં રાજયના બાળકોનો સારો દેખાવ થાય અને બાળકોને યોગ્ય મહાવરો મળી રહે તે માટે આપના અભિપ્રાયની નોંધ | વિદ્વાન શિક્ષકોના માધ્યમથી હજુ તેને લગતા વિડીયો તૈયાર કરી યુ ટ્યુબ ઉપર મૂકવા જોઇએ અને તેની તૈયારી માટે પુસ્તક સ્વરૂપે પણ છાપી પ્રસારિત કરવું જોઇએ,તેમજ છેલ્લા ત્રણ વર્ષના પ્રશ્નપત્રોનો સેટ કે પ્રશ્નપત્રો તૈયાર કરી શાળાઓમાં મોકલવા જોઇએ. |
| હોમલર્નિંગને વધુ અસરકારક બનાવવા આપના સૂચનોની નોંધ | હોમલર્નિંગ અંતર્ગત શિક્ષણ વિભાગ દ્વારા ઉત્તમ કાર્ય થઈ રહ્યું છે, તેમજ તેને લગતા વિષય વાઈજ વિડીયોની સીડીઓ વગેરે તૈયાર કરી શાળાઓ સુધી પહોંચાડવી જોઇએ જેથી તેનો ઉપયોગ એક સારા શૈક્ષણિક સાધન તરીકે થઈ શકે. તેમજ હોમલર્નિંગ એપ્લીકેશન તૈયાર કરવી જોઇએ જે બાળક સરળતાથી ઓપન કરી શકે અને તેનો લાભ લઈ શકે. |

* નવતર પ્રયોગના ફોટોગ્રાફ












**સારણી : 3.39**

**વરથુ સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા**

| **શિક્ષકનું નામ** | **રાજેશકુમાર પુંજાભાઈ દરજી** |
|---|---|
| **શાળાનું નામ** | વરથુ પ્રાથમિક શાળા |
| **પ્રસ્તાવના** | કોવિડ 19 દરમિયાન શાળા કક્ષાએ શૈક્ષણિક કામગીરી બંધ હોવાથી શાળાના બાળકો,વાલીઓ, તેમજ ગામલોકોને આ મહામારી માથી ઊગરવા પ્રસાશન દ્વારા આપેલ ગાઈડલાઇન મુજબ અનુસરવા તેમજ બાળકોને રાજ્ય કક્ષાએથી મોકલવામાં આવતી વિવિધ માહિતી તેમજ મટીરિયલ્સ પહોંચાડી શિક્ષણને જીવંત રાખવાનો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો. બાળકોના પહોંચી શિક્ષણ આપવાનો એક ઉત્તમ પ્રયાસ કરેલ છે. |
| **વિશિષ્ટ કામગીરી કરવા માટેની પ્રેરણા** | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સાહેબશ્રી તેમજ નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સમીરભાઇ પટેલ સાહેબશ્રીની પ્રેરણાથી |
| **કરેલ નવતર પ્રયોગનું શીર્ષક** | મારી શાળા શેરી શાળા |
| **કરેલ વિશિષ્ટ કામગીરીનું ક્ષેત્ર** | શેરી શાળા અંતર્ગત ધોરણ 5 ના બાળકો |
| **કરેલ વિશિષ્ટ કામગીરીના હેતુઓ** | કોવિડ 19 ના લોકડાઉનના સમય ગાળા દરમિયાન બાળકો કેટલું શીખ્યા? તેમજ અગાઉ શીખેલ વિષય વસ્તુ, બાળકને કેટલું યાદ છે, કેટલો લર્નિંગ લોસ થયો તે જાણવા માટે તેમજ તેનું નિદાન,મૂલ્યાંકન કરી બાળકને તે મુજબ શીખવવું. |
| **કામગીરીથી અસર પામેલ જૂથની સંખ્યા** | શેરી શાળા અંતર્ગત ધોરણ 5 ના બાળકો |
| **સરકારશ્રી દ્વારા આ સમયે અમલમાં મૂકવામાં આવેલ કાર્યક્રમ અંતર્ગત કરેલ કામગીરી** | આપેલ તમામ મટીરિયલ્સ સરકારશ્રીની ગાઈડલાઇન મુજબ ડોર ટુ ડોર જઇ વહેંચણી કરી તેમજ સમય મર્યાદામાં પરત લીધી. વોટ્સએપ દ્વારા આપવામાં આવેલ ટેસ્ટ તેમજ અન્ય કામગીરી માટે બાળકોનું ગ્રૂપ બનાવી મટીરિયલ્સ મોકલવામાં આવ્યું. એકમ કસોટી ઘરે શીખીએ, નિદાનકસોટી, વર્ગદર્પણ જેવા કાર્યક્રમો સરકારશ્રીની ગાઈડલાઇન મુજબ શરૂ રાખ્યા. 60 વર્ષથી વધુ |

| | |
|---|---|
| | વય ધરાવતા વ્યક્તિઓનું ડોર ટુ ડોર જઇ સર્વે કર્યો. સગર્ભા બહેનોનું સર્વે કરવું, વેક્સીનેશન કામગીરીમાં સહયોગ આપ્યો તેમજ જિલ્લા કક્ષાએ કાઉન્સીલિંગની કામગીરી કરી. કોવિડ 19 અંતર્ગત ગ્રામજનો વાલી અને વિધાર્થીઓને જાગૃતિ માટેના પ્રયાસો કર્યા. |
| **અન્ય કામગીરીની વિગત** | વેક્સિનેશનમાં આરોગ્યની ટીમ્સ સાથે રહી સહકાર. 60 વર્ષથી વધુ વય ધરાવતા વ્યક્તિઓનું ડોર ટુ ડોર જઇ સર્વે કર્યું, સગર્ભા બહેનોનું સર્વે કરવું, જિલ્લા કક્ષાએ દર્દીઓની ટેલિફોનિક કાઉન્સીલિંગની કામગીરી કરી કોવિડ 19 અંતર્ગત ગ્રામજનો વાલી અને વિધાર્થીઓને જાગૃતિ માટેના પ્રયાસો કર્યા. |
| **કાર્યક્રમનું અમલીકરણ** | શેરીશાળા વર્ષની શરૂઆતથી અંત સુધી સરકારશ્રીની ગાઇડલાઇન મુજબ સોશિઅલ ડિસ્ટન્સયુક્ત ચલાવી રાજ્ય સરકાર શિક્ષણ વિભાગ દ્વારા મોકલવામાં આવતી શૈક્ષણિક સામગ્રી તેમજ માટેરિયલ્સ નિયત કરેલ સમય મુજબ પહોંચાડી અને પરત લેવામાં આવતું. સમયાંતરે એકમ ક્સોટીઓ, ઘરે શીખીએની પ્રવૃત્તિઓ, યુનીટ ટેસ્ટ જેવા શૈક્ષણિક માટેરિયલ્સ તેમજ સરકારશ્રીના ગાઇડલાઇન મુજબ કરવામાં આવતા કાર્યક્રમોનું અમલી કરવામાં આવતું. |
| **બાળકોનું મુલ્યાંકન** | વોટ્સએપ દ્વારા, શેરી શાળામાં, યુનિટ ટેસ્ટ, નિદાન કસોટી લર્નિંગ લોસ કસોટી ,મૌખિક પ્રશ્નોત્તરી વગેરે દ્વારા |
| **પરિણામ / તારણ** | આ વૈશ્વિક મહામારીના સમયમાં જ્યારે શાળા કક્ષાએ શિક્ષણ કાર્ય બંધ હોવા છતાં ડિજિટલ માંધ્યમ તેમજ શેરી શિક્ષણ દ્વારા વિધાર્થીઓના સંપર્કમાં રહી શૈક્ષણિક કાર્ય. છતાં શાળાના વાતાવરણમાં બાળકો જે શીખે છે તેના પ્રમાણમાં અમુક બાળકોમાં મૂલ્યાંકન આધારે એવું પરિણામ મળ્યું કે બાળકોને લર્નિંગ લોસ થઇ છે,આના આધારે એવું કહી શકાય કે બાળકોને શીખવા માટે શાળાનું વાતાવરણમાં ખૂબ અગત્યનું છે |

| શાળાની નવતર પ્રયોગ સંબંધી બાબતો | |
|---|---|
| શાળાનો વિસ્તાર (ગ્રામ્ય/શહેરી) | ગ્રામ્ય |
| શાળામાં ચાલતા ધોરણ | 1 to 8 |
| ગામની કુલ વસ્તી | 1750 |
| શાળાના કુલ શિક્ષકોની સંખ્યા | 6 |
| બાળકોની કુલ રજીસ્ટર સંખ્યા | 124 |
| તે પૈકી સ્માર્ટફોન / ડિજિટલ મોબાઈલ ધરાવતા વિધાર્થીઓની સંખ્યા | 80 |
| સાદાફોન ધરાવતા વિધાર્થીઓની સંખ્યા | 44 |
| ટેલીવિઝન ધરાવતા વિધાર્થીઓની સંખ્યા | 80 |
| કોઈ માધ્યમ ન હોય તેવા વિધાર્થીઓની સંખ્યા | 24 |
| COVID-19 અને પરિસ્થિતી દરમિયાન વિધાર્થીઓના શિક્ષણ તેમજ વિધાર્થી વાલી જાગૃતિ માટે વિશિષ્ટ કામગીરી કરનાર શિક્ષકનું નામ | દરજી રાજેશકુમાર પુંજાભાઈ |
| Lock-down ના શરૂઆતના સમયગાળા દરમિયાન ગામની સ્થિતિ | લોકડાઉનના શરૂઆતના સમય દરમિયાન ચારે તરફ ભયનો માહોલ હતો. કોરોનાનો અજ્ઞાત માનસિક ભયમાં લોકોને પોતાની અને પોતાના પરિવારની ચિંતા ખૂબ સતાવી રહી હતી. બંધનો માહોલ હોવાથી લોકો જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓનો સંગ્રહ કરી રહ્યા હતા. બાળકોના શિક્ષણની ચિંતા તેમને સતાવી રહી હતી. મોટાભાગના લોકો પોતાના ઘરની બહાર નીકળવામાં ગભરાઈ રહ્યા હતા. લોકોને રોજગારીની ચિંતા સતાવી રહી હતી. જો કે તંત્ર દ્વારા વિવિધ પગલાઓ લેવાઈ રહ્યા હતા. રોડ, શેરીઓ સુમસામ બની ગયા હતા. લોકો પોતાનું આરોગ્ય સાચવવા માટે વિવિધ આયુર્વેદિક ઉપાયો અજમાવી રહ્યા હતા. કોરોન્ટાઇન વિસ્તારના લોકો ખૂબ ભયના માહોલમાં જીવી રહ્યા હતા. |

| | |
|---|---|
| | જનજનની માનસિક સ્થિતી ગભરાયેલી હતી. શરૂઆતના સમયમાં ગામડામાં વધુ સંક્રમણ ફેલાયેલ ન હતું પરંતુ લોકો ભયના માહોલમાં સમય પસાર કરતાં હોય એવું લાગતું હતું. લોકો ખેતીના વ્યવસાય સાથે જોડાયેલા હોવાથી આખો દિવસ મજૂરી અર્થે ખેતરમાં પોતાનો સંપૂર્ણ દિવસ વિતાવવતા. સાંજ પડે જાણે ગામની શેરીઓ, ગામનું પાદર, ગામના ઓટલા તેમજ ગામની જાહેર સંસ્થાઓ વેરાન અને સુમસાન લાગતી હતી. લોકો આ મહામારીમાંથી બચવા માટે શક્ય એટલા પ્રયત્નો તેમજ સરકારશ્રીની સૂચવેલ ગાઈડલાઇન પ્રમાણે પોતાનું જીવન વ્યતીત કરતાં થયા. |
| કોરોના સંદર્ભે જાગૃતિ અને બચાવ માટે કરેલ વિશેષ પ્રયત્નોની નોંધ | સરકાર દ્વારા કોરોનાથી બચવા માટે ગાઈડલાઇન બહાર પાડવામાં આવી હતી. લોકોને શેરીશાળા દરમિયાન વર્ચ્યુંયલ ક્લાસ, ફોન સંપર્કથી પોતાની આસપાસનો વિસ્તાર સ્વચ્છ રાખવા, માસ્કનો ખાસ ઉપયોગ કરવા, વારંવાર સાબુ વગેરેથી હાથ ધોવા, જરૂર વગર પોતાના ઘરથી બહાર ન નીકળવા સમજાવવા આવ્યા. તેમજ આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરાવવી અમારી શાળામાં સોશિઅલ ડિસ્ટન્સયુક્ત સરકારશ્રીના કાર્યક્રમ અંતર્ગત હેંડવોશ ડે ની ઉજવણી કરવામાં આવી તેમજ તંત્રના માધ્યમથી હેંડવોશ કિટનું તમામને વિતરણ કરવામાં આવ્યું. જિલ્લા પંચાયત અરવલ્લી શિક્ષણ વિભાગ તેમજ ડીપીઇઓ સાહેબશ્રી તેમજ નાયબ જિલ્લા ડીપીઇઓ સમીરભાઈ પટેલ સાહેબશ્રીના માર્ગદર્શન હેઠળ માસ્ક બનાવવા માટે જરૂરી દાન એકઠું કરી મોટી સંખ્યામાં માસ્ક બનાવી વિતરણ કરવામાં આવ્યા. |
| હોમલર્નિંગ માટે વિધાર્થીઓને આપેલ માર્ગદર્શન | બાળકોને રોજેરોજ હોમલર્નિંગની યુ ટ્યુબ લિંક ધોરણવાર વોટ્સએપ ગ્રૂપ બનાવી તેના માધ્યમથી મોકલવામાં આવતી તથા |

| | |
|---|---|
| | શેરી શાળામાં, ફોનથી જોવા માટે સમજાવવામાં આવ્યા. વાલીઓને પોતાના બાળકને આ કાર્યક્રમ જોવા માટે પોતાનો મોબાઈલ આપવા માટે સમજાવ્યા સાથે જે મુદ્દામાં વધુ સમજણની જરૂર હોય તે નોધી લેવા, તેનો શેરી શાળા કે વર્ચ્યુયલ ક્લાસમાં સમજાવવામાં આવતા. શાળાના તમામ શિક્ષકો દ્વારા આ પ્રવૃત્તિ કરવામાં આવતી. હોમલર્નિંગ અંતર્ગત વિધાર્થીઓના શૈક્ષણિક કાર્ય માટે રાજ્ય કક્ષાએથી બાળકો માટે તૈયાર કરેલ વિષયવસ્તુ આધારિત વિડીયો, શૈક્ષણિક પાઠ ટી.વી.ના માધ્યમથી દૂરદર્શન કેન્દ્ર, ડી.ડી. ગિરનાર ચેનલ ઉપર પ્રસારિત થનાર કાર્યક્રમોનું સમયપત્રક બાળકોને મોકલવામાં આવતું અને તે નિહળવા માટે શાળાના શિક્ષકોના માધ્યમથી જણાવવામાં આવતું જેનો વાલીઓ દ્વારા સારો પ્રતિસાદ મળતો . |
| એકમ કસોટી | વિધાર્થીના ઘરે જઇ હાથોહાથ પહોંચાડી તેમજ નિયત સમયે તમામ વિધાર્થી પોતાના ઘરે બેસી લખતા. તે સમયે વિધાર્થીના દરેક ઘરની આકસ્મિત મુલાકાત લઈ જરૂરી માર્ગદર્શન આપવામાં આવતું. જેમાં વાલીઓનો પૂરેપૂરો સહકાર મળતો . |
| ઘરે શીખીએ પુસ્તિકાઓ | ઘરે શીખીએ પુસ્તિકાઓ શાળાના શિક્ષકો દ્વારા દરેક બાળકો સુધી પહોચડવામાં આવતી તેમજ શેરીશાળામાં, વર્ચ્યુયલ ક્લાસમાં તે કઈ રીતે લખવી તે સમજાવવામાં આવતું તેમજ તેની અંદર કરવાની પ્રવૃત્તિઓ વિષે સમજણ આપવામાં આવતી. બાળકને કોઇ પ્રશ્ન ઉપસ્થિત થાય તો ગમે ત્યારે શિક્ષક્ને ફોન કરી માર્ગદર્શન મેળવી શકે. શેરીશાળામાં, વર્ચ્યુયલ ક્લાસમાં કરવામાં આવતી પ્રવૃત્તિઓ જેવી અન્ય પ્રવૃત્તિઓ કરાવવામાં આવતી, ખાસ કરીને નાના ધોરણોના બાળકોએ પણ ખૂબ સારી પ્રવૃત્તિઓ કરી. સરકાર અને સરકારી શાળાઓ દ્વારા આવા |

| | |
|---|---|
| | સમયમાં કરવામાં આવતી આવી પ્રવૃત્તિઓ જોઈ સરકારી શાળાઓ પ્રત્યે લોકોનો વિશ્વાસ વધુ દ્રઢ બન્યો. આ કાર્યમાં એસ.એમ.સી સભ્યો, એક્ટિવ વાલીઓ, સી.આર.સી નો અમૂલ્ય સહકાર રહ્યો. |
| વર્ગદર્પણ | ધોરણ 3 થી 8 ના બાળકો, શિક્ષકો અને વાલીઓ માટે ઉપયોગી છે, તેમાં બાળકની પ્રોફાઇલ, સમય પત્રક, શિક્ષકો દ્વારા ભણાવવામાં આવતા વિષયો, એસ.એમ.સી. સભ્યોની વિગત, હાજરી, એકમ કસોટી, બાળકે આપેલ બાહ્ય પરીક્ષાઓ, સ્પર્ધાઓ, પ્રોજેકટ, બાળકે વાંચેલ પુસ્તકો, વાર્ષિકપાઠ આયોજન, બાળકની વજન ઉચાઈ BMI ની નોંધ, બાળકના અભ્યાસની નોંધ, પરિણામ, વીએએલઆઇ સાથે પરામર્શ, પ્રતિભાવ વગેરેની નોંધ કરવાની હોવાથી સમયે જરૂરી નોંધ કરી. વાલી સુધી રૂબરૂ, શેરીશાળામાં પહોંચાડવામાં આવતી. તેના દ્વારા બાળકના શૈક્ષણિક પ્રગતિ, પ્રવૃત્તિઓ વગેરેની જાણ વાલીને થતી તેમજ ફોન કે રૂબરૂ મુલાકાત સમયે વાલી સાથે બાળકના અભ્યાસ વગેરે બાબતે સકારાત્મક ચર્ચા થતી. |
| પરિવારનો માળો, સલામત અને હૂંફાળો | એન્ડ્રોઇડ મોબાઈલ ધરાવતા બાળકોને વોટસએપ દ્વારા પરિવારનો માળો, સલામત અને હૂંફાળો મોકલવામાં આવતો. જેમાં વિધાર્થીઓ આ કાર્યક્રમ નિહાળી શક્ય તેટલી પ્રવૃત્તિ કરતાં. જેની ચર્ચા અને માર્ગદર્શન શેરી શાળામાં આપવામાં આવતું. |
| SSA ની વેબસાઇટ પર આપવામાં આવતું સાપ્તાહિક આયોજન | SSA ની વેબસાઇટ પરથી આપવામાં આવતું સાપ્તાહિક આયોજન બાળકોના સુધી પહોચડવામાં આવતું તેમજ બાળક તથા વાલીને આયોજન પ્રમાણે આવતા વિડીયો નિહાળવા તેમજ તેને લગતી નોંધ કરવા જણાવાયું. આ કાર્ય માટે વાલી અને એસ.એમ.સી. નો સંપૂર્ણ સહકાર મળ્યો. |

| | |
|---|---|
| ડી.ડી. ગિરનાર પર પ્રસારીત થતા શૈક્ષણિક કાર્યક્રમો | હોમલર્નિંગ વિડીયો, ડી.ડી. ગિરનાર તેમજ બાયસેગ પર પ્રસારિત થતાં શૈક્ષણિક કાર્યક્રમનું સમયપત્રક બાળકો સુધી પહોંચડવામાં આવતું તે મુજબ બાળકો નિહાળે તે માટે વાલીઓના સતત સંપર્કમાં રહેવું પડતું. બાળકની રૂબરૂ મુલાકાત સમયે તે વિષે ચર્ચા કરવામાં આવતી તથા ન સમજાયેલ મુદ્દાઓની ચર્ચા કરવામાં આવતી. અનિવાર્ય સંજોગોના કારણે જે બાળક પ્રસારણ જોવાથી વંચિત રહી ગયું હોય તો ધોરણ પ્રમાણે બનાવેલ ગ્રૂપ દ્વારા મોકલવામાં આવતું. જે બાળકો પાસે એકપણ માધ્યમની સુવિધા ન હોય તેઓને ફળિયા શિક્ષણ કે શેરી શાળામાં જે તે દિવસે મુદ્દાઓની સમજ આપવામાં આવતી. વાલીઓ અને બાળકોને પોતાના શિક્ષણની ચિંતા દૂર થઈ. આ કાર્ય માટે વાલી અને એસ.એમ.સી. નો સંપૂર્ણ સહકાર મળ્યો. |
| વંદે ગુજરાત (બાયસેગ) પર પ્રસારિત થતાં શૈક્ષણિક કાર્યક્રમો | વંદે ગુજરાત (બાયસેગ) પર પ્રસારિત થતાં શૈક્ષણિક કાર્યક્રમોની બાળકો અને વાલીઓને જાણ કરવામાં આવતી તેનું સમયપત્રક મોકલવામાં આવતું તથા તથા તે નિહાળવા ખાસ કહેવામા આવતું તથા અઘરા મુદ્દાઓની શેરી શાળામાં કે જે તે શિક્ષકને ફોન કરી સમજી લેતા. જે બાળકો પાસે એકપણ માધ્યમની સુવિધા ન હોય તેઓને ફળિયા શિક્ષણ કે શેરી શાળામાં જે તે દિવસે મુદ્દાઓની સમજ આપવામાં આવતી. વાલીઓ અને બાળકોને પોતાના શિક્ષણની ચિંતા દૂર થઈ. આ કાર્ય માટે વાલી અને એસ.એમ.સી. નો સંપૂર્ણ સહકાર મળ્યો. |
| WhatsApp ટેસ્ટ<br>(ધોરણ 3 થી 5 અને ધોરણ 6 થી 8) | ધોરણ પ્રમાણે વોટ્સએપ ગ્રૂપ બનાવી દર શનિવારે આવતા WhatsApp ટેસ્ટની આગોતરી જાણ કરવામાં આવતી. જેમાં બાળકોને યુનિક આઇડી થી જોડવામાં આવતા. ટેસ્ટ પૂર્ણ થયેથી બાળકો ઉત્સાહભેર જવાબો જોવા આતુર થતાં તથા તેની સ્ક્રીન |

| | |
|---|---|
| | શોર્ટ મોકલતા તથા બીજા દિવસે શેરી શાળામાં તે ટેસ્ટની સામૂહિક ચર્ચા કરવામાં આવતી. આ ટેસ્ટથી બાળકોને ખૂબ આનંદ આવ્યો અને ડિજિટલ શિક્ષણ આપવાથી બાળકો સરળતાથી શીખી શકે છે અને તેમનામાં મોબાઈલનો સકારાત્મક ઉપયોગ કરવાની સમજ વિકસી. |
| Microsoft teams, google meet, Jio meet, zoom app વગેરેના માધ્યમથી હાથ ધરેલ વર્ચ્યુઅલ શિક્ષણ | ધોરણ 6 થી 8 ના વિષય શિક્ષકો દ્વારા Microsoft teams દ્વારા બાળકોની યુનિક આઈ.ડી થી જોડી એપ ડાઉનલોડ કરાવી વર્ચ્યુઅલ શિક્ષણ આપવામાં આવ્યું |
| શેરીવર્ગ / ફળિયાશિક્ષણ | કોરોના મહામારીમાં શાળા કક્ષાએ શૈક્ષણિક કાર્ય બંધ હોવાથી બાળકો શિક્ષણથી વંચિત ન રહી જાય તે માટે વાલીઓ સાથે ચર્ચા કરી ફળિયા શિક્ષણનું આયોજન કરવામાં આવ્યું. શાળા સમય દરમિયાન વિવિધ ફળિયાઓમાં જઇ બાળકો સાથે શૈક્ષણિક કાર્ય કર્યું. સમયાંતરે સી.આર.સી, બી.આર.સી તેમજ જિલ્લાની ટીમ દ્વારા જરૂરી માર્ગદર્શન મળતા શેરી શાળાનું આયોજન કરવામાં આવ્યું. વર્ગના દરેક બાળકોના ઘરે વારા ફરતી દિવસો નક્કી કરી શેરી શાળા સુંદર રીતે કોવિડ 19 ની ગાઇડલાઇન મુજબ સંપૂર્ણ સાવચેતી અને સલામતી રાખીને ચલાવવામાં આવી. જેમાં એસ.એમ.સી. ગ્રામજનો તેમજ વાલીઓનો સાથ અને સહકાર મળ્યો. |
| શાળા કે શિક્ષકની પોતાની YouTube ચેનલ અને શૈક્ષણિક ઉપયોગ | શાળાની પોતાની YouTube ચેનલ બનાવેલ નથી પરંતુ હોમલર્નિંગ અંતર્ગત આવતી યુ ટ્યુબ લિંક, શૈક્ષણિક સામગ્રી બાળકોને મોકલવામાં આવતી |
| Google classroom | - |
| WhatsApp / કાઇઝાલા / ટેલિગ્રામ | WhatsApp માધ્યમનો ઉપયોગ કરવામાં આવ્યો. |

| | |
|---|---|
| દીક્ષા એપ | જે બાળકો એન્ડ્રોઇડ મોબાઇલ ધરાવતા હતા તે શેરી શાળામાં મંગાવી અને ડોર ટુ ડોર જઇ તેમાં દીક્ષા એપ ડાઉનલોડ કરાવી. જેનો ઉપયોગ કઈ રીતે કરવો તે બાળક અને વાલીને શીખવવામાં આવ્યુ. જેના દ્વારા પાઠ્ય પુસ્તક તેમજ ઘરે શીખીએમાં આવતા ક્યૂ આર કોડને સ્કેનિંગ કરી શિક્ષણ મેળવતા તથા વોટ્સએપથી તેની લિંક મોકલવામાં આવતી અને તેનો ઉપયોગ કરી અભ્યાસ મેળવતા. શાળાની કન્યા વિધાર્થીનીઓએ તેના માધ્યમથી સ્વરક્ષણ તાલીમ મેળવી હતી. |
| ઓનલાઇન ક્વિઝ | વોટ્સએપ ટેસ્ટ બાળકોને મોકલવામાં આવતા જેનું પરિણામ હકારાત્મક રહ્યું. |
| વિધાર્થી / વાલીની રૂબરૂ મુલાકાત | ઉપર જણાવેલ તમામ શૈક્ષણિક કાર્યક્રમો, પ્રવૃત્તિઓ, પરીક્ષાઓ,કોવિડ 19 જાગૃતિ, વેક્સિનેસન અભિયાન, બાળકોની શૈક્ષિણીક બાબતો માટે ચર્ચા કરવા, વિવિધ સાહિત્ય વિતરણ તેમજ વિવિધ સર્વે બાબતે વારવાર વાલીઓ સાથે મુલાકાત કરવામાં આવતી. જેમાં બાળકોના અભ્યાસની તેમજ મહામારી અંતર્ગત રાખવાની સાવચેતીની પણ ચર્ચાઓ કરવામાં આવતી. |
| વિધાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના મૂલ્યાંકન શિક્ષકે કરેલ વિશેષ પ્રયાસોની નોંધ | શાળાના ધોરણ 3 થી 8 ના બાળકોનો  ધોરણવાર લર્નિંગ લોસ માટે જે તે વિસ્તારમાં જઇ કસોટી લેવામાં આવી તેનું મૂલ્યાંકન કરવામાં આવ્યું. જિલ્લા શિક્ષણાધિકારી સાહેબ અને નાયબ જિલ્લા શિક્ષણાધિકારી સાહેબ, બી.આર.સી, સી.આર.સી.દ્વારા મુલાકાત લઈ આ મૂલ્યાંકન ચકાસવામાં આવ્યું તેમજ એકમના અંતે લેવામાં આવતી કસોટી, યુનિટ ટેસ્ટ સમયાંતરે લઈ વાલી અને વિધાર્થી સાથે ચર્ચા કરવામાં આવતી. |

| | |
|---|---|
| વિધાર્થીઓને અપાતા ગૃહકાર્ય અને તેની ચકાસણી માટે કરેલ વિશેષ પ્રયત્નો | વિધાર્થીઓને આપવામાં આવત ગૃહકાર્યની શેરીશાળામાં ચકાસણી કરવામાં આવતી તેમજ વોટ્સએપ દ્વારા નિયમિત ગૃહકાર્ય મોકલવામાં આવતું. જે કામ પૂર્ણ થયેથી વિધાર્થીઓ જે તે વર્ગ શિક્ષકને મોકલતા અને તેની શિક્ષક દ્વારા ચકાસણી કરી વાલી અને વિધાર્થીઓ સાથે ચર્ચા કરવામાં આવતી. શેરીશાળામાં નિયમિત આપવામાં આવતું ગૃહકાર્ય શેરી શાળામાં જોવામાં આવતું. |
| વિધાર્થીઓને વિષયવસ્તુ શીખવવા હાથ ધરેલ વિશિષ્ટ પ્રયોગની નોંધ<br>વિધાર્થીઓને વિષયવસ્તુ શીખવવા માટે આપે અન્ય કોઈ વિશિષ્ટ પ્રયોગ કર્યો હોય તે અંગેની નોંધ | વિધાર્થીઓને વિષયવસ્તુ શીખવવા માટે શેરીમાં ચાલતી શેરી શાળામાં આસપાસના પર્યાવરણમાંથી એકમને અનુરૂપ મળતી જરૂરી વસ્તુઓ સરળતાથી ઉપલબ્ધ થતી હોવાથી એકમ શીખવવા સરળતા રહેતી. આજુ બાજુના વયોવૃદ્ધ વડીલો દ્વારા પ્રાચીન સંસ્કૃતિની સમજ તેમના અનુભવોનો સરળ ભાષામાં બાળકોને લાભ મળતો. જરૂર પ્રમાણે શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરવામાં આવતો. |
| વિધાર્થીઓએ સાથે સંદેશાવ્યવહાર માટે હાથ ધરેલ વિશિષ્ટ પ્રયોગની નોંધ | વિધાર્થીઓએ સાથે સંદેશાવ્યવહાર માટે સૌ પ્રથમ જે તે વિસ્તારમાં રહેતા એસ.એમ.સી. સભ્યો ના સહકારથી તેમજ, વોટ્સએપ માધ્યમ, ટેલિફોનિક સંપર્ક,અને જરૂર પડ્યે રૂબરૂ મુલાકાત કરી સંદેશો પહોચડવામાં આવતો. |
| વિધાર્થીઓના હોમલર્નિંગ માટે મેળવેલ સહયોગની વિગતવાર નોંધ | વિધાર્થીઓના હોમલર્નિંગ માટે એસ.એમ.સી સભ્યો, સ્વયંસેવકો, ગ્રામપંચાયત અથવા ગામલોકોનોં સહયોગ મેળવ્યો જેમાં શાળાના ભુતપૂર્વ વિધાર્થીઓનો પણ સહકાર મેળવી બાળકોને શિક્ષણ મય રાખવા અને ની કોવિડ 19 ની જાગૃતિ ફેલાવવા જરૂર જણાઈ ત્યાં સહયોગ મેળવ્યો |
| ટેક્નોલોજીનો અભાવ ધરાવતા વિધાર્થીઓએ માટે કરેલ વિશિષ્ટ પ્રયત્નોની નોંધ | જે વિધાર્થીઓએ પાસે બિલકુલ ટેક્નોલોજીનો અભાવ છે તેઓના શિક્ષણ માટે શેરી શાળા,ફળિયા શિક્ષણ દ્વારા શિક્ષણ |

| | |
|---|---|
| | આપવામાં આવ્યું, તેમજ રૂબરૂ મુલાકાત લઈ માર્ગદર્શન આપવામાં આવ્યું |
| GCERT દ્વારા રજૂ થતાં "એક કદમ આગળ" ની પ્રવૃત્તિમાં નોંધાવેલ ભાગીદારીની વિગતો | GCERT દ્વારા પ્રત્યેક અઠવાડિયે "એક કદમ આગળ" શીર્ષક હેઠળ ગણીત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન તેમજ ભાષાના પ્રશ્નો મૂકવામાં આવતા તે બાળકો સુધી શિક્ષક દ્વારા મોકલવામાં આવતા અને તેની ધોરણ 6 થી 8 ના વિષય શિક્ષક દ્વારા ચર્ચા કરવામાં આવત |
| NMMS ની પરીક્ષામાં બાળકોએ રજીસ્ટ્રેશન કરેલ છે? | 11 બાળકોનું NMMS પરીક્ષા માટે રજીસ્ટ્રેશન કરેલ છે |
| NMMS ની પરીક્ષામાં કેટલા બાળકોની ફ્રી ભરાઇ અને મંજૂર થઇ? | 11 |
| 'GVS (ગુજરાત વર્ચ્યુઅલ શાળા) અંતર્ગત લાઈવ ક્લાસની લિંક પહોંચાડવા માટે આપેલ કરેલ પ્રયત્નોની વિગત | - |
| બાળકો આ લિંક આધારિત ક્લાસમાં જોડાય તે માટે અપનાવેલ માધ્યમ અને કરેલ પ્રયત્નોની નોંધ અને તે અંગેના આપના અભિપ્રાયો | - |
| NMMS અંતર્ગતના મોક ટેસ્ટમાં વધુ વિધાર્થીઓ જોડાય તે માટે આપના વિશિષ્ટ પ્રયત્નોની નોંધ | NMMS પરીક્ષા માટે ફોર્મ ભરેલ વધુમાં વધુ વિધાર્થીઓ આ લિંક આધારિત ક્લાસમાં જોડાય તે માટે વોટ્સએપના માધ્યમથી મોકલવામાં આવતી તેમજ NMMS પરીક્ષાનું મહત્વ વિધાર્થીઓને સમજાવવામાં આવતું. NMMS પરીક્ષાની તેઓ ઓનલાઈન તૈયારી કરી શકે તે માટે વિદ્વાન શિક્ષકોના માધ્યમથી હજુ તેને લગતા વિડીયો તૈયાર કરી યુ ટ્યુબ ઉપર મૂકવા જોઇએ. અને તેની તૈયારી માટે પુસ્તક સ્વરૂપે પણ છાપી પ્રસારિત કરવું જોઇએ. |

| | |
|---|---|
| NMMS અંતર્ગતના મોક ટેસ્ટ માટેનો મેસેજ બાળકોને મળ્યો કે કે નહિ તેને ખરાઈ માટે કરેલ પ્રયત્નોની નોંધ | વોટસએપના માધ્યમથી, ટેલિફોનિક સંપર્ક કરી તેમજ વાલી દ્વારા સમાચાર મળવી મેસેજ મળ્યો કે નહી તેની ખરાઈ કરવામાં આવે છે. |
| GVS (ગુજરાત વર્ચ્યુઅલ શાળા) અંતર્ગત ઓનલાઈન અને ઓફલાઈન ક્લાસ અંગે આપનો અભિપ્રાય | હા |
| NMMS પરીક્ષા સંબંધી માર્ગદર્શન માટે બાયસેગના માધ્યમથી વધુ બાળકો લાભ મેળવે તે માટે કરેલ વિશેષ પ્રયાસોની નોંધ | એસ.એમ.સી. ને જાણ કરવી. વોટ્સએપ ગ્રૂપથી જાણ કરવી. વાલી સાથે ચર્ચા કરવી. ગત વર્ષે મેરિટમાં આવેલ બાળકોના વાલીઓ સાથે મુલાકાત કરાવવી. શિક્ષિત વ્યક્તિઓના અભિપ્રાયો આપીને બાળકોને સ્પર્ધાત્મક પરીક્ષાઓનું મહત્વ સમજાવવું. |
| NMMS પરીક્ષામાં રાજયના બાળકોનો સારો દેખાવ થાય અને બાળકોને યોગ્ય મહાવરો મળી રહે તે માટે આપના અભિપ્રાયની નોંધ | વિદ્વાન શિક્ષકોના માધ્યમથી હજુ તેને લગતા વિડીયો તૈયાર કરી યુ ટ્યુબ ઉપર મૂકવા જોઇએ અને તેની તૈયારી માટે પુસ્તક સ્વરૂપે પણ છાપી પ્રસારિત કરવું જોઈએ,તેમજ છેલ્લા ત્રણ વર્ષના પ્રશ્નપત્રોનો સેટ કે પ્રશ્નપત્રો તૈયાર કરી શાળાઓમાં મોકલવા જોઇએ. |
| હોમલર્નિંગને વધુ અસરકારક બનાવવા આપના સૂચનોની નોંધ | હોમલર્નિંગ અંતર્ગત શિક્ષણ વિભાગ દ્વારા ઉત્તમ કાર્ય થઈ રહ્યું છે, તેમજ તેને લગતા વિષય વાઇજ વિડીયોની સીડીઓ વગેરે તૈયાર કરી શાળાઓ સુધી પહોંચાડવી જોઇએ જેથી તેનો ઉપયોગ એક સારા શૈક્ષણિક સાધન તરીકે થઇ શકે. |

- **નવતર પ્રયોગના ફોટોગ્રાફ**











**સારણી : 3.40**

**શામપુર સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા**

| **શિક્ષકનું નામ** | **અનિલભાઇ એસ.વણકર** |
|---|---|
| **શાળાનું નામ** | શામપુર સરકારી પ્રાથમિક શાળા |
| **પ્રસ્તાવના** | Covid-19 દરમિયાન શિક્ષકશ્રીઓ એ શેરી શિક્ષણ તેમજ માઇક્રોસોફ્ટ ટીમ્સ ના માધ્યમથી વિવિધ રીતે શિક્ષણકાર્ય કરાવ્યું છે. |
| **વિશિષ્ટ કામગીરી કરવા માટેની પ્રેરણા** | આચાર્યશ્રી પરી પત્રોના માધ્યમથી તેમજ વોટ્સએપના માધ્યમથી |
| **કરેલ નવતર પ્રયોગનું શીર્ષક** | શિક્ષકે NMMS પરીક્ષાના PDF પેપર વોટ્સએપના માધ્યમથી વિધાર્થીઓને મોકલેલ જેનું મૂલ્યાંકન ઓએમઆર શીટ દ્વારા કરી તપાસણી કરી બાળકોને તેના માર્કસ અંગેની જાણકારી આપી અને તેમાં થયેલી ભૂલોની વિગતો ચર્ચા કરી. |
| **કરેલ વિશિષ્ટ કામગીરીનું ક્ષેત્ર** | વિશિષ્ટ કામગીરીનું ક્ષેત્ર અમારી શાળાના ધોરણ 6 થી 8 ના વિધાર્થીઓ ઉપરાંત અમારી જૂથના ક્લસ્ટરના તાલુકાના અને જિલ્લાના વિધાર્થીઓ પણ આ પ્રકારની માહિતી મોકલી અને શિક્ષણકાર્ય અસરકારક રીતે કરી શક્યા છે. |
| **કરેલ વિશિષ્ટ કામગીરીના હેતુઓ** | વિધાર્થી વધુને વધુ જ્ઞાન મેળવે વિધાર્થી વધુને વધુ મહાવરા કરતો થાય વિધાર્થી વિવિધ અનુભવો પ્રાપ્ત કરતો થાય જાતે મૂલ્યાંકન કરતો થાય અને પરીક્ષામાં ખૂબ જ સારી સફળતા મેળવે. |
| **કામગીરીથી અસર પામેલ જૂથની સંખ્યા** | 64 બાળકો અને 37 વાલીઓ |
| **સરકારશ્રી દ્વારા આ સમયે અમલમાં મૂકવામાં આવેલ કાર્યક્રમ અંતર્ગત કરેલ કામગીરી** | સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ પરિપત્ર અનુસાર તમામ તમામ શિક્ષક મિત્રો દ્વારા તમામ પરીપત્રો વંચાણે લઈ અમલ કરવા માટે અથાગ પ્રયત્ન કરેલ છે. |

| | |
|---|---|
| **અન્ય કામગીરીની વિગત** | આ ઉપરાંત બાળકોને અન્ય વિવિધ પ્રવૃતિઓ પણ કરાવી છે જેનાથી શિક્ષણકાર્ય પણ અસરકારક અને સફળ નીવડેલ છે. આ ઉપરાંત અમારી શાળાના બાળકોએ રમકડા મેળામાં પણ ભાગ લીધેલો. જેમાં જિલ્લા કક્ષાએ ધોરણ 1 ની બાળા નંબર લાવેલ છે. આ ઉપરાંત ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં પણ અમારી કૃતિ જિલ્લા કક્ષાએ બીજા નંબરે આવેલ છે. શિક્ષકો દ્વારા ખૂબજ સુંદર કામગીરી કરવામાં આવે છે અને વિધાર્થીઓને પણ આમાં જોડવામાં આવે છે. |
| **કાર્યક્રમનું અમલીકરણ** | કાર્યનો અમલીકરણ આચાર્યશ્રી દ્વારા કરવામાં આવે છે જે અંગેના પત્રકો પણ શાળા કક્ષાએ નિભાવવામાં આવે છે. શિક્ષક બાળકોને જે શિક્ષણકાર્ય કરવાના હોય તેની વિગતો પત્રકમાં ભરે, શેરી શિક્ષણમાં જાય છે અને આચાર્યશ્રી દ્વારા મુલાકાત દરમિયાન એમનું મૂલ્યાંકન પણ કરવામાં આવે છે. આ રીતે દરેક પરિપત્રોનું અમલીકરણ પણ કરવામાં આવે છે. |
| **બાળકોનું મુલ્યાંકન** | બાળકોનું શૈક્ષણિક મૂલ્યાંકન કરી તેનો ઉપચાર રીતે પણ કરવામાં આવે છે અને નિયત સમયે યોગ્ય માર્ગદર્શન પણ આપવામાં આવે છે. |
| **પરિણામ / તારણ** | આ પ્રકારના શિક્ષણકાર્યથી 100% પરિણામ મેળવી શકાતું નથી તેમ છતાં શિક્ષક દ્વારા સતત પ્રયાસો કરવામાં આવેલા છે અને પરિણામ લાવવા માટે બાળકોનો અને વાલીઓની રૂબરૂ મુલાકાત લઈને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવામાં પણ આવેલ છે. |

| શાળાની નવતર પ્રયોગ સંબંધી બાબતો | |
|---|---|
| શાળાનો વિસ્તાર (ગ્રામ્ય/શહેરી) | ગ્રામ્ય |
| શાળામાં ચાલતા ધોરણ | 1 થી 8 |
| ગામની કુલ વસ્તી | 3264 |
| શાળાના કુલ શિક્ષકોની સંખ્યા | 9 |
| બાળકોની કુલ રજીસ્ટર સંખ્યા | 234 |
| તે પૈકી સ્માર્ટફોન / ડિજિટલ મોબાઈલ ધરાવતા વિધાર્થીઓની સંખ્યા | 153 |
| સાદાફોન ધરાવતા વિધાર્થીઓની સંખ્યા | 46 |
| ટેલીવિઝન ધરાવતા વિધાર્થીઓની સંખ્યા | 141 |
| કોઈ માધ્યમ ન હોય તેવા વિધાર્થીઓની સંખ્યા | 35 |
| COVID-19 અને પરિસ્થિતી દરમિયાન વિધાર્થીઓના શિક્ષણ તેમજ વિધાર્થી વાલી જાગૃતિ માટે વિશિષ્ટ કામગીરી કરનાર શિક્ષકનું નામ | અનિલભાઇ એસ.વણકર |
| Lock-down ના શરૂઆતના સમયગાળા દરમિયાન ગામની સ્થિતિ | પ્રથમ Lockdown માં શામપુર ગામની સ્થિતિ બહુ સારી હતી. આ સમય દરમિયાન એક પણ કેસ નોંધાયેલ ન હતો. |
| કોરોના સંદર્ભે જાગૃતિ અને બચાવ માટે કરેલ વિશેષ પ્રયત્નોની નોંધ | કોરોના સંદર્ભે જાગૃતિ લાવવા માટે પ્રાર્થનાસભામાં વિધાર્થીઓને કોરોનાની ગાઈડલાઈન મુજબ માહિતગાર કર્યા તેમજ શિક્ષકો દ્વારા ગામમાં ફરી ફરીને કોરોના અંગે જાગૃતિ લાઉડ સ્પીકરથી આપવામાં આવી. જેમાં પંચાયતનો પણ સહકાર ખૂબ જ સારો મળ્યો છે. |
| હોમલર્નિંગ માટે વિધાર્થીઓને આપેલ માર્ગદર્શન | હોમલર્નિંગ અંગેનું કાર્ય બાળકને ઘરે બેસીને જ કરવાનું છે. શિક્ષકો દ્વાર હોમલર્નિંગ અંગેનું સામાયિક બાળકો સુધી પહોંચાડવામાં આવે છે તેમજ વિધાર્થી અને વાલીને પણ આ અંગે |

| | |
|---|---|
| | પુરેપુરુ માર્ગદર્શન આપવામાં આવે છે. પૂર્ણ થાય એટલે શાળામાં જમા કરવા અંગેની સૂચના પણ આપવામાં આવી છે. |
| એકમ કસોટી | વિધાર્થીઓને એકમ કસોટી જે તે વર્ગના શિક્ષકો દ્વારા બાળકોને ઘરે પહોંચાડવામાં આવી અને એકમ કસોટી કઈ રીતે લખવી, તેના મુંઝવતા પ્રશ્નો વિશે શિક્ષક દ્વારા સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું. આ કાર્ય માટે એસ.એમ.સી. ના તમામ સભ્યશ્રીઓ અને ગામમાં ભણેલા નવયુવાનો તરફથી સંપૂર્ણ સહયોગ મળ્યો છે. વિધાર્થીને સતત પ્રત્યક્ષ અનુભવ ના અભાવે એકમ કસોટી લખવામાં મુશ્કેલી પણ પડી છે. એનું નિરાકરણ કરવા માટે ગામમાં ભણેલા નવયુવાનોને શેરી વાર ફાળવી દેવામાં આવેલા અને જે તે ફળિયામાં બાળકોને એકમ કસોટી અંગેનું યોગ્ય માર્ગદર્શન આપવા શાળા તરફથી પ્રયાસો કરવામાં આવેલ છે. |
| ઘરે શીખીએ પુસ્તિકાઓ | ઘરે શીખીએ પુસ્તિકા બાળકોને શિક્ષકો દ્વારા ઘરે પહોંચાડવામાં આવી અને આ પુસ્તિકામાં કેવી રીતે લખાણ લખવું તે અંગેનું માર્ગદર્શન પણ આપવામાં આવ્યું. આમાં ગામના યુવાનો અને એસ.એમ.સી.ના સભ્યો પણ સામેલ કરવામાં આવ્યાં. વધુમાં ગામના એસએમસીમાં જોડાયેલ શિક્ષણવિદ વાલાભાઈએ વિધાર્થીઓને માર્ગદર્શન આપવા માટે ખૂબ જ પ્રયાસ કરેલો છે. બાળકોને 100% માર્ગદર્શન મળેલ નથી. જે મુશ્કેલી કહી શકાય પરંતુ તે માટે શાળા કક્ષાએ બાળકોને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવે તે માટે શિક્ષકો દ્વારા, ગામના નવયુવાનો દ્વારા, શિક્ષણવિદ દ્વારા, એસએમસીના સભ્યો દ્વારા ખૂબ જ સારા પ્રયાસો કરવામાં આવ્યા હતા. |
| વર્ગદર્પણ | વર્ગદર્પણ વિધાર્થીઓને આપવામાં આવેલ નથી |

| | |
|---|---|
| પરિવારનો માળો, સલામત અને હૂંફાળો | ઉપરોક્ત કાર્યક્રમ નિહાળવા માટે બાળકોને સૂચના આપવામાં આવી અને શિક્ષકો દ્વારા મોબાઈલના માધ્યમથી લિંક પર મોકલવામાં આવેલ. પરંતુ આ કાર્યક્રમ બધા જ વિદ્યાર્થીઓ જોઈ શક્યા નથી જે એ ક મુશ્કેલી છે. તેનું નિરાકરણ લાવવા માટે વિદ્યાર્થીઓ અને વાલીઓને પણ આ સૂચના આપવામાં આવી કે જો તમારી પાસે એન્ડ્રોઇડ મોબાઈલ ન હોય તો આજુબાજુ જે વિદ્યાર્થી પાસે મોબાઇલ હોય તો તેની પાસે બેસી અને આ કાર્યક્રમ આપણે જોઈ શકીએ છીએ. |
| SSA ની  વેબસાઇટ પર આપવામાં આવતું સાપ્તાહિક આયોજન | એસએસસી ની વેબસાઇટ ઉપર આ મુકાયેલા ધોરણ વાઇઝ વિડીયો આ બાળકોએ નિહાળ્યા છે અને આ વિડીયો જોવાની બાળકોને ખૂબ જ મજા આવી વિવિધ અનુભવો પણ પુરા પાડયા છે. |
| ડી.ડી. ગિરનાર પર પ્રસારીત થતા શૈક્ષણિક કાર્યક્રમો | ડી.ડી. ગિરનાર પર પ્રસારિત થતા કાર્યક્રમો નું ટાઇમટેબલ વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા ઘરે પહોંચાડવામાં આવતું અને વાલીને પણ સુચના આપવામાં આવતી. આ ઉપરાંત જાહેરસ્થળોએ આ કાર્યક્રમની ફોટો કોપી પણ ચોંટાડવામાં આવતી જેથી વાલીઓ પણ જોઈ શકે. બાળક સમયસર ડી.ડી. ગિરનાર કાર્યક્રમ જુએ અને એની નોટમાં નોંધ કરે તેમજ કાર્યક્રમના અંતે પુછવામાં આવેલા પ્રશ્નો જવાબ પણ તે આપે. બાળકોને આ પ્રસારિત આ કાર્યક્રમમાં સમજ તો પડતી હતી પરંતુ એક તરફી શિક્ષણકાર્યને લીધે બાળક કોઈ પણ પ્રકારનો પ્રશ્ન પૂછી શકતો ન હતો. જે વિદ્યાર્થીઓના ઘરે ટી.વી. નથી એવા વિદ્યાર્થીઓના વાલીઓને પણ સૂચના આપવામાં આવી કે બાજુમાં કે આડોશ પાડોશમાં જો કોઈ ટી.વી. હોય તો તો આપ આ કાર્યક્રમ જોઈ શકો છો તેમજ શાળાના આચાર્યશ્રી દ્વારા શાળાનું |

| | |
|---|---|
| | ટી.વી. વિધાર્થીના ઘરે મુકેલ અને જેના ઘરે ટી.વી. નથી એવા વિધાર્થીઓ ત્યાં જઈ અને ડી.ડી. ગિરનારના કાર્યક્રમમાં જોઇ શકે તે માટેની વ્યવસ્થા કરી હતી. |
| વંદે ગુજરાત (બાયસેગ) પર પ્રસારિત થતાં શૈક્ષણિક કાર્યક્રમો | વંદે ગુજરાત કાર્યક્રમ નું સમયપત્રક પણ બાળકોને પોતાના ઘરે શિક્ષકો દ્વારા પહોંચાડવામાં આવતું અને સૂચના પણ આપવામાં આવતી. બાળકો આ કાર્યક્રમ જોઈ તેની અંદર થતી વિવિધ પ્રવૃત્તિઓ પણ બાળકો જાતે કરતા. આ કાર્યક્રમ હોશિયાર વિધાર્થીઓ સારી રીતે ગ્રહણ કરી શક્યા અને વિવિધ પ્રવૃતિઓ પણ કરી શક્યા. જે બાળકોના ઘરે ટી.વી. નથી તેને આડોશપાડોશ ના ઘરે ટી.વી. જોવા જેવી સુચના આપવામાં આવી. આ કાર્યક્રમથી બાળકોને વિવિધ અનુભવો પ્રાપ્ત થયા છે અને એકબીજા સાથે શેર પણ કરી શક્યા છે. આ કાર્યક્રમમાં શિક્ષકો એસએમસીના સભ્યશ્રીઓ ગામના નવયુવાનો અને વાલીઓનો પૂરેપૂરો સહકાર મળેલ છે. |
| WhatsApp ટેસ્ટ<br>(ધોરણ 3 થી 5 અને ધોરણ 6 થી 8) | WhatsApp ટેસ્ટ મોબાઇલના માધ્યમથી આપવામાં આવેલ જેમાં એક જ WhatsApp નંબર ઉપર બધા જ વિધાર્થીઓને એડ કરી મોકલવામાં આવતી. જે વિધાર્થીઓના વાલીઓ પાસે મોબાઇલ હતા તેમને શિક્ષકો દ્વારા WhatsApp ગ્રૂપમાં એડ કર્યા અને જે વિધાર્થી પાસે મોબાઇલ નથી તેવા વિધાર્થીઓને શિક્ષકોના મોબાઇલ દ્વારા WhatsApp ટેસ્ટ આપવાના પ્રયાસો કર્યા છે. વિધાર્થી ટેસ્ટ આપે તો એ કેટલું શીખી શક્યો છે તેની જાણકારી મળી રહે છે અને અને વિવિધ પ્રશ્નોના જવાબો આપવા માટે પ્રયત્નો પણ કરતો હોય છે. મોબાઇલના માધ્યમથી પ્રશ્નોના જવાબ આપવામાં બાળકને ખૂબ જ આનંદ આવે છે. |

| | |
|---|---|
| Microsoft teams, google meet, Jio meet, zoom app વગેરેના માધ્યમથી હાથ ધરેલ વર્ચ્યુઅલ શિક્ષણ | વર્ચ્યુઅલ શિક્ષણ ધોરણ 3 થી 8 મા લેવામાં આવતું હતું. 3 થી 5 માં ખૂબ જ ઓછા વિધાર્થીઓ જોડાયા હતા. શિક્ષકો માઈક્રોસોફ્ટ એપ્લિકેશનના માધ્યમથી બાળકને નિયત સમયની લિંક મોકલી આપતા અને એ સમયે બાળક જોડાતું અને જે તે વિષય શિક્ષકો વર્ચ્યુઅલ ક્લાસ દ્વારા શિક્ષણ કાર્ય કરાવતા હતા. આ પ્રકારના શિક્ષણથી બાળકોમાં ખૂબ જ આનંદ આવતો કારણ કે આમાં પ્રત્યક્ષ વિધાર્થી અને બાળક એકબીજાને જોઈ શકે અને પ્રશ્નોની આદાન-પ્રદાનની પ્રક્રિયા પણ કરી શકતા. જેથી બાળકને સમસ્યા તત્કાળ હલ થતી હતી. |
| શેરીવર્ગ / ફળિયાશિક્ષણ | ધોરણ 1 થી 8 નું શિક્ષણ ફળિયાવાર શરૂ કરવામાં આવેલું. જેમાં દરેક શિક્ષક મિત્રો ફળિયા પ્રમાણે રોજે રોજ અલગ અલગ જગ્યાએ શિક્ષણ કાર્ય કરવા માટે જતા હતા અને બાળકોને સારું શિક્ષણ કાર્ય કરાવી શકતા હતા. |
| શાળા કે શિક્ષકની પોતાની YouTube ચેનલ અને શૈક્ષણિક ઉપયોગ | શાળાની પોતાને YouTube ચેનલ અને અન્ય પ્રાઇવેટ YouTube ચેનલો પણ વિધાર્થીઓને મોકલવામાં આવતી અને એ રીતે શિક્ષણકાર્ય કરાવવામાં આવતું. |
| Google classroom | - |
| WhatsApp / કાઇઝાલા / ટેલિગ્રામ | WhatsApp |
| દીક્ષા એપ | દીક્ષા એપ બાળકોને ડાઉનલોડ કરાવી છે. તેમાં ધોરણ 6 થી 8 ની બાળાઓને કરાટેની તાલીમ પણ આપવામાં આવી હતી. આ ઉપરાંત વિષય અંગેનું માર્ગદર્શન, વિડીયો અને વિવિધ પ્રવૃતિઓ વગેર બાળકો જોતા હતા. |
| ઓનલાઈન ક્વિઝ | 6 થી 8 ના વિધાર્થીઓ માટે પરીક્ષાઓ ઓનલાઇન યોજવામાં આવતી. જ્ઞાનકુંજના માધ્યમથી માઇક્રોસોફ્ટ એપ્લિકેશન દ્વારા ક્વિઝનું આયોજન કરવામાં આવતું. |

| | |
|---|---|
| વિદ્યાર્થી / વાલીની રૂબરૂ મુલાકાત | દરરોજ વિદ્યાર્થીઓ અને વાલીઓનો ટેલિફોનિક સંપર્ક કરવામાં આવતો અને માર્ગદર્શક સુચનાઓ આપવામાં આવતી. |
| વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના મૂલ્યાંકન શિક્ષકે કરેલ વિશેષ પ્રયાસોની નોંધ | વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના મૂલ્યાંકન માટે શાળા કક્ષાએ વિવિધ પ્રયાસો થઈ રહ્યા છે. ધોરણ 5 માટે નવોદયની પરીક્ષા ધોરણ 6 માટે સ્કોલરશીપ પરીક્ષા ધોરણ 8 માટે નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ પરીક્ષા વગેરે શાળાના શિક્ષકો દ્વારા તેની તૈયારી કરાવવામાં આવતી. |
| વિદ્યાર્થીઓને અપાતા ગૃહકાર્ય અને તેની ચકાસણી માટે કરેલ વિશેષ પ્રયત્નો | વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ માધ્યમથી નિયમિત ગૃહકાર્ય આપવામાં આવતું અને બીજા દિવસે શેરી શિક્ષણમાં આ ગૃહકાર્ય તપાસવામાં આવતું. આ ઉપરાંત વોટ્સએપના માધ્યમથી પણ કાર્ય તપાસવામાં આવતું. |
| વિદ્યાર્થીઓને વિષયવસ્તુ શીખવવા હાથ ધરેલ વિશિષ્ટ પ્રયોગની નોંધ | વિદ્યાર્થીઓને વિષય વસ્તુ શીખવા માટે અન્ય પ્રાઇવેટ વિડીયોની લિંક પણ મોકલવામાં આવેલ છે |
| વિદ્યાર્થીઓને વિષયવસ્તુ શીખવવા માટે આપે અન્ય કોઈ વિશિષ્ટ પ્રયોગ કર્યો હોય તે અંગેની નોંધ | |
| વિદ્યાર્થીઓએ સાથે સંદેશાવ્યવહાર માટે હાથ ધરેલ વિશિષ્ટ પ્રયોગની નોંધ | વિદ્યાર્થીઓ સાથે સંદેશાવ્યવહાર માટે ફોનનો ઉપયોગ થતો. આ ઉપરાંત રૂબરૂ મુલાકાત લઈને સંદેશાઓની આપ લે કરવામાં આવતી. |
| વિદ્યાર્થીઓના હોમલર્નિંગ માટે મેળવેલ સહયોગની વિગતવાર નોંધ | હોમલર્નિંગ માટે એસ.એમ.સી.ના સભ્યો, ગામના નવયુવાનો, ગ્રામપંચાયત વગેરેનો ખૂબ જ સારો એવો સાથ અને સહકાર મળે છે. |
| ટેક્નોલોજીનો અભાવ ધરાવતા વિદ્યાર્થીઓએ માટે કરેલ વિશિષ્ટ પ્રયત્નોની નોંધ | આવા બાળકોને રૂબરૂ મુલાકાત લઈને માર્ગદર્શન આપવામાં આવેલ છે. |
| GCERT દ્વારા રજૂ થતાં "એક કદમ આગળ" ની પ્રવૃત્તિમાં નોંધાવેલ ભાગીદારીની વિગતો | આ પ્રકારની લિંક બાળકોને મોકલી આપેલ છે અને બાળકે એપ ખોલી વિવિધ પ્રવૃતિઓ પણ કરેલી છે. |

| | |
|---|---|
| NMMS ની પરીક્ષામાં બાળકોએ રજીસ્ટ્રેશન કરેલ છે? | 15 બાળકો નું રજીસ્ટ્રેશન થયેલ છે અને આ બધા જ બાળકોને જ્ઞાનકુંજ માધ્યમના ઉપયોગથી તેમજ માઇક્રોસોફ્ટના ઉપયોગથી શિક્ષણકાર્ય કરાવવામાં આવેલ છે. દર વર્ષે આ પરીક્ષામાં ઘણી બધી સફળતા મળેલી છે અને બાળકો મેરીટમાં પણ આવેલા છે. |
| NMMS ની પરીક્ષામાં કેટલા બાળકોની ફી ભરાઇ અને મંજૂર થઇ? | 15 |
| 'GVS (ગુજરાત વર્ચ્યુઅલ શાળા) અંતર્ગત લાઇવ ક્લાસની લિંક પહોંચાડવા માટે આપેલ કરેલ પ્રયત્નોની વિગત | હા, બાળકોને પહોંચાડેલ છે. |
| બાળકો આ લિંક આધારિત ક્લાસમાં જોડાય તે માટે અપનાવેલ માધ્યમ અને કરેલ પ્રયત્નોની નોંધ અને તે અંગેના આપના અભિપ્રાયો | એસ.એમ.સી.ના સભ્યો, ગામના નવયુવાનો, ગ્રામપંચાયત વગેરેનો ખૂબ જ સારો એવો સાથ અને સહકાર મળે છે. |
| NMMS અંતર્ગતના મોક ટેસ્ટમાં વધુ વિધાર્થીઓ જોડાય તે માટે આપના વિશિષ્ટ પ્રયત્નોની નોંધ | NMMS ની પરીક્ષા માં જોડાનાર 15 વિધાર્થીઓનો અલગ ગ્રૂપ બનાવેલ છે અને જેમને સમૂહમાં આ લિંક મોકલવામાં આવે છે જેથી વિધાર્થીઓ એમાં જોડાઈ શકે છે.<br>NMMSના મોકટેસ્ટમાં પણ બાળકો વધુમાં વધુ ભાગ લે તે માટે તેના વાલીને વિધાર્થીને પણ સમજાવવામાં આવે છે કે જો આપનું બાળક તૈયારી સારી રીતે કરશે અને મેરીટ માં આવશે તો દર મહિને એક હજાર રૂપિયા ચાર વર્ષ સુધી મળશે તેના પ્રભાવથી આ એકમ કસોટી આપે છે અને ખૂબ જ આગળ વધે છે. |
| NMMS અંતર્ગતના મોક ટેસ્ટ માટેનો મેસેજ બાળકોને મળ્યો કે  કે નહિ તેને ખરાઈ માટે કરેલ પ્રયત્નોની નોંધ | S.M.S.ની વિગતો ગ્રૂપમાં આ મોકલવામાં આવે છે અને કેટલા બાળકો S.M.S. જોયા છે તેને પણ ખાતરી કરવામાં આવે છે. |

| | |
|---|---|
| GVS (ગુજરાત વર્ચ્યુઅલ શાળા) અંતર્ગત ઓનલાઈન અને ઓફલાઈન ક્લાસ અંગે આપનો અભિપ્રાય | હા |
| NMMS પરીક્ષા સંબંધી માર્ગદર્શન માટે બાયસેગના માધ્યમથી વધુ બાળકો લાભ મેળવે તે માટે કરેલ વિશેષ પ્રયાસોની નોંધ | બાયસેગના માધ્યમથી પણ આ પ્રકારની પરીક્ષાનો મહાવરો બાળકો મેળવી રહ્યા હતા. |
| NMMS પરીક્ષામાં રાજયના બાળકોનો સારો દેખાવ થાય અને બાળકોને યોગ્ય મહાવરો મળી રહે તે માટે આપના અભિપ્રાયની નોંધ | બાળકો અને વાલીઓને વિવિધ રીતે પ્રોત્સાહિત કરી શકાય અને શિક્ષણ અંગેની તૈયારી પણ ખૂબ સારી રીતે કરી શકાય. |
| હોમલર્નિંગને વધુ અસરકારક બનાવવા આપના સૂચનોની નોંધ | હોમલર્નિંગ માટે બાળકોને જો વ્યક્તિગત ટેબલેટ આપી દેવામાં આવે તો બધા જ વિદ્યાર્થીઓ આનો ઉપયોગ કરી શકે અને આપણું શિક્ષણકાર્ય પણ અસરકારક નીવડે. |

- **નવતર પ્રયોગના ફોટોગ્રાફ**







**સારણી : 3.41**

**સી.આર.સી., સાતરડાના શિક્ષક દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગ સંબંધી માહિતીનું પૃથક્કરણ, અર્થઘટન અને સમીક્ષા**

| **શિક્ષકનું નામ** | **લીલાબેન ડાહ્યાભાઈ પટેલ** |
|---|---|
| **શાળાનું નામ** | સી.આર.સી., સાતરડા |
| **પ્રસ્તાવના** | કોરોના સમયમાં માર્ચથી શાળાઓ બંધ કરવામાં આવી હતી શિક્ષણકાર્ય બંધ કરવામાં આવ્યું નહોતું. સરકારશ્રી દ્વારા હોમલર્નિંગની તમામ સુવિધાઓ પુરી પાડવામાં આવી હતી પરંતુ અંતરિયાળ વિસ્તારમાં લોકોની આર્થિક સ્થિતિ સારી ન હોવાથી ઇન્ટરનેટ ઉપકરણો ના હોવાથી સો ટકા બાળકો શિક્ષણનો લાભ લઈ શકતા ન હતા. ધોરણ-1, 2 ના બાળકોને પાયાનું શિક્ષણ જે તે સમયમાં જો ના મળી રહે તો તે દિવસો બાળકોને પાછા મળતા નથી આ વિચાર આવતાની સાથે જ પ્રત્યક્ષ બાળકો સુધી પહોંચવા મન અધીરુ બન્યું. |
| **વિશિષ્ટ કામગીરી કરવા માટેની પ્રેરણા** | પોતાની જાતે |
| **કરેલ નવતર પ્રયોગનું શીર્ષક** | "પ્રજ્ઞા રથ" |
| **કરેલ વિશિષ્ટ કામગીરીનું ક્ષેત્ર** | ક્લસ્ટર અને તાલુકાના ગામડાઓ |
| **કરેલ વિશિષ્ટ કામગીરીના હેતુઓ** | બાળક રમતા રમતા ગમ્મત સાથે પાયાનું જ્ઞાન શિક્ષક પાસેથી મેળવે તેમજ અધ્યયન સામગ્રીની મદદથી જાતે બાળક પોતાની ગતિ અને ક્ષમતા અનુસાર શીખે એ મુજબ અભ્યાસક્રમમાં આગળ વધે. દરેક બાળકનું સતત મૂલ્યાંકન થાય, જરૂરિયાત મુજબ ઉપચારાત્મક શિક્ષણ અને ભણતર પ્રક્રિયાને કેન્દ્રસ્થાને બનાવવી. |
| **કામગીરીથી અસર પામેલ જૂથની સંખ્યા** | 2709 બાળકો અને 4500 વાલી |
| **સરકારશ્રી દ્વારા આ સમયે અમલમાં મૂકવામાં આવેલ કાર્યક્રમ અંતર્ગત કરેલ કામગીરી** | નવતર પહેલ "પ્રજ્ઞા રથ" દ્વારા સાતરડા ક્લસ્ટર રીસોર્સ કો-ઓર્ડિનેટર તરીકે ફરજ બજાવી રહેલા શિક્ષિકા લીલાબેન પટેલ દ્વારા પોતાની કારને હરતી- |

| | |
|---|---|
| | ફરતી શાળા બનાવી. માલપુર તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં લોકોની આર્થિક સ્થિતિ સારી ન હોવાથી ઇન્ટરનેટ ઉપકરણો ના હોવાથી બાળકો શિક્ષણનો લાભ લઈ શકતા ન હતા. વળી ધો-1 2 ના બાળકોને પાયાનું શિક્ષણ જે તે સમયમાં જો ના મળી રહે તો તેમના અભ્યાસમાં કચાશ રહે. ધોરણ 1 અને 2 ના બાળકોને પ્રજ્ઞા અભિગમ સાથે રમતા રમતા ભણે તે માટે શિક્ષકે અભ્યાસક્રમ મુજબના પોતાની આગવી કોઠાસૂઝથી અવનવા અધ્યયન નિષ્પત્તિઓ સાથેના ટી.એલ.એમ. બનાવ્યા અને  બાળકો પ્રવૃત્તિ દ્વારા જ્ઞાન મેળવી શકે તેવી આકર્ષક પ્રજ્ઞા કીટ તૈયાર કરી. જેમાં બાળકોની નાનામાં નાની બાબતોનો ખ્યાલ રાખી નોટબુક, પેન્સિલ, રબર, કલર, રૉ- મટીરીયલ્સ, મૂર્ત વસ્તુઓ, તૈયાર કરી પ્રજ્ઞા અભિગમ મુજબ પ્રજ્ઞા વર્ગ માટે લેડર, ફ્રોલ્ડિંગ છાબડી, પાથરણા તેમજ કોવિડ-19 ના નિયમોનુસાર સાબુ હાથરૂમાલ વગેરે કીટ તૈયાર કરી અને શૈક્ષણિક આયોજન તૈયાર કરવામાં આવ્યું. શિક્ષકે તેની પોતાની કારને "પ્રજ્ઞા રથ"બનાવી હરતી ફરતી શાળા તૈયાર કરી. શરૂઆતમાં ક્લસ્ટરના વધુ જરૂરીયાત વાળા બાળકોના ઘેર ઘેર જઈ શાળા જેવું વાતાવરણ પૂરું પાડવા વાંકાનેડા ગામમાં નાયકા વિસ્તારમાં શરૂઆત કરવામાં આવી. બાળકોની બેઠક વ્યવસ્થા આસન પર કરાવી. કુદરતના સાનિધ્યમાં સરસ આકર્ષક ટી.એલ.એમ, શૈક્ષણિક સામગ્રી, પ્રજ્ઞા અભિગમ મુજબ વર્ગખંડ જેવું વાતાવરણ નિર્માણમાં લેડર, છાબડીઓ, શૈક્ષણિક ચાર્ટ તથા મોડેલ દ્વારા પ્રદર્શન કરવામાં આવતું. જેથી બાળકો હાથવગી સામગ્રી થકી નવસર્જન કરી જ્ઞાન પ્રાપ્ત કરી શકે. બાળકોને માસ્ક આપવમાં આવતું તેમજ સાબુથી હાથ ધોવડાવવામાં આવતા કે સેનેટાઈઝ કરાવવામાં આવતા. વાલીઓ પણ કોવિડ- 19 ની ગાઈડલાઈન મુજબ સંપૂર્ણ પાલન કરી મુલાકાત લેતા હતા. એસ.એમ.સી.ના સભ્યો અને જે તે ગામની શાળાના શિક્ષક પણ સામેલ થતાં હતા. શરૂઆત પ્રાર્થના યોગથી કરાવવામાં આવતી હતી ત્યારબાદ સમૂહ કાર્યક્રમમાં રંગપુરણી, ચિત્ર,  માટીકામ,જેવી સર્જનાત્મક પ્રવૃતિઓ,  સાદી રમતો, બાળ નાટક, તેમજ સ્થાનિક વ્યવસાયકારોની મુલાકાત પણ કરાવવામાં આવતી હતી. છેલ્લે સ્વાસ્થ્યવર્ધક નાસ્તો પણ આપવામાં આવતો. વાલીઓ અને બાળકોમાં ખુશી જોવા મળતી. બાળકો સાથેના સંવાદ રેકોર્ડિંગસ્વરૂપે રાખવામાં આવ્યા છે. મને અને બાળકોને ખુબ જ મજા આવી. બાળકો ઉત્સાહભેર નીડર નિર્ભય બની પ્રવૃત્તિઓમાં ભાગ લેતા હતા. વેકેશન દરમિયાન સતત 23 દિવસ સુધી અને દરરોજ 5 કલાક મુજબ તાલુકાના વિવિધ ગામડાઓમાં જઈને શૈક્ષણિક કાર્ય સાથે બાળકોને ભાર વિનાનું ભણતર આપવામાં |

| | |
|---|---|
| | આવ્યું. જે ગામમાં "પ્રજ્ઞા રથ"દ્વારા શૈક્ષણિક કાર્ય કરાવવામાં આવતું હતું તે ગામની શાળાના શિક્ષિકા બહેનોનો ખુબ જ સહકાર મળતો અને તેઓ પણ" પ્રજ્ઞા રથ"દ્વારા પ્રેરણા લઈ પોતાના ગામમાં શેરી શાળાઓ ચાલુ કરેલી અને પ્રજ્ઞા વર્ગમાં માર્ગદર્શન પણ તેઓએ મેળવેલ. તારીખ 27-10-20ના રોજ અરવલ્લી જિલ્લાની મુલાકાતે આવનાર માનનીય શિક્ષણ સચિવ શ્રી વિનોદ રાવ સરની "પ્રજ્ઞા રથ"ની મુલાકાત શુભેચ્છાઓ પાઠક હતી. માનનીય વડાપ્રધાનશ્રીએ "રેડીયો નેશનલ પ્રોગ્રામમાં મન કી બાતમાં" ગુજરાતના શિક્ષિકાના પ્રજ્ઞા રથની સરાહના વ્યક્ત કરી હતી. તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી સાહેબ શ્રી બીઆરસીસરતથા એસ.એમ.સી.ના સભ્યો અને ગ્રામજનોએ આ પહેલને બિરદાવી ઉત્સાહ પૂરો પાડેલ. 3 ઓક્ટોબર થી 11 ફ્રેબ્રુઆરી સુધીના 70 દિવસો દરમિયાન 2,709 બાળકોને અવારનવાર" પ્રજ્ઞા રથ" દ્વારા શૈક્ષણિક કાર્ય નો લાભ આપવામાં આવ્યો તેના સારા પરિણામો જોવા મળ્યા છે એનું ઉદાહરણ વાઘપુર, સાતરડા ગામના બાળકો છે. ધોરણ 1 અને 2 ના બાળકો સારી રીતે વય- કક્ષા મુજબ વાંચન-લેખન-ગણન કરી શકે છે. ઘર અને પર્યાવરણ ઉપલબ્ધ સામગ્રીમાંથી જાતે ટીએલએમ નિર્માણ પણ કરેલ છે. દરેક ગામમાંથી એવો પ્રતિસાદ મળતો કે વેકેશનમાં પણ અમારા બાળકોને ભણાવ્યા અને અમારી ચિંતા દૂર કરી .ગ્રામજનો, વાલીઓ, એસ.એમ.સી.ના સભ્યો ગામના યુવાનોએ ખૂબ જ સહકાર મળેલ હતો. 0<br>તા- 19- 10 -20ના રોજ દુરદર્શન ડી.ડી. ગિરનાર ચેનલ, તા, 21- 10 -20ના રોજ મેરા ન્યુઝ 22- 10- 20ના રોજ દિવ્ય ભાસ્કર અખબાર માં" પ્રજ્ઞા રથ "દ્વારા શૈક્ષણિક કાર્યની નોંધ લેવામાં આવી. નવીનકરણ દ્વારા જ જ્ઞાન ને સમૃધ્ધિમાં પલટાવી શકાય છે તેમજ વિપરિત પરિસ્થિતિમાં સાનુકૂળ પરિસ્થિતિનું નિર્માણ કરી આ દેશના ભાવિ ને ઉજ્જવળ કરવાની મને ઉત્તમ તક મળી. અમારી એજ્યુકેશન ટીમ દ્વારા જે સતત માર્ગદર્શન, પ્રોત્સાહન આપવામાં આવતું અને સૌના સહકારથી આ કામગીરીમાં મને સફળતા મળી. |
| **અન્ય કામગીરીની વિગત** | 1. 3500 માસ્કસેવા. 2.આરોગ્ય સેતુ એપ 4345 વ્યક્તિઓને ડાઉનલોડ કરાવવામાં આવી. 3. માનનીય રાવ સાહેબની અધ્યક્ષતામાં બ્લડ ડોનેટ 4. ક્લસ્ટર કક્ષાએ વર્કશોપ. 5.ઉજાસ ભણી કાર્યક્રમ અંતર્ગત જિલ્લાના પ્રાથમિક માધ્યમિક શિક્ષકોને ઓનલાઇન તાલીમ આપવામાં આવી. 7.આઇ આઇ ટી ગાંધીનગર દ્વારા યોગ એજ્યુકેશન ઓનલાઇન કોર્સ પૂર્ણ કરવામાં આવ્યો. 8. ધો-6 થી 12 ધોરણની 80 દીકરીઓને પોતાના મોબાઈલમાં સ્વરક્ષણ તાલીમ ગ્રૂપ બનાવી જાતે સમજ આપી .9.વેક્સિનેશન સર્વે કામગીરી. 10. ડિઝાસ્ટર મેનેજમેન્ટની તાલીમ રાજ્યકક્ષાએથી લઈને |

| | |
|---|---|
| | શિક્ષકોને માઇક્રોસોફ્ટ ટીમ્સ દ્વારાઆપવામાં આવી. 11. રામપુર અને સાતરડા ગામમાં મહિલા દિનની ઉજવણી કરવામાં આવી ક્લસ્ટર અને સોસાયટીના મહિલાઓને કોવિડ-19 ના નિયમોના સંપૂર્ણ પાલન સાથે કરવામાં આવી છે જેની નોંધ વાવડ ન્યુઝ ચેનલ દ્વારા લેવામાં આવી. 12. ચૂંટણીમાં ઇવીએમ સીલીંગ કામગીરી, ઝોનલ કામગીરી 13. રાજ્યકક્ષાના રમકડાં મેળામાંભાગ લીધેલ છે. 14 આઝાદીકા અમૃત મહોત્સવ અંતર્ગત નિબંધ સ્પર્ધા. 15 લોક ડાઉનસમયમાં સોસાયટીના મહિલાઓને માનસિક સુખાકારી માટે પદ્ધતિસરનાયોગ આસનો કરાવવામાં આવ્યા, હરીફાઈ તેમજ દીકરીઓને સ્વરક્ષણ તાલીમનો ઓનલાઇન લાભ લેવડાવવામાં આવ્યો. 16 સોસાયટીના બાળકોને વિવિધ રમતો, અવનવી પ્રવૃત્તિઓ, જે મકાન બંધ હોય તેમના ફુલ છોડને પાણી પીવડાવવું, સંસ્કાર સિંચન, ફટાકડાના ખાલી બોક્સમાંથી ટી.એલ.એમ બનાવવા તેમજ પ્રજ્ઞા રથની કીટ દ્વારાબાળકોને લાભ આપવામાં આવતો. 17 સોસાયટીમાં બિમાર વ્યક્તિઓને ટિફિન સેવા. 18. નિત્યદિવ્ય વાણીનું શ્રવણ. 19. વેક્સિનેશન જાગૃતિ સંદર્ભે ગામના સરપંચ નીરૂબેન પટેલ વેક્સિન લેવા માટે છેલ્લા દિવસો સુધી ના પાડતા હતા તેમને સમજાવી અને તેમના ફળિયાના મહિલાઓને જાતે ગાડીમાં PSC પર વેક્સિન લેવડાવી. |
| **કાર્યક્રમનું અમલીકરણ** | પ્રજ્ઞા રથ દ્વારા શૈક્ષણિક કાર્યનો અમલીકરણ બાળકો પોતાની મેળે ઘર અને પર્યાવરણ ઉપલબ્ધ સામગ્રીમાંથી ટી.એલ.એમ અને પ્રવૃત્તિઓ સરસ રીતે બનાવી શકે છે. મહિલા સશક્તિકરણ કાર્યક્રમ દ્વારા કુપોષણ ચાર્ટ આપી ફોલોઅપ લેવામાં આવતા દીકરીઓને આહાર પ્રત્યે વધુ ધ્યાન આપવામાં આવે છે. પ્રજ્ઞા રથની પ્રેરણા લઈને ઓઢા પ્રાથમિક શાળાના અસારી ઇલાબેન ઓઢા ગામના બાળકોને લાભ આપેલ છે. ગાંધીનગર આઇ આઇ ટી દ્વારા યોગા ઓનલાઇન તાલીમ મુજબ બહેનોને યોગ આસનો પ્રેક્ટીકલ ચોક્કસ પદ્ધતિથી આપમેળે પોતાની ઘરે કરી શકે છે. તંદુરસ્તીનું મહત્વ સમજી આહાર પ્રત્યે ધ્યાન આપે છે. વેક્સિનેશન જાગૃતિ કાર્યક્રમમાં સાતરડા ગામના સરપંચ નીરૂબેન પટેલ અને તેમના ફળિયાના મહિલાઓ એકત્ર થઈ સો ટકા ગામમાં વેક્સિનેશન પૂર્ણ કરાવ્યું. |
| **બાળકોનું મુલ્યાંકન** | પ્રવૃત્તિ દ્વારા, વાર્તા, અભિનય ગીત, ચિત્ર વર્ણન, સાદી રમતો, તરાહની પ્રવૃત્તિઓ દ્વારા, રંગપૂરણી દ્વારા, કુટુંબના સભ્યોનો પરિચય દ્વારા, આજુબાજુના પર્યાવરણમાંથી પ્રશ્નોત્તરી દ્વારા, ખેતરની મુલાકાત, પ્રાણીઓની મુલાકાત અને સ્વઅધ્યયન પુસ્તિકા દ્વારા |

| | |
|---|---|
| **પરિણામ / તારણ** | ધોરણ-1 અને 2ના બાળકો શેરી શાળામાં પ્રજ્ઞા રથ દ્વારા શૈક્ષણિક કાર્ય ની બેઠક વ્યવસ્થા મુજબ બેસીને અભ્યાસ કરતા થયા શિક્ષકોએ ફોલ્ડિંગ છાબડી લેડર અને ફરજિયાત પાથરણા નો ઉપયોગ કરતા થયા. ક્લસ્ટરના ધોરણ-1-2ના શિક્ષકો દ્વારા પ્રજ્ઞા અભિગમ મુજબ શૈક્ષણિક કાર્ય ચાલુ રાખવામાં આવ્યું હતું. તાલુકામાં જે ગામમાં પ્રજ્ઞા રથ દ્વારા શૈક્ષણિક કાર્ય કરાવવામાં આવ્યું તે ગામના શિક્ષકો પણ પ્રેરણા લઈને પ્રજ્ઞા અભિગમ મુજબ શેરી શાળામાં પ્રજ્ઞા વર્ગખંડ જેવું વાતાવરણ નિર્માણ કરતા હતા. બાળકો આપમેળે વેસ્ટ માંથી બેસ્ટ પ્રવૃત્તિઓ જાતે બનાવતા થયા |

| **શાળાની નવતર પ્રયોગ સંબંધી બાબતો** | |
|---|---|
| શાળાનો વિસ્તાર (ગ્રામ્ય/શહેરી) | ગ્રામ્ય |
| શાળામાં ચાલતા ધોરણ | 1 થી 8 |
| ગામની કુલ વસ્તી | 9800 (ક્લસ્ટરના 14 ગામની) |
| શાળાના કુલ શિક્ષકોની સંખ્યા | 47 |
| બાળકોની કુલ રજીસ્ટર સંખ્યા | 881 |
| તે પૈકી સ્માર્ટફોન / ડિજિટલ મોબાઈલ ધરાવતા વિધાર્થીઓની સંખ્યા | 181 |
| સાદાફોન ધરાવતા વિધાર્થીઓની સંખ્યા | 145 |
| ટેલીવિઝન ધરાવતા વિધાર્થીઓની સંખ્યા | 501 |
| કોઈ માધ્યમ ન હોય તેવા વિધાર્થીઓની સંખ્યા | 135 |
| COVID-19 અને પરિસ્થિતી દરમિયાન વિધાર્થીઓના શિક્ષણ તેમજ વિધાર્થી વાલી જાગૃતિ માટે વિશિષ્ટ કામગીરી કરનાર શિક્ષકનું નામ | પટેલ લીલાબેન ડાહ્યાભાઈ |
| Lock-down ના શરૂઆતના સમયગાળા દરમિયાન ગામની સ્થિતિ | લોકડાઉન એટલે શું? તેને ગામ લોકોને ખબર જ નહોતી, કોરોના નામનો રોગ એવો શબ્દ તેઓના કાને પહેલીવાર જ સંભળાયો હતો. માસ્ક બાંધવા અને દુરી રાખવી તેની સાથે સહમત નહોતા. તેઓની એવી ગેરસમજ હતી કે માસ્ક બંધાવી ગૂંગળાવીને મારી |

| | |
|---|---|
| | નાખવાના ઇરાદા લાગે છે. શાળાઓ બંધ થવાની સાથે જ વાલીઓની પૂછપરછ ચાલુ થઇ ગઈ કે ગામડાંોમાં તો આવા રોગ થવાની શક્યતા નથી છતાં સરકાર શા માટે શાળાઓ બંધ કરે છે? હવે પછી શાળાઓ ખોલવાની ક્યારે છે? તેની તાલાવેલી વધારે જોવા મળતી હતી. ડિજિટલ ઉપકરણોથી જ ભણાવવાનું રહેશે તેની પણ ખબર નહોતી પડતી. પોતાના બાળકોને હવે પોતે જ સમજાવીને ભણવામાં ધ્યાન રખાવવું કેવી રીતે? બાળકો ઘરનાઓનું કહેલું માનતા નથી તે ભયથી તેઓ વધુ ચિંતિત હતા. ધોરણ-1 ના બાળકોને ભણતા બરાબર આવડતું નથી ને ધોરણ બીજા માં કેવી રીતે મોકલી દીધા? તેના વિરોધ થતો જોવા મળ્યો. અનાજ વિતરણમાં પણ કાયમી આવું જ રહેશે તેવા સવાલો ઉઠાવતા હતા. શાળા બંધ થવાથી પોતાના બાળકોના શિક્ષણનું હવે શું થશે તેની ચિંતા સતત વ્યક્ત કરતા હતા. બાળકો અભ્યાસથી વિમુખ થતા જણાતા વાલીઓ પણ પોતાના બાળકો સતત ઘરે હોવાથી કંટાળી જતા હતા. સરકાર ક્યારે શાળાઓ ખોલશેતેની રાહ જોતા હતા. |
| કોરોના સંદર્ભે જાગૃતિ અને બચાવ માટે કરેલ વિશેષ પ્રયત્નોની નોંધ | Microsoft teams માધ્યમથી ક્લસ્ટરના તમામ શિક્ષકોની મીટીંગ રાખવામાં આવી. સરકારશ્રીના કોવિડ 19 ગાઇડલાઇન સંપૂર્ણ પાલન કરવા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યું. વાલીઓ, ગ્રામજનો અને બાળકો સુધી ફરજિયાત પહોંચાડવા માટે આગ્રહ રાખવામાં આવ્યો. શિક્ષકોએ ગામમાં યુવાનોના ગ્રૂપ બનાવ્યા. એસએમસીના સભ્યો દ્વારા વડીલોની ટીમ બનાવી. આર્યુવૈદિક ઉપચાર કેટલી માત્રામાં કરવા તેને સચોટ માહિતી આપવામાં આવી. બાળકોને ઘર આંગણામાં તુલસી, ફૂદીનો, ડમરો, બારમાસી, અરડૂસી ઉછેર કરવાની સલાહ આપવામાં |

| | |
|---|---|
| | આવી. ગભરાવવા કરતાં કાળજી કેટલી મહત્ત્વની છે સરકાર આપણને ક્યાં ક્યાં મદદ કરે છે તેમજ રોગપ્રતિકારક શક્તિ વધારવામાં ગળો, ગિલોય, વડલાની છાલ, લીમડાની છાલનો ઉપયોગ કેવી રીતે કરવો તેની સમજ આપી. ગામના વડીલો અને બાળકો શા માટે વધુ ભોગ બને છે. સૌની કાળજી કેવી રીતે લેવી જોઈએ તેની પણ સમજ આપી. ગામડાઓમાં ડેરીમાં દૂધ આપવા માટે એક સાથે વધુ વ્યક્તિઓ ના આવે તેના માટે ફળિયા મુજબ સમય ફાળવવામાં આવ્યો. ખેતરોમાં થતી શાકભાજી પોતાના ગામમાં જ વેચવી જેથી સ્વાસ્થ્ય અને આર્થિક ઉપાર્જન મળી રહે. સ્માર્ટફોન ધરાવતા વ્યક્તિઓને મહત્તમ આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરી આપી તેમજ જાતે માસ્ક સેવા કરી. Covid 19 ના નિયમોનું પાલન દરેક વ્યક્તિ કરે તેવા પ્રયત્નો સતત આજ દિન સુધી ચાલુ રાખેલ છે. |
| હોમલર્નિંગ માટે વિદ્યાર્થીઓને આપેલ માર્ગદર્શન | Microsoft ટીમ્સ માધ્યમથી આચાર્યશ્રીઓની મીટીંગ રાખવામાં આવી. સરકારશ્રીની કોવિડ-19 ગાઈડલાઈન મુજબ તેને ફરજિયાત અનુસરવાનું રહેશે તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. શિક્ષકશ્રીઓની અનુકૂળતા કરતા વિદ્યાર્થીઓ કઈ રીતે અનુકૂળ થાય તે રીતે ફળિયા મુજબ યાદી બનાવી. દરેક ફળિયામાં ધોરણ પ્રમાણે ટુકડી નાયક બનાવ્યા. સ્માર્ટફોન, સાદાફોન, ટી.વી. વાળા, અન્ય માધ્યમ, કોઇ માધ્યમ ના હોય તેવા વિદ્યાર્થીઓની યાદી બનાવી. વર્ગ શિક્ષક દ્વારા માર્ગદર્શન તેમજ WhatsApp ગ્રૂપમાં લર્નિંગના વિડીયો મુકવામાં આવતા. હોમલર્નિંગમાં સમજ ના પડે તે મુદ્દા બાળકો નોંધ કરે વર્ગ શિક્ષકને ફોન કરીને માર્ગદર્શન મેળવી શકશે. બાળકોને મુદ્દા લખવા કહેવામાં આવ્યું. ઉપલા ધોરણના બાળક નીચેના |

| | |
|---|---|
| | ધોરણના બાળકને મદદ કરે તેવા બાળકોને સન્માનિત કરવામા આવશે. જે બાળક ના ઘરે કોઈ જ ઉપકરણ નથી તેવા બાળકને સુવિધા ધરાવતા વાલીઓ પોતાના ઉપકરણ નો લાભ લેવા દે તે માટે એસએમસી ને ગામના યુવાનોને જાગૃત કરવામાં આવ્યા. |
| એકમ કસોટી | Covid-19 નિયમોનુસાર ફળિયાની યાદી મુજબ વર્ગ શિક્ષક પેપર બાળકો સુધી પહોંચાડી માર્ગદર્શન આપવામાં આવતું એકમ કસોટી ઝડપથી પરત ન મળતા નિરાકરણ માટે વાલીઓને એકમ કસોટીની ગંભીરતા કેટલી છે. બીજાથી તમારું બાળક પાછળ રહી શકે તેવી સમજ આપી પરત આપવા માટે કહેવામાં આવ્યું . શાળા મુલાકાત દરમિયાન જાતે રેન્ડમલી ચકાસણી કરવામાં આવતી હતી. ઉપચારાત્મક કાર્ય માટે સૂચન આપવામાં આવતું હતું. સમય મર્યાદામાં ઓનલાઇન ગુણ એન્ટ્રી વર્ગ શિક્ષકે કરવા અંગેસુચના આપવામાં આવતી હતી. |
| ઘરે શીખીએ પુસ્તિકાઓ | covid 19 નિયમોનુસાર ફળિયાની યાદી મુજબ શિક્ષક દ્વારા પહોંચાડવામાં આવી. વાલીઓ પોતાના બાળકને પોતાની ભાષામાં શીખીને લખતા હોવાથી વધુ મુશ્કેલી પડેલ નથી. શિક્ષક વિડીયો બનાવીને એકમ મુજબ પોતાની ભાષામાં વાલીઓને મોકલાવતા હતા. વાલીઓ દ્વારા પરત મેળવી. એસએમસીના સભ્યો વાલીઓ નાયક વગેરેની મદદ મેળવી. |
| વર્ગદર્પણ | વર્ગ શિક્ષક દ્વારા પહોંચાડવામાં આવતા તેમજ રૂબરૂ બાળક પાસેથી પરત શિક્ષક દ્વારા લેવામાં આવતા. જેના દ્વારા તહેવાર અનુસંધાને નિબંધ સ્પર્ધા લેખન, વૃક્ષારોપણ જેવી પ્રવૃત્તિઓ પણ કરી શકાય. વાલીઓ, એસએમસી, ટુકડી નાયક વગેરેનું સહયોગ મેળવ્યો. |

| | |
|---|---|
| પરિવારનો માળો, સલામત અને હૂંફાળો | રોજબરોજની પ્રવૃત્તિઓ WhatsApp ગ્રૂપમાં મોકલવામાં આવતી. જે બાળક જે પ્રવૃત્તિ કરતા તેની યાદી બનાવવાની કહેવામાં આવતું. કોવિડ-19 અંતર્ગત બહાર જવાનું નહોતું જેથી વિદ્યાર્થીઓ એ મમ્મી પપ્પા ભાઈ બેન ની મદદ લેવાની હતી. ઉદા. તરીકે પુઠાનુ ઘર બનાવવાની પ્રવૃત્તિ જેમાં ફળિયાના બાળકોમાં અંદરોઅંદર હરીફાઈ થવા માંડી દરેક વાલીઓ બાળકોને સારી રીતે મદદ કરતા હતા. જે કાર્યક્રમ સૌથી સારો લાગતો તેના રીવ્યુ લેવામાં આવતા જેમાં સારી બાબતોની ચર્ચા કરવામાં આવતી લાઈટ ના હોય ત્યારે તે ભાગ ફરીથી YouTube પર જોવા ન હોતા મળતા મળતા. જેના નિરાકરણ માટે WhatsApp ગ્રૂપમાં ફરીથી ચર્ચા કરવામાં આવતી ફળિયામાં એકા બીજા અને ઉપલા ધોરણના બાળકો નીચેના ધોરણના બાળકો સાથે રૂબરૂ ચર્ચા કરતા હતા. |
| SSA ની  વેબસાઇટ પર આપવામાં આવતું સાપ્તાહિક આયોજન | સાપ્તાહિક આયોજન પ્રિન્ટ કાઢી ફળિયા વાર આપવામાં આવતું હતું. જાહેર સ્થળો દુકાન, ડેરી, પંચાયત જેવા સ્થળોએ ચોંટાડવામાં આવતું હતું. વધુ જરૂરીયાત વાળા બાળકોના વાલીઓ સાથે કોન્ટેક કરવામાં આવતો. હોશિયાર બાળકો પોતાની મેળે સમયસર શીખતા હતા. કાર્યક્રમ અંતર્ગત આયોજન વિષય મુજબ નોટબુક બનાવી આયોજનની નોંધ કરવામાં આવતી. મુશ્કેલીમાં ડિજિટલ ઉપકરણોનો અભાવ, નેટ પ્રોબ્લેમ, વાલીઓ મોબાઈલ આપતા ન હતા. યુવાનો, એસએમસી, વાલીઓ, ટુકડી નાયક વગેરેનો સહકાર. વર્ગ શિક્ષક દ્વારા ફોલોઅપ લેવામાં આવતું કયા વિડીયો જોયા અને કયા બાકી છે. અભ્યાસક્રમ બાકી હોય તેને શેર કરવામાં આવતા. વર્ચ્યુઅલ ક્લાસથી સમજાવવામાં આવતું હતું. |

| | |
|---|---|
| ડી.ડી. ગિરનાર પર પ્રસારીત થતા શૈક્ષણિક કાર્યક્રમો | સમયપત્રક વોટ્સએપ માધ્યમ, ઉપકરણો નથી તેને પ્રિન્ટ આપવામાં આવતી, જાહેર સ્થળો પર સમયપત્રક ચોંટાડવામાં આવતું. સમયપત્રક દ્વારા ટીમલીડર દ્વારા, ફોન કરીને, ઉપલા ધોરણના બાળક નીચેના ધોરણના બાળકોને મદદ દ્વારા. જે વિધાર્થીઓ ના ઘરે ટી.વી. નથી તેઓની યાદી શાળા દ્વારા બનાવવામાં આવી હતી. કોણ કોના ઘરે જશે તેઓના વાલીઓને કહેવામાં આવતું કે પોતાના બાળકને લેવા અને મુકવા રૂબરૂ જવાનું આમને સામને વાલીઓએ તકેદારી રાખવી. આ કાર્યકરમથી વિધાર્થીઓ જાતે વિચારતા થયા, સમજતા થયા, શીખતા થયા, તર્ક-વિતર્ક કરતા થયા અને શિક્ષકને નિસંકોચ પ્રશ્નો પૂછતા થયા. બાળક શિક્ષક વચ્ચે રોજ બરોજ વાત થતા આત્મીયતા વધી. 50 થી 60 ટકા બાળકો શીખી શક્યા. |
| વંદે ગુજરાત (બાયસેગ) પર પ્રસારિત થતાં શૈક્ષણિક કાર્યક્રમો | ક્લસ્ટરના તમામ શિક્ષકોની મીટીંગ microsoft teams માધ્યમ દ્વારા બાયસેગ પર પ્રસારિત થતા કાર્યક્રમોની જાણકારી આપવામાં આવી. સમયપત્રક વોટ્સએપ માધ્યમ, ઉપકરણો નથી તેને પ્રિન્ટ આપવામાં આવતી, જાહેર સ્થળો પર સમયપત્રક ચોંટાડવામાં આવતું. સમયપત્રક દ્વારા ટીમલીડર દ્વારા, ફોન કરીને, ઉપલા ધોરણના બાળક નીચેના ધોરણના બાળકોને મદદ દ્વારા. જે વિધાર્થીઓ ના ઘરે ટી.વી. નથી તેઓની યાદી શાળા દ્વારા બનાવવામાં આવી હતી. કોણ કોના ઘરે જશે તેઓના વાલીઓને કહેવામાં આવતું કે પોતાના બાળકને લેવા અને મુકવા રૂબરૂ જવાનું આમને સામને વાલીઓએ તકેદારી રાખવી. આ કાર્યકરમથી વિધાર્થીઓ જાતે વિચારતા થયા, સમજતા થયા, શીખતા થયા, તર્ક-વિતર્ક કરતા થયા અને શિક્ષકને નિસંકોચ |

| | |
|---|---|
| | પ્રશ્નો પૂછતા થયા. બાળક શિક્ષક વચ્ચે રોજ બરોજ વાત થતા આત્મીયતા વધી. 50 થી 60 ટકા બાળકો શીખી શક્યા. |
| WhatsApp ટેસ્ટ<br>(ધોરણ 3 થી 5 અને ધોરણ 6 થી 8) | Microsoft teams માધ્યમથી આચાર્યશ્રીઓની મીટીંગ કરી માર્ગદર્શન અને માહિતી પૂરી પાડવામાં આવી WhatsApp માધ્યમથી શિક્ષકો દ્વારાવોટ્સએપ ટેસ્ટના વિડીયો સ્ટેપ વાલીઓને શેર કરવામાં આવ્યા. એસએમસી, યુવાનો શિક્ષકોની રૂબરૂ મુલાકાત દ્વારા સમજ આપવામાં આવી. સ્માર્ટફોન વાળા વાલીઓને ધોરણ મુજબ યુ ડાયસ કોડ શાળાના યુ ડાયસ કોડ દરેક સુધી પહોંચાડવામાં આવ્યો. દર શનિવારે WhatsApp માધ્યમથી શિક્ષકો સુધી શેયર કરવામાં આવતાં તેવો વાલીઓને ગ્રૂપમાં મોકલતા. બાળકોને વિકલ્પ આપવામાં આવતો જેનાથી ટીક કરવામાં હવે પછી કોઈપણ online પરીક્ષા કઈ રીતે આપવી તેનો મહાવરો મળ્યો. પરીક્ષાનો ડર દૂર થયો. અનુભવ જગત વિકસ્યું. શાળા મુલાકાત દરમિયાન શેરી શાળામાં રૂબરૂ વાલીઓને મળી ફળિયામાં યુવાનોના મોબાઈલમાં ત્રણ ત્રણ બાળકો એઇડ કરાવી જાતે શનિવારના રોજ હાજર રહે. મહત્તમ બાળકો ટેસ્ટ આપે તેવા પ્રયત્નો સતત ચાલુ રાખવામાં આવ્યા હતા. |
| Microsoft teams, google meet, Jio meet, zoom app વગેરેના માધ્યમથી હાથ ધરેલ વર્ચ્યુઅલ શિક્ષણ | માઈક્રોસોફ્ટ ટીમ્સનો ઉપયોગ વધુ કર્યો. દરેક શાળાઓએ સરકારશ્રી ના પરિપત્ર મુજબ બાળકોના ઓનલાઇન માહિતી વર્ગ શિક્ષકને યાદી આપી. શરૂઆત વર્ચ્યુઅલ શિક્ષણ શરૂ થયા પછી 15 દિવસ બાદ મુશ્કેલી પડતી કે કઈ રીતે જોડાવું. વિડીયો ઓડિયો ઓન ઓફ ની સમજ નહોતી પડતી. ગ્રૂપમાં મુકેલ મેસેજ 50% વાલીઓ જોતા ન હતા તેમજ મોબાઈલ સમયસર આપતા ન હતા. નિરાકરણ માટે સવાર અને સાંજનો સમય રાખવામાં આવતો. |

| | |
|---|---|
| | ફાયદા એ હતા કે વિધાર્થી અને શિક્ષક દ્વારા પ્રત્યક્ષ ક્લાસરૂમનો અનુભવ થતો હોઇ એકા બીજા ને પ્રશ્નો કરી શકતા. એક વિધાર્થીએ પૂછેલા પ્રશ્નોના લાભ ક્લાસમાં જોડાયેલા તમામને મળી શકતો હતો. |
| શેરીવર્ગ / ફળિયાશિક્ષણ | ક્લસ્ટરના તમામ શિક્ષકશ્રીઓ દ્વારા 47 શેરી વર્ગ શરૂ કરવામાં આવ્યા. વિષય મુજબ શિક્ષકોનું આયોજન બાળકો સુધી પહોંચાડવામાં આવ્યું. ગ્રામજનોનો, એસ.એમ.સી.ના સભ્યો અને યુવાનોનો સહકાર ખૂબ જ પ્રાપ્ત થયો હતો, સુંદર શાળા જેવું વાતાવરણનું સર્જન થયું હતું. |
| શાળા કે શિક્ષકની પોતાની YouTube ચેનલ અને શૈક્ષણિક ઉપયોગ | શિક્ષકો પોતાના વિડીયો YouTube પર મુકતા હતા. ટી.એલ.એમની નોંધ નોટબુકમાં કરવાનો માર્ગદર્શન આપેલ અને બાળકોએ નોંધ પણ કરેલ છે. મોટો ફાયદો એ હતો કે YouTube પર ગમે ત્યારે વિડીયો બાળકો જોઈ શકતા હતા. ગામના યુવાનો વધુ સહકાર આપતા હતા. |
| Google classroom | - |
| WhatsApp / કાઇઝાલા / ટેલિગ્રામ | WhatsApp માધ્યમ દ્વારા ધોરણ પ્રમાણે, વિષય પ્રમાણે શિક્ષકો, ગામના યુવાનોનું ગ્રૂપ, એસએમસી ગ્રૂપ તેમજ શાળાના રીટાર્યડ શિક્ષક અને સ્વયંસેવકનું ગ્રૂપ, સી.આર.સી.અને આચાર્યશ્રીનું ગ્રૂપ બનાવવામાં આવ્યું. |
| દીક્ષા એપ | Microsoft teams  ના માધ્યમથી આચાર્યશ્રીઓ, શિક્ષકોની મિટિંગ કરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું. દીક્ષા એપ કઈ રીતે ડાઉનલોડ કરવી તે બાબતે વર્ગ શિક્ષક દ્વારા વાલીઓને માહિતગાર કરવામાં આવ્યા. કઈ રીતે એપનો ઉપયોગ કરવો તેની સમજ આપી. શેરી શાળામાં રૂબરૂ જઇ દીક્ષા એપમાં વિડીયો કેવી રીતે ઓપન કરવા તેની રૂબરૂ મેં નિદર્શન મહત્તમ બાળકોને કરાવેલ છે. એસ.એમ.સી.ના સભ્યો ને તાલીમ આપવામાં આવી. |

| | |
|---|---|
| | ક્યુ.આર. કોડ નો ઉપયોગ બાળકો કેવી રીતે કરી શકે તેનું પ્રત્યક્ષ નિદર્શન જાતે કરાવવામાં આવતું. |
| ઓનલાઇન ક્વિઝ | જી.સી.ઇ.આર.ટી દ્વારા પ્રસારિત કરવામાં આવતી ઓનલાઇન માર્ગદર્શન દરેક શિક્ષકોને આપવામાં આવતું. એક કદમ આગળ પ્રશ્નોત્તરી WhatsApp ગ્રૂપમાં મુકવામાં આવતી જેમાં જિલ્લાના નાયબ DPEO સર દ્વારા અંક- 9 પ્રસારિત કરવામાં આવેલ જે ગ્રૂપમાં શેર કરવામાં આવતો. બાળકો android નો ઉપયોગ કરતા થયા. વિકલ્પોના સચોટ જવાબ અંગે આત્મવિશ્વાસ કેળવી શક્યા. |
| વિધાર્થી / વાલીની રૂબરૂ મુલાકાત | શેરી શાળા દ્વારા બાળકો અને વાલીઓની રૂબરૂ મુલાકાત લેવામાં આવતી કોવિડ-19ના નિયમો પાલન કરાવવામાં આવતું તેમજ વર્ચ્યુઅલ ક્લાસરૂમ વખતે Join થઈ વાતચીત કરવામાં આવતી. પ્રજ્ઞા રથ દ્વારા શૈક્ષણિક કાર્યના સમયગાળા દરમિયાન વાલી અને બાળકોની રૂબરૂ મુલાકાત લેવામાં આવતી હતી. જેનાથી સમાજ અને શાળા એકા બીજાની નજીક આવવા લાગ્યા. શિક્ષક વાલી અને બાળકનો ત્રિવેણી સંગમ થતાં આત્મીયતામાં વધારો થયો. |
| વિધાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના મૂલ્યાંકન શિક્ષકે કરેલ વિશેષ પ્રયાસોની નોંધ | હોમલર્નિંગ અથવા ડી.ડી. ગિરનાર પર પ્રસારિત થતા કાર્યક્રમોની પ્રશ્નોત્તરી ટેલિફોનિક દ્વારા કરવામાં આવતી. દરેક એકમના અંતે 10 પ્રશ્નોની જવાબ લેવામાં આવતા. પખવાડિક ટેસ્ટ માટે પ્રિન્ટ કરી ટેસ્ટ લેવામાં આવતા. |
| વિધાર્થીઓને અપાતા ગૃહકાર્ય અને તેની ચકાસણી માટે કરેલ વિશેષ પ્રયત્નો | ઘરે શીખીએ પુસ્તિકાનું ગૃહકાર્ય જેમાં અભ્યાસિક અને સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ કરાવવામાં આવતી. શિક્ષકો બાળકોને કઇ રીતે ગૃહકાર્ય મોકલાવેલ છે તેની વાલીઓ સાથે ઉલટ તપાસ કરવામાં આવતી. જેમાં હરિપુર પ્રા શાળાના પ્રજાપતિ બીપીનભાઇ WhatsApp માધ્યમથી ગૃહકાર્ય મોકલાવતા અને વાલીઓ કરેલ ગૃહકાર્ય સેન્ડ કરતા હતા. જેમાં સફળતા જોવા મળતી હતી. |
| વિધાર્થીઓને વિષયવસ્તુ શીખવવા હાથ ધરેલ વિશિષ્ટ પ્રયોગની નોંધ | શેરી શાળામાં રૂબરૂ મુલાકાત દ્વારા, પ્રજ્ઞા રથ દ્વારા, એકમ મુજબના ટી.એલ.એમ કીટ દ્વારા વિષયવસ્તુને વધુ અસરકારક બનાવ્યું જેના સારા પરિણામ જોવા મળેલ છે. |
| વિધાર્થીઓને વિષયવસ્તુ શીખવવા માટે આપે અન્ય કોઇ વિશિષ્ટ પ્રયોગ કર્યો હોય તે અંગેની નોંધ | |

| | |
|---|---|
| વિધાર્થીઓએ સાથે સંદેશાવ્યવહાર માટે હાથ ધરેલ વિશિષ્ટ પ્રયોગની નોંધ | અંતરિયાળ વિસ્તારમાં શેરી શાળા મુલાકાત સમયે રૂબરૂ, શિક્ષક દ્વારા ચાલતા વર્ચ્યુઅલ ક્લાસમાં જાતે જોઈન થઈને અને ટેલિફોનિક સંપર્ક દ્વારા. |
| વિધાર્થીઓના હોમલર્નિંગ માટે મેળવેલ સહયોગની વિગતવાર નોંધ | જે બાળકો પાસે WhatsApp ટેસ્ટ આપવા માટે મોબાઇલ નહોતા તેઓને ગામના યુવાનોએ સહયોગ આપેલ, એકમ કસોટી પરત મેળવવામાં તેમજ શેરી શાળામાં બાળકોની બેઠક વ્યવસ્થા કરવામાં એસએમસીના સભ્યો એ ખૂબ સારો સહયોગ આપેલ છે. જેમાં સાતરડા, વાઘપુર, રામપુર, બોરના મુવાડા, બોર તળાવ ગણેશ ખાંટ, સવાપુર ડામોરના મુવાડા, વાંકાનેડા, વિરણીયા, દાજીજી મુવાડા, હરીપુરા કંપા, અણીયોર કંપા વગેરે ગામોમાં ગામલોકોએ શેરી શાળામાં બાળકો અને શિક્ષકોને તકલીફ પડવા દીધેલ નથી. ડામોરના મુવાડામાં પગી આશાબેન કાળાભાઈ જેઓ મોડાસા બી.એડ. કોલેજના તાલીમાર્થી છે તેમણે શેરી શાળામાં સ્વયંસેવક તરીકે પ્રશંસનીય કામગીરી કરેલ છે. |
| ટેક્નોલોજીનો અભાવ ધરાવતા વિધાર્થીઓએ માટે કરેલ વિશિષ્ટ પ્રયત્નોની નોંધ | ક્લસ્ટરમાં 43 શેરી શાળા ચાલુ કરવામાં આવી. અંતરિયાળ વિસ્તારમાં જે બાળકો શેરી શાળા સુધી નહોતા આવી શકતા તેઓની રૂબરૂ મુલાકાત કરી વાલી અને બાળકને રૂબરૂ માર્ગદર્શન આપવામાં આવતું હતું. ધોરણ 1,2 નાના બાળકો માટે મેં પ્રજ્ઞા રથ દ્વારા રૂબરૂ શૈક્ષણિક કાર્ય કોરોના ના નિયમો આધીન રહીને કરાવ્યું. એસએમસી યુવાનો વાલીઓ અને સ્વયંસેવકો તેમજ ટુકડી નાયક વગેરે સહકાર ખૂબ મળેલ. પ્રોત્સાહન રૂપે પ્રમાણપત્ર સી.આર.સી. દ્વારા આપવામાં આવેલ છે. |
| GCERT દ્વારા રજૂ થતાં "એક કદમ આગળ" ની પ્રવૃત્તિમાં નોંધાવેલ ભાગીદારીની વિગતો | જિલ્લામાં સામાજિક વિજ્ઞાનના શિક્ષકોએ જે પ્રશ્નો બનાવ્યા હતા તે શિક્ષકો સાથે વાતચીત કરી મૌલિક પ્રશ્નો લઈ ક્લસ્ટરના શિક્ષકોને WhatsApp ગ્રૂપમાં શેર કરવામાં આવ્યા. એક કદમ આગળ અંક 9 પ્રશ્નોત્તરી WhatsApp ગ્રૂપમાં શેર કરવામાં આવતી હજુ વધુ સારું બની શકે તે માટે ક્લસ્ટરના શિક્ષકોના વિષય મંડળ બનાવી શકાય. જેમાં ઘણી ભાષા, વિજ્ઞાન, અંગ્રેજી પ્રશ્નોત્તરી મંડળ સ્વરચિત પ્રશ્નો બનાવી શકાય. ક્લસ્ટરમાં આ રીતે વિષય શિક્ષક 50 થી 60 પ્રશ્નો બનાવી બીજા સત્રના દરેક એકમના દરેક શિક્ષકને શેયર કરવામાં આવ્યા. |

| | |
|---|---|
| NMMS ની પરીક્ષામાં બાળકોએ રજીસ્ટ્રેશન કરેલ છે? | 17 |
| NMMS ની પરીક્ષામાં કેટલા બાળકોની ફી ભરાઇ અને મંજૂર થઇ? | 11 |
| 'GVS (ગુજરાત વર્ચ્યુઅલ શાળા) અંતર્ગત લાઇવ ક્લાસની લિંક પહોંચાડવા માટે આપેલ કરેલ પ્રયત્નોની વિગત | જાતે જોઇન થઇ ને જોડાયેલ પાર્ટીસિપેટ કેટલા થયા અને કેટલા નથી થયા તેની નોંધ કરી. |
| બાળકો આ લિંક આધારિત ક્લાસમાં જોડાય તે માટે અપનાવેલ માધ્યમ અને કરેલ પ્રયત્નોની નોંધ અને તે અંગેના આપના અભિપ્રાયો | આ વિસ્તારમાં નેટ પ્રોબ્લેમ ના કારણે ક્યારેક બાળકો જોડાઇ શકતા અને ક્યારેક નહોતા પણ જોડાઇ શકતા. જે લિન્ક મૂકવામાં આવતી તેના સ્કીનશોટ લેવામાં આવતા અને ફરીથી મહાવરા માટે ગ્રૂપમાં શેર કરવામાં આવતા. WhatsApp માધ્યમ તેમજ વિષય પ્રમાણે શિક્ષકોની ફાળવણી કરવામાં આવતી. આગળના પેપરનું રિવિઝન પ્રાથમિક માહિતી પૂરી પાડવી સરકારશ્રીના કોવિડ-19 ગાઈડનું પાલન કરી લાઇવ ક્લાસ લેવામાં આવતાં. વિષય શિક્ષક પ્રશ્નોત્તરી બનાવી શકે. એકમ મુજબ જે તે ધોરણના પ્રશ્નો તૈયાર કરી પીડીએફ બનાવી શકે અને તેની પ્રિન્ટ બાળકોને મોકલવામાં આવે. સ્વરચિત પ્રશ્નોત્તરી, વર્ક પ્લેસ, ફેસબુક ઉપર ગ્રૂપ બનાવી નંબર શેયર કરવામાં આવે વગેરે કરી શકાય. |
| NMMS અંતર્ગતના મોક ટેસ્ટમાં વધુ વિધાર્થીઓ જોડાય તે માટે આપના વિશિષ્ટ પ્રયત્નોની નોંધ | મોકટેસ્ટનું પરિણામ તરત જ આવતું તેની જાણ વિધાર્થીને કરવામાં આવતી તેનામાં ખૂબ જ ઉત્સાહ જણાતો. |
| NMMS અંતર્ગતના મોક ટેસ્ટ માટેનો મેસેજ બાળકોને મળ્યો કે  કે નહિ તેને ખરાઈ માટે કરેલ પ્રયત્નોની નોંધ | જે બાળકોને મેસેજ આવ્યો હોય તેને SMS મેસેજ ઓકે લખીને મોકલવા સૂચના આપી. જેને મેસેજ ના આવતો હોય તેવા વાલીઓને વધારાના મેસેજ ડીલીટ કરવા કહેવામાં આવતું હતું. |
| GVS (ગુજરાત વર્ચ્યુઅલ શાળા) અંતર્ગત ઓનલાઇન અને ઓફલાઇન ક્લાસ અંગે આપનો અભિપ્રાય | હા |

| | |
|---|---|
| NMMS પરીક્ષા સંબંધી માર્ગદર્શન માટે બાયસેગના માધ્યમથી વધુ બાળકો લાભ મેળવે તે માટે કરેલ વિશેષ પ્રયાસોની નોંધ | શિક્ષકો દ્વારા રૂબરૂ માર્ગદર્શન આપવામાં આવતું તેમજ આગળના વર્ષના બાળકો જેમને પરીક્ષા આપેલ હોય તેમનો સંપર્ક કરી તેઓના પાસેથી પેપર મેળવી જાતે જવાબ લખવા માટે જણાવેલ. મહાવરા કરાવવા માટે આગળના વર્ષના પેપર ફાઇલમાંથી વધુ નમુના વિષય શિક્ષકોના ગ્રૂપમાં મુકવામાં આવ્યા. |
| NMMS પરીક્ષામાં રાજયના બાળકોનો સારો દેખાવ થાય અને બાળકોને યોગ્ય મહાવરો મળી રહે તે માટે આપના અભિપ્રાયની નોંધ | જીસીઇઆરટી દ્વારા વિષય નિષ્ણાત પ્રશ્નો બનાવી અંક બહાર પાડી શકાય. કોચિંગ ક્લાસીસ કરાવી શકાય. UPSC કે GPSC પાસ કરેલ વ્યક્તિને સ્વૈચ્છિક 5 વિદ્યાર્થીઓને તૈયાર કરવાની જવાબદારી આપી શકાય. જનરલ નોલેજમાં વધુ જાણકારી ધરાવતાં શિક્ષકોના જ્ઞાનનો લાભ અપાવી શકાય. |
| હોમલર્નિંગને વધુ અસરકારક બનાવવા આપના સૂચનોની નોંધ | ગ્રામ્ય વિસ્તારમાં, અંતરિયાળ વિસ્તારમાં નેટ પ્રોબ્લેમ વધુ રહેતો હોય ત્યાં શેરી શાળા ઉત્તમ છે જેમાં વર્ગખંડ જેવા વાતાવરણનું નિર્માણ થઈ શકે છે. ફોલ્ડિંગ ટેન્ટની સુવિધા કરી શકાય જેનાથી ખુલ્લી જગ્યામાં પણ બાળકો બેસી શકે. શેરી નાટ્ય પદ્ધતિ, દાદીમાની વાતો, કથન પદ્ધતિ, દ્રશ્ય-શ્રાવ્ય પદ્ધતિ, પ્રયોગ નિદર્શન પદ્ધતિ, ગૃહકાર્ય લેખન પદ્ધતિ, બોલતી ઢીંગલી, WhatsApp ટેસ્ટ, પ્રશ્નોત્તરી અંક, વિવિધ કસોટીઓ, અઠવાડિક સાપ્તાહિક, માસિક, ત્રિમાસિક, છમાસિક અને વાર્ષિક, એકમ કસોટી, હોમલર્નિંગ વગેરે તમામ પદ્ધતિઓ કોવિડ-19 ગાઇડલાઇન મુજબ ઉપયોગી થઇ શકે. શહેરી વિસ્તારમાં તેમજ નેટ પ્રોબ્લેમ નથી ત્યાં વિદ્યાર્થીઓને ફરજિયાત ટેબ્લેટ પૂરા પાડવામાં આવે. પ્રોજેક્ટર સુવિધા, વર્ચ્યુઅલ ક્લાસ, ઈ-લર્નિંગ વગેરેનો સહયોગ મળે. |

- **નવતર પ્રયોગના ફોટોગ્રાફ**












## 3.2 ઉપસંહાર :

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકો દ્વારા સ્વરચિત પ્રશ્નાવલિ સ્વરૂપે તૈયાર કરેલ ગૂગલ ફોર્મ દ્વારા શાળાની રૂબરૂ મુલાકાત લઇ સંશોધનના હેતુઓ અનુસાર માહિતી એકત્ર કરી તેને વ્યક્તિ-અભ્યાસના સોપાનો મુજબ ગોઠવવામાં આવ્યાં હતા. પ્રશ્નાવલિના મુદ્દાઓના અનુસંધાનમાં શાળાઓના શિક્ષક પાસેથી મળેલ માહિતીનું તુલનાત્મક પૃથક્કરણ અને અર્થઘટન કરી તેને આધારે શાળાના નવતર પ્રયોગોની સમીક્ષા હાથ ધરવામાં આવી હતી અને તેને આધારે ચાવીરૂપ તારણોની વિગતો હવે પછીના પ્રકરણમાં આપવામાં આવેલ છે.

# પ્રકરણ 4

# સંશોધન સારાંશ, તારણો અને ભલામણો

## 4.0 પ્રસ્તાવના :

કોઇપણ સંશોધનના પાયામાં હેતુઓ, મળેલ સંશોધન માહિતીનું એકત્રીકરણ, પૃથકકરણ અને તેને આધારે અર્થઘટનનો સમાવેશ થાય છે, અને તેને આધારે જ સંશોધન માટેના તારણો બાંધી શકાય છે. કોઇપણ સંશોધનનો મુખ્ય ઉદ્દેશ પણ સમસ્યાનો જીણવટભર્યો અભ્યાસ કરીને તે અંગેનાં તારણો કાઢવાનો હોય છે તારણો સંશોધનનું હાર્દ છે. સમગ્ર સંશોધનનો નિચોડ છે તારણોથી સંશોધકો કે અન્ય વ્યકિતઓની કોઇપણ સમસ્યાનાં કારણો અંગેની ધારણાઓ હોય અથવા સમસ્યાના ક્ષેત્રના અંગે કોઇપણ માન્યતાઓ હોય તેને કાં તો સમર્થન મળે છે અથવા માન્યતા કે ધારણા ખોટી ઠરે છે. તારણોથી ભવિષ્યના સંશોધનોના ક્ષેત્રો ખુલ્લા થાય છે, અને સમસ્યાના ક્ષેત્રમાં સુધારણા કાર્યને દિશાસૂચન મળે છે. આ અભ્યાસમાં મળેલ માહિતીનું પ્રકરણ-4 માં વિગતવાર વિશ્લેષણ કરવામાં આવ્યું અને આ વિશ્લેષણને જુદા જુદા દષ્ટિકોણથી મૂલવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

કોવિડ 19 ના કારણે દરેક ક્ષેત્રમાં ફેરફારો થયા ત્યારે શાળા શિક્ષણ બંધ ન રહે તેમજ વિધાર્થીઓ ઘરે બેઠા શિક્ષણ કાર્ય મેળવી શકે તે માટે જિલ્લામાં શિક્ષકોએ કરેલ નવતર પ્રયાસોનો અભ્યાસ કરવાનો વિચાર સંશોધકોને સૂઝયો હતો. કોરોના વાયરસના કારણે સર્જાયેલી અસાધારણ પરિસ્થિતિમાં શિક્ષકોએ હાથ ધરેલ નવતર શૈક્ષણિક પ્રયોગ જેવા કે, ઘરે શીખીએના પ્રચાર-પ્રસાર માટે કરેલ પ્રવૃત્તિઓ, પરિવારનો માળો - સલામત અને હૂંફાળોના પ્રચાર-પ્રસાર માટે કરેલ પ્રવૃત્તિઓ, એકમ કસોટીના પ્રચાર-પ્રસાર માટે કરેલ પ્રવૃત્તિઓ, સામાયિક કસોટીના પ્રચાર-પ્રસાર માટે કરેલ પ્રવૃત્તિઓ ઉપરાંત અન્ય શૈક્ષણિક અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ, લોકજાગૃતિ માટે કરેલ પ્રવૃત્તિઓ, વિધાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિમાં અભિવૃધ્ધિ, વિધાર્થીઓની હાજરીમાં અભિવૃધ્ધિ, ઓનલાઇન શિક્ષણના પ્રચાર-પ્રસાર માટે કરેલ પ્રવૃત્તિઓની વિગતોને કેસસ્ટડીના માધ્યમથી તપાસવામાં આવી હતી. આ માહિતીના વિશ્લેષણને આધારે મળેલ તારણો, અભ્યાસના હેતુઓની ચકાસણી કરવામાં આવી હતી અને આ તમામ બાબતોને આધારે સંશોધનનો સારાંશ તેના તારણો, સૂચનો અને ભાવિ સંશોધનો માટેના સૂચનો કરવામાં આવ્યાં છે.

## 4.1 સંશોધન સારાંશ :

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકોએ કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગો કરનાર બાયડ, ભિલોડા, ધનસુરા, માલપુર, મેઘરજ અને મોડાસા એમ કુલ 06 તાલુકાના શિક્ષકો સાથે એક દિવસીય ઓનલાઇન બેઠક યોજી હતી. આ બેઠકમાં પ્રયોગ હાથ ધરનાર શિક્ષકો પાસેથી નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગોની માહિતી મેળવવામાં આવી હતી. આ ઓનલાઇન બેઠક દરમિયાન સંશોધકો દ્વારા રચિત પ્રશ્નાવલિની માહિતી કઇ રીતે ભરવી અને શિક્ષકે હાથ ધરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગના અહેવાલની વિગતોનું લેખન કઇ રીતે કરવું તેની સમજ આપવામાં આવી હતી. આ ઉપરાંત ગૂગલ ફોર્મની સમજ આપી અન્ય માહિતી કઇ રીતે ભરવી તેમજ ફોટોગ્રાફ્સ કઇ રીતે અપલોડ કરવા તે સમજાવવામાં આવ્યું હતું. શિક્ષકને કંઇ મુશ્કેલી હોય તો તેનું સ્થળ પર જ નિવારણ કરવામાં આવેલ હતું જેથી પ્રયોગ સંબંધી પ્રાપ્ત થયેલ માહિતી સચોટ, ચોક્કસ અને વાસ્તવિક મળે. આમ, સંશોધકો દ્વારા સ્વરચિત પ્રશ્નાવલિ તેમજ ગૂગલ ફોર્મના માધ્યમથી અન્ય માહિતી તેમજ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગો સંબંધી ફોટોગ્રાફની વિગતો એકત્ર કરવામાં આવી હતી. શાળાઓની મળેલ માહિતીનું તુલનાત્મક પૃથક્કરણ અને અર્થઘટન કરી તેને આધારે શાળાના નવતર પ્રયોગોની સમીક્ષા હાથ ધરવામાં આવી હતી અને તેને આધારે ચાવીરૂપ તારણો તારવવામાં આવ્યાં હતા.

## 4.2 તારણો :

પ્રસ્તુત સંશોધનનાં ચાવીરૂપ તારણો તાલુકાવાર નીચે મુજબ છે.

### 4.2.1. સામાન્ય તારણોઃ

- અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકામાંથી 07, ભિલોડા તાલુકામાંથી 06, ધનસુરા તાલુકામાંથી 07, માલપુર તાલુકામાંથી 05, મેઘરનજ તાલુકામાંથી 08 અને મોડાસા તાલુકામાંથી 08 મળી કુલ 41 નવતર પ્રયોગો રજૂ થયા હતાં. જે પૈકી સૌથી વધુ પ્રયોગો મેઘરજ અને મોડાસા તાલુકામાં જોવા મળ્યાં હતાં.
- શિક્ષકોએ રજૂ કરેલ પ્રયોગ પૈકી વિવિધ શૈક્ષણિક એપ અને માઇક્રોસોફ્ટ ટીમ્સ એપ દ્વારા અને યુટ્યુબ ચેનલ દ્વારા વર્ચ્યુઅલ શિક્ષણ (07), રૂબરૂ કે જાહેર સ્થળે શિક્ષણ (03), શેરી શિક્ષણ,

શેરીશાળા કે ફળિયા વર્ગ દ્વારા શિક્ષણ (11), કોરોના સંબંધી કામગીરી અને જાગૃતિ માટેના પ્રયત્નો (02), વિષય આધારિત શિક્ષણ (03), હરતો ફરતો પ્રજ્ઞા રથ (02), વ્યક્તિગત મુલાકાત દ્વારા શિક્ષણ (03), WhatsApp ગ્રૂપના માધ્યમથી વિજ્ઞાનના પ્રયોગો, પુસ્તક પરબ, વ્યસનમુક્તિ અભિયાન, લર્નિંગ લોસ મૂલ્યાંકન, NMMS પરીક્ષાના PDF પેપરના મહાવરાના અને કુદરતી હોનારતમાં બચાવ કામગીરીની જાણકારી, સહિયારું શિક્ષણ, નાટ્યલેખન, કાવ્યલેખન તથા વાર્તાલેખન દ્વારા શિક્ષણ, કલા શિક્ષણ, સહપાઠી થકી મૂલ્યાંકનને લગતા પ્રયોગોનો સમાવેશ થયેલ હતો.

- આ પ્રયોગોમાં 41 શિક્ષકોનો સમાવેશ થતો હતો. જે પૈકી 26 પુરૂષ શિક્ષકો અને 15 મહિલા શિક્ષકોનો સમાવેશ થયેલ હતો. આમ મોટેભાગે પુરૂષ શિક્ષકો દ્વારા વધુ પ્રયોગો હાથ ધરાયા હતા.
- સમગ્ર જિલ્લામાં રજીસ્ટર્ડ થયેલ વિદ્યાર્થીઓની સંખ્યા 6867 હતી. જેને ધ્યાને લઇ જોતાં સમગ્ર જિલ્લામાં સ્માર્ટફોન / ડિજિટલ મોબાઇલ ધરાવતા વિદ્યાર્થીઓની ટકાવારી (41.88), સાદાફોન ધરાવતા વિદ્યાર્થીઓની ટકાવારી (45.03), ટેલીવિઝન ધરાવતા વિદ્યાર્થીઓની ટકાવારી (45.56) અને કોઇ પણ પ્રકારની ટેકનોલોજી ધરાવતા હોય તેવા વિદ્યાર્થીઓની ટકાવારી (30.72) જોવા મળી હતી. આમ, જિલ્લાના 40 થી 45 ટકા વિદ્યાર્થીઓ પાસે કોઇ એક ટેકનોલોજીનું સાધન ઉપલબ્ધ હોવાથી લોકડાઉન દરમિયાન ડિજિટલ શિક્ષણ સરળ બન્યું હતું.
- જિલ્લાની દરેક શાળાઓએ સરકારશ્રી દ્વારા લોકડાઉનના સમયગાળા દરમિયાન વિદ્યાર્થીઓના શિક્ષણ માટે શરૂ કરેલ પહેલ અને તે સંબંધે શિક્ષકોને સોંપવામાં આવેલ કામગીરી પૂર્ણ કરવા અને સફળ બનાવવા માટે શિક્ષકે ફળિયા પ્રમાણે ગૃપ, પીડીએફ વોટ્સએપ દ્વારા, પ્રિન્ટની વ્યવસ્થા કરી તેમજ ડોર ટુ ડોર મુલાકાત દ્વારા હોમલર્નિંગ, ઘરે શીખીએ, એકમ કસોટીઓ, પરિવારનો માળો સલામત અને હુંફાળો, બાયસેગ આધારિત પ્રસારિત થતાં કાર્યક્રમો, વોટ્સએપ ટેસ્ટ, દિક્ષા એપ, વર્ચ્યુયલ શિક્ષણ, ઓનલાઇન ક્વિઝ જેવા કાર્યક્રમો સંબંધિત સમગ્ર કામગીરીનું સંકલન કરેલ હતું.
- જિલ્લાની દરેક શાળાઓએ કોરોના અંગે સરકારશ્રીની ગાઇડ લાઇન મુજબ કોરોના સામે કઇ રીતે રક્ષણ મેળવવું તેનાથી ગ્રામજનોને માહિતગાર કર્યા હતા.
- શિક્ષકોએ બાળકોના સ્માર્ટફોનમાં નેટનું રિચાર્જ ના હોય તેવા કિસ્સાઓમાં શાળાના વાઇ-ફાઇ દ્વારા પણ કાર્યક્રમ સફળ બનાવવા પ્રયાસ કર્યા હતા.

- શિક્ષકોએ શેરી શાળાના માધ્યમથી કોરોના ગાઈડ લાઈનને અનુસરીને બાળકોના શૈક્ષણિક કાર્યને બળવત્તર રાખ્યું હતું.
- બાળકો તથા તેમના વાલીઓ વોટ્સએપ સારી રીતે ઉપયોગની જાણકારી ધરાવતા હોઇ માહીતીના આદાન પ્રદાનમાં અને શૈક્ષણિક કાર્યમાં તેનો મહત્તમ ઉપયોગ થયેલ જોવા મળ્યો હતો.
- જિલ્લાની મોટાભાગની શાળાઓમાં Google classroom નો ઉપયોગ થયેલ જોવા મળેલ નથી.
- પ્રયોગમાં સહભાગી થનાર શાળાઓ પૈકી 90.00% શાળાઓના વિધાર્થીઓએ NMMS ની પરીક્ષામાં રજીસ્ટ્રેશન કરેલ હતું અને આ તમામ બાળકોની ફી ભરાઇ અને મંજૂર થઇ હતી.

### 4.2.2. બાયડ તાલુકાના શિક્ષકો દ્વારા થયેલ નવતર શૈક્ષણિક પ્રયોગો સંબંધી તારણો :

- બાયડ તાલુકાની રૂઘનાથપુર સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક શ્રી માવાણી મેહુલકુમાર વિઠ્ઠલભાઇ દ્વારા **યુટ્યુબ ચેનલ દ્વારા શિક્ષણ- મેહુલ માવાણી એજ્યુકેશન એન્ડ કલ્ચર - યુટ્યુબ ચેનલ**નો નવતર શૈક્ષણિક પ્રયોગ હાથ ધરવામાં આવેલ હતો.
- આ પ્રયોગમાં શિક્ષકે ધોરણ 6 થી 8 ના તમામ વિષયો પર માર્ગદર્શન આપતા વિડીયો બનાવી યુટ્યુબ ચેનલ પર મુકવા માટેનો પ્રયાસ કર્યો હતો.
- શિક્ષકના આ પ્રયોગ દ્વારા તૈયાર કરેલ શૈક્ષણિક વિડીયો બાળકો,
    - બાળકો સરળતાથી અભ્યાસ અને સ્વાધ્યાયની પ્રવૃતિ કરી શકે.
    - બાળકોને સદર્ભ સાહિત્ય ખરીદવું ના પડે.
    - પ્રશ્નોની સરળ અને સાદી ભાષામાં સમજણ આપી શકાય.
    - બાળકો પોતાના અનુકૂળ સમયે શિક્ષણ મેળવી શકે.
    - પ્રશ્નોની સમજણ માટે એક જ વખત બનાવેલ વિડીયો વારંવાર જોઈ શકાય.
    - એક થી વધુ ધોરણોમાં ક્લાસ ચાલુ હોય ત્યારે કોમ્પ્યુટર કે સ્માર્ટ ક્લાસના માધ્યમથી બાળકોને મહાવરો કરાવી શકાય.
    - બાળકોને વોટ્સ એપના માધ્યમથી લિંક મોકલી શકાય.
    - માઇક્રોસોફ્ટ ટીમ્સ જેવી અન્ય એપ માટે ખુબજ ઉપયોગી

  વગેરે જેવી પ્રવૃત્તિ માટે તૈયાર કરેલ હતા.

- આ પ્રયોગમાં શાળાના ધોરણ 6 થી 8 ના 37 બાળકો ઉપરાંત અન્ય શાળાના બાળકો પણ જોડાયેલ હતાં.
- આ પ્રયોગમાં બાળકોને વોટ્સ એપના માધ્યમથી ધોરણ વાર ગ્રૂપ બનાવી તેમાં લિંક મોકલવામાં આવતી હતી. જેથી તેઓ ઘરે બેસીને સરળતાથી અભ્યાસ કરી શકે તેમજ જરુર જણાયે અભ્યાસના મૂંઝવતા પ્રશ્નોના જવાબ સરળતા મેળવી શકે.
- આ પ્રયોગથી બાળકો જે મોબાઇલનો ઉપયોગ ગેમ્સ અને કાર્ટુન જેવા વિડીયો જોઇ સમય- શક્તિ અને મોબાઇલનો દુરઉપયોગ કરતા હતા, તે જ બાળકો મોબાઇલ ટેક્નોલોજીથી વાકેફ થયા તેમજ યુટ્યુબ, ગૂગલ, માઇક્રોસોફ્ટ ટીમ્સ, વોટ્સએપ જેવી કેટલીયે એપ્લીકેશન વિશે તેઓ માહિતગાર થયા અને અભ્યાસમાં તેનો વિશેષ ઉપયોગ કરતા થયા.
- આ પ્રયોગને કારણે બાળકો ચેનલના માધ્યમ દ્વારા પોતાનું શિક્ષણ કાર્ય સારી રીતે કરતા થયાં, વિષયને લગતા વિડીયો, ડી.ડી. ગિરનાર, બાયસેગ પરથી જોતા થયા અને અભ્યાસ, સ્વાધ્યાય અંગે અને પ્રવૃતિ માટે ચેનલના માધ્યમથી કરવા લાગ્યા જેના કારણે અભ્યાસક્રમ મહદઅંશે પુરો કરી શકાયો.
- બાયડ તાલુકાની તેનપુર સરકારી પ્રાથમિક શાળાના શિક્ષિકા અશોકકુમાર કૃષ્ણાભાઈ પટેલ દ્વારા **મમતાને સમતા માટે શીર્ષક શું હોય**નો નવતર શૈક્ષણિક પ્રયોગ હાથ ધરવામાં આવેલ હતો.
- આ પ્રયોગ દ્વારા શિક્ષકે સરકારશ્રીની નિતી અનુસાર વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન, યોગ વિનિયોગ, મતદાર જાગૃતિ, વેક્સિન જાગૃતિ અભિયાન, શૈક્ષિણક કાર્યક્રમો જેવા કે હોમલર્નિંગ, શેરી શાળા, વર્ચ્યુઅલ કલાસ, ઘર મુલાકાત વગેરે કાર્યક્રમો હાથ ધર્યાં હતાં.
- શિક્ષકે આ ઉપરાંત સમાજમાં જનજાગૃતિ વધે તેવું નાટ્યલેખન, કાવ્યલેખન તથા વાર્તાલેખનની કામગીરી પણ કરેલ હતી.
- શિક્ષકે ડિજિલ મિડિયા, રૂબરૂ મુલાકાત, ટેલિફોનિક સંપર્ક તથા શેરી શાળાઓ દ્વારા આ કાર્યક્રમનું અમલીકરણ કરેલ હતું.
- આ પ્રયોગને કારણે બાળકો તથા વાલીઓમાં પ્રકૃતિ માટે પ્રેમ નિર્માણ થયો, ઇશ શ્રદ્ધા તથા હકારાત્મક સદભાવના વધી, સ્વચ્છતા અંગે વલણો કેળવાયા અને પશુ- પક્ષીઓને પ્રકૃત્તિના અભિન્ન અંગ તરીકે બાળકો જોતા થયા.

- બાયડ તાલુકાની અમરગઢ સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક શ્રી પટેલ પરેશકુમાર ચંદુલાલ દ્વારા **યુટ્યુબ ચેનલ દ્વારા શિક્ષણ - ચેનલ (1) ગવર્મેન્ટ સ્કૂલ ઇન્ફિનિટી ટેલેન્ટ (2) મેહુલ માવાણી એજ્યુકેશન એન્ડ કલ્ચર**નો નવતર શૈક્ષણિક પ્રયોગ હાથ ધરવામાં આવેલ હતો.
- આ પ્રયોગમાં શિક્ષકે ધોરણ 6 થી 8 ના તમામ વિષયો પર માર્ગદર્શન આપતા વિડીયો બનાવી યુટ્યુબ ચેનલ પર મુકવા માટેનો પ્રયાસ કર્યો હતો.
- શિક્ષકના આ પ્રયોગ દ્વારા તૈયાર કરેલ શૈક્ષણિક વિડીયો બાળકો,
    - બાળકો સરળતાથી અભ્યાસ અને સ્વાધ્યાયની પ્રવૃતિ કરી શકે.
    - બાળકોને સદર્ભ સાહિત્ય ખરીદવું ના પડે.
    - પ્રશ્નોની સરળ અને સાદી ભાષામાં સમજણ આપી શકાય.
    - બાળકો પોતાના અનુકૂળ સમયે શિક્ષણ મેળવી શકે.
    - પ્રશ્નોની સમજણ માટે એક જ વખત બનાવેલ વિડીયો વારંવાર જોઈ શકાય.
    - એક થી વધુ ધોરણોમાં ક્લાસ ચાલુ હોય ત્યારે કોમ્પ્યુટર કે સ્માર્ટ ક્લાસના માધ્યમથી બાળકોને મહાવરો કરાવી શકાય.
    - બાળકોને વોટ્સ એપના માધ્યમથી લિંક મોકલી શકાય.
    - માઇક્રોસોફ્ટ ટીમ્સ જેવી અન્ય એપ માટે ખુબજ ઉપયોગી

  વગેરે જેવી પ્રવૃત્તિ માટે તૈયાર કરેલ હતા.
- આ પ્રયોગમાં શાળાના ધોરણ 6 થી 8 ના 40 બાળકો ઉપરાંત અન્ય શાળાના બાળકો પણ જોડાયેલ હતાં.
- આ પ્રયોગમાં બાળકોને વોટ્સ એપના માધ્યમથી ધોરણ વાર ગ્રૂપ બનાવી તેમાં લિંક મોકલવામાં આવતી હતી. જેથી તેઓ ઘરે બેસીને સરળતાથી અભ્યાસ કરી શકે તેમજ જરુર જણાયે અભ્યાસના મૂંઝવતા પ્રશ્નોના જવાબ સરળતા મેળવી શકે.
- આ પ્રયોગથી બાળકો જે મોબાઇલનો ઉપયોગ ગેમ્સ અને કાર્ટુન જેવા વિડીયો જોઇ સમય- શક્તિ અને મોબાઇલનો દુરઉપયોગ કરતા હતા, તે જ બાળકો મોબાઇલ ટેક્નોલોજીથી વાકેફ થયા તેમજ યુટ્યુબ, ગૂગલ, માઇક્રોસોફ્ટ ટીમ્સ, વોટ્સએપ જેવી કેટલીયે એપ્લીકેશન વિશે તેઓ માહિતગાર થયા અને અભ્યાસમાં તેનો વિશેષ ઉપયોગ કરતા થયા.

- આ પ્રયોગને કારણે બાળકો ચેનલના માધ્યમ દ્વારા પોતાનું શિક્ષણ કાર્ય સારી રીતે કરતા થયાં, વિષયને લગતા વિડીયો, ડી.ડી. ગિરનાર, બાયસેગ પરથી જોતા થયા અને અભ્યાસ, સ્વાધ્યાય અંગે અને પ્રવૃતિ માટે ચેનલના માધ્યમથી કરવા લાગ્યા જેના કારણે અભ્યાસક્રમ મહદઅંશે પુરો કરી શકાયો.
- શિક્ષકે યુટ્યુબ ચેનલની માધ્યમથી સામાન્ય જ્ઞાન, દિક્ષા એપના વિડીયો, વિષય અંતર્ગત સ્વાધ્યાય, શિક્ષકો અને બાળકોની તાલીમ અને તેના સર્ટી. મેળવવા માટેના માર્ગદર્શક વિડીયો, ઘરે શીખીએ, ઉખાણા, વૈકલ્પિક પ્રશ્નો અંગેના વિડીયો અપલોડ કરી બાળકો, વાલીઓ અને અન્ય શિક્ષક મિત્રો સુધી પહોંચાડ્યા હતાં.
- શિક્ષકે જે બાળકો પાસે કોઇ ઉપકરણ ન હોય તેવા બાળકોના ઘરની વધુમાં વધુ મુલાકાત લઇ તેમને તેમના ધોરણના અન્ય બાળકો સાથે બેસી ઉપકરણનો ઉપયોગ કરી શકે અને અભ્યાસમાં મદદરૂપ થાય તેવુ આયોજન કર્યું હતું.
- NMMS ની પરીક્ષામાં શાળાના 5 બાળકોએ રજીસ્ટ્રેશન કરેલ હતું અને આ તમામ બાળકોની ફી ભરાઇ અને મંજૂર થઇ હતી.
- લીંબ સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકે **આગનો અંજપો** ના નવતર પ્રયોગ દ્વારા બાળકો અને વાલીઓ આગલાગવાની દુર્ઘટના સમયે રાખવાની થતી કાળજી અને જાગૃત્તિ માટે ફાયર સેફટી માટેનો કાર્યક્રમનું આયોજન કરેલ હતું.
- વાંટા સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકે **માઇક્રોસોફ્ટ ટીમ્સ એપ દ્વારા વર્ચ્યુઅલ શિક્ષણમાં સફળતા** ના નવતર પ્રયોગ દ્વારા ધોરણ-5 ના વિધાર્થીને વિષયવસ્તું શિક્ષણની વિશિષ્ટ કામગીરી હાથ ધરેલ હતી.
- ગુણ આધારિત પ્રશ્નપત્રના માધ્યમથી વિધાર્થીનું મૂલ્યાંકન કરવામાં આવેલ હતું.
- શિક્ષકે ગણનના એસાઇન્મેન્ટ બનાવી વિધાર્થીઓને અપાતા તથા તે નિયમિત ચકાસવામાં આવતા.
- શિક્ષકે Google Form દ્વારા ધોરણ-5 ગુજરાતીમાં એકમ -8 તથા એકમ-9 માં ઓનલાઇન ક્વિઝ બનાવી હતી.

### 4.2.3. ભિલોડા તાલુકાના શિક્ષકો દ્વારા થયેલ નવતર શૈક્ષણિક પ્રયોગો સંબંધી તારણો :

- આંબાબાર સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકે રૂબરૂ શિક્ષણનું મહત્વ નવતર પ્રયોગ દ્વારા શેરી શાળાની વિશિષ્ટ કામગીરી કરી હતી. જેમાં તેણે નિયમિત શિક્ષણકાર્ય ઉપરાંત વિધાર્થીઓને NMMS, PSE, નવોદય પરીક્ષાની તૈયારી કરાવવી હતી.
- શિક્ષકે મૂલ્યાંકનના ભાગરૂપે એકમ કસોટીની સાથે-સાથે ધોરણ 6 થી 8 મા ટેસ્ટ લેવાની પ્રવૃત્તિ કરાવી જેમાં તેણે પાથેય એપ,શાળામિત્ર એપ વગેરેનો ઉપયોગ કર્યો.
- ઓનલાઈન કરતા બાળકો શેરી શાળા શિક્ષણમાં પરિણામ સારું મળે છે.
- શિક્ષકે બાળકોના મૂલ્યાંકન માટે ગૂગલ ફોર્મમાં ઉપયોગ કર્યો હતો.
- ટોરડા સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકે દ્રશ્ય શ્રાવ્ય બાળ શિક્ષણ ના નવતર પ્રયોગ દ્વારા બાળકોને વાલીઓના ફુરસતના સમયે વિડીયો દ્વારા શિક્ષણ આપ્યું હતું.
- બાળકો દ્રશ્ય શ્રાવ્ય વિડીયોથી શિક્ષણ મેળવતા હોવાથી તેમનો શૈક્ષણિક રસ, રુચિ જળવાઇ રહી.
- શિક્ષકે ઓનલાઈન કવીઝ બનાવી બાળકોનું મૂલ્યાંકન કરેલ હતું તેમજ ચાર યુટયૂબ વિડીયો અને છ ફેસબુક પેજ દ્વારા શિક્ષણ કાર્યને વધુ સઘન  બનાવવા પ્રયત્નો  કર્યાં હતાં.
- પાટીયાકુવા સરકારી પ્રાથમિક શાળાના કામ કરતા કોઈ શરમ ના હોય ના નવતર પ્રયોગ દ્વારા બાળકોને શેરી શિક્ષણ, વાલીઓ સાથે મુલાકાત, બાળકોના કાર્યની નોંધ કરી તેમના માટે શૈક્ષણિક કામગીરી હાથ ધરી.
- ભિલોડા આદર્શ પ્રાથમિક શાળા શિક્ષકે કોરોના જાગૃતિ પ્રયત્નો ના નવતર પ્રયોગ દ્વારા બાળકોને માઈક્રોસોફ્ટ ટીમ્સ એપના માધ્યમથી કોરોના સંબંધી જાગૃતિ અંગેનું શિક્ષણ આપ્યું.
- ભિલોડા કંપા સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકે ટેક્નોલોજીના ઉપયોગ વગર બાળકો ઘરે બેસીને લખી શકે અને તેમનું શબ્દભંડોળ વિકસે તે માટે ન,મ,ગ,જ શબ્દાવલી ના નવતર પ્રયોગ દ્વારા ન,ગ,મ,જ અને શબ્દોવાળા ફોર્મેટથી બાળકોનું શિક્ષણકાર્ય હાથ ધર્યું.
- ભિલોડા પ્રાથમિક શાળા-2 ના શિક્ષકે YouTube ના માધ્યમથી PPT દ્વારા શિક્ષણ ના નવતર પ્રયોગ દ્વારા શાળાના ધો. 8 ના બાળકો માટે બાળકો અંગ્રેજી વિષયની પ્રવૃત્તિ દ્વારા શિક્ષણકાર્ય હાથ ધર્યું.

- શિક્ષકે Google ફોર્મની ક્વિઝ બનાવી બાળકોના રીસ્પોંસ મુજબ એનાલીસીસ કરી ઉપચારાત્મક શિક્ષણકાર્ય હાથ ધરેલ હતું.
- શિક્ષકે યુટયૂબ વિડીયો દ્વારા શિક્ષણકાર્યને વધુ સઘન બનાવવા પ્રયત્નો કર્યાં હતાં.

### 4.2.4. ધનસુરા તાલુકાના શિક્ષકો દ્વારા થયેલ નવતર શૈક્ષણિક પ્રયોગો સંબંધી તારણો :

- આકરૂન્દ સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકે **YouTube ના માધ્યમ દ્વારા શિક્ષણ** ના નવતર પ્રયોગ દ્વારા શાળાના ધોરણ 6 થી 8 ના બાળકો ગણિત વિષયનો અભ્યાસ ઘરે બેઠા કરી શકે તે માટે YouTube ચેનલ બનાવી તેના દ્વારા બાળકોને દરરોજ એક વિડીયો મોકલી શિક્ષણકાર્ય હાથ ધરેલ હતું.
- આ પ્રયોગમાં શિક્ષકે વિધાર્થીઓને ઘરે જઈને માર્ગદર્શન આપ્યું જેના પરિણામે બાળકો ગણિત વિષયનો સારી રીતે અભ્યાસ કરી શક્યા અને સારુ પરિણામ લાવી શક્યા.
- ધનસુરા સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકે **કોરોના પોઝિટિવનું કાઉન્સિલ** ના નવતર પ્રયોગ દ્વારા જિલ્લામાં બનાવેલ ભાગ્યલક્ષ્મી કોરોન્ટાઇન સેન્ટરની મુલાકાત લઇ કોરોના પોઝિટિવ દર્દીઓને માર્ગદર્શન આપેલ હતું.
- નવલપુર સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકે **સ્પીકર દ્વારા અને વેબ કેમ દ્વારા શિક્ષણ** ના નવતર પ્રયોગ દ્વારા શિક્ષણકાર્યને વધુ સઘન બનાવવા પ્રયત્નો કર્યાં હતાં.
- પાંચકુહાડા સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકે **અંગ્રેજી વિષયમાં ટી.એલ.એમ. નિર્માણ દ્વારા શિક્ષણ** ના નવતર પ્રયોગ દ્વારા ધોરણ 1 અને 2 અને ધોરણ 6 થી 8 ના બાળકોના શિક્ષણકાર્યને વધુ સઘન બનાવવા પ્રયત્નો કર્યાં હતાં.
- આ પ્રયોગને કારણે બાળકોની શીખવાની ઝડપમાં વધારો થયો અને તેઓ નિયમિત શાળામાં આવતા થયાં.
- રમોસ સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકે **વિધાર્થીની ખુશી શિક્ષક એવોર્ડ** ના નવતર પ્રયોગ દ્વારા વિધાર્થી શિક્ષણ સાથે જોડાયેલા રહે તેમના કાર્યને પ્રોત્સાહન માટે પ્રાણીઓના નામ ક્રિયાપદો વગેરેમાંથી એક સ્પેલિંગ લખવાની પ્રવૃત્તિ દ્વારા નવી શૈક્ષણિક બાબતો શીખવી શિક્ષણકાર્યને વધુ સઘન બનાવવા પ્રયત્નો કર્યાં હતાં.

- વડાગામ સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકે **એક ડગલું શિક્ષણ તરફ** ના નવતર પ્રયોગ દ્વારા શેરી શિક્ષણમાં ટીમ પાડીને વિષય મુજબ પ્રશ્નોત્તરી દ્વારા જ્ઞાનની વિસ્તૃત સમજ આપી શિક્ષણકાર્યને વધુ સઘન  બનાવવા પ્રયત્નો  કર્યાં હતાં.
- હીરાપુર સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકે **ડાઉનમાં અપ થઈએ નવી દિશામાં** ના નવતર પ્રયોગ દ્વારા પુસ્તક પરબ દ્વારા શાળાના બાળકો, ભૂતપૂર્વ વિધાર્થીઓ અને વાલી અને ગ્રામજનોની વાંચન પ્રવૃત્તિને તેમજ વિધાર્થીના જ્ઞાનમાં વધારો કરવા માસવાર આયોજન મુજબ એકમ કસોટીનું સંપુટ, ઉનાળું વેકેશનનું ગૃહકાર્ય સંપુટ અને દિવાળી વેકેશન ગૃહકાર્ય સંપુટ તૈયાર કરી દરેક બાળકોને ઝેરોક્ષ આપી તેમજ વ્યક્તિગત રીતે મુલાકાત દ્વારા માર્ગદર્શન આપી બાળકોના શિક્ષણને વધુ સઘન બનાવવા પ્રયત્નો  કર્યાં હતાં.

### 4.2.5. માલપુર તાલુકાના શિક્ષકો દ્વારા થયેલ નવતર શૈક્ષણિક પ્રયોગો સંબંધી તારણો :

- માલપુર તાલુકાની કાનેરા સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક શ્રી પટેલ સતિષકુમાર જયંતિભાઇ દ્વારા **મારી કલા, શૈક્ષણિક કાર્ય અને ટેકનોલોજીનો ઉપયોગ**નો નવતર શૈક્ષણિક પ્રયોગ હાથ ધરવામાં આવેલ હતો.
- શિક્ષકે કોવિડ-19 સમયગાળા દરમિયાન વર્ક ફ્રોમ હોમ અંતર્ગત ધોરણ  1 થી 8 ના બાળકો માટે 160 જેટલા શૈક્ષણિક ટી.એલ.એમ.નિર્માણ કર્યાં હતાં.
- લોકડાઉનના શરૂઆતના સમયગાળામાં બાળકોના ઘરે-ઘરે જઇને કેલીગ્રાફી ડિઝાઇન દ્વારા અક્ષરો સુધારા માટેના શિક્ષકે પ્રયાસો કરેલ હતા.
- શિક્ષકે બાળકો માટે નિબંધલેખન સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા અને કાવ્ય સ્પર્ધાનુ આયોજન કરી તેમને સ્પર્ધામાં ભાગ લેવા પ્રોત્સાહિત કર્યા હતા.
- શિક્ષકે સરકારશ્રી દ્વારા આ સમયે અમલમાં મૂકવામાં આવેલ કાર્યક્રમ અંતર્ગત બાળકો માટે પખવાડિયાનું ગૃહકાર્ય, ઘરે શીખીએ પુસ્તિકા પ્રવૃત્તિઓ, ટી.એલ.એમ. નિર્માણ કરી શૈક્ષણિક કાર્યમાં ઉપયોગ, વર્ચ્યુઅલ કલાસ રૂમ દ્વારા શૈક્ષણિક કાર્ય, એકમ કસોટી ( સામયિક મૂલ્યાંકન કસોટી) અને પુનઃ કસોટી, ડી.ડી ગિરનાર ગુજરાતી ચેનલના શૈક્ષણિક કાર્યક્રમોનો અમલ, શાળાના નામનું WhatsApp ગ્રૂપ, શેરી શાળા દ્વારા શૈક્ષણિક કાર્ય, શેરી શાળામાં આસન, યોગ, સૂર્યનમસ્કાર અને રમતો, WhatsApp આધારિત સાપ્તાહિક મૂલ્યાંકન અને પ્રિય બાળકોની શેરી શાળા જેવા વિશિષ્ટ કાર્યક્રમોનું સફળ આયોજન કરેલ હતું.

- શિક્ષકે બાળકોની ઘરે શીખીએ પુસ્તિકા પુરાવી, પ્રવૃત્તિઓ કરાવી અને પુસ્તિકા તપાસણી કરીને ઓનલાઇન ડેટા એન્ટ્રી કરી, સામયિક એકમ કસોટી પૂર્ણ કરાવીને તપાસીને પુન: કસોટી પૂર્ણ કરાવી તપાસણી કરી ઓનલાઇન સ્કેનિંગ કરી, ડી.ડી.ગિરનાર પર પ્રસારિત થતા હોમલર્નિંગમાં દરેક બાળક દરરોજ ભાગ લે તેની તકેદારી રાખી, બાળકોને નિબંધલેખન સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા અને કાવ્ય સ્પર્ધામાં ભાગ લેવા પ્રોત્સાહિત કરી તેમજ શેરીશાળામાં બાળકો નિયમિત આવે ગૃહકાર્ય લાવે તેનું સતત ધ્યાન રાખી આ પ્રયોગને સફળ બનાવેલ હતો.
- શિક્ષકના આ પ્રયોગને કારણે,
    - કેલીગ્રાફીથી ડિઝાઇન વારંવાર દોરાવાથી બાળકોના અક્ષરોમાં સુધારો જોવા મળેલ છે.
    - કોરોના મહામારીમાં પણ બાળકોએ તેમની કક્ષા મુજબ શૈક્ષણિક કાર્ય સારુ કરેલ છે.
    - અભ્યાસક્રમની સાથે એકમ કસોટી આપી બાળકોએ પરીક્ષાનો પણ અનુભવ કર્યો.
    - વિધાર્થીઓએ ક્વિઝ દ્વારા જનરલ નોલેજની જાણકારી મેળવેલ છે.
    - હોશિયાર બાળકોએ મોટાભાગનો અભ્યાસક્રમ પૂર્ણ કરેલ છે.
    - વર્ચ્યુઅલ કલાસ રૂમ, વૉટ્સએપ કસોટી દ્વારા બાળકોને મોબાઇલનો શૈક્ષણિક ઉપયોગ કરતા શીખ્યા છે.
    - ટી.એલ.એમ.ના ઉપયોગથી બાળકો જાતે સરળતાથી વિષયવસ્તુ સમજી શક્યા છે.
    - શેરી શાળામાં ફળિયામાં બેસી ભણાવવાનો બાળકોને નવીન અનુભવ થયો.
- માલપુર તાલુકાની ભૂતા સરકારી પ્રાથમિક શાળાના શિક્ષિકા પટેલ લતાબેન વિઠ્ઠલભાઈ દ્વારા **શિક્ષક ધર્મ**નો નવતર શૈક્ષણિક પ્રયોગ હાથ ધરવામાં આવેલ હતો.
- આ પ્રયોગમાં કુલ 384 બાળકોને જોડવામાં આવ્યાં હતાં.
- શિક્ષકે ગ્રામજનોમાં કોરોના મહામારીમાં જાગૃતિ લાવી કોરોનાથી બચવાના ઉપાયો અને સંક્રમિત થવાના કારણો અંગે માર્ગદર્શન પુરુ પાડયું, વિધાર્થીઓની મનોસામાજિક માવજત, બીક, પ્રશ્નો, મુંઝવણ અંગે માર્ગદર્શન આપ્યું, ટેકનોલોજીના અભાવે વિધાર્થીઓ શિક્ષણથી વંચિત ન રહે તે માટે ઘરે ઘરે જઇને વિધાર્થીઓને શિક્ષણ આપવાના નવતર પ્રયોગો દ્વારા શિક્ષણ સાથે જોડી રાખવાનો પ્રયાસ કર્યો, નવીનતમ પ્રવૃત્તિ દ્વારા સ્વપ્રયત્ને ગોખણપટ્ટી વિનાનું શિક્ષણ આપ્યું અને અભ્યાસક્રમનું શિક્ષણકાર્ય સાથે એકમ કસોટી, ઘરે શીખીએ પુસ્તિકાઓ, દર્પણ ડાયરીનું માર્ગદર્શન જેવી જુદી જુદી પ્રવૃત્તિઓ હાથ ધરી હતી.

- શિક્ષકે એકમ કસોટી, ઘરે શીખીએ પુસ્તિકા, વર્ગદર્પણ, પરિવારનો માળો, સલામત અને હૂંફાળો, SSA ની વેબસાઇટ પર આપવામાં આવતું સાપ્તાહિક આયોજન, ડી.ડી. ગિરનાર પર પ્રસારીત થતા શૈક્ષણિક કાર્યક્રમો, વંદે ગુજરાત (બાયસેગ) પર પ્રસારિત થતાં શૈક્ષણિક કાર્યક્રમો, WhatsApp ટેસ્ટ (ધોરણ 3 થી 5 અને ધોરણ 6 થી 8), વર્ચ્યુઅલ શિક્ષણ શેરીવર્ગ / ફળિયાશિક્ષણ, શાળાની પોતાની YouTube ચેનલ, YouTube પરની શૈક્ષણિક સામગ્રીનો ઉપયોગ, દીક્ષા એપ, ઓનલાઇન ક્વિઝ, અને વિધાર્થી / વાલીની રૂબરૂ મુલાકાત જેવા સરકારના કાર્યક્રમોનું સફળ અમલીકરણ કરેલ હતું.
- શેરી શાળામાં શિક્ષક દ્વારા પ્રત્યક્ષ આપવામાં આવતા શિક્ષણના મુલ્યાંકન માટે સ્વહસ્તાક્ષરે શૈક્ષણિક મુલ્યાંકન શીટ તૈયાર કરી એની ઝેરોક્ષ કોપી કરીને દરેક વિધાર્થીને વ્યક્તિગત આપી હતી અને બાળકોના શૈક્ષણિક સિદ્ધિના મુલ્યાંકનની ચકાસણી કરેલ હતી.
- શિક્ષકે ગૃહકાર્યના લેખન માટે દરેક વિધાર્થીને નોટબુક પેન, પેન્સિલ વગેરે જેવી સ્ટેશનરી સ્વખર્ચે પુરી પાડી હતી તેમજ વિધાર્થીઓ આપેલ ગૃહકાર્યની નિયમિત નોંધ અને નિયમિત ચકાસણી કરી હતી. જેથી પ્રયોગને સફળતા મળી હતી.
- શિક્ષકે હરતું ફરતું ગૃહકાર્ય, કાંકરાથી શીખીએ, પત્તે પે પત્તા, પસ્તીનાં રમકડાં જેવા નવતર કાર્ક્રમો દ્વારા વિધાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિમાં અભિવૃધ્ધિના પ્રયાસો હાથ ધર્યાં હતાં.
- શિક્ષકે એકમ કસોટી, સ્વ અધ્યયન પોથી, ઘરે શીખીએ પુસ્તિકા, પાઠ્યપુસ્તકોના લેખન, નિદાન કસોટી, અધ્યયન નિષ્પત્તિમાં જોવા મળેલ સિદ્ધિ, શેરી શાળામાં નિયમિત અપાતા ગૃહકાર્યની ચકાસણી, એકમ કસોટીઓની ચકાસણી, ઉપચારાત્મક શિક્ષણ કાર્ય, શૈક્ષણિક પ્રવૃત્તિઓ, વૉટ્સએપ ટેસ્ટને આધારે મૂલ્યાંકન કાર્ય હાથ ધર્યું.
- કચાશ ધરાવતા બાળકો માટે શિક્ષક દ્વારા સ્વ-હસ્તાક્ષરે મુલ્યાંકન શીટ દ્વારા લેખન કરાવીને તેને આધારે બાળકોનું શૈક્ષણિક મુલ્યાંકન કરેલ હતું.
- શિક્ષકના આ પ્રયાસોને કારણે કોરોના મહામારીના લોકડાઉન સમયમાં શાળાઓ બંધ હોવા છતાં વિધાર્થીઓ શિક્ષણકાર્ય સાથે જોડાઇ રહ્યા.
- બાળકો અધ્યયન નિષ્પત્તિઓની સિધ્ધિ પ્રાપ્ત કરી, સ્વાધ્યાયપોથી અને ઘરે શીખીએ પુસ્તિકા, દર્પણ ડાયરીનું કાર્ય કરી શક્યા તેમજ એકમ કસોટી અને નિદાન કસોટી આપી શક્યા.
- કોયલીયા સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકે **35 મિનિટના તાસનું આયોજન** ના નવતર પ્રયોગ દ્વારા વિધાર્થીઓને સઘન શિક્ષણ આપવાના પ્રયત્નો કર્યાં હતાં.

- ગાજણ સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકે **મારો પ્રયાસ મારા બાળકો માટે** ના નવતર પ્રયોગ દ્વારા શેરી શાળા અંતર્ગત બાળકોની વ્યક્તિગત મુલાકાત લઇ તેમને શૈક્ષણિક માર્ગદર્શન આપી શિક્ષણને વધુ સઘન બનાવવા પ્રયત્નો કર્યાં હતાં.
- શિક્ષકે ઘરે શીખીએ પુસ્તિકા અને એકમ કસોટી દ્વારા બાળકોનું મૂલ્યાંકન કરેલ હતું ઉપરાંત શેરી શાળા દરમિયાન અલગથી બાળકોના ટેસ્ટ લીધાં હતા.
- ગોવિંદપુર સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકે **મારું કાર્ય મારું દર્પણ** ના નવતર પ્રયોગ દ્વારા શેરી શાળા શરૂ કરી બાળકોને વ્યક્તિગત શિક્ષણ આપેલ હતું.
- શિક્ષકે યુટયુબના માધ્યમથી 250 થી વધુ વિડીયો પબ્લીશ કરી વિધાર્થીઓના શિક્ષણને વધુ સઘન બનાવવા પ્રયત્નો કર્યાં હતાં.

### 4.2.6. મેઘરજ તાલુકાના શિક્ષકો દ્વારા થયેલ નવતર શૈક્ષણિક પ્રયોગો સંબંધી તારણો :

- મેઘરજ તાલુકાની સુરદેવી સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક શ્રી સોલંકી રાજેશભાઇ ચીમનલાલ દ્વારા **સહિયારું શિક્ષણ**નો નવતર શૈક્ષણિક પ્રયોગ હાથ ધરવામાં આવેલ હતો.
- શિક્ષકે ધોરણ 5 ના તેમજ 1 થી 4 ના બાળકો ઘરે બેસી હોમવર્ક કરે તે માટે ગુજરાતી, હિન્દી અને અંગેજી વિષયના વ્યાકરણની પીડીએફ બનાવી તેમજ ગણિત વિષયની ચાર ક્રિયાઓના દાખલાઓની PDF સાથે સાથે જનરલ નોલેજની પીડીએફ બનાવી તેના માધ્યમથી વિધાર્થીઓના શૈક્ષણિક કાર્યને આગળ ધપાવ્યું હતું.
- શિક્ષકે પ્રોજેક્ટ વર્ક, પ્રવૃત્તિઓ, ગીત સંગીત, ચિત્રકામ વગેરે જેવી અન્ય પ્રવૃત્તિઓનું આયોજન કરેલ હતું.
- શિક્ષકે વિધાર્થીઓ માટે યોજાયેલ શિક્ષણ કાર્ય મુજબ તેઓમાં થયેલ પ્રગતિની ચકાસણી કરી હતી. આ પ્રયોગ સફળ રહ્યો હતો.
- મેઘરજ તાલુકાની બાંઠીવાડા સરકારી પ્રાથમિક શાળાના શિક્ષિકા ભાવના જે. જોશી દ્વારા **સહપાઠી થકી મૂલ્યાંકન**નો નવતર શૈક્ષણિક પ્રયોગ હાથ ધરવામાં આવેલ હતો.
- આ પ્રયોગમાં 200 કરતાં વધારે બાળકોને જોડવામાં આવ્યાં હતાં.
- બાળકોનું શિક્ષણકાર્ય ન બગડે અને દરેક બાળક પોતાની જરૂરિયાત મુજબ અને પોતાની ઝડપે શીખે સાથોસાથ બાળકો હોમલર્નીગ માટે માનસિક અમે ભૌતિક રીતે સજ્જ થાય તે માટે શિક્ષકે આ કામગીરી કરી હતી.

- શાળાના બાળકોને નાના જૂથમાં વિભાજીત કરી આ દરેક જૂથ ઉપર એક એસએમસી સભ્યને જવાબદારી આપી આ પ્રયોગને આગળ વધારવામાં આવ્યો.
- બાળકોનું મૂલ્યાંકન સતત અને સર્વગ્રાહી થાય તે માટે શિક્ષકો સહિત મોટા ધોરણના બાળકોને જવાબદારી સોંપવામાં આવી હતી.
- બાળકો અને સ્થાનિક પરિસ્થિતિ મુજબ આ સમયગાળામાં સૌથી ઉપયોગી સહપાઠી દ્વારા શિક્ષણ વ્યવસ્થાનો આ પ્રયોગ એક મજબૂત વ્યવસ્થા તરીકે ઉપસી આવેલ હતો.
- ઇસરી સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકે **શાળા બંધ છે, શિક્ષણ નહીં** ના નવતર પ્રયોગ દ્વારા બાળકોનું શિક્ષણકાર્ય પ્રવૃત્તિમય થાય તે માટે ફરતું પુસ્તકાલય અને વિજ્ઞાન ટેકનોલોજી અંતર્ગત સાદા પ્રયોગો WhatsApp ગ્રૂપના માધ્યમથી હાથ ધરેલ હતાં અને બાળકોએ કરેલ વિવિધ પ્રવૃત્તિઓ અને તેમણે ઘરે કરેલ પ્રેક્ટીકલ અભ્યાસની શિક્ષકે કાળજી લીધી હતી.
- ગોધાફળિયા સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક **શેરી શાળા** દ્વારા બાળકોને શૈક્ષણિક માર્ગદર્શન આપી શિક્ષણને વધુ સઘન બનાવવા પ્રયત્નો કર્યાં હતાં. જેમાં તેમને 50 ટકા કરતા વધારે સફળતા મળી હતી.
- ડચકા સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકે **હરતો ફરતો પ્રજ્ઞા રથ** ના નવતર પ્રયોગ દ્વારા ધોરણ 1 અને 2 ના બાળકોને ફળિયા શિક્ષણ દ્વારા પ્રજ્ઞા અભિગમથી શૈક્ષણિક માર્ગદર્શન આપી શિક્ષણને વધુ સઘન બનાવવા પ્રયત્નો કર્યાં હતાં.
- ધનીવાડા સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકે **ચાલો ભણી એ અને નવું શીખીએ** ના નવતર પ્રયોગ દ્વારા શેરીશાળાના માધ્યમથી દરેક બાળકોને શિક્ષણ અને વ્યક્તિગત માર્ગદર્શન આપ્યું.
- લીંબોદરા સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકે **શેરી શિક્ષણના** નવતર પ્રયોગ દ્વારા શિક્ષણકાર્યને વધુ સઘન બનાવવા પ્રયત્નો કર્યાં હતાં.
- સિસોદરા (અ) સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકે **ફળિયા વર્ગના** નવતર પ્રયોગ દ્વારા શિક્ષણકાર્યને વધુ સઘન બનાવવા પ્રયત્નો કર્યાં હતાં.

### 4.2.7. મોડાસા તાલુકાના શિક્ષકો દ્વારા થયેલ નવતર શૈક્ષણિક પ્રયોગો સંબંધી તારણો :

- શિક્ષકે કોવિડ-19 સમયગાળા દરમિયાન
- ચાંદટેકરી સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકે **જમાતખાનામાં શિક્ષણના** નવતર પ્રયોગ દ્વારા શિક્ષણકાર્યને વધુ સઘન બનાવવા પ્રયત્નો કર્યાં હતાં.

- પંડયાવાસ સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક **વ્યસનમુક્તિ અભિયાન** ના પ્રયોગ દ્વારા વાલીઓને કોવિડ 19 દરમિયાન રાખવાની તકેદારી વિશે સમજ, જુગાર તેમજ દારૂ પીવા પર નિયંત્રણ તથા બાળકોને વ્યક્તિગત અભ્યાસ પર કાળજી રાખે તે માટે અભ્યાસ અંગે માર્ગદર્શન આપી શિક્ષણકાર્યને વધુ સઘન બનાવવા પ્રયત્નો કર્યાં હતાં.
- બાજકોટ છાપરાં સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકે **એક મુલાકાત શિક્ષણને કાજ** ના પ્રયોગ દ્વારા ગામની દરેક દિકરી ધોરણ 10 સુધી અભ્યાસ કરે અને ગામમાં શિક્ષણનો માહોલ બની રહે તે માટે ફળિયા પ્રમાણે વિધાર્થીઓને પરિણામલક્ષી શિક્ષણ આપવામાં આવ્યુ.
- બ્લોક ફેકટરી સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકે **Successful Virtual class, સ્વચ્છ પર્યાવરણ** ના પ્રયોગ દ્વારા માઈક્રોસોફ્ટ ટીમ્સ દ્વારા શિક્ષણકાર્યને વધુ સઘન બનાવવા પ્રયત્નો કર્યાં હતાં.
- શિક્ષકે YouTube ચેનલ દ્વારા ઇંગ્લીશમાં Degree form, સંસ્કૃતમાં શરીરના અંગોની ઓળખ, ગુજરાતીમાં પાઠ, Verb ફોર્મ વગેરેને લગતા વિડીયો મોકલી શિક્ષણકાર્ય હાથ ધરેલ હતું.
- મોડાસા સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકે **લર્નિંગ લોસ મૂલ્યાંકન પર્યાવરણ** ના પ્રયોગ દ્વારા શેરી શાળામાં ધોરણ 3 થી 8 ના બાળકોની મૂલ્યાંકન કસોટી લઇ ધોરણવાર થયેલ લર્નિંગ લોસની વિગતો મેળવવામાં આવી.
- વરથુ સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકે **મારી શાળા શેરી શાળાના** પ્રયોગ દ્વારા ધોરણ 5 ના બાળકોના શિક્ષણકાર્યને વધુ સઘન બનાવવા પ્રયત્નો કર્યાં હતાં.
- શામપુર સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકે **NMMS પરીક્ષાના PDF પેપરના મહાવરાના** નવતર પ્રયોગ દ્વારા વિધાર્થીઓ વધુ જ્ઞાન મેળવે, વધુ મહાવરા કરતા થાય, વિવિધ અનુભવો પ્રાપ્ત કરતા થાય અને જાતે મૂલ્યાંકન કરી પરીક્ષામાં સફળતા મેળવે તે માટે સઘન શૈક્ષણિક પ્રયત્નો કર્યાં હતાં.
- સી.આર.સી., સાતરડાના શિક્ષકે **પ્રજ્ઞા રથ** ના નવતર પ્રયોગ દ્વારા હાથ ધર્યો હતો. જેમાં તેમણે સારતરડા ક્લસ્ટરના વધુ જરૂરીયાત વાળા બાળકોના ઘેર ઘેર જઈ શાળા જેવું વાતાવરણ પૂરું પાડી 70 દિવસો દરમિયાન 2,709 બાળકોને " પ્રજ્ઞા રથ" દ્વારા ધોરણ 1 અને 2 વિધાર્થીઓને પ્રજ્ઞા પ્રભિગમ આધારિત શૈક્ષણિક કાર્યનો લાભ આપેલ હતો.

- શિક્ષકના આ નવતર કાર્યની નોંધ માન. વડાપ્રધાનશ્રી, રાજયના શિક્ષણ સચિવશ્રી, જિલ્લાના અધિકારીશ્રીઓ, ડી.ડી. ગિરનાર ચેનલ, મેરા ન્યુઝ અને દિવ્ય ભાસ્કર અખબારમાં પણ લેવામાં આવી હતી.

## 4.3 ભલામણો :

પ્રસ્તુત સંશોધન અંતર્ગત અભ્યાસ હેઠળ રહેલી કાનેરા પ્રાથમિક શાળા અને ભુતા પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા કોવિડના સમયગાળામાં કરેલ નવતર શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગનો પ્રચાર-પ્રસાર થાય, મહત્તમ શિક્ષકો આ પ્રયોગમાંથી પ્રેરણા લઇ પોતાની શાળામાં આવા નવતર પ્રયોગો હાથ ઘરે તે માટે શિક્ષકોને આવા શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રયોગોનો પોતાની શાળામાં અમલ કરે તે માટે નીચે મુજબની ભલામણ કરવી જોઇએ.

- જો સરકાર દ્વારા ઓનલાઇન ક્લાસની ડીવીડી બનાવીને શાળા દીઠ આપવામાં આવે તો બાળકો તેનો ઓફલાઈન પણ અભ્યાસ કરી શકે.
- NMMS પરીક્ષામાં રાજયના બાળકોનો સારો દેખાવ થાય અને બાળકોને યોગ્ય મહાવરો મળી રહે તે માટે અભ્યાસક્રમના વિષયવાર વૈકલ્પિક પ્રશ્નો અને કસોટીઓના પ્રશ્ન પેપરો બનાવવા જોઇએ. માનસિક ક્ષમતા, શ્રેણી પુર્ણ, ઓડમન આઉટ અને જળ અને દર્પણ પ્રતિબિંબ જેવા પ્રશ્નો માટે અન્ય પરીક્ષઓના પેપરો દ્વારા વધુ મહાવરો કરાવવો જોઇએ.
- NMMS આધારિત એપ્સમાં ટેસ્ટ બનાવવા જોઈએ.
- NMMS પરીક્ષાની વિધાર્થીઓ ઓનલાઇન તૈયારી કરી શકે તે માટે વિદ્વાન શિક્ષકોના માધ્યમથી વિડીયો તૈયાર કરી યુ ટ્યુબ ઉપર મૂકવા જોઇએ અને તેની તૈયારી માટે પુસ્તક સ્વરૂપે પણ છાપી પ્રસારિત કરવા જોઇએ તેમજ છેલ્લા ત્રણ વર્ષના પ્રશ્નપત્રોનો સેટ કે પ્રશ્નપત્રો તૈયાર કરી શાળાઓમાં મોકલવા જોઇએ.
- બાળકો ધોરણ 9 માં પ્રવેશ કરે ત્યારે તે શિષ્યવૃતિ મેળવે તેના માટે રોજ એક વર્ચ્યૂઅલ વર્ગ રાખી માર્ગદર્શન આપવું જોઇએ.
- હોમલર્નિંગની સામગ્રી સમયસર મળવી જોઇએ.

- હોમલર્નિંગે વધુ અસરકારક બનાવવા દરેક શિક્ષકોને ફળિયા મુજબ વ્યક્તિગત જવાબદારી આપી દેવી જોઇએ.
- હોમલર્નિંગે વધુ અસરકારક બનાવવા દરેક શાળા પોતાની યુટ્યુબ ચેનલ તૈયાર કરી તેના માધ્યમથી અભ્યાસને લગતા વિષયવાર વિડીયો દ્વારા વિદ્યાર્થીઓને વધુ મહાવરો કરાવી શકે. આ બાબતે શિક્ષકોને તાલીમ મળે તે માટે પણ આયોજન થવું જોઇએ.
- હોમલર્નિંગ અંતર્ગત વિષય વાઈજ વિડીયોની સીડી તૈયાર કરી શાળાઓ સુધી પહોંચાડવી જોઇએ.
- બાળક સરળતાથી ઓપન કરી શકે અને તેનો લાભ લઈ શકે તે રીતે હોમલર્નિંગ એપ્લીકેશન તૈયાર કરવી જોઇએ.
- ડિજિટલ માધ્યમથી બાળકો સુધી પહોંચી શકાય તે માટે દર માસે માહિતી તથા શૈક્ષણિક સામગ્રી બાળકોને મળે તથા તેનું મૂલ્યાંકન થાય તેવા પ્રયત્નો કરવા જોઇએ.
- અઠવાડિયાના ચોકકસ વારે કોઈ ચોક્કસ વિષયનું પ્રસારણ થાય તો વિદ્યાર્થીઓને યાદ રાખવામાં સરળતા રહે જેથી આ પ્રકારે આયોજન થવું જોઇએ.
- ડાયેટના મુખપત્રમાં નવતર પ્રયોગ કરનાર શિક્ષકોના પ્રયોગની વિસ્તૃત નોંધ લેખ સ્વરૂપે મુકવી જોઇએ.
- ડાયેટની વેબસાઇટ કે ડાયેટના બ્લોગમાં જિલ્લાના નવતર શૈક્ષણિક કે સહશૈક્ષણિક કાર્ય કરતા શિક્ષકોની સકસેસ સ્ટોરી રજૂ કરવી જોઇએ.
- આકાશવાણી કે દૂરદર્શન પર નવતર શૈક્ષણિક પ્રયોગ કરનાર શિક્ષકો સાથેનો વાર્તાલાપ ગોઠવવો જોઇએ.
- ડાયેટ દ્વારા નવતર પ્રયોગ કરનાર શિક્ષકોના શૈક્ષણિક ઇનોવેશનમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરવા જોઇએ.
- નવતર પ્રયોગ કરનાર શિક્ષકોની શાળાની એકસ્પોઝર વિજિટનું ડાયેટ દ્વારા આયોજન કરવું જોઇએ.
- નવતર શૈક્ષણિક પ્રયોગનો પ્રચાર-પ્રસાર થાય તે માટે સ્થાનિક અખબારમાં વિગતો મુકવી જોઇએ.

## 4.4 ઉપસંહાર :

પ્રસ્તુત સંશોધન દ્વારા કોરોના વાયરસથી ફેલાયેલ મહામારીની વિકટ આપત્તિને અવસરમાં પલટાવી નવી દિશા ખોલનારા શિક્ષકોની વિદ્યાર્થીઓ શિક્ષણથી વંચિત ન રહે તે માટે રચનાત્મક પ્રવૃત્તિઓ અને નવતર શૈક્ષણિક કે સહશૈક્ષણિક પ્રયોગને તપાસવામાં આવ્યાં હતાં

શિક્ષકોના આ નવતર શૈક્ષણિક કે સહશૈક્ષણિક પ્રયોગોને આધારે ચાવીરૂપ તારણો તારવી આ પ્રયોગમાંથી પ્રેરણા લઇ શિક્ષકો પોતાની શાળામાં આવા નવતર પ્રયોગો હાથ ધરે તે માટે શિક્ષકોને ભલામણ કરવામાં આવી હતી.

શિક્ષકોના આવા સઘન શૈક્ષણિક પ્રયત્નો અને પ્રયોગોને પ્રચાર-પ્રસાર દ્વારા વધુ વેગ મળે તે માટે પ્રસ્તુત સંશોધન ખૂબ ઉપયોગી બનશે.

# સંદર્ભ સૂચિ


ડૉ. દિનેશચંદ્ર ઉચાટ,*'શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર,* પ્રથમ આવૃત્તિ, (સાહિત્ય મુદ્રણાલય પ્રા.લિ., 2009)

એચ.જી.દેસાઇ અને દેસાઇ કે.જી., *સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ,* છઠ્ઠી આવૃત્તિ, (અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, 1997)

હરિભાઇ જી.દેસાઇ અને દેસાઇ કૃષ્ણકાંત જી., *સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ,* છઠ્ઠી આવૃત્તિ, (અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, 1997)

વિધાર્થીઓનું શિક્ષણ કાર્ય ઘરે બેઠા જળવાઈ રહે માટે GCERT દ્વારા નક્કર આયોજન કરાયું. (સમાચાર સેવા પ્રભાગ આકાશવાણી દ્વારા પ્રકાશિત સમાચાર)

**પરિશિષ્ટ-1**

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ઇડર

## સંશોધકો દ્વારા સ્વરચિત પ્રશ્નાવલિ

1. શાળાનું નામ

2. પ્રસ્તાવના

3. વિશિષ્ટ કામગીરી કરવા માટેની પ્રેરણા

4. કરેલ નવતર પ્રયોગનું શીર્ષક

5. કરેલ વિશિષ્ટ કામગીરીનું ક્ષેત્ર

6. કરેલ વિશિષ્ટ કામગીરીના હેતુઓ

7. કામગીરીથી અસર પામેલ જૂથની સંખ્યા

8. સરકારશ્રી દ્વારા આ સમયે અમલમાં મૂકવામાં આવેલ કાર્યક્રમ અંતર્ગત કરેલ કામગીરી

9. અન્ય કામગીરીની વિગત

10. કાર્યક્રમનું અમલીકરણ

11. બાળકોનું મુલ્યાંકન

12. પરિણામ / તારણ

13. ફોટોગ્રાફ

# સંશોધકો દ્વારા સ્વરચિત ગૂગલફોર્મ

**સરકારશ્રી દ્વારા અમલમાં મૂકવામાં આવેલ કાર્યક્રમ અંતર્ગત કરેલ કામગીરી સંબંધી મુદ્દાઓ**

- શાળાનું નામ
- ક્લસ્ટર
- તાલુકો
- શાળાનો વિસ્તાર (ગ્રામ્ય/શહેરી)
- શાળામાં ચાલતા ધોરણ
- ગામની કુલ વસ્તી
- શાળાના કુલ શિક્ષકોની સંખ્યા
- બાળકોની કુલ રજીસ્ટર સંખ્યા
- તે પૈકી સ્માર્ટફોન / ડિજિટલ મોબાઇલ ધરાવતા વિધાર્થીઓની સંખ્યા
- સાદાફોન ધરાવતા વિધાર્થીઓની સંખ્યા
- ટેલીવિઝન ધરાવતા વિધાર્થીઓની સંખ્યા
- કોઇ માધ્યમ ન હોય તેવા વિધાર્થીઓની સંખ્યા
- COVID-19 અને પરિસ્થિતી દરમિયાન વિધાર્થીઓના શિક્ષણ તેમજ વિધાર્થી વાલી જાગૃતિ માટે વિશિષ્ટ કામગીરી કરનાર શિક્ષકનું નામ
- Lock-down ના શરૂઆતના સમયગાળા દરમિયાન ગામની સ્થિતિ
- કોરોના સંદર્ભે જાગૃતિ અને બચાવ માટે કરેલ વિશેષ પ્રયત્નોની નોંધ
- હોમલર્નિંગ માટે વિધાર્થીઓને આપેલ માર્ગદર્શન
- એકમ કસોટી
- ઘરે શીખીએ પુસ્તિકાઓ
- વર્ગદર્પણ
- પરિવારનો માળો, સલામત અને હૂંફાળો
- SSA ની વેબસાઇટ પર આપવામાં આવતું સાપ્તાહિક આયોજન
- ડી.ડી. ગિરનાર પર પ્રસારીત થતા શૈક્ષણિક કાર્યક્રમો

- વંદે ગુજરાત (બાયસેગ) પર પ્રસારિત થતાં શૈક્ષણિક કાર્યક્રમો
- WhatsApp ટેસ્ટ (ધોરણ 3 થી 5 અને ધોરણ 6 થી 8)
- Microsoft teams, google meet, Jio meet, zoom app વગેરેના માધ્યમથી હાથ ધરેલ વર્ચ્યુઅલ શિક્ષણ
- શેરીવર્ગ / ફળિયાશિક્ષણ
- શાળા કે શિક્ષકની પોતાની YouTube ચેનલ અને શૈક્ષણિક ઉપયોગ
- Google classroom
- WhatsApp / કાઇઝાલા / ટેલિગ્રામ
- દીક્ષા એપ
- ઓનલાઈન ક્વિઝ
- વિધાર્થી / વાલીની રૂબરૂ મુલાકાત
- વિધાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના મૂલ્યાંકન શિક્ષકે કરેલ વિશેષ પ્રયાસોની નોંધ
- વિધાર્થીઓને અપાતા ગૃહકાર્ય અને તેની ચકાસણી માટે કરેલ વિશેષ પ્રયત્નો
- વિધાર્થીઓને વિષયવસ્તુ શીખવવા હાથ ધરેલ વિશિષ્ટ પ્રયોગની નોંધ
- વિધાર્થીઓને વિષયવસ્તુ શીખવવા માટે આપે અન્ય કોઈ વિશિષ્ટ પ્રયોગ કર્યો હોય તે અંગેની નોંધ
- વિધાર્થીઓએ સાથે સંદેશાવ્યવહાર માટે હાથ ધરેલ વિશિષ્ટ પ્રયોગની નોંધ
- વિધાર્થીઓના હોમલર્નિંગ માટે મેળવેલ સહયોગની વિગતવાર નોંધ
- ટેક્નોલોજીનો અભાવ ધરાવતા વિધાર્થીઓએ માટે કરેલ વિશિષ્ટ પ્રયત્નોની નોંધ
- GCERT દ્વારા રજૂ થતાં "એક કદમ આગળ" ની પ્રવૃત્તિમાં નોંધાવેલ ભાગીદારીની વિગતો
- NMMS ની પરીક્ષામાં બાળકોએ રજીસ્ટ્રેશન કરેલ છે?
- NMMS ની પરીક્ષામાં કેટલા બાળકોની ફી ભરાઇ અને મંજૂર થઇ?
- 'GVS (ગુજરાત વર્ચ્યુઅલ શાળા) અંતર્ગત લાઈવ ક્લાસની લિંક પહોંચાડવા માટે આપેલ કરેલ પ્રયત્નોની વિગત
- બાળકો આ લિંક આધારિત ક્લાસમાં જોડાય તે માટે અપનાવેલ માધ્યમ અને કરેલ પ્રયત્નોની નોંધ અને તે અંગેના આપના અભિપ્રાયો
- NMMS અંતર્ગતના મોક ટેસ્ટમાં વધુ વિધાર્થીઓ જોડાય તે માટે આપના વિશિષ્ટ પ્રયત્નોની નોંધ

- NMMS અંતર્ગતના મોક ટેસ્ટ માટેનો મેસેજ બાળકોને મળ્યો કે  કે નહિ તેને ખરાઈ માટે કરેલ પ્રયત્નોની નોંધ
- GVS (ગુજરાત વર્ચ્યુઅલ શાળા) અંતર્ગત ઓનલાઈન અને ઓફલાઈન ક્લાસ અંગે આપનો અભિપ્રાય
- NMMS પરીક્ષા સંબંધી માર્ગદર્શન માટે બાયસેગના માધ્યમથી વધુ બાળકો લાભ મેળવે તે માટે કરેલ વિશેષ પ્રયાસોની નોંધ
- NMMS પરીક્ષામાં રાજયના બાળકોનો સારો દેખાવ થાય અને બાળકોને યોગ્ય મહાવરો મળી રહે તે માટે આપના અભિપ્રાયની નોંધ
- હોમલર્નિંગને વધુ અસરકારક બનાવવા આપના સૂચનોની નોંધ